શ્રીમતી કસ્તુરબ્હેન (શ્રી ઉપયોગી) ગ્રંથમાળા નં. ૧ લો.

# સતી સુરસુંદરી ચરિત્ર.

(જેમાં રાગરૂપી આગ અને દ્વેષરૂપી સર્પને શાંત કરવા,
જળ અને મંત્ર સમાન, અને પરમસુખના પંથે લઇ
જનાર એક અનુપમ રસયુક્ત કથા
આપવામાં આવેલ છે.)

મૂળ ઉપરથી આધુનિક પદ્ધતિએ લખનાર

**શા. સુશીલ.**

आ.श्री. कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
बा. क.

પ્રસિદ્ધકર્ત્તા.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

વિ. સં: ૨૪૬૦. આત્મ સં. ૩૯. વિ. સં. ૧૯૯૦

શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા નંબર ૬૮

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

029960

પ્રકાશક—
શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

Serving JinShasan
029960
gyanmandir@kobatirth.org

श्री कैलास सागर सूरी ज्ञान मंदिर
(जि. गांधीनगर)
महावीर जैन आराधना केंद्र

મુદ્રકઃ-શેઠ દેવચંદ દામજી
શ્રી આનંદ પ્રિન્ટીંગ પ્રેસ
ભાવનગર.

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

શ્રી ધનેશ્વર મુનિએ વિ. સં. ૧૦૯૫ માં રચેલી આ સુરસુંદરી કથા જૈન સમાજમાં બહુ આદરને પાત્ર મનાય છે. ગ્રંથકારના સમય, એમના પાંડિત્ય અને કથામાં રહેલા કાવ્યરસના વિષયમાં મૂળ અનુવાદક આચાર્ય શ્રી અજિતસાગરસૂરિએ ખૂબ વિસ્તારથી વિવેચન કર્યું છે. એની એ જ વાત પુનરૂક્તિ રૂપે ફરી અહીં ઉતારવાની જરૂર નથી.

કથાનક એટલું તો સુગમ અને મનોહર છે કે બાળકો અને સ્ત્રીઓ પણ એના રસનો સુખેથી ઉપભોગ કરી શકે. ગ્રંથકાર પોતે કહે છે કે **રાગરૂપી આગ અને દ્વેષરૂપી કાળા નાગને શાંત કરવામાં આ સુરસુંદરી કથા જળ અને મંત્રની ઉપમાને યોગ્ય** છે. અને જે કોઇ વાંચક આ કથા એક વાર નિરાંતે-શાંત હૈયે વાંચશે તેના અંતરમાં એ જળ તથા મંત્રની અસર થયા વિના નહિ રહે. વૈરથી ધમધમતા અને રાગ-મોહથી મૂંઝાતાં હૈયાંને શાંત તથા સ્તબ્ધ બનાવવાની કળામાં શ્રી ધનેશ્વર મુનિ એક પરમ પારંગત પુરૂષ છે.

રાગ-દ્વેષ, મોહ અને વૈરના હિલોળાથી સંસારસમુદ્રમાં આમ-તેમ આથડતાં, અનેક કષ્ટોની પરંપરા વેઠતા અને ત્રાય ત્રાય પોકારતાં માનવીઓને પરમ સુખના પંથે લઇ જવા સારૂ શ્રી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધનેશ્વર મુનિએ આ વિસ્તૃત, રસમય કથાનક યોજ્યું છે. એમનો આશય સ્પષ્ટ છે.

વર્તમાનકાલીન અને પ્રાચીનકાલીન કથા–ગૂંથણીમાં અહીં એક મોટો ભેદ દેખાય છે. આજે ટૂંકામાં ટૂંકી રીતે, થોડામાં થોડા અસરકારક શબ્દોમાં કથા કહેનાર લેખક કે કવિ લોકપ્રિય બને છે. વળી એ સાફ સાફ શબ્દોમાં કથાનો હેતુ કે આશય કહી સંભળાવવામાં એક પ્રકારની રસક્ષતિ માને છે. વાંચકોને પોતાને જ એ આશય ઉકેલ-વાની મીઠી મુંઝવણમાં નાખી લેખક પોતે આઘે ખસી જાય છે.

એક સમય એવો હતો કે જે વખતે પરમ પવિત્ર ચારિત્ર્ય-શાળી, લોકોપકારક સંતો, તપસ્વીઓ, અને કવિવરોની વાણી સાંભળવા જનતાનાં જૂથ જામતાં. એમને ઉતાવળ ન હતી. કથા ગજગતિએ પ્રવાસ કરતી. શ્રોતાઓ ઉત્સુકતાપૂર્વક એ સાંભળતા. ધર્મ અને અધ્યાત્મની આ કથા છે એમ સમજવા છતાં એમનો રસ જળવાઇ રહેતો.

એક કથામાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી એમ કથાની સેર છૂટતી. શ્રોતા કે વાચક એક જીજ્ઞાસામાંથી બીજી જીજ્ઞાસાના પ્રદે-શમાં પ્રવેશ કરતો. એમની સ્મૃતિ કસોટીએ ચડતી. પાત્રોની સંખ્યામાં પ્રવેશે પ્રવેશે ગુણાકાર થતા જાય તેમ તેમ તેમની બુદ્ધિને આહ્લાદ મળતો. એ દૃષ્ટિએ જે કોઇ આ કથા અવલોકશે તે જ ગ્રંથકારની કુશળતા અને તાર્કિકતા રસપૂર્વક જોઇ શકશે.

તોફાને ચડેલા મહાસાગરમાં જેમ પર્વત પર્વત જેવડા મોજાં ઉછળે અને એક મોજું ક્યાં ઉપજ્યું તથા ક્યાં વિલીન થયું એનો હિસાબ રાખવા જતાં માણસની મતિ મુંઝાઇ જાય તેમ ઘડીભર આ કથાનકમાં આવતા અને પાત્ર અદૃશ્ય થતા તથા પૂર્વભવના સંબંધને લીધે પરસ્પરમાં સંકળાતાં પાત્રોને જોઇ સામાન્ય ઉતાવ-ળીઓ માણુસ તો મુંઝાઇ જ જાય; પરંતુ ગ્રંથકારની પાસે તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# શ્રી-ઉપયોગી

( પ્રથમ )

## ગ્રંથમાળા સંબંધી નિવેદન.

મૂળ ગોઘા અને હાલ અત્રનિવાસી શેઠ અમરચંદ હરજીવનદાસ કે જેઓ શ્રદ્ધાવાન અને જ્ઞાનોદ્ધારના કાર્ય ઉપર પ્રેમ ધરાવનાર હતા, તેઓએ પોતાની હૈયાતિમાં પોતાની સુપત્ની **શ્રીમતી કસ્તુર બ્હેન**ના નામથી જ્ઞાનની ભક્તિ નિમિત્તે, શ્રી ઉપયોગી ગ્રંથમાળા સભાના ધારા પ્રમાણે પ્રગટ કરાવવા સારૂં આ સભાને એક રકમ ભેટ આપવાથી તેઓશ્રીના સુપત્નીની ઇચ્છાનુસાર ( શ્રી ઉપયોગી ) ગ્રંથમાળાના પ્રથમ પુષ્પ તરીકે આ ગ્રંથ પ્રગટ કરવામાં આવેલ છે. શ્રીમતી કસ્તુરબ્હેન સરલ, સુશીલ અને ધર્મપરાયણ છે. તેમના પતિ શ્રીમાન્ અમરચંદભાઇનો સ્વર્ગવાસ થયા બાદ તેઓશ્રી આ સંસારને આધિ, વ્યાધિ, ઉપાધિવાળો જાણી, ધર્મદૃષ્ટિ રાખી શાંત અને સુશીલપણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્તમ રીતે વૈધવ્ય પાળતાં, ઉપધાન વહન વગેરે તપશ્ચર્યા, દાન-ધર્મનું પાલન, અને દેવ ગુરૂ અને ધર્મની શ્રદ્ધાપૂર્વકસેવા કરે છે. તેમજ તેમને એક પુત્ર અને એક પુત્રી છે તે બંનેને સારૂં શિક્ષણ આપી પોતાનું જીવન શાંતિપૂર્વક વહન કરે છે. અમો તેમનું ધર્મમય જીવન સુખ અને શાંતિપૂર્વક વ્યતીત થાય અને પુત્ર, પુત્રી સારૂં શિક્ષણ પામી તેમના માતપિતાના ઉત્તમ પગલે ચાલે એમ પ્રાર્થના કરીએ છીએ. જ્ઞાન અને જ્ઞાનભક્તિના શુભ ચિન્હ તરીકે આવા ઉપયોગી ચરિત્રગ્રંથો પ્રસિદ્ધ કરી-કરાવી જ્ઞાન-સાહિત્ય સેવા કરવી તે પ્રસંશનીય હોઇ તે ઉત્તમ માર્ગ ગ્રહણ કરનાર શ્રીમતી કસ્તુર બ્હેન ધન્યવાદને પાત્ર છે અને અન્ય બ્હેનોને તે અનુકરણીય છે.

પ્રકાશક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

आ. श्री कैलाससागर सूरि ज्ञान मंदिर
श्री महावीर जैन आराधना केन्द्र, कोबा
ना. क्रं. ———

# સતી સુરસુંદરી.

શ્રી ધનેશ્વરમુનિ વિરચિત.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રથમ પરિચ્છેદ.

## પાત્ર પરિચય.

| | |
|---|---|
| અમરકેતુ | હસ્તિનાપુરનો મહારાજા. |
| ચિત્રસેન | કુશાગ્રપુરનો ચિત્રકાર. |
| સુગ્રીવ, કીર્ત્તિવર્ધન | અન્ય રાજાઓ. |
| ધનવાહન | કુશાગ્રપુરના મહારાજા. |
| નરવાહન | ,, કુમાર. |
| કમલાવતી | ,, કુમારી. |
| સાગરશ્રેષ્ઠી | ,, નગરશેઠ. |
| શ્રીદત્ત | ,, પુત્ર. |
| શ્રીકાંતા | ,, પુત્રી. |
| ધનવર્મા | હસ્તિનાપુરનો શ્રેષ્ઠી. |
| ધનદેવ | ,, પુત્ર. |
| સુપ્રતિષ્ઠ | સિંહગુહાનો પલ્લીપતિ. |
| દેવશર્મા | પલ્લીપતિનો અનુચર. |
| જયસેન | પલ્લીપતિનો પુત્ર. |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

श्री पार्श्वनाथाय नमः

# સતી સુરસુંદરી.

## પ્રથમ પરિચ્છેદ.

( ૧ )

“ મહારાજા ! કુશાગ્રપુરનો એક ચિત્રકાર આપના દર્શન વાંછે છે ! ” પ્રતિહારીએ મહારાજા અમરકેતુ સામે આવી બહુ જ વિનયપૂર્વક નમન કરી કહ્યું.

હસ્તિનાપુરના મહારાજા એ વખતે પોતાના અમાત્ય અને સામંતોના સમૂહ વચ્ચે બેઠા હતા. પ્રતિહારીના શબ્દોએ સૌનું ધ્યાન ખેંચ્યું.

થોડી વારે એક ચિત્રકાર રાજસભામાં ધીમે પગલે દાખલ થયો. સમર્થ કલાકારને શોભે એવું તેજ તેના મુખમંડળ ઉપર તરવરતું હતું. ઘણા દિવસના લાંબા અને કંટાળાભર્યા પ્રવાસને લીધે થાક અને નિરાશાની આછી શ્યામ રેખાઓ તેમાં અંકાઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતી. તેણે દૂરથી જ મહારાજાના મુખ સામે નીહાળ્યું. થોડા દિવસ ઉપર મહારાજા સુગ્રીવ અને કીર્ત્તિવર્ધનની રાજસભામ નીહાળેલું દ્રશ્ય તેને યાદ આવ્યું. ત્યાંથી તે નિરાશ બની સીધે અહીં આવ્યો હતો. એ નિરાશાની છાપ હજી ભૂંસાઇ ન હતી

" દેવ ! આપને ચિત્રકલા પ્રિય છે એમ સાંભળી હું મારૂ ચિત્ર આપને બતાવવા અહીં આવ્યો છું." ચિત્રકારે મહારાજા અમરકેતુને ઉદ્દેશીને કહ્યું.

મહારાજાની આજ્ઞા મળતાં ચિત્રકારે એક ચિત્રપટ ખોલી રાજાના હાથમાં ધર્યું. ચિત્ર જોતાં જ મહારાજા અમરકેતુન અંગેઅંગમાં વિજળીની આછી ઝણઝણાટી વહી ગઇ. રંગની જમાવટ અને રેખાઓની સપ્રમાણતા જોઇ તેને ચિત્રકારની કુશળતા માટે અનહદ માન ઉપજ્યું. આવી સુંદરી સ્ત્રી માત્ર કળાકારની કલ્પનામાં જ સંભવે એમ માનવા તે લલચાયો અશકય વસ્તુને નીરખવી અને તે મેળવવાની આશા રાખવી તેના કરતાં દ્રષ્ટિના વ્યાપારને સંકેલી લેવો એ વધુ ઠીક છે એમ માની મહારાજાએ ચિત્રપટ ચિત્રકારને પાછું સોંપવા પોતાનો હાથ લંબાવ્યો.

ચતુર ચિત્રકાર એ વાત એક પળમાં સમજી ગયો. તે બોલ્યોઃ " એ ચિત્ર માત્ર કલ્પનાનો જ વૈભવ નથી. સાક્ષાત સશરીરે આ પૃથ્વી ઉપર હૈયાત છે."

કરમાતા છોડને પાણી મળે તેમ મહારાજાની આતૂરતા એ શબ્દો સાંભળી વધુ સતેજ બની. ફરીવાર તેણે ચિત્ર નીહાળ્યુ અને જાણે પૂર્વના સંસ્મરણો ઉપરના પડદા ધીમે ધીમે સરી પડતા હોય તેમ એક જૂદી જ સૃષ્ટિમાં વિહરી રહ્યો. ચિત્ર હાથમ રહી ગયું. આંખો મીંચાઇ ગઇ. શરીરનું પણ ભાન ન રહ્યું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અચાનક તે સિંહાસન ઉપરથી મૂર્ચ્છિત થઇ નીચે પડ્યો. સભાની અંદર બેઠેલા સભ્યો અને સામંતોના શ્વાસ ઉડી ગયા. સૌ કોઇ મહારાજા તરફ ધસ્યું અને તેમની મૂર્ચ્છા ટાળવા જાતજાતના ઉપચાર કરવા લાગ્યા.

રાજમહેલમાં ગમગીનીનું વાતાવરણ છવાયું. સૌ કોઇના મ્હોં ઉપર ખેદ અને ચિંતાની કાળાશ ફરી વળી ! આ બધામાં ચિત્રકાર ચિત્રસેન સૌથી જૂદો પડી જતો હોય એમ લાગ્યું. આખો રાજમહેલ જ્યારે ચિંતાગ્રસ્ત હતો ત્યારે માત્ર ચિત્રસેનની આંખો ઉલ્લાસ ને આનંદમાં નાચી રહી હતી. મહારાજાની મૂર્ચ્છા ચિત્રસેનને સારૂ મંગળરૂપ હતી.

" આ દુષ્ટ ચિત્રકારની જ આ કરામત છે. તેણે જ આપણા મહારાજાને છળ-કપટથી મૂર્ચ્છિત કર્યા છે, માટે પહેલાં તો એને જ પકડો." જે વખતે મહારાજાની મૂર્ચ્છા ટાળવા વિવિધ ઉપચાર ચાલતા હતા તે વખતે મહારાજાનો એક અનુચર અકસ્માત્ બોલી ઉઠ્યો.

તરત જ રાજસભાના ખૂણે-ખૂણામાંથી એ પ્રસ્તાવને ઉત્તેજન મળ્યું. સૌને ચિત્રકારના વિષયમાં શંકા ઉપજી. મહારાજા વિષે કામણ કરનાર આ ચિત્રકાર જ હોવો જોઇએ એ સંબંધે કોઇને શંકા ન રહી.

ચિત્રકારને રાજ-કર્મચારીઓએ પકડી, બાંધી એક ખૂણામાં બેસારી દીધો. ન્યાય તોળવાનો કે શિક્ષા કરવાનો હમણા કોઇને અવકાશ ન હતો. નાગપાશથી બંધાએલા જેવો ચિત્રકાર જરા પણ ઉદ્વેગ ન પામ્યો, તેમ પોતાના બચાવમાં તેણે એક શબ્દ સરખો પણ ન ઉચ્ચાર્યો. તેને પોતાને પોતાની નિર્દોષતા માટે સોએ સો ટકા ખાત્રી હતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થોડી વારે મહારાજાની મૂર્ચ્છા વળી. ચિત્રમાં ચિતરેલી યુવતીનું રૂપ-સૌંદર્ય વિચારતાં-અવલોકતાં તેમણે પોતાના શરીરનું જે ભાન ગુમાવ્યું હતું તે પાછું આવ્યું. એટલા ટુંકા સમયની અંદર તેમણે ભૂતકાલીન કંઇ કંઇ સ્મૃતિઓ તાજી કરી વાળી.

સ્વસ્થ બની મહારાજાએ આસપાસ નજર નાખી-જે ચિત્રકારના પ્રતાપે તેમણે એક અતિ સુખમય સ્વપ્ન નીરખ્યું હતું તે ચિત્રકારને બંધન અવસ્થામાં એક ખૂણે બેઠેલો જોયો. શરીર પરનાં બંધન સિવાય તે સર્વ પ્રકારે પ્રફુલ્લ દેખાયો.

"આ પ્રવાસીને કોણે શા સારૂ આ રીતે જકડયો ?" મહારાજાની આંખમાં સ્હેજ રોષ અને દુઃખ દેખાયાં.

" એ અધમ માણસે જ કોઇ મંત્ર-તંત્ર કે કામણના યોગે આપને મૂર્ચ્છામાં નાખ્યા. અમે બધા જ્યારે વ્યાકૂળ હતા ત્યારે તે આહ્લાદ અનુભવતો હતો. બ્હાર જેવો ભદ્રિક દેખાય છે તેવો જ ઉંડો અને મેલા મનનો માણસ છે." એક દરબારીએ ખુલાસો કર્યો.

મહારાજાએ બંધનો ખોલી નાખવાની આજ્ઞા ફરમાવી. બંધન મુક્ત થતાં જ ચિત્રકાર ચિત્રસેન મહારાજને પ્રણામ કરી સન્મુખ આવી બેઠો. જાણે કઇં જ અઘટિત ન બન્યું હોય એમ તે સ્વસ્થતા ધારણ કરી રહ્યો.

" હું પોતે તો તને નિર્દોષ માનું છું. મારી મૂર્ચ્છામાં કોઇ અદ્ભૂત સુખનો સંકેત સમાએલો હોય એવી મારી ખાત્રી થઇ છે. તું કોણ છે ? કયાંથી આવ્યો છે ? અને કયા હેતુની સિદ્ધિ માટે ચિત્ર લઇ પર્યટન કરે છે તે મને સમજાવ." અમરકેતુએ સહજભાવે પૂછયું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હું એક સામાન્ય કલાસેવક છું. કુશાગ્રપુર એ મારી માતૃભૂમિ છે. અમારા મહારાજા ઘનવાહને જ્યારે સંસારથી વિરક્ત બની દીક્ષા ગ્રહણ કરી ત્યારે તેમણે રાજ્યની ધૂરા નરવાહન કુમારને માથે મૂકી. એ મહારાજા નરવાહનની બ્હેન કમલાવતી કરીને છે, તે મ્હારા પિતા પાસે જ અધ્યયન કરે છે અને તેનું જ આ ચિત્ર લઇ હું દેશ-દેશાંતર ફરૂં છું." ચિત્રસેને પોતાની કથા આરંભી.

"આમ ઠેકઠેકાણે ચિત્ર બતાવવાથી કયો અર્થ સિદ્ધ કરવા માગો છો? રાજકન્યા કુંવારી હોય તો તેને માટે સ્વયંવર રચવો એ જ સર્વોત્તમ ઉપાય છે. ચિત્ર જોયા પછી પ્રશંસા કરનારા તો સેંકડો મળી આવે!" મહારાજા અમરકેતુ બોલ્યા.

"અમારા મહારાજાનો પણ પ્રથમ તો આપ કહો છો તેવો જ સ્વયંવર રચવાનો વિચાર હતો; પણ બહુ વિચાર કરતાં એ યોજના માંડી વાળી. કોઇના લગ્ન જેવા માંગલિક પ્રસંગે રાજા-મહારાજાઓની અંદર મનદુઃખ કે યુદ્ધ થાય એ ઇચ્છવાયોગ્ય ન ગણાય. એક દિવસે અમારા મહારાજા અને મંત્રી એનો જ વિચાર કરતા બેઠા હતા. કમલાવતીને યોગ્ય પતિ શી રીતે શોધી કાઢવો એ પ્રશ્ન ચર્ચાતો હતો. એટલામાં એક નૈમિત્તિક ત્યાં આવી ચડયો. તેણે એ સમસ્યા ઉકેલી. કહ્યું કે "જે કોઈ મહારાજા, કમલાવતીનું ચિત્ર જોતાં જ મૂર્છા પામે તે તેને માટે યોગ્ય પતિ નીવડશે એમ તમારે ચોક્કસ માનવું." નૈમિત્તિકનું એ કથન આજે સત્ય નીવડયું છે, એટલે જ આપની મૂર્છા વખતે અન્ય લોકો જ્યારે ખિન્ન અને ચિંતાતુર જણાતાં હતાં ત્યારે મારા મનમાં આશાની સફળતાનો અનેરો આનંદ પ્રવર્તતો હતો."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેવાંગના પણ જેના સૌંદર્ય અને લાલીત્ય પાસે પરાભવ પામે એવી રાજકન્યા કુદરતે પોતાને માટે જ નીમીં છે એમ જાણી મહારાજા અમરકેતુના આનંદનો પાર ન રહ્યો.

તરત જ વિવાહની તૈયારીઓ થવા લાગી. આનંદોત્સવની ઉર્મીઓ ઉછળી રહી; અને એક દિવસે શુભ મુહૂર્તે કમલાવતી અને અમરકેતુ લગ્નની પવિત્ર ગાંઠથી જોડાયા. માતા-પિતા-ને સખીઓ વિગેરેથી જૂદી પડી કમલાવતી મહારાજા અમરકેતુના હસ્તિનાપુરને વિષે આવેલા અંતઃપુરમાં આવી રહી.

કમલાવતીને, પોતાની એક સખી શ્રીકાંતાથી જૂદા પડતાં બહુ દુઃખ થયું. શ્રીકાંતા અને કમલાવતી, કુશાગ્રપુરના એક જ ઉપાધ્યાયને ત્યાં સાથે ભણતાં અને આનંદ-કલ્લોલમાં બાળપણના દિવસો નિર્ગમન કરતાં. કાંતાને પણ પોતાની વ્હાલી સખીનો વિયોગ દુઃખરૂપ લાગ્યો. જે વખતે કમલાવતીનું લગ્નનિમિત્ત નૈમિત્તિકે રાજસભામાં ભાખ્યું હતું, તે જ વખતે સાગરશ્રેષ્ઠીએ પણ પોતાની કન્યા-કાંતા વિષે એ જ પ્રકારનો પ્રશ્ન પૂછયો હતો. નૈમિત્તિકે સાગરશ્રેષ્ઠીને કહેલું કેઃ "તમારી પુત્રીને એક કાળો સાપ કરડશે અને એ સાપના ઝેરમાંથી જે કોઇ પુરૂષ તેને બચાવશે તે જ તમારી પુત્રીનો પતિ બનશે."

કમલાવતીના સંબંધમાં નૈમિત્તિકે ભાખેલું ભવિષ્ય અક્ષરશઃ સત્ય નીવડયું, પણ કાંતાનું ભવિષ્ય હજી અંધકારમાં હતું. વિધિના હાથમાં રમતાં આ બે રમકડાં અત્યારે તો જૂદી જૂદી દિશામાં તણાતાં ચાલ્યાં

× × × ×

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ જ હસ્તિનાપુરના મનોરમ ઉદ્યાનમાં એક દિવસે એક પુરૂષ વાવના કાંઠા ઉપર, જમીન તરફ દૃષ્ટિ રાખી બેઠો હતો. તેના ગાલ ઉપર અશ્રુના તાજા ડાઘ પડ્યા હતા. બહુ જ રડી રડીને થાકી ગયો હોય અને ઉપર આભ ને નીચે ધરતી સિવાય બીજો કોઇ આધાર ન હોય એવી કારમી મુંઝવણુ અનુભવતો હતો.

એક ઉછરતો યુવાન એ ગમગીન પુરૂષની પાસે ધીમે ધીમે આવ્યો અને જાણે કે કોઇ દેવતાએ અણધારી સહાય મોકલી હોય તેમ તેના દુઃખમાં ભાગ લેવા બોલ્યો : “ ભાઇ, તમે કોણ છો ? આ મનોરમ ઉદ્યાન પણ તમારા શોક ને સંતાપની જ્વાલાથી જાણે દાઝતું હોય એમ કેમ લાગે છે ? ”

શોકમગ્ન પુરૂષે નવા આવનાર યુવક તરફ જોયું. આપોઆપ સૂકાઇ ગએલા ગાલ ઉપરના આંસુ હાથવતી લૂછી નાખવા પ્રયત્ન કર્યો અને કહ્યું: “ દુઃખનો પ્રતિકાર કરવાનું સાધન જેની પાસે ન હોય તેની પાસે દુઃખ ગાવા બેસવું અને અરણ્યમાં રૂદન કરવું એ બે વચ્ચે કંઇ તફાવત નથી. હજી તો તમે જુવાન છો. મારૂં દુઃખ શી રીતે સમજી શકશો ? ”

“ધન્વંતરી જેવો વૈદ્ય પણ રોગ જાણ્યા કે સમજ્યા વિના ઉપચાર ન કરી શકે એ વાત તો તમે મારા કરતાં મ્હોટા હોવાથી બહુ સારી રીતે સમજતા હશો. એક વાર તમારી કથા સાંભળું. તે પછી મારાથી બનતો પ્રયત્ન કરવામાં અને તમને દુઃખમુક્ત કરવામાં કચાશ નહીં રાખું એટલું કહી દઉં.” યુવક માત્ર વિવેક કે કુતૂહળની ખાતર ન્હોતો બોલતો. ખરેખર તે પરોપકારી અને સેવાભાવી હતો એવી પેલા દુઃખી માણસને આ પરથી ખાત્રી થઇ.

“ મારૂં નામ દેવશર્મા છે. સિંહગુહા નામની એક પલ્લીનો અધિપતિ સુપ્રતિષ્ઠ કરીને છે તેના એકના એક પુત્ર જયસેનને હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રમાડતો હતો એટલામાં બે જોગી જેવા પુરૂષો ઝાડીમાંથી બ્હાર આવ્યા. તેઓ જયસેનને મારી પાસેથી ઝુંટવી લઇ નાસવા લાગ્યા, હું તેમની પાછળ દોડયો. પણ હું તેમને પહોંચી શકયો નહીં. તેમનાં પગલાંને અનુસરતો એક અટવીમાં જઇ ચડયો. સૂર્ય આથમી ગયો હતો. પેલા જોગી જેવા માણસો એક છુપા સ્થાનમાં ભરાઇ કંઇક મસલત કરતા હોય એમ મને લાગ્યું. વધુ કાંઇ ન સમજાયું, પરંતુ તેઓ જક્ષણી વિદ્યા સિદ્ધ કરવા પલ્લીપતિના આ બાળક– જયસેનનો ભોગ આપવા માગતા હતા અને એટલા જ સારૂ તેઓ એ બાલકને ઉપાડી ગયા હતા એ વિષે મને કંઇ શંકા ન રહી. હું એકલો તેમની સામે થઇ શકું એવી સ્થિતિ ન હતી." દુઃખી માણસે પોતાની આપવીતી કહેતાં એક દીર્ઘ નિઃશ્વાસ મૂકયો.

યુવકે પૂછ્યું: "પણ તે પછી એ બાળકનું શું થયું?" યુવકના મ્હોં ઉપર લાલીમા છવાઇ, પુણ્યપ્રકોપની જ્વાળા તેના રોમે રોમમાં પ્રસરી ગઇ.

"આજે સાત–સાત દિવસ થયાં હું અને જયસેન કુમાર એ દુષ્ટોના પંજામાં કેદી તરિકે સપડાયા છીએ. ભૂખ, તરસ, ચિંતા ને થાકને લીધે શરીર ને બુદ્ધિની શક્તિ પણ ખોઇ બેઠો છું. મારૂં તો જે થવાનું હોય તે ભલે થાય, પણ જો તમારાથી બને તો બાળકને બચાવી લ્યો." દેવશર્મા આથી વિશેષ બોલી શકયો નહી.

યુવકના દીલમાં દેવશર્માની સ્વામીભક્તિએ ઉંડી અસર કરી. તે તરતજ વડલાની ઘટા–જ્યાં આગળ પેલો એક યોગી અને કુમાર બેઠા હતા ત્યાં પહોંચ્યો. ઘડીભર તો એમ થયું કે આવા દુષ્ટ નરાધમોની સાથે શાંતિથી વાત કરવી એ નકામું છે. એક નિર્દોષ બાળકનો ભોગ દેવાનો છે એ વાતે પેલા યુવાનનું લોહી ઉકાળી દીધું હતું; છતાં સમય વિચારી તેણે શાંતિનો દેખાવ ધારણ કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કળથી કામ લેતો હોય તેમ તે યોગીને ઉદ્દેશી બોલ્યો : "આપનો આ કુમાર કેટલો સુંદર, તેજસ્વી ને નિર્દોષ દેખાય છે ? મારો સગો ભાઈ હોય તેમ મારૂં હૃદય તેના તરફ આકર્ષાય છે. આપ જો એ બાળક મને સોંપો તો તેના બદલામાં આપ જે આજ્ઞા કરો તે પાળવા તૈયાર છું."

સદ્‌ભાગ્યે એ વખતે એક યોગી બજારમાં મદ્યાદિ વસ્તુઓ ખરીદવા ગયો હતો. પાછળ રહેલા યોગીએ વિચાર્યું કે જો વધુ વિલંબ કરીશ તો ભાગીદારીમાં અડધો અડધ માલ ગુમાવવો પડશે. બીજો સહચર આવે તે પહેલાં જ સોદો પતાવી નાખવા તે ઉત્સુક બન્યો : તેણે કહ્યું :– "ઓછામાં ઓછા એક લાખ સૌનેયા આપે તો આ કુમાર તમારો જ છે."

વગર–સંકોચે યુવકે તે માગણી સ્વીકારી લીધી અને આંગળીમાં પહેરેલી મુદ્રિકા યોગીને સુપ્રત કરી. મુદ્રિકા સ્હેજે લાખ સૌનેયાના મૂલ્યની તો હશે જ. યોગીને વધુ વાર્ત્તાલાપ કરવાનો અવકાશ ન હતો. વીંટી લઇ, બાળકને સોંપી પોતાના રસ્તે રવાના થયો.

"ભાઇ દેવશર્મા ! હવે તમે અને આ જયસેન કુમાર સ્વતંત્ર છો. અત્યારે તો તમે બન્ને જણ મારે ત્યાં પધારો. ત્યાં ભોજનાદિથી પરવારી આપ આપની પલ્લી તરફ સુખેથી પ્રયાણ કરી શકશો." યુવકે કહ્યું.

એ યુવકનું નામ ધનદેવ. ગામના એક પ્રતિષ્ઠિત શ્રીમંત પિતાનો–ધનવર્માનો એ પુત્ર હતો. પરોપકાર, સેવા એ તેના યુવક-હૃદયના મૂળ મંત્રો બન્યાં હતા. પોતાના દેહ કે પૈસાની પરવા કર્યા વિના લોકસેવા કરવી એ તેનો મુખ્ય ધંધો હતો. પિતાના દ્રવ્યનો એ સિવાય બીજો કંઇ સદુપયોગ ન હોય એમ તે માનતો.

ધીમે ધીમે એ વાત આખા ગામમાં ફેલાઇ ગઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

वार्ता च कौतुकवती विशदा च विद्या
लोकोत्तरः परिमलश्च कुरंगनाभेः ।
तैलस्य बिन्दुरिव वारिणि वार्यमाण–
मेतत्त्रयं प्रसरति किमत्र चित्रम्. ॥

કૌતુકવાળી વાત, ઉત્તમ પ્રકારની વિદ્યા, કસ્તુરીની અદ્‌ભૂત સુવાસ એ ત્રણને ગમે તેટલી દાબી રાખીએ પણ તેલનું ટીપું જેમ પાણીમાં ફેલાઇ જાય તેમ તે જરૂર ફેલાઇ જવાની.

ધનદેવની ઉદારતા ને નિર્ભયતા ઘેર ઘેર ગવાવા લાગી; પણ એ જ કીર્ત્તિ ને ખ્યાતિ ધનદેવને માટે આફતરૂપ બની.

દુર્જનો ને ઇર્ષાખોરો કહેવા લાગ્યા કે " બાપના પૈસા ધનદેવ ઉડાવે એમાં એની પોતાની શી બહાદૂરી ? પરસેવાનાં ટીપાં પાડી પૈસો પેદા કર્યો હોય ને ખરચે તો એક જૂદી વાત."

નિંદકોની આ પ્રકારની નિંદામાંથી પણ ધનદેવે ઉપદેશ ગ્રહણ કર્યો. તેણે પરદેશમાં જઇ પોતાના પરિશ્રમથી પૈસો પેદા કરવાનો નિશ્ચય કર્યો. પિતાની સંપત્તિનો ઉપભોગ કરવાથી પોતાની શકિત પડીપડી કટાઇ જાય છે એમ તેને લાગ્યું. અનુકૂલ સમય જોઇ તેણે માત–પિતા પાસે પોતાનો એ નિશ્ચય પ્રકટ કર્યો. માબાપે તેને ઘણું ઘણું સમજાવ્યો. તેમણે કહ્યું: " આપણી પાસે પુષ્કળ સંપત્તિ છે, તેનો ઘેર બેઠા ઉપયોગ કર. "

ધનદેવે જવાબ આપ્યો:—" પુત્ર છેક ન્હાનો હોય ત્યારે તે માતાને ધાવે એ સ્વાભાવિક છે, માતાના સ્તનને સ્પર્શ કરવાનો તેને અધિકાર છે; પણ જો મ્હોટો થયા પછી એ તરફ નજર રાખે અને તેનો ઉપભોગ કરવા લલચાય તો તેના જેવો કુકર્મી બીજો કોઇ ન ગણાય. પિતાએ ઉપાર્જેલી સંપત્તિ પણ પુત્રને માટે માતાના સ્તન જેવી જ ગણાય. હું હવે બાળક મટી યુવાન બન્યો છું. મારે પોતાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બુદ્ધિ ને શકિતનો ઉપયોગ કરવો જ જોઇએ, માટે મને આપ સૌ રાજીખુશીથી રજા આપો. મને મારૂં ભાગ્ય અજમાવવા દ્યો.”

ધનદેવની વાત સાંભળી માતપિતાને વાત્સલ્યને અંગે બહુ દુઃખ થયું, પરંતુ તેઓ ધનદેવની યુકિત ને ઉત્સુકતાનો કંઈ સંતોષકારક જવાબ આપી શકયા નહીં. તેમણે કચવાતા દીલે પુત્રની માગણી મંજુર રાખી.

એક દિવસે મંગલ મુહૂર્ત્ત જોઇ ધનદેવે, ખૂબ કરીયાણું લઇ, મ્હોટા સાર્થ સાથે કુશાગ્રપુર તરફ પ્રયાણ કર્યું.

માર્ગ વિકટ હતો. ચોર ને લૂંટારાઓનો ભય માથા ઉપર અહોનિશ ઝઝૂમતો. સ્હેજ પણ રસ્તો ભૂલાય તો ભૂખ ને તરસને લીધે મુસાફરો મ્હોતના મ્હોંમાં જ જઇ પડે એવી સ્થિતિ હતી; છતાં ધનદેવ એ બધા ભયની વચ્ચે થઇને માર્ગ કાપવા લાગ્યો.

પણ જો ધનદેવ જેવા ભાગ્યશાળી ને પરાક્રમી પુરૂષો એમ સ્હેજે સિદ્ધિ મેળવે તો પછી તેમના ભાગ્ય ને પરાક્રમની કસોટી શી રીતે થાય ? વિઘ્નો ને આપત્તિઓ એવા પુરૂષોને માટે રાહ જોતી જ બેઠી હોય છે. ધનદેવને હજી એ કસોટીમાંથી પસાર થવાનું હતું.

ધનદેવ અને તેનો સંઘ અનુક્રમે એક ગહન અટવીમાં આવી પહોંચ્યા. અહીં વૃક્ષોની એટલી ગીચ ઘટા જામી હતી કે સૂર્યનાં કિરણ પણ માંડમાંડ પૃથ્વીને સ્પર્શ કરી શકતાં. પક્ષીઓનાં અવાજ કાને અથડાતાં પણ ઘનઘોર ઘટાને લીધે કયું પક્ષી કયાં બોલે છે તેનો નિરધાર થઇ શકતો નહીં. વાનરોના ટોળાં કૂદાકૂદ કરી માણસોની મુંઝવણમાં વધારો કરતાં હતાં. કવચિત્ દૂરથી સંભળાતા ઘુવડના કર્કશ અવાજને લીધે અમંગળની આશંકા ઉપજતી.

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# દ્વિતીય પરિચ્છેદ.

| | |
|---|---|
| ધનદેવ | હસ્તિનાપુરનો શ્રેષ્ઠિપુત્ર. |
| સુગ્રીવ | સિદ્ધપુરનો રાજવી. |
| કમળાવતી | ,, રાણી. |
| સુપ્રતિષ્ઠ | પુત્ર. ( સિંહગુહાનો પલ્લીપતિ ) |
| કીર્તિધર્મ | ચંપાનગરીનો રાજા. |
| કનકવતી | ,, પુત્રી |
| સુરથકુમાર | કનકવતી, સુગ્રીવનો પુત્ર. |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## ( ૨ )

ધનદેવ અને સંઘના બીજાં માણુસો ભોજનની તૈયારી કરી ભાણુા ઉપર બેસતા હતા એટલામાં જ ઝાડીમાંથી ભીલડાઓનું એક મ્હોટું ટોળું બ્હાર આવ્યું અને સંઘના માણુસોને મારી લૂંટ ચલાવવા લાગી ગયા. ભીલડાંનો દેખાવ અને તેમનો પહેરવેશ પણુ એટલો વિચિત્ર ને ભયંકર હતો કે સંઘનાં ઘણાખરાં માણુસો ભય અને ગભરામણુને લીધે દિગ્મૂઢ જેવાં બની ગયાં. આત્મરક્ષણુ શી રીતે કરવું એ તેમને ન સમજાયું.

" પકડો ! મારો ! લૂંટી લ્યો ! " એવા શબ્દો ચોતરફ સંભળાવા લાગ્યા. અશક્ત ને નિઃશસ્ત્ર માણુસો નાસી છૂટવા દોડધામ કરી રહ્યા.

ધનદેવ એકલો હાથમાં વસુનંદક ખડ્ગ લઇ ભીલોની સામે લડવા બ્હાર પડ્યો. તેની અડગતા ને દ્રઢતા નીહાળી ભીલ જેવા કૂર હિંસકોના અંતરમાં એક પ્રકારનો ખળભળાટ જન્મ્યો. તેમને થયું કે આ માણુસની અચળ ને નિર્ભય મુખમુદ્રા જ એવી છે કે તે એકલો સો કરતાં પણુ અધિક ભીલને પૂરો પડે !

" મ્હોતના ઉમેદવારો જેટલા હોય તે બધા સામે આવી જાય ! " ધનદેવે ગંભીર મેઘની જેમ ગર્જના કરી અને વાદળ વચ્ચે વિજળી ઝબકે તેમ તેનું ખડ્ગ ઝળહળ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભીલો ધનદેવની ચારે કોર વીંટળાઇ વળ્યા. તેમણે ભાલા, ખડ્ગ ને બરછીવડે ધનદેવને વીંધવાનો પ્રયત્ન કર્યો; પણ ધનદેવ એવી ચપળતાથી પોતાનો બચાવ કરતો હતો કે ભીલોનુ મ્હોટું ધાડું તેનો વાળ વાંકો કરી શક્યું નહીં. ક્યાંઇ સુધી ધનદેવ એકલે હાથે ઝઝૂમ્યો. કેટલાય ભીલો ધનદેવના પ્રહારથી ઘવાઇ ધરતી ઉપર ઢળી પડ્યા.

એટલામાં ભીલ્લનો સ્વામી પોતાના એક વિશ્વાસુ નોકરની સાથે ત્યાં આવી પહોંચ્યો. ધનદેવને જોતાં જ પેલા નોકરે પોતાના સ્વામીને કાનમાં કંઇક કહ્યું અને સરદારે હૂકમ છોડ્યો " યુદ્ધ બંધ કરો. આ બહાદૂર જુવાનને માનપૂર્વક આપણી છાવણીમાં લઇ ચાલો. " પલ્લીપતિએ આજસુધીમાં કોઇ દિવસ પણ આવી આજ્ઞા ન્હોતી કરી. ભીલો પોતાના સરદારની આજ્ઞાનુ રહસ્ય સમજવા અશક્ત નીવડ્યા; છતાં તેમણે યુદ્ધને સંકેલી લીધું.

જતાં જતાં માર્ગમાં સરદારે પોતાના વિશ્વાસુ નોકરને ફરીથી પૂછ્યુંઃ—" તને ખાત્રી છે કે આ એ જ યુવાન છે-કંઇ ભૂલ તો નથી થતી ? "

નોકરે કહ્યુંઃ—" હું મારા ઉપકારીને કેમ ભૂલું ? જેણે પોતાના જીવના જોખમે મારો અને કુમારનો જીવ બચાવ્યો હોય તેને આ ભવે તો શું પણ પરભવે પણ કેમ ભૂલાય ? "

ભીલોના સરદાર સુપ્રતિષ્ઠને ખાત્રી થઇ કે પોતાના વ્હાલા કુમાર–જયસેનને જોગીઓના પંજામાંથી ઉગારનાર આ ધનદેવ જ હોવો જોઇએ. આવો સદ્ગુણી, ઉદાર ને પરગજુ માણસ, પોતાના જ માણસોના હાથથી અન્યાય પામે એ વિચારે તેને બહુ દુઃખ થયું. લૂંટના ધંધા વિષે તેને ઉંડો તિરસ્કાર છૂટ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવા કઈ કઈ તર્કોના વહનમાં તણાતો હતો એટલામાં ભીલ્લોના સમૂહ વચ્ચે ધનદેવ ત્યાં આવી પહોંચ્યો. પલ્લીપતિ પોતે તેનું સ્વાગત કરવા સામે ગયો. જંગલી જેવા ભીલોની મુંઝવણ તો વધતી જ ચાલી. જે માણસને બંધનમાં નાખવો જોઇએ, જેનું સર્વસ્વ લૂંટી લેવું જોઇએ તેને આપણો સરદાર આટલું માન કેમ આપી રહ્યો હશે તે તેનાથી ન સમજાયું; પરંતુ સરદાર પોતાના કરતાં અધિક બુદ્ધિમાન છે માટે તેઓ જે કરતા હશે તે ઠીક જ કરતા હશે એમ માની મનને મનાવ્યું.

"માફ કરજો, ભાઇ. જેમના સ્વાગત અર્થે સામૈયું કાઢવું જોઇએ તેમને મારી જ હકૂમતમાં બંદીવાન બનવાનો પ્રસંગ આવે એ મારા પાપનો જ ઉદય છે. હું આપને ઓળખી શક્યો નહીં. દેવશર્માએ કહ્યું ત્યારે જ જાણ્યું કે મારા કુમારના પ્રાણ બચાવનાર આપ જ છો; એટલું સદ્ભાગ્ય કે આવા અયોગ્ય નિમિત્તે પણ આપના દર્શન કરવા ભાગ્યશાળી થયો." સરદાર સુપ્રતિષ્ઠે, સ્નેહપૂર્વક ધનદેવના બન્ને હાથ પોતાના હાથમાં દાબ્યા અને જાણે પોતાના સહોદરને ઘણે લાંબે વખતે ભેટતો હોય તેમ તેને પોતાના આવાસની અંદર તેડી ગયો.

થોડા દિવસ ઉપર મનોરમ ઉદ્યાનમાં, જોગીઓવાળું જોયેલું દૃશ્ય ધનદેવની સ્મૃતિમાં તાજું થયું. સંસારની ઘટમાળ કેવા ખેલ ખેલે છે તે જોઇ તેના આશ્ચર્યનો પાર ન રહ્યો.

ધનદેવે કહ્યું: "ભાવી બળવાન છે. તમે અજાણતાં જે અપરાધ કર્યો હોય તેને માટે બહુ દિલગીર થવાની જરૂર નથી."

સુપ્રતિષ્ઠને આ આશ્વાસનમાં ધનદેવની કૂલીનતા ને સજ્જનતાનો સ્પષ્ટ પુરાવો મળ્યો. પૃથ્વીની અંદર ઘણા રત્નો છુપાયેલા



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડ્યા હોય છે, તેમાંથી પોતાને ત્યાં અનાયાસે આવું એક પુરૂષ-રત્ન આવી ચડયું છે એ જાણી તેનું હૃદય આનંદથી ઉભરાઇ ગયું.

લૂંટાયેલો માલ તેના ધણીને પાછો સોંપવાની સુપ્રતિષ્ઠે આજ્ઞા કરી અને સાર્થ સાથે થોડા દિવસ પોતાની પલ્લી-સિંહ-ગુહામાં વીતાવવાની ધનદેવને પ્રાર્થના કરી. ધનદેવે તે તત્કાળ સ્વીકારી. ધનદેવ અને સંઘના માણસો સુપ્રતિષ્ઠનું આતિથ્ય ભોગવતા, આનંદ-વિનોદમાં પોતાના દિવસો પસાર કરવા લાગ્યા.

એક દિવસે કઇંક પ્રસંગ નીકળતાં ધનદેવે પુછયું: "તમારા વ્યવહારો જોતાં, તમે કોઇ કુલીન વંશના સંસ્કારી સંતાન હો એમ જણાય છે. આ નિર્દય ભીલોની સરદારી આપને શી રીતે સાંપડી તે મારાથી સમજી શકાતું નથી. આપની અને આ ભીલ્લોની વચ્ચે જાણે લાખો યોજનનું અંતર હોય એમ મને હંમેશા લાગ્યું છે. હરકત ન હોય તો તેનો ખુલાસો સાંભળવા ઉત્સુક છું."

"મારી કથા સ્હેજ લાંબી છે અને ખરૂં કહું તો એમાં અમારા કૂળનું કલંક પણ સમાએલું છે. સજ્જનો બનતાં લગી એવી વાતો કોઇને કહેતા નથી, પરંતુ તમારી પાસે કહેવામાં મને કોઈ જાતનો સંકોચ નથી; કારણ કે હું જાણું છું કે તમે તેનો કઇં દુરૂપયોગ નહીં કરો." એ રીતે પ્રસ્તાવના બાંધી સુપ્રતિષ્ઠે પોતાની આત્મકથા આરંભી. "સિદ્ધપુરના મહારાજા સુગ્રીવ એ મારા પિતા છે. હું પાંચ વરસનો થયો એટલે મારી માતા કમલાવતી અચાનક વિજળી પડવાથી સ્વર્ગ-વાસ પામી. હું ન્હાનો હોવાથી માતાના મૃત્યુથી મેં શું ગુમાવ્યું છે તેની કલ્પના કરી શકયો નહીં; પણ મને એટલું તો બરાબર યાદ છે કે ઘણા દિવસ સુધી મારા પિતાએ, મારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માતાના સ્વર્ગવાસ પાછળ કલ્પાંત કર્યો. કેટલાય વૃદ્ધ ને વિદ્વાન્ પુરૂષોએ તેમનો શોક ટાળવા ઉપદેશ આપ્યો, પણ તેમના હૃદયમાં જે જખમ લાગ્યો હતો તે રૂઝાતા ઘણી વાર લાગી. વખત જતાં તેઓ સ્વસ્થ થયા. શોક ભૂલાવા લાગ્યો. મને ખોળામાં બેસારી આંખમાંથી આંસુ પાડતા તે બધું ધીમે ધીમે ઓછું થતું ગયું અને આશ્ચર્યની વાત તો એ છે કે મારી માતાના સ્થાને બીજી કોઇ સ્ત્રીને બેસારવાની વાતો ચાલવા લાગી. પહેલા જે એમ લાગતું કે સુગ્રીવ મહારાજાનો શોક કોઇ દિવસ નહીં ભૂંસાય એ શોકની છાયા સરખી પણ નષ્ટ પામી.” સુપ્રતિષ્ઠ ભૂલાઇ ગએલી વિદ્યા તાજી કરતો હોય તેમ તેણે કપાળે હાથ ફેરવ્યો, કંઈક યાદ કર્યું અને વેદનાભર્યા અવાજમાં પુનઃ તેણે કહેવા માંડયુંઃ—

“ કાળ પણ કેટલું અદ્ભુત સામર્થ્ય ધરાવે છે ? મારા પિતામાં થોડા જ વરસોની અંદર મ્હોટો ફેરફાર થઇ ગયો. ચંપાપુરીના કીર્ત્તિધર્મ રાજાની પુત્રી–કનકવતી સાથે તેમણે બીજી વારના લગ્ન કર્યા. વેલડી જેમ નજીકના વૃક્ષને વીંટળાઇ રહે છે તેમ પ્રેમ પણ નિકટ રહેલા મનુષ્યો ઉપર જ સીંચાય છે. એ જ પ્રમાણે મારી નવી માતા ઉપર મહારાજાનો સ્નેહ ઢોળાવા લાગ્યો. મારે એક બીજો ભાઇ થયો. તેનું નામ સુરથકુમાર. આજસુધી સિદ્ધપુરના અંતઃપુરમાં ખટપટનું નામનિશાન ન હતું. સુરથકુમારનો જન્મ થતાં ખટપટ શરૂ થઇ. મારી નવી માતાને હું કાંટાની જેમ ખુંચવા લાગ્યો. સુરથ રાજગાદી ઉપર આવે તે સારૂ મહારાજાના કાન ભરવા શરૂ થયા. પહેલાં તો મારા પિતાએ ન્યાય ને નીતિના પડખે જ ઉભા રહેવાનો, એટલે કે મ્હોટા કુંવર-મને જ ગાદી સોંપવાનો નિશ્ચય દર્શાવ્યો, પણ કનકવતીના રોજના કાલાવાલા ને આગ્રહે એ નિશ્ચય ફેરવી નાખ્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આખરે મને કેદમાં નાખી સુરથને યુવરાજપદે સ્થાપવાની છુપી તૈયારીઓ થવા લાગી.”

“તમે કેમ જાણ્યું કે તમને કેદમાં પૂરવા તમારા પિતા તૈયાર થયા ?” ધનદેવે પ્રશ્ન કર્યો.

“એક દાસીએ રાજા-રાણી વચ્ચેનો વૃતાંત કાનોકાન સાંભળી મને સાવચેત બનાવ્યો. જો દાસીએ મને ચેતવ્યો ન હોત તો આજે પણ હું કેદખાનામાં જ સડતો હોત.” સુપ્રતિષ્ઠે સ્હેજ ઉકળાટ સાથે ઉદ્ગાર કહાડ્યા.

“પિતા પોતાના એક વખતના અતિ વ્હાલા પુત્રને કેદખાનામાં નાખવા તૈયાર થયા એ કેટલા આશ્ચર્યની વાત ?” ધનદેવથી બોલાઇ જવાયું.

“એ કરતાં પણ વધારે આશ્ચર્યની વાત તો એ છે કે મેં જ્યારે એ ખટપટ સાંભળી ત્યારે હું ક્રોધથી બેભાન જેવો બની ગયો. પિતા અને માતાનો પણ વધ કરવા આ હાથ તલપી રહ્યા. વિશેષ કંઇ નહીં તો હક્કદારના હક્ક ડૂબાડનારને કારાવાસમાં જ ધકેલવા જોઇએ એમ મારૂં અંતર પોકારી ઉઠ્યું. હું ધારૂં તો સમસ્ત રાજ્યના અધિકારીઓને મેળવી લઇ મારૂં ધાર્યું કામ પાર પાડી શકું એટલી મારામાં તાકાત હતી, પણ મારો એ ઉભરો પાછો શમી ગયો. મારા કૂળમાં કલંક લાગે એવી કોઇ ક્રિયા મારા હાથથી ન થવી જોઇએ એમ લાગ્યું. રાજ્ય ને લક્ષ્મી તો શૂરવીર માણસના હાથનો મેલ ગણાય. શું મારામાં એવી શક્તિ નથી કે મારા બાહુબળવડે નવું રાજ્ય સર્જાવું ? પામર માણસો ભલે પિતાની સંપત્તિ ઉપર તાગડધીન્ના કરે.”

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

ધનદેવ પણ એવા જ ઉદાર આશયથી દેશ છોડીને નીકળ્યો હતો. સુપ્રતિષ્ઠ પણ પોતાના જેવો જ સાહસિક અને સ્વાવલંબી છે એમ જોઇ તેનાં નેત્ર સ્નેહને લીધે વધુ તેજસ્વી બન્યાં.

“પછી તો એક દિવસે પિતા પણ ન જાણે એમ છાનોમાનો નગરની બ્હાર નીકળી ગયો, અને આ સિંહગુહામાં આવી જમાવટ કરી. મારી નામના સાંભળી આસપાસના ભીલ્લો મારા ઝુંડા નીચે એકઠા થયા. તેઓ ઘણા નિર્દય હોય છે અને લૂંટફાટ સિવાય બીજો સારો ધંધો તેમને નથી આવડતો એ હું જાણું છું; પણ તમે જોઇ શકયા હશો કે મેં કંઈ ઇરાદાપૂર્વક આ સરદારી નથી સ્વીકારી. હું તો અન્યાયનો ભોગ થઇ પડેલો એક રાજકુમાર છું. આ પલ્લીની સરદારી મારા શિરે અનાયાસે આવી પડી છે. સિંહ જેમ પોતાના પરાક્રમ ને શક્તિથી વનરાજ બને છે તેમ હું પણ તેમનો અધિપતિ બની બેઠો છું. માત્ર આપના જેવા સજ્જનો કોઇ કોઇ વાર અહીં આવી ચડે છે અને તેમના ચરણની રજથી સ્થાન પવિત્ર બને છે એટલું અમારૂં સદ્ભાગ્ય છે.” એમ કહી સુપ્રતિષ્ઠે પોતાનો આત્મવૃતાન્ત સંપૂર્ણ કર્યો.

ધનદેવ કંઈ ન બોલ્યો, પણ જે પુત્ર પિતાના દેખીતા અન્યાયને પણ આવી રીતે પચાવી જાય અને છતી શકિતએ રાજપાટને લાત મારી વનવાસ સ્વીકારે, ભીલ જેવા અસંસ્કારીઓની મધ્યમાં આવીને રહે તે માટે તેના અંતઃકરણમાં બહુ માન ઉત્પન્ન થયું. ધનદેવ ને સુપ્રતિષ્ઠ વચ્ચે મૈત્રીનો એક નવો તાર સંધાયો.

એ રીતે કેટલાક દિવસો નીકળી ગયા. ધનદેવને હવે વધુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વખત અહીં પડી રહેવું ઠીક ન લાગ્યું. સંઘના માણસો પણ પ્રયાણને માટે અધીરા થયા.

"કહેતાં જીભ નથી ઉપડતી: પણ જો રાજીખુશીથી રજા આપો તો આગળ પ્રયાણ કરીએ" એક દિવસ ધનદેવે સુપ્રતિષ્ઠને કહ્યું.

"સંયોગને અંતે વિયોગ નિર્માએલો જ હોય છે. આપ સૌ અહીં સદાને માટે રહી જાઓ એ અસંભવિત છે, એ મારા ધ્યાનબ્હાર નથી. એક દિવસે મારે આપને રજા આપવી પડશે અને આપને સ્વદેશ તરફ પ્રયાણ કરવું પડશે એમાં પહેલેથી જ મને કોઇ જાતનો શક નથી; પણ આપને મારી રજા રાજીખુશીથી જોઇતી હોય તો મારી એક સરત આપને કબૂલવી પડશે." સુપ્રતિષ્ઠે સ્નેહપૂર્વક ઉચ્ચાર્યું.

ધનદેવની જીજ્ઞાસા ઉશ્કેરાઇ: "ખુશીથી કહી દ્યો. આપની સરત હું માથે ચડાવીશ" ધનદેવે કહ્યું.

તે સમજતો હતો કે સુપ્રતિષ્ઠ ફરીવાર અવકાશે આ પલ્લીમાં આવી જવાનો આગ્રહ કરશે અથવા તો બે-ચાર દિવસ વધુ રોકવા વિનવશે અને એક મિત્ર એવી સરત મૂકે તો સ્નેહીઓએ સ્વીકારવી જ જોઇએ એમ તે માનતો.

પણ ધનદેવની એ ધારણા ખોટી નીવડી. સુપ્રતિષ્ઠે અત્યાર સુધી પોતાના હાથમાં છુપાવી રાખેલો મણિ ધનદેવ આગળ મૂક્યો અને કહ્યું: "મારી આટલી ભેટ આપને અંગીકાર કરવી પડશે. મારી પહેલી અને છેલ્લી એ જ સરત છે."

મણિની દિવ્યતા પ્રથમ દર્શને જ દેખાઈ આવે એવી હતી. તેની ઉજ્જવળતા અપૂર્વ હતી. શુદ્ધ કિરણોનો સમૂહ દિશા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઓને પ્રકાશથી ભરી દેતો હતો.

“ આવો મણિ સુરલોકમાં જ સંભવે. આપની પાસે એ શી રીતે આવ્યો ? ” ધનદેવે ખૂબ આતુરતા ને આગ્રહ સાથે પ્રશ્ન કર્યો.

“ તમારી કલ્પના બરાબર છે. આ મણિ સુરલોકનો જ છે, અને મને એ મણિ કેમ મળી આવ્યો તે વાત પણ એટલી જ કુતૂહળતાવાળી છે.” સુપ્રતિષ્ઠે એટલું કહી ધનદેવની સામે જોયું.

ધનદેવના ચ્હેરા ઉપર ઉત્સુકતા છવાએલી જોઈ સુપ્રતિષ્ઠે કહેવા માંડયું: “ એક દિવસે પ્રભાતકાળમાં જ ધનુષબાણુ ધારણુ કરી કેટલાક માણુસો સાથે હું મૃગયા ખેલવા ઉત્તર દિશા તરફ ચાલી નીકળ્યો. થોડે દૂર જતાં તરૂવરોથી છવાએલી એક વનસ્થલીમાંથી કોઇના રૂદનનો અવાજ સંભળાયો. અવાજ ઉપરથી તે સ્ત્રીનો સ્વર હોય એમ લાગ્યું. અવાજ તરફ લક્ષ આપી મેં આગળ ચાલવા માંડયું.

“ હવે તો તું મારા પંજામાં બરાબર સપડાઇ છે. અહીં તને કોઇ બચાવી શકે એમ નથી ” એવા શબ્દો અભિમાન-પૂર્વક કોઇ પુરૂષ બોલતો હોય એમ સંભળાયું. એટલામાં જરા તપાસ કરવા માંડી ત્યાં તો એક વૃક્ષ નીચે કોઇ દિવ્ય પુરૂષ નાગપાશથી બંધાએલો પડ્યો હોય એમ હું બરાબર જોઈ શકયો. નાગપાશની દુઃસહ વેદનાને લીધે એ પુરૂષના મુખમાંથી વચમાં વચમાં વેદનાના મંદ સ્વર બ્હાર આવતા. એ પુરૂષની દિવ્યતા અને તેની ઉપર આવી પડેલી આ આપત્તિ જોઇ મારી આંખ આંસુથી ભીંજાઇ ગઇ.

પેલા પુરૂષે મારી આ સ્થિતિ જોઇ કહ્યું:—“ વિલાપ કર-વાથી કંઇ અર્થ નહીં સરે. જો તમને મારી દશા ઉપર દયા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવતી હોય તો એક કામ કરો. મારા માથામાં બાંધેલો આ મણિ તમે લ્યો અને તેને ધોઇ એ પાણી આ સર્પો ઉપર છાંટો. એટલું કરશો આ સર્પો સ્વયંમેવ છૂટા થઇ જશે અને મને બંધનમુક્ત બનાવી શકશો.”

મેં એમના કહેવા પ્રમાણે મણિવાળું વાણી છાંટ્યું કે તરત જ નાગપાશ ઢીલા થઇ ગયા અને સર્પો ગભરાયેલા હોય તેમ આસપાસ નાસી ગયા. દિવ્ય પુરૂષ એ રીતે બંધનમુક્ત થયા પછી તો એક તરૂવરની છાયામાં મેં તેને તાજા ઘાસની બનાવેલી શય્યા ઉપર સૂવાડ્યો. તેણે મારો વૃતાન્ત સાંભળવા ઇચ્છા દર્શાવી. મેં મારી આત્મકથા ટુંકામાં સંભળાવી. ત્યારપછી એ દિવ્ય પુરૂષે પોતાની જે આપવીતી કહી તે તો ખરેખર બહુ જ રોમાંચજનક છે.

દિવ્ય મણિ સાથે સંકળાએલો એ દિવ્ય પુરૂષનો ઇતિહાસ જાણવા ધનદેવ અત્યંત ઉત્સુક દેખાયો.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# તૃતીય પરિચ્છેદ.

## પાત્ર પરિચય.

| | |
|---|---|
| પવનગતિ | વિદ્યાધરેંદ્ર—રત્નસંચય નગરીનો. |
| ચિત્રવેગ | „ નો પુત્ર. |
| ભાનુવેગ | ચિત્રવેગના મામાનો પુત્ર. |
| અમિતગતિ | કુંજરાવર્તનો વિદ્યાધર. |
| કનકમાળા | „ ની પુત્રી. |

( ૩ )

“ વૈતાઢ્યાગારમાં આવેલી રત્નસંચય નગરીમાં પવનગતિ નામનો એક વિદ્યાધર વસે છે. તેનો પુત્ર ચિત્રવેગ એ જ આ દિવ્ય પુરૂષ હતો.” સુપ્રતિષ્ઠે પાત્રપરિચય કરાવ્યો.

“ વિદ્યાધરો તો મંત્ર ને વિદ્યાકળામાં બહુ પારંગત હોય છે, એમ સાંભળ્યું છે” ધનદેવે કહ્યું.

“તમારી વાત સાચી છે, પણ મોહરાજા એમને યે એવો મદિરા પાય છે કે વિદ્યાધરો ગાંડાતુર બની જાય છે. ચિત્રવેગનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઇતિહાસ એક મોહકથા છે એમ કહું તો પણ ચાલે." એ
પછી, ચિત્રવેગે પોતાની જે આપવીતી કહી હતી તે જ કથ
તેના પોતાના શબ્દોમાં સુપ્રતિષ્ઠે કહેવી શરૂ કરી.

"એક વાર હું અને મારો મિત્ર મનહર ઉદ્યાનમાં ફરત
હતા, ત્યાં આકાશની અંદર તેજસ્વી વિમાનોની મોટી પરંપર
જોવામાં આવી. મને નભોગામિની વિદ્યા મારા પિતા તરફથ
વારસામાં મળી હતી. એટલે જો આ વિમાનો કોઇ સારા કામ
માટે નીકળ્યાં હોય તો આપણે પણ તેમની પાછળ શા સારૂ
જઇએ ? એવો સંકલ્પ ઉદ્ભવ્યો. બન્યું પણ એમ જ. મારા મિ
કહ્યું કે આ બધાં વિમાનો દેવતાઓનાં છે અને તેઓ વૈતાઢ્ય
ગિરિમાં આવેલાં સિદ્ધાલયોમાં શ્રી જિનેંદ્ર ભગવાનની ભક્તિ
માટે જાય છે.

આમ વાતચીત કરીએ છીએ એટલામાં મારા પિતા
આદેશ મારા નાના ભાઇએ આવી મને કહી સંભળાવ્યો. તેમ
કહેવરાવ્યું કે "અમે પણ યાત્રા માટે નીકળીએ છીએ, ત
આવવું હોય તો જલદી તૈયાર થઈ જા."

સિદ્ધાલયમાં પહોંચી અમે વિધિસર શ્રી જિનેંદ્ર ભગવાન
પૂજા કરી. તે વેળા ત્યાં અસંખ્ય વિદ્યાધરો આવ્યા હત
અપ્સરાઓ નૃત્ય-ગાન કરી પોતાની ભક્તિ ચરિતાર્થ કરતી હતી
ઠેકઠેકાણે ઉત્સવ ને આનંદના મોજા ઉછળતા હતા.

ત્યાંથી પાછા ફરતા મને મારા મામાનો પુત્ર ભાનુવેગ મળ્યો
ઘણે લાંબે વખતે અહીં પહેલી વાર મળ્યા તેથી અમારા બંને
અંતર ખૂબ ઉલ્લાસ પામ્યા. ભાનુવેગ કહે "તમે અમારે ત્યાં
આવો" અને મેં કહ્યું "નહીં, પહેલાં તમે મારે ત્યાં પગ

P.P. Ac. Gunratnasuri M.S.　　　　　Jun Gun Aaradhak Trust

કરો ” એમ થોડી વાર રકઝક ચાલી. આખરે મારા પિતાની રજા લઇ હું ભાનુવેગની સાથે કુંજરાવર્ત્તન નગરમાં આવી પહોંચ્યો.

અહીં મેં કેટલાક દિવસ બહુ જ શાંતિ, આરામ ને આનંદમાં ગાળ્યા. એક વાર રાત્રિના પાછલા પહોરે મને એક સ્વપ્ન આવ્યું: જાણે કે શ્વેત રંગની ભવ્ય પુષ્પમાળા લેવા હાથ લંબાવું છું પણ માળા કેમે કરતાં લઇ શકાતી નથી. કોઇ એક મિત્ર તે લાવી આપે છે. કંઠમાં પહેરવા જઉં છું તેટલામાં તે પડી જાય છે, મારૂં અંતર ચિરાય છે, માળા પાછી દેખાય છે, પણ તે સૂકાઇ ગયેલી જણાય છે. વળી એક મિત્ર આવી તેને સજીવન કરી મારા કંઠમાં આરોપે છે. એટલામાં હું જાગી ઉઠું છું. આ સ્વપ્નનો અર્થ હું કોઇ રીતે નક્કી કરી શક્યો નહીં. ભાનુવેગને તેનો ખુલાસો પૂછ્યો, પરંતુ તે પણ સ્વપ્નનો અર્થ સમજવામાં નિષ્ફળ ગયો.

એક દિવસે અમે એ સ્વપ્નનો અર્થ સમજવા પ્રયત્ન કરતા હતા એટલામાં નગરનાં અસંખ્ય સ્ત્રી–પુરૂષો વિવિધ વસ્ત્રાલંકારો સજી ઉદ્યાન તરફ જતાં જણાયાં. ભાનુવેગને મેં પૂછ્યું “ આ લોકો ક્યાં જતા હશે ? ”

“ આજે મદન-ત્રયોદશી છે. મકરંદ ઉદ્યાનમાં નગરનાં યુવકો ને યુવતીઓ આજે મદનોત્સવ ઉજવશે.” ભાનુવેગે ઉત્તર આપ્યો.

આવો સુંદર ઉત્સવ જોવાનો મળતો હોય તો ઘરના ખૂણામાં બેસી રહેવાનું કોને ગમે ? અમે બન્ને જણ મકરંદ ઉદ્યાનમાં ગયા. વસંતનો પ્રભાવ અહીં પૂરબહારથી ખીલી નીકળ્યો હતો. મલયાચલ પવનની મંદ મંદ લહેરો વૃક્ષની શાખાઓ સાથે ક્રિડા કરી રહી હતી. ખીલેલાં પુષ્પો અને મંજરીઓવડે મદનોત્સવમાં અનેરો રસ ઉભરાતો હતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉત્સવનું કેંદ્રસ્થાન મદનમંદિર હતું. ત્યાં આગળ શૃંગ વિલાસ ને ક્રિડાની સરિતા વહેતી હતી એમ ખુશીથી કહી ! કાય. આવું અનુપમ દૃશ્ય જોવાનું મળ્યું એ બદલ હું મ પોતાને પરમ ભાગ્યશાળી માનવા લાગ્યો. એટલામાં એક જ નીચે એક યુવતીને યૌવનના ઉલ્લાસમાં હીંચકા ઉપર ઝૂલ જોઈ હું દિગ્મૂઢ બની ત્યાં જ ઉભો થઈ રહ્યો. ઘડીભર આ દેવી હશે કે માનવી તેનો કંઈ નિર્ણય કરી શકયો નહ ભાનુવેગ મારી મૂઢતા જોઇ રહ્યો.

"યૌવનના ઉમરામાં પગ મૂકતી આ અપૂર્વ સૌંદર્યવ યુવતી કોણ છે?" મારાથી પૂછાઈ જવાયું.

"એ ગમે તે હોય, આપણે એવી પંચાતમાં શા સારૂ જોઇએ?" ભાનુવેગે સ્હેજ કુતૂહલ અને સ્મિત સાથે ઉત્તર આ

પ્રશ્ન પૂછવામાં મેં સ્હેજ ઉતાવળ કરી એમ મને પાછ સમજાયું, પરંતુ સાચુ કહું તો એ યુવતીના દર્શનમાત્રથી એટલો બધો વિહ્વલ બન્યો કે વિવેક વિસરી ગયો: મેં વધુ આગ્રહ કર્યો ત્યારે ભાનુવેગે કહ્યું: "આ નગરીની અ અમિતગતિ નામનો એક વિદ્યાધર રહે છે તેની જ પુત્રી કનકમાળા છે. હજી તે કુંવારી છે. સૌંદર્ય, લાલિત્ય અને કળા તેના જેટલી સર્વાંગ સંપૂર્ણ સ્ત્રી બીજી કોઇ નથી."

મેં બળાત્કારે મારી દ્રષ્ટિને પાછી વાળવાનો ઘણો પ્રય કર્યો, પણ જાણે કે કોઇ મંત્રના બળે મારી દ્રષ્ટિ અને મ હૃદય તે યુવતી તરફ આકર્ષાતું હોય એમ લાગ્યું. યુવત તરતજ મારા મનોભાવ પામી ગઇ. તેના માત્ર એક-બે કટાક્ષ વ મારા મનઃસંયમના ગઢ ખળભળાવી દીધા.

કામના અગ્નિથી બળેલો હું ઘેર ગયો, પણ ત્યાં શાંતિ ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

...ળી. ભાનુવેગે મને ઘણી ઘણી રીતે સમજાવ્યો પણ કામદેવના ...ાણથી જે હૃદયો વ્યથા પામ્યાં હોય તે જ તેની વેદના ...મજી શકે.

મારા કરતાં કનકમાળાની સ્થિતિ કંઇ વધુ સારી ન હતી. ...મે બન્ને જણાં એક જ બાણથી વીંધાયા હતા. અમે બન્ને જણાં એક જ અગ્નિથી બળતા હતા, પણ એ વાત તો પાછ...ળથી સમજાઇ. પહેલાં તો હું એમ જ માનતો હતો કે યુવતી, એક શીકારીની જેમ મારા કાળજામાં વિરહવ્યથાનું ખંજર ભોંકી, હસતી-રમતી ત્યાંથી ચાલી ગઇ; પણ કનકમાલાની એક દાસી જ્યારે મારી પાસે આવી અને ખાનગીમાં લઇ જઇ મને કનકમાળાની સ્થિતિ સમજાવી ત્યારે જ મારી આંખ ઉઘડી કે મદનદેવના પુષ્પ-શરે અમારા બન્ને સ્નેહીઓનાં અંતરમાં દાવાનળ સળગાવ્યો હતો.

દાસીએ જ મને કહ્યું કે કનકમાળાનું મ્હોં વ્યથાને લીધે નિસ્તેજ બની ગયું છે. ચંદનનો લેપ ને કમલના તંતુઓ પણ હવે તેને આગના તણખા જેવા લાગે છે. વારંવાર પૂછવા છતાં તે એકે પ્રશ્નનો સીધો જવાબ નથી આપતી. ટુંકામાં જો આ સ્થિતિ વધુ વખત લંબાય તો કનકમાળાના પ્રાણ ઉડી જાય એવી સ્થિતિ છે. જ્યારથી એણે મદનોત્સવમાં આપને નીહાળ્યા છે ત્યારથી તેના અંતરમાં માત્ર આપનું જ ધ્યાન છે.

દાસીના અતિ આગ્રહથી મેં કનકમાળા ઉપર એક સચિત્ર પત્ર બીડ્યો. ચિત્રમાં કેટલીક કમલિનીઓ આલેખી એક જ પુષ્પ ઉપર ભ્રમરને તલ્લીન બનેલો બતાવ્યો, અને ચિત્રની નીચે એક સમસ્યાવાળી ગાથા પણ લખી મોકલી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ પત્ર વાંચ્યા પછી કનકમાળા ઉત્સાહમાં આવી. આજનું રાત્રિ જો હેમક્ષેમથી પસાર થાય તો સવારે અમોએ ઉદ્યાનમાં મળવું એવો નિશ્ચય થયો.

એ પ્રેમીઓના મિલન વચ્ચે રાત્રિને અંધાર પડદો અંતરાય રૂપે આવીને પડ્યો. એ રાત્રિ અમારા મનને કાળ જેવી લાગ હું કંઈ કંઈ તર્કવિતર્ક કરી રહ્યો. કનકમાળાની જે સ્થિતિ સાંભળ હતી તે જોતાં તો એક રાત્રિમાં જ હતી–નહતી થઇ જા એવી શંકા ઉપજી, અને જો એ બાળા આ નિમિત્તે મૃત્યુ પા તો મારી દુર્દશાનો પાર ન રહે. વળી બીજી જ ક્ષણે, કનકમા શું સાચેસાચ મારા તરફ પ્રીતિભાવ રાખી રહી હશે એ સંશય ઉપજ્યો. આમ આશા ને શંકાના હિંડાળે હીંચતા મા કેટલોક સમય નીકળી ગયો.

સૂર્યાસ્ત થયો. ચંદ્રનાં શાંત–નિર્મળ કિરણો સૃષ્ટિ ઉ વરસી રહ્યા. પવન જેમ આગને વધુ પ્રદિપ્ત કરે તેમ ચંદ્ર શાંત કિરણે વિરહીઓનો વિરહાગ્નિ વધુ પ્રદિપ્ત કર્યો. અમૃ તમય ચંદ્ર અમને વિજળીના ઝટકા જેવો અકારો થઇ પડ્યો મારૂં પોતાનું હૃદય પણ જાણે મારૂ શત્રુ બન્યું હોય એ લાગ્યું. એમ ન હોય તો તે મારા કાબૂમાં કાં ન રહે ? નિયમ તો એવો છે કે સ્નેહીઓના સ્નેહની ખાત્રી થાય તે પછી જ હૃદય તેમને માટે ઝુરે છે; પણ મારૂં હૃદય તો એવું બેવકૂ બન્યું કે સ્નેહની કસોટી કર્યા વિના ઝુરવા મંડી ગયું. મદનો–ત્સવમાં નીરખેલી મુગ્ધાના દર્શન સિવાય બીજી બધી વસ્તુઓ મારા માટે નીરસ બની.

વિરહદુઃખને લીધે તડફડતાં સ્ત્રી-પુરૂષોનાં મ્હેણાં સાંભળી શરમીંદો બનેલો ચંદ્ર આખરે અસ્તાચલ ઉપર ઉતર્યો. પૂર્વ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિશામાં લાલ કેસરી રંગની ભભક રેલાઇ રહી. કમલનાં વનો એકી સાથે વિકસ્વર બની પ્રભાતનું સ્વાગત કરવા લાગ્યા.

હું પણ સૂર્યોદય થતાં શય્યામાંથી બ્હાર આવ્યો. ભાઇ સુપ્રતિષ્ઠ, આજે જ અમે ઉદ્યાનમાં મળી સ્નેહની ગાંઠથી બંધાઇ અભિન્ન બનવાના હતા એ વાત તને યાદ હશે. મારી સ્નેહરાજ્ઞીને મળવાના મનોરથે મારા અંગેઅંગમાં નવું જોમ જગાવ્યું. જે પ્રભાતકાળની રાહ જોતો હું આખી રાત પડી રહ્યો હતો તે પ્રભાતસમય મને તો કોઇ આપ્તજન જેવો જ લાગ્યો.

પ્રભાતના કાર્યોથી નિવૃત્તિ બની ઉદ્યાનમાં જવાની તૈયારી કરતો હતો ત્યાં મારા મામાનો દિકરો ભાનુવેગ આવી પહોંચ્યો અને કહ્યું "હવે ઉદ્યાનમાં જવામાં શા સારૂ વાર લગાડે છે ?" આમ બોલતામાં વિનોદ ને આનંદના આવેશથી તેનું મ્હોં દીપી નીકળ્યું.

ખરેખર હું ઉદ્યાન ભણી જવાની જ તૈયારી કરતો હતો. મારૂં જીવન સર્વસ્વ આજે ત્યાં જ આવી વસ્યું હતું " ઉદ્યાનમાં જા " એમ કહેનાર પ્રત્યે પણ હું સ્નેહની નજરે જોવા લાગ્યો.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ચતુર્થ પરિચ્છેદ

## પાત્ર પરિચય.

| | |
|---|---|
| **આમ્રલતા** | ચિત્રભાનુના ઘરની દાસી |
| **ગંધવાહન** | ગંગાવર્તનો રાજા |
| **નભોવાહન** | ગંધવાહનનો પુત્ર |
| **સોમલતા** | કનકમાળાની ધાવમાતા |

( ૪ )

" પણ અત્યારમાં જ આ વાજીંત્રની ગર્જના ક્યાંથ સંભળાઈ ? " ભાનુવેગને મેં પૂછ્યું. ઉદ્યાનમાં જવાને હ તૈયાર હતો એટલામાં માંગલિક વાજીંત્રના ધ્વનિ મારા કા સાથે અથડાયા, અને મારી જીજ્ઞાસા જાગી.

" ઘણું કરીને અમિતગતિને ત્યાં ઉત્સવ હોય અને તે ત્યાં જ આ માંગલિક વાજીંત્ર વાગતા હોય એમ લાગે છે ભાનુવેગે જવાબ આપ્યો.

એટલામાં તો મારી ડાબી આંખ ફરકવા લાગી. આખ રાત સમુદ્ર તર્યા પછી કાંઠે આવતું વહાણુ પ્રભાતકાળમાં કોઇ ખડક સાથે અથડાતું હોય એવો ભાસ થયો. આમ્રલતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બોલાવી, અમિતગતિને ત્યાં આ કયા પ્રકારનો ઉત્સવ વર્ત્તી રહ્યો છે તેની બાતમી લેવા મોકલી.

તે પાછી ફરી ત્યારે તેના મુખની કાંતિ હણાઇ ગઇ હતી, અને તેણીએ મને જે સમાચાર આપ્યા તે પછી તો આકાશમાંથી વજ્રપાત થયો હોય એમ મારૂં અંતર થીજી ગયું.

આમ્રલતાએ કહ્યું: " ગંધવાહન નામે પ્રસિદ્ધ રાજાના પુત્ર નભોવાહન સાથે કનમાલાના લગ્ન આજ–કાલમાં જ થઇ જવાના છે અને તેને લીધે જ અમિતગતિને ત્યાં લગ્નોત્સવની તૈયારીને સૂચવતાં આ વાજીંત્ર વાગે છે."

આ તે જ કનકમાલા–કે જેના એક વાર દર્શન કરવા અને મારા બળતા જીગરને તૃપ્ત કરવા હું ઉદ્યાન તરફ જવા તૈયાર થયો હતો. આ તે જ કનકમાલા–કે જે તેની દાસીના કહેવા પ્રમાણે અમારા થોડા સમયના પરિચય પછી પણ વિરહને લીધે તરફડતી હતી. આ તે જ કનકમાલા–કે જેણે મારી બુદ્ધિ, શક્તિ ને વિવેક બધું હરી લીધું હતું–તે જ કનકમાળા કે જેની પાછળ હું ગાંડો બન્યો હતો. તેના જ લગ્નની તૈયારી આટલી ધામધૂમ સાથે થઇ રહી છે તે જાણ્યા પછી આખો વિશ્વ-સંસાર જાણે ખાવા ધાતો હોય એમ મને લાગ્યું. દુર્દૈવ ક્ષણમાત્રમાં કેવા પલટા આણે છે તે સમજાયું. માણસને જો ખબર હોય કે સ્નેહ આટલો દગાખોર છે તો તે કોઇની સાથે દૃષ્ટિ મેળવતાં પણ વિચાર કરે. આ પ્રકારના તરંગોમાં તણાતો હતો ત્યાં મૂર્ચ્છાએ આવી મને બેશુદ્ધ બનાવી દીધો. કોણ જાણે કેટલીયે વાર સુધી હું બેભાન બની પડી રહ્યો.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું ભાનમાં આવ્યો ત્યારે સોમલતાને મારી સામે બેઠ-
મેં જોઇ. કનકમાળા કે જેણે મારા હૃદય ઉપર અધિક
જમાવ્યો હતો તે હવે મારી મટી બીજા કોઇની થવાની
એ વાત સાંભળ્યા પછી સોમલતાને વિશેષ કંઇ પૂછવાનું
રહ્યું; છતાં મોહ માણસને કેટલો પામર બનાવે છે ? મેં અ
દીન વદને તેના તરફ જોયું. તે મારી દર્દભરી દ્રષ્ટિનો અ-
સમજી ગઇ અને કહેવા લાગીઃ

" કનકમાળા પોતાના અંતઃકરણથી આપને જ ચાહે
અને જીવનના સુકાની તરિકે આપને જ પસંદ કરે છે
વિષે અમારા સખીમંડળમાં કોઇને શક નથી. અમે તેણ
દરેકે દરેક ચેષ્ટાનો અર્થ જોયો-તપાસ્યો છે અને અમ
સોએ સો ટકા ખાત્રી થઇ ચૂકી છે કે કનકમાળાના સુકુ
હૈયામાં ચિત્રવેગ સિવાય અન્ય કોઇને સ્થાન નથી. તેની મા
ચિત્રમાલા પણ માને છે કે કનકમાળા માટે આપ જ સ
રીતે યોગ્ય છો; પરંતુ કનકમાળાના પિતા એક ધર્મસંકટ
આવી પડ્યા છે અને એને લીધે જ બે પ્રેમીઓને જળ વિ
માછલી તરફડે એમ તરફડવાનો વખત આવ્યો છે. "

" એ સંકટ કયા પ્રકારનું છે ? " અધીરપણે મેં પૂછ્યુ

" વાત એવી બની કે અમિતગતિ એક વાર ગંગાવ
નગરમાં ગંધવાહન રાજા પાસે જઇ ચડ્યા. આ રાજાનો પુ
નભોવાહન વ્હેલો-મ્હોડો વિદ્યાધરોનો ચક્રવર્તી થશે એમ તેઓ
માની લીધું, અને પોતાની કન્યા આ નભોવાહનને વરે તો જ
સુખી થાય એમ તે આગ્રહપૂર્વક કહે છે. વળી તે ગંધવાહન
રાજાને વચન આપી આવ્યો છે, એટલે હવે જો તે પોતાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કન્યા વચન પ્રમાણે ન આપે તો મોટી ખુવારી થયા વિના ન રહે. કન્યા પોતે, કન્યાની માતા અને કન્યાનું હૃદય સમજનારી બધી સખીઓ એક તરફ છે અને એનો પિતા--અમિતગતિ બીજી તરફ છે. આવા પ્રસંગે પુરૂષનું જ ધાર્યું થાય છે એ કોણ નથી જાણતું ?" સોમલતાએ સંકટની રૂપરેખા દર્શાવી.

અમિતગાત જેવા પિતાઓ તરફ મને ધિક્કાર છૂટયો. વિદ્યાધરોનો ચક્રવર્ત્તી બનવાનો હોય તેને પોતાની કન્યા આપવાનો પિતામાત્રને લોભ થાય એ સ્વાભાવિક છે; પણ નભોવાહન જ ચક્રવર્ત્તી થશે અને બીજો કોઇ નહીં થાય એમ કોઇએ શા સારૂ માની લેવું જોઇએ ? અને લગ્નગાંઠમાં શું સ્નેહ–પ્રીતિ કે અંતરના આકર્ષણને કંઇ જ સ્થાન નથી ? બ્હારનો વૈભવ, સત્તા કે અધિકાર એ જ શું સર્વસ્વ છે ? આ પ્રકારના વિચારો મારા મનને મુંઝવી રહ્યા.

હું નિરૂપાય હતો. લગ્નની બધી તૈયારીઓ થઇ ચૂકી હતી. થોડો પણ સમય મળી શકયો હોત તો આ આફત-માંથી બચવાનો કોઇ પણ માર્ગ શોધી લેત. કનકમાળા ને હું એક ક્ષણને માટે મળ્યાં હોત તો પણ માર્ગ મળી આવત; પરંતુ ભાગ્યના બધા બારીબારણાં બંધ થઇ ગયાં હોય અને ક્રૂર દૈવ અમારી દુર્દશા ઉપર ઉભું ઉભું હસતું હોય એમ મને લાગ્યું.

આ બધો વખત કનકમાળા પોતે શું કરતી હતી તે જાણવાની ઇચ્છા થઇ; પણ મારી જીભ ન ઉપડી. સોમલતા પણ થોડી વાર રોકાઇ ચાલી ગઇ.

તે પછી મને જે સંવાદ મળતા રહ્યા તે પરથી મારી શંકા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ને શ્રદ્ધા વધતાં જ ચાલ્યાં. મેં સાંભળ્યું કે કનકમાળા કોઈ
પણ ભોગે આ લગ્નજાળમાં ફસાવા નથી માગતી. અનિચ્છા-
પૂર્વક આ બંધન સ્વીકારવું પડે તે કરતાં તો મૃત્યુ વધારે
સુખમય છે એમ તેણીએ માન્યું. એટલે જ તે લગ્ન પહેલાની
રાત્રિએ આત્મઘાત કરવાને પણ તૈયાર થઇ ગઇ. તેણીએ
પોતાની સખીઓ વિગેરેને મળી પોતાના દોષ કે ભૂલ બદલ
ક્ષમા માગી અને પછી એકાંત સ્થાનમાં જઇ, ગળે ફાંસો ખા
તમાલ વૃક્ષની શાખા સાથે પોતાના વસ્ત્રનો છેડો બાંધ્યો;
આખરે તે પોતાના વ્હાલા પ્રાણુનો ત્યાગ કરી શકી નહીં.
પઘાત કરવાના બધા પ્રયત્નો વ્યર્થ ગયાં.

એકાંત વનમાંથી–આપઘાતના ફાંસામાંથી તે પાછી
એટલુંજ નહીં પણ પોતે રાજીખુશીથી નભોવાહનને વ
તૈયાર છે એવી ઇચ્છા વ્યક્ત કરી. અમિતગતિને તો અ
અનહદ આનંદ થયો; પણ સખીઓ કનકમાળાનો આ
જોઇ દિગ્મૂઢ બની ગઈ. જે કન્યા એક ઘડી પહેલાં પો
હૃદયનાથને માટે ગળે ફાંસો ખાવા તૈયાર થઇ હતી તે જ
ઘડી પછી એક અજાણ્યા વરને વરવા સંમત થાય એ કે
આશ્ચર્યની વાત કહેવાય ? લગ્ન જેવો મહત્વનો પ્રસંગ કે
ઉપર જીવનભરનાં સુખદુઃખ આધાર રાખે છે એ લગ્નના વિ
માં આટલી ચંચળતા ! આટલી બેપરવા !! આટલી બાલીશતા !

એક તરફ શ્રદ્ધા અને બીજી તરફ શંકાઃ એક તરફ આ
અને બીજી તરફ નિરાશાઃ મારું ચિત્ત ચકડોળે ચડયું. લગ્ન
વાજીંત્રોના નાદ મારા હૃદયમાં તીરની જેમ ભોંકાવા લા

લગ્નનો એ આખરી દિવસ આવી પહોંચ્યો. માંડમાંડ
ધરી રાખેલી ધીરજ હવે ખૂટવા લાગી. કનકમાળા પોતે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પ્રકારના વિરોધ વગર નભોવાહનને વરવાની છે એમ જાણ્યા પછી જગતમાં જીવવા જેવું કંઇ હોય એમ ન લાગ્યું.

ભાનુવેગે મને કહ્યું:—"તેં પ્રથમ જે સ્વપ્ન જોયું હતું તેનો અર્થ હવે કંઈક કંઈક સમજાય છે. સ્વપ્નમાં તેં જે પુષ્પમાળા જોઇ હતી તે આ કનકમાળાના સ્થાને જ હશે. કોઇક પુરૂષના પ્રતાપે જેમ સ્વપ્નમાં તને પુષ્પમાળા પાછી મળી તેમ કનકમાળા પણ તને છેવટે મળવી જોઇએ એમ મને લાગે છે. એકંદરે સ્વપ્નનું પરિણામ આશાજનક લાગે છે."

પણ હું તો બધી આશા ખોઇ બેઠો હતો. કનકમાળાનું ભાવી નક્કી થઇ ચૂકયું હતું. એક અજાણ્યો પુરૂષ કોણ જાણે કયાંથી આવી, લગ્ન કરી, અહીંથી ઉપાડીને ચાલ્યો જશે અને હું જીવતો છતાં મરેલા જેવો એ સઘળું જોઇ બેસી રહીશ.

મને મારી જાત ઉપર તિરસ્કાર છૂટ્યો. આશાના બધા દિવસો આથમી ચૂકયા હતા. મારે હવે શું કરવું ? ઉદ્વેગથી ઘેરાએલો-ગાંડા જેવો હું ચૂપચાપ ઘરની બ્હાર નીકળ્યો અને જે ઉદ્યાનમાં મને પહેલવહેલા કનકમાળાના દર્શન થયા હતા તે જ ઉદ્યાનમાં ગયો.

જીવનનો રસ સૂકાઇ ગયો હતો. હિમ્મત કે ધૈર્યના માર્ગે જવાને બદલે હું ઉંધા જ માર્ગે ઉતરી પડ્યો. હું વિચાર કરવા લાગ્યો:

મારા જીવતાં-મારી નજર સામે મારી કનકમાળા, અન્યના હાથમાં જઇ પડે તે કરતાં તો આ જીવનનો અહીં જ અંત આણવો એ શું યોગ્ય નથી ? કનકમાળાના વિરહ પછી, આ હૃદયનો સંતાપ શાંત થાય એ અસંભવિત છે. એ રીતે સદાને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માટે સળગ્યા કરવું તે કરતાં તો જીવનદીપક ઓલવી નાખવો એ જ ઠીક છે. આત્મઘાત એ મહાપાપ છે એ હું જાણતો હતો, પણ વિવેકબુદ્ધિનો લોપ થાય ત્યારે એ મહાપાપ પણ તુચ્છ લાગે છે. કનકમાળાથી જે સાહસ થઇ શકયું નહીં તે સાહસ કરવા હું તૈયાર થયો. તરૂવરની શાખાએ વસ્ત્ર બાંધી ગળે ફાંસો ખાઇ મરવા ઉત્સુક થયો.

ઉદ્યાન નિર્જન હતું. કોઇ સલાહકાર કે ઉપદેશક પાસે ન હતો. ગળે ફાંસો ખાવા માટે સ્થાન અને સમય બહુ જ અનુકૂળ હતાં. આડોઅવળો વિચાર કરવો માંડી વાળી સડસડાટ ઝાડ ઉપર ચડી ગયો. ગાઢ રાગદશા મારી પાસે આત્મઘાત જેવું પાપ કરાવવા તૈયાર થઇ.

વસ્ત્રનો એક છેડો વૃક્ષની સાથે અને બીજો છેડો ગળા આસપાસ બાંધી મેં નીચે ઝંપલાવ્યું. શરીરના ભારથી ગળા આસપાસ વસ્ત્ર એવું ભીંસાયું કે મારો કંઠ રૂંધાઇ ગયો નાડીઓ ખેંચાવા લાગી અને ધીમે ધીમે ચતન્ય શક્તિ ઉ- ગઇ. તે પછી શું થયું તેની મને કંઇ ખબર ન પડી.

આમ આત્મઘાત કરવા છતાં મારા પ્રાણ ન ગયાં. મૃત્યુ મ્હોંમાં દાખલ થવા છતાં પાછો જીવતો બ્હાર આવ્યો.

થોડી વારે જ્યારે મેં આંખ ઉઘાડી આસપાસ જોયું ત્યારે સુકોમળ પલ્લવોથી રચેલી એક શય્યા ઉપર હું સૂતો પડ્યો હતો. એક અજાણ્યા પુરૂષને હીમ સમાન શીતલ જળ પુન: પુનઃ મારા ગળામાં સીંચતો અને વીંઝણાવતી પવન નાખતો મારી પડખે જ બેઠેલો જોયો. સજ્જન પુરૂષો નિરપેક્ષ બુદ્ધિ પણ કેવા પરોપકાર કરે છે ?

P.P. Ac. Gunratnasuri M.S.
Jun Gun Aaradhak Trust

" આપ કોણ છો ? " મેં પૂછ્યું.

તત્કાળ તો તેણે કંઇ ઉત્તર ન આપ્યો, પણ તેણે મને જે સરસ, સ્નેહભર્યો ઉપદેશ દીધો એટલું જ નહીં પણ મને સ્વસ્થ કરવા તેણે મારી જે જે સેવાઓ કરી તે જોયા પછી તો આ કોઇ દેવપુરૂષ હોવો જોઇએ એમ લાગ્યું. રણસંગ્રામની અંદર વિજય મેળવનાર શૂરવીર પુરૂષો દુનિયામાં પારવિનાના મળી આવે, ઋધ્ધિ-સમૃદ્ધિમાં કુબેરને પરાભવ પમાડે એવા પુરૂષો પણ અસંખ્ય પાકતા હશે; પરંતુ બીજાનાં દુઃખ જોયાં પછી જેમનાં હૃદય દયા, અનુકંપા કે સહૃદયતાથી ધ્રુજતાં હોય એવા પુરૂષો તો ગણ્યાંગાંઠયા જ હોય છે અને આ પુરૂષ આવી જ કોટીનો છે એવી મને સંપૂર્ણ ખાત્રી થઇ.

તે પછી આ અજાણ્યા પુરૂષે પોતાનો જે આત્મવૃતાંત સંભળાવ્યો તે જાણ્યા પછી મારૂં દુઃખ કે મારો વિરહસંતાપ એની વેદના પાસે કંઇ બીસાતમાં ન ગણાય એમ લાગ્યું. ખરેખર, દુનીયામાં દુઃખી માણુસો પણ એક-બીજા કરતાં ચડી જાય એવા હોય છે.

" તમે તો મારા કરતાં હજારગણા ભાગ્યશાળી છોઃ આત્મઘાત કરવા જેવું કોઇ કારણ તમને નથી. દુનીયામાં સૌથી વિશેષ દુઃખી જો કોઇ હોય તો તે હું ગણાઉં. " એમ કહી અજાણ્યા પુરૂષે મને ખૂબ આશ્વાસન આપવા માંડયું.

હું ભાગ્યશાળી શી રીતે એ પ્રશ્નના ઉત્તરમાં તેણે કેટલીક એવી વાતો કહી કે જે મારા માટે તદ્દન નવીન હતી અને આવા સંયોગોમાં જો મેં પ્રાણ છોડ્યા હોત તો મારે ઘણો ભારે પશ્ચાત્તાપ ભવોભવ કરવો પડત. એક વાત તો તેણે એવી કહી કે કનકમાળા રાજીખુશીથી નભોવાહનને વરવા માગે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે, એ વાત અરધી સાચી ને અરધી ખોટી હતી. આ
સાચી એટલા માટે કે તે નભોવાહનને વરવાને સારૂ
થઇ એ બરાબર છે; અને અરધી ખોટી એટલા માટે કે
નો આરંભ થાય તે પહેલાં તો કનકમાળા અદૃશ્ય થઈ
અને આખરે અમારા સમાગમની આશા બંધાશે. આ
નથી પણ દૈવવાણી છે. કનકમાળા જ્યારે ગળે ફાંસો
મરવા જતી હતી ત્યારે જ એ મતલબની આકાશવાણી થ
આ વાત જાણ્યા પછી મને મારી ભૂલ સમજાઇ. શ્રદ્ધા
શંકા સેવી હતી તે બદલ મનમાં દુઃખ થયું.

" એક તો દૈવવાણી તમારા સમાગમની નિશ્
આશા આપે છે, વળી તમે પરસ્પરના હૈયાં જાણી શક
પરસ્પરને પીછાનો છો અને વળી બન્ને જણાં એક જ
વિષે રહો છો; પણ તમે મારી દુઃખકથા સાંભળો
માનું છું કે તમે તમારૂં દુઃખ ઘડીભર તો ભૂલી જા
અજાણ્યા પણ ઉપકારક પુરૂષના આ શબ્દોએ મારી જી
વધુ બળવતી બનાવી.

" આપ પણ મારા જેવા જ સમદુઃખી જણાઓ છો એ
આપ મારા પ્રત્યે આટલી મમતા ને લાગણી દર્શાવી રહ્યા
હરકત ન હોય તો આપનો વૃતાંત સાંભળવા ઉત્સક છું " મે

ત્યારપછી તેણે પોતાની જીવનકથા કહેવી શરૂ
દર્દીઓને પોતાના જેવા બીજા દર્દીઓની કથા સાંભળ
પણ રસ પડે છે; પરન્તુ કથાના રસ કરતાંયે એમની
માં કંઈક અધિક હતું. એમણે એક એવો માર્ગ શોધી
જ્યા કે તમે જ્યારે તે સાંભળશો ત્યારે તમને પણ આ
થયા વિના નહીં રહે.

P.P. Ac. Gunratnasuri M.S.    Jun Gun Aaradhak Trust

# પંચમ પરિચ્છેદ

## પાત્ર પરિચય.

હરિશ્ચંદ્ર .... .... .... સુરનંદન નગરીનો વિદ્યાધરેંદ્ર.
પ્રભંજન .... .... .... .... હરિશ્ચંદ્રનો પુત્ર.
બંધુસુંદરી .... .... .... .... હરિશ્ચંદ્રની પુત્રી.
ભાનુગતિ .... ....ચમરચંચાનો ખચરેંદ્ર બંધુસુંદરીનો પતિ.
ચિત્રલેખા .... .... .... .... ભાનુગતિની પુત્રી.
ચિત્રગતિ .... .... .... .... ભાનુગતિનો પુત્ર.
કલહંસી અને મંજુષા.... .... .... પ્રભંજનની સ્ત્રીઓ.
જ્વલનપ્રભ.... .... કલહંસીકાનો પુત્ર, ચિત્રલેખાનો સ્વામી.
કનકપ્રભ .... .... .... .... મંજુષાનો પુત્ર.
દમઘોષ .... .... .... ....જ્વલનપ્રભનો અનુચર.
સુઘોષ .... .... .... .... .... મુનીંદ્ર.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

(૫)

" **સુરનંદન** નગરનાં સ્વામી **હરિશ્ચંદ્રે** જ્યારે દીક્ષા લી
ત્યારે તેમણે રાજગાદી મ્હોટા પુત્ર **પ્રભંજનને** સોંપી. પ્ર
જન પ્રામાણિકપણે રાજકાજ કરવા લાગ્યો. અનુક્રમે તેને
પુત્રો થયા. એકનું નામ **જ્વલનપ્રભ** અને બીજાનું ન
**કનકપ્રભ**. એક દિવસે **પ્રભંજન** રાજા, આકાશમાં ઘેર
વાદળની શોભા નીરખી રહ્યા હતા. મેઘના રંગબેરંગી સ
પણ તેજસ્વી યુવાનને શોભે એવાં ખેલ ખેલતા હતા. ભા
ભાતના ચિત્રો જાણે આકાશમાં ચીતરાતાં હોય અને ઘડી પ
ભુંસાઇ જતાં હોય એ દૃશ્યે પ્રભંજન રાજાના હૃદય ઉ
બહુ ઉંડી અસર કરી, ધીમે ધીમે વાદળની ચંચળતા
ક્ષણિકતા વિચારતાં સારો યે સંસાર તેમને વાદળની લી
જેવો જ લાગ્યો. વૈરાગ્યની ભાવના એટલી પ્રબળ બની
તેમણે રાજવૈભવનો ત્યાગ કરી **સુઘોષ** મુનીંદ્રના ચરણ
દીક્ષા ગ્રહણ કરી.

**પ્રભંજનના** પુત્રોમાં કોઇ એક અકળ કારણે ખટપટ શ
થઇ. જ્વલનપ્રભ મ્હોટો હોવાથી તેને રાજગાદી મળી અને કન
કપ્રભ ન્હાનો હોવાથી પિતાએ તેને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી
વિદ્યાના બળથી ગર્વિષ્ઠ બનેલો **કનકપ્રભ** પોતાના મ્હોટા ભાઈને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાતવાતમાં ધમકાવવા લાગ્યો. ઘરમાં કલેશ થાય અને સામંતો તથા માંડલિકોમાં રાજકુટુંબની મશ્કરી થાય એ ઠીક નહીં એમ વિચારી જ્વલનપ્રભ, **ચમરચંચા** નગરીમાં પોતાના સાસરા--**ભાનુગતિના** આશ્રયે જઇ રહ્યો. **કનકપ્રભ** સ્વચ્છંદપણે રાજતંત્ર ચલાવવા લાગ્યો.

મહારાજા **પ્રભંજનને** એક બ્હેન હતી, તેનું નામ **બંધુસુંદરી.** બંધુસુંદરીના પતિનું નામ **ભાનુગતિ.** આ જ ભાનુગતિ, જ્વલનપ્રભનો સાસરો. ભાનુગતિને એક પુત્ર ને એક પુત્રી એટલો જ પરિવાર હતો. પુત્રીનું નામ **ચિત્રલેખા** (જ્વલનપ્રભની સ્ત્રી) અને પુત્રનું નામ **ચિત્રગતિ,** તે હું પોતે.” અત્યાચાર સુધી છુપો રાખેલો પરિચય ચિત્રગતિએ સ્પષ્ટ કર્યો.

એક દિવસે સારૂં નક્ષત્ર જોઇ મારા પિતાજીએ મને અને જ્વલનપ્રભને ‘રોહિણી’ વિદ્યા આપી, તેની સાધના કરવા સારૂ અટવીમાં—એકાંતમાં મોકલ્યા. આ વિદ્યાની સાધના બહુ કઠિન વસ્તુ ગણાય છે. સાધનામાં ઘણાં ઘણાં વિઘ્નો ઉપદ્રવો થાય છે. એ સર્વની સામે જે નિશ્ચલ રહી શકે તે જ આખરે સિદ્ધિ વરે. છ મહિના વીતી ગયા હતા. છેલ્લો એક મહિનો કસોટીનો હતો અને એ મહિનો અમારે એક-બીજાના રખેવાળ બની અટવીમાં જ વીતાવવાનો હતો.

જ્વલનપ્રભે તો અટવીમાં આસન જમાવી અનુષ્ઠાન આદરી દીધું. હું હાથમાં તલવાર લઇ તેનાં વિઘ્નો નિવારવા પહેરો ભરવા લાગ્યો.

થોડા દિવસ ગયા ન ગયા—એટલામાં એક ભયંકર, કરૂણ દૃશ્ય મારી આંખ સામે ખડું થયું: જાણે મારી સગી બ્હેન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચિત્રલેખા, ધા નાખતી દોડતી અમારી તરફ ધસી આવે છે. તેના મ્હોં ઉપર ભય, વિહ્વળતા ને ઉદ્વેગની કારમી રેખાએ અંકાઇ છે. " બ્હેન, આ અરણ્યમાં તું એકલી શી રીતે આવી ? આટલી ભયભીત કેમ દેખાય છે ? " એમ હું તેને ફરીથી જોતાં જ બોલી ઉઠ્યો.

એટલામાં તો ચિત્રલેખા બરાબર મારી નજીક આ ઉભી રહી. તેનો શ્વાસ માતો ન હતો, ખૂબ જ ગભરાએ હતી. તેણીએ કહેવા માંડયું: " ભાઇ, આજે સવારે હું ઉ નમાં ગઇ હતી. મદનમંદિરમાં કામદેવનું પૂજન કરી, ઘ તરફ પાછી ફરતી હતી ત્યાં કોઇ તાંત્રિક જેવો પુરૂષ મ તેણે કંઇક એવી ભૂરકી નાખી કે મને મારી જાતનું પણ ન રહ્યું. ગાંડા જેવી હું તેની પાછળ જ ચાલવા લાગી. આ અટવીમાં આવી લાગી ત્યાં સુધી મને કંઇ ભાન ન પણ પેલા તાંત્રિકે મારી સામે જેવી કુટીલ નજર નાખી તરત જ આંખના પડળ દૂર થતાં પ્રકાશ દેખાય તેમ પાપવાસના મારી આગળ મૂર્ત્તિમંત બની ! બચાવના માર્ગ બંધ થઇ ગયા હતા. શીકારીના પંજામાં સપડાએ હરિણી જેવી જ મારી દુર્દશા થવાની હતી; પરંતુ કોણ જા કેમ, પણ શિયલરક્ષણની અંતઃપ્રેરણાએ મારા શરીરમાં અ ભૂત બળ મૂક્યું. હું આંખો મીંચીને દોડવા લાગી. દોડતા દોડતાં કોઇ પુણ્યયોગે તમારી પાસે આવી પહોંચી. "

અમારી વાત પૂરી થાય તે પહેલાં જ રાક્ષસ જેવો કદા વર ને કાળમુખો એક જણ ત્યાં વિજળીના વેગે આવ્યો અને ચિત્રલેખાને ઉપાડતો ચાલી નીકળ્યો. એનું સાહસ જોઇ હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આશ્ચર્યસ્તબ્ધ બની ગયો. આવા માણસનો તો વધ જ કરવો જોઇએ એમ માની હાથમાં તલવાર લઇ તેની પાછળ દોડ્યો.

પણ તે પછી શું બન્યું તે બરાબર કહી શકતો નથી. પેલા કુટીલ પુરૂષે કોઇ મોહિની વિદ્યાનો ઉપયોગ કર્યો કે કોણ જાણે શું બન્યું, પણ દોડતાં દોડતાં આ ઉદ્યાનમાં આવ્યો અને અહીં **શ્રી ઋષભદેવ** ભગવાનનું સુંદર મંદિર છે એમ જાણી દર્શનાર્થે મંદિરમાં પેઠો. ચૈત્યવંદન કરી થોડી વારે બ્હાર આવ્યો.

બ્હાર આવતાં જ, જ્વલનપ્રભે મોકલેલો એક દૂત મને મળ્યો. તેણે એકાંતમાં લઇ જઈ કહ્યું:–" તમે તમારી બ્હેનને બચાવવા માટે દોડી નીકળ્યા હતા, ખરૂં ને ?" મેં લજ્જા ને સંકોચને લીધે કઇં જવાબ ન આપ્યો. મારી આ શોચનીય દશા દૂત સમજી ગયો. તે બોલ્યો:– " બ્હેન અને તેનું હરણ એ બધું માયા–ભ્રમણા જ છે. ખરૂં જોતાં એ તમારી બ્હેન ન હતી અને તેનું કોઇ દુષ્ટ પુરૂષે હરણ પણ નથી કર્યું. તમને ભરમાવવાની ખાતર કુનકપ્રભે જ પોતાની વિદ્યાના જોરે આ બધી જાદુગરી રચી હતી."

આનંદ, સંતોષ ને આશ્ચર્યની મિશ્ર લાગણીઓના વમળમાં હું તણાવા લાગ્યો. મેં પૂછ્યું:–" પણ કનકપ્રભ મને શા સારૂ ભરમાવે ? મેં એનું શું બગાડયું હતું ?"

દૂતે જવાબ આપ્યો: " એ આવ્યો તો હતો જ્વલનપ્રભને છળવા માટે, કારણ કે જ્વલનપ્રભ જો રોહિણી વિદ્યા સાધે તો કુનકપ્રભ નિસ્તેજ બની જાય એમ હતું; પરંતુ તે જ્વલનપ્રભને ઠગાવી શકયો નહીં, એને બદલે તમે એની માયાજાલમાં સપડાયા અને અહીં સુધી ખેંચાઇ આવ્યા."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્વલનપ્રભની સાધના જોઇ વિદ્યાદેવી પ્રસન્ન થઇ છે સમાચાર પણ મને એ દૂતે જ આપ્યા. હું એ દૂતની સા પાછો ફરતો હતો અને અત્યારે તો અડધા કરતાં અધિ માર્ગ કાપી નાખ્યો હોત; પરંતુ એક એવો પ્રસંગ બન્યો અકસ્માત્ આખી બાજી પલટાઇ ગઇ. ગાડું જૂદા જ ચી ઉપર ચડી ગયું.

એવું બન્યું કે ભગવાન **ઋષભદેવના** સ્નાત્ર-મહોત્ નિમિત્તે હજારો રથ, હાથી, ઘોડા અને સુખાસનોની ઠઠ જા હતી. કોઇ રથમાં બેસીને, કોઇ ઘોડેસ્વાર થઇને, કોઇ હ ઉપર બેસીને તો કોઇ સુખાસનમાં બેસી પોતપોતાના ર જતાં-આવતાં હતાં. એટલામાં એક મદોન્મત્ત હાથી અંકુશ ન રહ્યો અને ગભરાયેલા લોકો આમતેમ નાશભાગ ક લાગ્યાં. સાક્ષાત્ યમરાજ જેવા હાથીએ ત્રાસ વર્ત્તાવવા માં

મારી નજર સામે જ એ હાથીએ એક સુંદર રથ ઉ આક્રમણ કર્યું. રથ તરફ ધસી આવતા હાથીને જોતાં રથની અંદરથી દેવબાળા જેવી એક રૂપ-લાલિત્યથી નીતર એક યુવતી ગભરાયેલી બ્હાર નીકળી. ઘોડાઓ ભડકીને વ ગવા લાગ્યા.

યુવતીના કર્ણના કુંડલો સરી પડ્યા, સુગંધિત કેશપા વીખરાઇ ગયો, કટિમેખલા છૂટી પડી, ઓઢવાનું વસ્ત્ર પ શિથિલ બની ભૂમિ ઉપર પડયું. કયાં જવું, હાથીના હૂમલામ થી શી રીતે બચવું ? તે તેને ન સૂઝયું. ભયને લીધે તે અતિ શય વ્યાકૂળ જેવી બની ગઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હું તરતજ તે યુવતીને ભયમાંથી બચાવી લેવા, ગાંડા હાથીની પરવા કર્યા વિના ત્યાં પહોંચી ગયો. સદ્ભાગ્યે હાથીએ બીજો માર્ગ પકડ્યો પણ યુવતીને મૂર્છા આવી ગઇ. મૂર્ચ્છિત યુવતીને લઇ સહિસલામત સ્થાનમાં ગયો. ત્યાં થોડો પવન નાખવાથી તે સચેત બની. મને જોઇ લજ્જા ને ભયને લીધે તેણીએ પોતાની દ્રષ્ટિ પાછી વાળી લીધી. એટલું છતાં સ્નેહનો આવેગ તે છૂપાવી શકી નહી. શરમની લાલાશ વચ્ચે તેણીના અંતઃકરણની સ્નેહવશતા દીપકની જેમ પ્રકાશી રહી. હું ઘણીવાર સુધી તેણીના ગાલ ઉપરના શરમના શેરડા જોઇ રહ્યો.

પણ આ સ્વર્ગીય સમાગમ વધુ વખત ન નભ્યો. તે યુવતીની ધાવમાતા, થોડી જ વારે અમારી વચ્ચે આવી પહોંચી અને આ બાળાને બચાવવામાં મેં જાણે કે મહાન્ પરોપકાર કર્યો હોય તેમ તે મારો મુક્તકંઠે આભાર માનવા લાગી. ખરૂં જોતાં મને પોતાને એવા કોઇ વિવેક કે વિનયની જરૂર ન હતી.

ક્ષણિક સમાગમે પણ જાણે કે અમે ઘણા જૂના વખતના પરિચિત હોઇએ એવી અમારી સ્થિતિ બનાવી મૂકી. ભયના સંયોગોમાં મળવા છતાં કામદેવનાં બાણ અમારાં બન્ને જણાં ઉપર સરખી રીતે વરસ્યાં. અમે બન્ને ભારે હૈયે છૂટાં પડ્યાં.

છૂટા પડ્યા છતાં અમે પરસ્પર હૃદય અર્પી ચુક્યાં. જતાં જતાં તે યુવતીએ મારા હાથમાંની મુદ્રિકા ઝડપથી બદલી નાખી. હાથીના આક્રમણ કરતાં પણ આ છૂટા પડવાનું દુઃખ વધારે ગંભીર હોય તેમ તેની ચાલ ઉપરથી દેખાઇ આવ્યું. વખતોવખત પાછી વળીને નિહાળતી એ રમણીનો સ્નિગ્ધ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દ્રષ્ટિ હું હજી પણ ભૂલી શકયો નથી અને મને ખાત્રી જીવીશ ત્યાં સુધી એ યુવતીની સ્નેહોર્મીઓ નહીં વિસ

પેલો દૂત મને કહેવા લાગ્યોઃ—"કેમ ભાઇ! હવે અહીંથી રવાના થઇશું ને?" એ શું સમજે કે મારૂં ગુમાવી દીધું હતું. હૃદય વગરનું શરીર લઇ જવું તે તો યુવતીની શોધ પાછળ જીંદગી વીતાવવી એ મને યોગ્ય લાગ્યું.

દૂતને મેં કહ્યું:—"મારી એક એવી વસ્તુ અહીં છે કે જ્યાં સુધી તેનો પત્તો ન લાગે ત્યાં સુધી મારા નીકળાય."

"પણ મહેરબાન, તમારી મુદ્રિકા તો પેલી રમણી લઇને ચાલી ગઈ. એમાં શોધવા જેવું શું નીરસ વાણીમાં દૂતે ઉચ્ચાર્યું.

"પ્રેમીઓની વ્યથા અને વાતોમાં તું શું સમજે એટલું કહેતામાં તો મારાથી હસી જવાયું. દૂત એ હાસ અર્થ સમજી ગયો.

તે રવાના થયો પણ મેં તો એ રમણીના ચિંતનમાં આખી રાત્રી પસાર કરી મદોન્મત્ત હાથીનું તોફાન, રમણી મૂર્છા એ બધું જાણે દેવના આશિર્વાદરૂપ જ બની ગયું એમ લાગ્યુ. ફરીવાર જો આવું બને તો શું શું કરૂં ન તેના જ વિચારો મગજમાં ઘોળાઇ રહ્યા.

બીજા દિવસની સવારે થતાં, શહેરની શોધમાં આગળ ચાલ્યે જ પેલી રમણીનાં દર્શન, તેણીનો પરિચય એ મારા જીવનનું લક્ષબિંદુ બન્યુ હતું. ચાલતાં ચાલતાં એક નગર પાસે પહોંચ્યો પરન્તુ મોટા આશ્ચર્યની વાત તો એ બની કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુંદર રસ્તાઓ ને અટ્ટાલિકાઓ બધી માણુસના અભાવે શૂન્યવત્ ઉભી હતી. નગરલક્ષ્મી પોતે જાણે કોઇ અકળ કારણે નગરનો ત્યાગ કરી ગઇ હોય એમ લાગ્યું. માણુસોની ગેર-હાજરીમાં નગર પણ અરણ્ય જેવું બની ગયું હતું.

દૂરથી એક માણુસ મારી સામે આવતો જણાયો. તેણે ખુલાસો કર્યો કેઃ " કનકપ્રભની જ રાજ્યસત્તા અહીં ચાલતી, પણ તે પોતાના મ્હોટા ભાઇ—જ્વલનપ્રભને ચળાવવા ગયો ત્યારથી કનકપ્રભની પડતી શરૂ થઇ. જ્વલનપ્રભ પોતાની સાધનામાં અચળ–અડગ રહ્યો–કનકપ્રભની કારી ન ફાવી. એટલે વ્યાકૂળ બનેલો કનકપ્રભ જ્યારે પાછો ફરતો હતો ત્યારે તેણે જિનેંદ્ર ભગવાનનું મંદિર ઓળંગ્યું, તેથી તેની વિદ્યાનો લોપ થયો. જિનેંદ્ર ભગવાનનું મંદિર ઓળંગનાર ઉપર હંમેશા ધરણેંદ્ર કોપાયમાન થાય છે. કનકપ્રભ ઉપર તે ક્રોધે ભરાયો. હાલમાં તે ગંગાવર્ત્ત નગરમાં–ગંધવાહન રાજાના શરણે જઇને રહ્યો છે. રાજા નાસી ગયા પછી નગરની જેવી દુર્દશા થાય તેવી જ દુર્દશા આજે અમારૂં આ નગર ભોગવી રહ્યું છે. નગરજનો આસપાસના શહેરોમાં જઈ વસ્યા છે. "

નગરનાં લોકો ક્યાં ગયા ? શા સારૂ ગયા ? તેની મને તો કંઇ જ પડી ન હતી. હું તો મારા હૃદયની અધિષ્ઠાત્રી–પેલી રમણીના જ દર્શન કરવા ઉત્સુક હતો, પરંતુ શહેરનાં બધાં સ્ત્રી–પુરૂષો નગર ખાલી કરીને ચાલી નીકળ્યાં હોય ત્યાં, નામ–ઠામ વિનાની રમણીનો પત્તો શી રીતે મેળવવો ? મારા હૃદયને મેં ઘણી ઘણી રીતે સમજાવ્યુંઃ જે વસ્તુ મળી શકે



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવો સંભવ નથી તેનો ત્યાગ કરવામાં જ ડહાપણુ છે એ
મેં મારા મનને ઉપદેશ આપ્યો; પણુ હૃદય-મન-બુદ્ધિ
બધાં એક સાથે બળવો જગવતા હતા.

ભાઇ **ચિત્રવેગ!** નિરાશ બની હું ત્યાંથી નીકળ્યો. વૈ
ઢ્યની ઉત્તરશ્રેણી આખી ખુંદી વળ્યો, પણુ ત્યાં મારી પ્રિય
માની ભાળ ન લાગી. દક્ષિણુશ્રેણી પણુ ઘણીખરી જોઈ લી
આજે આ **કુંજરાવર્ત્ત** નગરના આ ઉદ્યાનમાં બેસી મ
પ્રિયતમા વિષે જ વિચાર કરતો બેઠો હતો અને કોણુ વ
કેમ પણુ થોડા જ વખતમાં કાર્યસિદ્ધિ થવાની હોય એ
આશા ઉભરાતી હતી.

કેટલીક વારે વિચારનિદ્રામાંથી જાગ્યો. દૂરથી કો
કંઠમાંથી અવાજ આવતો હોય એવો ભણુકાર સંભળ
જનશૂન્ય ઉદ્યાનમાં આવો ધ્વનિ ક્યાંથી આવ્યો તેની ત
કરતો હતો ત્યાં તો વૃક્ષની ડાળીએ, ગળાફાંસો બાંધી,
લટકતા તમારા દેહને નીહાળ્યો. આવતાંવેંત ફાંસો ક
નાખ્યો—અને પછી શું બન્યું તે વર્ણુવવાની કંઈ જરૂર ન
કહો, હવે આપણુા બેમાંથી વધુ દુઃખી-વિરહસંતપ્ત કોણુ છે

“એ રીતે તો તમે મારા કરતાં વધારે દુઃખી જણુા
છો, પણુ મારે આ સંકટ શી રીતે તરી જવું એનો ર
રસ્તો બતાવશો?” ચિત્રવેગે આતુરતાપૂર્વક પ્રશ્ન કર્યો.

“મને એક માર્ગ સૂઝે છે” ચિત્રગતિએ કહેવા માંડ્યું
“તમે જે બાળાને વરવા માગો છો તે બાળા એકલી લ
પહેલાં, કામદેવની પૂજા માટે આ મદનમંદિરમાં આવશે. વિદ્યા
ધરોનો એ કુળાચાર છે તે વાત હું જાણું છું. આપણે મંદિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રમાં પહેલેથી જ છુપાઈ જવું અને કનકમાળાને ઉપાડી તારે નાસી છૂટવું. એમ કર્યા વિના બીજો કોઇ માર્ગ નથી.”

“ પણ કનકમાળા ઘેર પાછી ન ફરે તો મ્હોટો કોળાહળ થાય અને કદાચ આપણે પકડાઇ જઇએ તો ?” ચિત્રવેગે પૂછયું.

“ કનકમાળાનાં બધાં કપડાં હું પોતે પહેરી લઇશ–કનકમાળાનો આબાદ વેશ કાઢીશ અને કનકમાળા ક્યાંઇ નથી ગઇ એવી ભ્રમણામાં તેના સગાં–સંબંધીઓને નાખી દઇશ. તમે મારો વેશ કનકમાળાને પહેરાવી, જેટલું ભગાય તેટલું ભાગજો. તમારો વાંકો વાળ પણ કોઇ નહીં કરે.” ચિત્રગતિએ પોતાની આખી યોજના કહી સંભળાવી.

મને આ ઉપાય ગમી ગયો. ચિત્રગતિ જેવો એક અપરિચિત પુરૂષ, બીજાના દુઃખને ટાળવા કેટલું સાહસ ખેડે છે તે જોઈ મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. પણ હવે આભારવિધિમાં કે ચર્ચામાં વખત ગાળવા જેટલો અવકાશ ન હતો. તત્કાળમાં જ અમારે બધી તૈયારી કરી લેવી જોઇએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય.

### ( ૬ )

| | |
|---|---|
| મેઘનાદ | પ્રભંજનનો મંત્રી |
| ઇંદુમતી | મેઘનાદની ભાર્યા |
| અશનિવેગ | મેઘનાદનો પુત્ર |
| ચંદ્રગતિ | કુંજરાવર્તનો વિદ્યાધરેંદ્ર |
| મદનરેખા | ચંદ્રગતિની ભાર્યા |
| અમિતગતિ | ચંદ્રગતિનો પુત્ર |
| ચંપકમાળા | ચંદ્રગતિની પુત્રી, અશનિવેગની પ |
| વજ્રગતિ | |
| વાયુગતિ | |
| ચંદ્ર | અશનિવેગના પુત્રો |
| ચંદન | |
| સુશિખ | |
| પ્રિયંગુમંજરી | અશનિવેગની પુત્રી |
| ધારિણી | સૂર્યપ્રભની પુત્રી–પ્રિયંગુમંજરીની સ |
| હરિદત્ત | સુપ્રતિષ્ઠનો શ્રેષ્ઠી |
| વિનયવતી | હરિદત્તની ભાર્યા |
| વસુદત્ત | હરિદત્તનો પુત્ર |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

| | |
|---|---|
| સુલોચના<br>અનંગવતી<br>વસુમતી | હરિદત્તની પુત્રીઓ |
| સાગરદત્ત | મેખલાવતીનો શ્રેષ્ઠી |
| સુબંધુ | સાગરદત્તનો પુત્ર–સુલોચનાનો પતિ |
| ધનવાહન | ધનભૂતિ સાર્થવાહનો પુત્ર–અનંગવતીનો પતિ |
| ધનપતિ | સમુદ્રદત્તનો પુત્ર–વસુમતીનો પતિ |
| સુદર્શના | વસુમતીની સાસુ |
| સુમંગળ | એક પાપી વિદ્યાધર |
| શ્રી દંડવિરત | કેવલી ભગવાન્ |
| ચંદ્રાર્જુનદેવ | ધનપતિનો જીવ |
| સુધર્મ | સૂરીશ્વર |
| ચંદ્રયશા | મહત્તરિકા |
| ચંદ્રપ્રભા | વસુમતીનો જીવ |

## ષષ્ઠ પરિચ્છેદ.

રાત્રિનો એક પ્રહર વીતી ગયો. મદનમંદિરની આસપાસ નિર્જનતાની શાંતિ પ્રસરી હતી. કનકમાળા આજે કામદેવની પૂજા અર્થે અહીં આવવી જ જોઇએ એમ માની તેની રાહ જોતાં અમે કામદેવની પ્રતિમા પાછળ છૂપાઇ ગયા.

રાત્રિની શાંતિનો ભેદ કરતી એક શિબિકા આવી. મંદિરના પગથીયા પાસે ઉતરી અને અંદરથી બે–ચાર સ્ત્રીઓ બ્હાર આવી. કનકમાળા એ બધામાં તરી આવતી હતી. તેણીએ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્વેત વસ્ત્ર અને તેજસ્વી આભૂષણો પહેર્યાં હતાં. કેશપાશમ
સુગંધી પુષ્પોની સુરભ બહેકતી હતી.

સખીઓને શિબિકા પાસે મૂકી તે એકલી મંદિરમાં દાખ
થઇ. અંદરથી કમાડ બંધ કર્યાં અને કામદેવનું પૂજન કર
અશ્રુભીના અવાજે કામદેવને ઉદ્દેશી કરગરવા લાગી: " ભગવન્
આપનો અધિકાર દેવ-દાનવો ને ચક્રવર્તીઓ ઉપર પણ ચ
છે. આમ આટલા સમર્થ હોવા છતાં મારા જેવી એક
રમણીને શા સારૂ પજવો છો ? મને જો મારો ઇચ્છિત વર
મળે તો હું આજે જ આપના ચરણમાં મારૂં બલિદાન
દેવા તૈયાર થઇને આવી છું." આ પ્રાર્થનાના શબ્દો તેણી
અંતરની વ્યથાને બરાબર સૂચવતા હતા.

અમને લાગ્યું કે કનકમાળા, કામદેવની પૂજા માટે ન
પણ સ્નેહની વેદી ઉપર પોતાના દેહનું દાન આપવા સારૂ
અહીં સુધી આવી છે અને જે વખતે તેણીએ એક લ
પહેરવાનું વસ્ત્ર કાઢી, ગળાની આસપાસ બાંધ્યું ત્યારે
અમને સંપૂર્ણ ખાત્રી થઇ કે જો હવે વધુ વખત વીત
દેવામાં આવે તો કનકમાળા આપઘાત કર્યા વિના ન રહે.

સંકેત પ્રમાણે હું ( ચિત્રવેગ ) એકદમ બ્હાર આવ્યો અ
મને જોતાં જ કનકમાળાએ એકદમ ઓળખી લીધો. અતિશ
શરમ ને સંકોચને લીધે તે એક શબ્દ સરખો પણ બો
શકી નહી. ચિત્રગતિએ આવી અમને આ મીઠી મુંઝવણમાં
બચાવી લીધી. તેણે કહ્યું:–આ સમયે શરમ, સંકોચ કે લ
રાખવો એ નવી ઉપાધિને આમંત્રણ આપવા જેવું છે.
કનકમાળા તરફ જોઇ તે બોલ્યો:–" તમારાં વસ્ત્રો મને ઉતા
આપો અને મ્હારાં આ વસ્ત્રો તમે પહેરી લ્યો." કનકમાળ
આ પ્રસ્તાવનો અર્થ સમજી શકી નહી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" આપણને બન્નેને આપઘાતના પાપમાંથી બચાવનાર અને આવો સરસ સંયોગ સાધી આપનાર આ મ્હારો મિત્ર જ છે. તારાં વસ્ત્રો પહેરી એ કનકમાળા તરીકે ઘેર જશે અને આપણું આ કપટ બનશે ત્યાં સુધી ખુલ્લું થવા નહીં દે; માટે વિલંબ નહીં કરતાં તમારાં વસ્ત્રો ને અલંકારો એને આપી દો." મેં કહ્યું.

બુદ્ધિમતી કનકમાળા તરત જ આખી વાત સમજી ગઇ. ચિત્રગતિ પણ એક કુશળ નટરાજને શોભે એવી છટાથી સ્ત્રીનાં વસ્ત્રાલંકારો પહેરી, અમને મદનમંદિરમાં એકલા મૂકી, શિબિકામાં બેસી–સખીવૃંદની સાથે રવાના થઇ ગયો.

તે જ રાત્રિએ, કામદેવની સાક્ષીએ ગંધર્વવિધિથી અમે લગ્ન કર્યાં. નભોવાહનનો શિકાર ઝુંટવી લેવાયો છે એમ જ્યારે તે જાણશે ત્યારે તે ઉભો ઉભો સળગી ઉઠશે અને અમે બન્ને જણાં તેના કોપરૂપી હુતાશમાં હોમાશું એ વિષે અમે પૂરેપૂરા સાવચેત હતાં. પણ હવે ડરવું નકામું હતું; સવાર થતાં જ અમારે અહીંથી નાસી છૂટવું એવો નિશ્ચય કર્યો.

અમારા લગ્નની એ પહેલી રાત ક્ષણમાત્રમાં પસાર થઇ ગઇ. પ્રાતઃકાળનો સૂર્ય પૂર્વદિશામાં પ્રકટ થયો. હું કનકમાળાની સાથે જેટલે દૂર જઇ શકાય તેટલે દૂર નાસી છૂટવા કટિબદ્ધ થયો.

ફરતાં–ફરતાં, હે સુપ્રતિષ્ઠિત અમે આ અરણ્યમાં આવી ચડ્યાં. કનકમાળાનો કંઠ તરસને લીધે શોષાતો હતો એટલામાં અહીં નિર્મળ ઝરણું નજરે ચડયું. શાંતિથી જળપાન કરી અમે આ વનઘટાની શીતળ છાયામાં બેઠાં હતાં ત્યાં નીચેના શબ્દો અમારા કાને પડ્યાઃ–" સુંદરી, હવે તારૂં શરીર સ્વસ્થ થઈ ગયું હોય એમ જણાય છે. હવે આપણે એક ક્ષણનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણુ પ્રમાદ કર્યા વિના અહીંથી નાસી છૂટવું જોઇએ." આ
શબ્દો ચિત્રગતિના હોય એવો ભાસ થયો, પણ વળી પાછ
વિચાર આવ્યો કે "આ એકાંત અરણ્યમાં ચિત્રગતિ શી રીતે
સંભવે ?" જે અપરિચિત મિત્રે પોતાના જીવના જોખમે
અમારા જેવા સ્નેહીઓનો સંયોગ સાધી આપ્યો હતો તે જ
આ સ્થળે મળી આવે તો અમારા આનંદનો પાર ન રહે
આવા આવા તરંગોમાં તણાતો હતો ત્યાં જાણે સાચે જ
સ્વપ્નસિદ્ધિ અનુભવતો હોઉં તેમ ચિત્રગતિ પ્રત્યક્ષપણે મા
સામે આવી ઉભો રહ્યો. તેની તરૂણ સ્ત્રી પણ તેની સાથે
હતી. હું અત્યંત સ્નેહપૂર્વક તેને ભેટી પડ્યો.

કેટલો સુંદર યોગાનુયોગ ? જેની કૂશળતા માટે મારૂં અંત
અહોનિશ ઝંખતું હોય તે જ ઉપકારક મિત્ર, આપત્તિઓમાંથ
અણિશુદ્ધ બ્હાર નીકળી ગયો છે એવો પ્રત્યક્ષ અનુભવ થયા પ
કોને રોમાંચ ન થાય ?

"હે મિત્ર ! મદનગૃહમાંથી નીકળ્યા પછી તું કેવી કે
કસોટીઓમાંથી પસાર થયો તે જાણવા મારૂં મન અત્યંત ઉત્સુ
બન્યું છે." મારી આતુરતાને હું વધુ વખત છુપાવી શકયો નહિ

"મારી કસોટીનો ઇતિહાસ, તું ધારે છે તેટલો લાંબ
નથી" એવી પ્રસ્તાવના સાથે ચિત્રગતિએ પોતાનો અનુભવ કહેવ
માંડયો: "કનકમાળનું રૂપ લઇ હું મદનગૃહમાંથી નીકળ્યો તે ત
તું જાણે છે જ. નભોવાહન રાજા સાથે કનકમાળના લગ્નની બધ
તૈયારીઓ થઇ ચૂકી હતી. ઠેર ઠેર મંગળગીતો ગવાતાં હત
લગ્નની ઘડીઓ ગણાતી હતી અને તમને આશ્ચર્ય થશે કે શુભ
મુહૂર્તે મારા અને નભોવાહનના લગ્ન પણ થઇ ગયાં. મુરબ્બીઓ
અને સગાં-સંબંધીઓના આશિર્વાદ અમારી ઉપર વર્ષી રહ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" હવે જો વધુ સમય નીકળી જાય તો મારો બધો ભેદ ખુલી જાય. હું વિચાર જ કરતો હતો કે અહીંથી શી રીતે નાસી છૂટવું ? લગ્ન પછી, ઉત્સવ નિમિત્તે વારાંગનાઓના નાચ–ગાન ચાલતા હતા. આખું નગર આનંદ–કલ્લોલમાં ઉન્મત્ત બન્યું હતું. હું એકલો ભય ને ચિંતાને લીધે ઉદ્વિગ્ન હતો. મારી ઉદ્વિગ્નતા એક યુવતી જાણી ગઇ. તેણીએ અતિશય લજ્જાપૂર્વક મારી પાસે આવી, કોઇ ન જાણે એ રીતે પોતાની મુદ્રિકા મારી સામે ધરી. એ મુદ્રિકા મારી પોતાની જ હતી. જે યુવતીને મેં એક વાર ગાંડા હાથીના હુમલામાંથી બચાવી હતી તે જ આ યુવતી હોવી જોઇએ એવો નિશ્ચય કરતાં મેં બહુવાર ન લગાડી. દૈવ પોતે જ મારા બચાવ માટે બધી તૈયારી કરી રહ્યું છે એ વિષે મને ખાત્રી થઇ.

સખીઓને સંબોધી એ તરૂણી આજ્ઞા ફરમાવતી હોય તેમ બોલીઃ " કનકમાળનું શરીર આજે ઠીક નથી. થોડીવાર વિશ્રાંતિને માટે અમે અશોકવનમાં જઇએ છીએ. તમે બધા અહીં રહેજો અને આ નાટારંગ પૂરો થાય ત્યારે સમાચાર આપજો." હું જ્યાં અંધકાર ભાળતો હતો ત્યાં આ તરૂણીએ પ્રકાશ પાથર્યો. પછી અમે બન્ને અવિલંબે અશોકવાટિકામાં ગયાં.

મુદ્રિકાની આપ–લે ઉપરથી કેટલુંક તો આપોઆપ સમજાઈ ગયું હતું, એટલું છતાં જેને લીધે હું વિયોગનું અસહ્ય કષ્ટ ભોગવી રહ્યો હતો, જેની ખાતર ઘણાખરા શહેરો અને ગામોમાં ભૂખ્યો ને તરસ્યો રખડ્યો હતો તે મારી સ્નેહરાજ્ઞી ક્યાંની અને કોની પુત્રી છે ? તે જાણુવાની ઉત્સુકતા દબાવી શકયો નહીં. મારા પ્રશ્નના જવાબ કેવા મળ્યા તે હું પોતે કહું એના કરતાં એમના મુખેથી સાંભળવામાં તમને કંઇ વિશેષ વિનોદ મળશે.

અમારી સૌની નજર એ નવી યુવતી તરફ વળી. સ્હેજ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લજ્જાને લીધે તેના મુખમંડળ ઉપર લાલાશ છવાઈ, પણ સંકોચ તરતજ અદૃશ્ય થઇ ગયો. તેણીએ પોતાની કથા ક[illegible] શરૂ કરી:—

" આ કનકમાળાના પિતા—**અમિતગતિ** એ મારા સ[illegible] મામા થાય. મારી માતા—**ચંપકમાળા** અને અમિતગતિ સગાં ભાઈ—બ્હેન અને કુંજરાવર્ત્ત નગરના **ચંદ્રગતિ** વિ[illegible] ધરેંદ્રના એ બન્ને સંતાનો.

મારા પિતાનું નામ **અશનિવેગ**. તેઓ મહારાજા પ્રભંજ[illegible] રાજયમાં—**સુરનંદન** નગરમાં વસે છે. મારા પિતામહ—**મેઘ**[illegible] એ રાજયના મંત્રી હતા. તેઓ રાજનીતિમાં ઘણા જ કૂશળ [illegible] તેની સાથે જિનેંદ્ર ભગવાનની ભક્તિ અને શ્રદ્ધામાં પણ અદ્વિ[illegible] હતા. કોઇ એક શુભ ક્ષણે વૈરાગ્યની ભાવનાથી રંગાઇ તે[illegible] દીક્ષા અંગીકાર કરી; મારા પિતા—અશનિવેગ મંત્રીપદે આરૂઢ થ[illegible]

મારે પાંચ ભાઇઓ હતા. પાંચ ભાઇઓ વચ્ચે હું એક બ્હેન હતી. એટલે મારા ભાઇઓ અને મારા માતાપિતા મને કે[illegible] સ્નેહથી ચાહતા હશે તેની કલ્પના તમે કરી શકશો. સ્નેહ [illegible] સમૃદ્ધિથી ભરેલા ઘરમાં હું મ્હોટી થઇ, પણ વયોવૃદ્ધિની સ[illegible] મારા માબાપની ચિંતા વધવા લાગી. મારા યોગ્ય વર ક્યાં[illegible] શોધવો એ તેમને માટે એક મોટી સમસ્યા થઇ પડી. સ્વભાવથી [illegible] મને પુરૂષ પ્રત્યે અભાવ રહેતો. કેટલાય વિદ્યાધરો આવ્યા [illegible] મારૂં મન જીતવામાં નિષ્ફળ નીવડયે, વીલે મ્હોઢે પાછા ફર્યા. [illegible] કોઇ વર પસંદ નથી પડતો એમ જોયા પછી મારા માતાપિ[illegible] વધુ ઉદ્વિગ્ન બન્યા. યુવતીજનને સુલભ એવી ઘણીખરી વિદ્યા[illegible] મેં મેળવી લીધી હતી, અને તેથી અમારા પરિજનવર્ગમાં મા[illegible] સારો સત્કાર થતો. તેઓ મને **પ્રિયંગુમંજરીના** નામે ઓળખત[illegible]

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

માતાપિતાની મુંઝવણ જોઇ કયા સંતાનને દુઃખ ન થાય? યૌવનના મંદિરમાં પ્રવેશવા છતાં કોઇ પુરૂષ તરફ મારૂં ચિત્ત આકર્ષાતું નથી એમાં પૂર્વભવના સંસ્કારનો જ ગૂઢ સંકેત હોવો જોઇએ એ રીતે મેં મારા મનને મનાવ્યું. ઘણી ઘણી રીતે મેં મારા ચિત્તની ચિકિત્સા કરી પણ મને કોઇ સંતોષકારક ઉપાય ન જડયો.

એક દિવસે એ જ વાતનો વિચાર કરતી હું શય્યામાં પડી હતી. અને જે વેળા યૌવન, લગ્ન અને ભવિષ્યના વિચારો ઉત્પાત મચાવી રહ્યાં હોય તે વખતે નિદ્રા તો આવે શી રીતે? તંદ્રામાં પડી હતી. લગભગ અરધી રાત્રિ વ્યતીત થઇ ગઇ હશે.

એટલામાં કયાંઇથી દુંદુભીનો નાદ સંભળાયો. હું આશ્ચર્ય-ચકિત બની એકદમ જાગૃત થઇ. આકાશમાં જાણે તેજોમય દેવ-દેવીઓનાં વૃંદ વિહરતા હોય અને આખું નભોમંડળ ઝળકતું હોય એવો દેખાવ મારી નજરે પડયો. ઘડીભર તો હું આ બધું ન સમજી શકી. કોઇ પણ સ્થળે, કોઇ એક કાળે આવા વિમાનો અને આવા દેવદેવીઓ મેં જોયા છે એમ લાગ્યું. વધુ વિચાર કરતાં મને મૂર્ચ્છા આવી ગઇ. મૂર્ચ્છામાંથી ઉઠી ત્યારે જાણે પૂર્વભવ નજર સામે તરતો હોય એવી અપૂર્વ દ્રષ્ટિ પ્રાપ્ત થઇ. મને મારા પૂર્વના દેવભવનું સ્મરણ થઇ આવ્યું.

દેવલોકમાં પણ મારા આ જ સ્વામી હતા, અને તે પહેલાં પણ હું જયારે વસુમતિ નામે શ્રેષ્ઠિકન્યા હતી ત્યારે પણ હું એમને જ વરી હતી, એ વખતે એમનું નામ ધનપતિ હતું. એક દુષ્ટ વિદ્યાધરે મને શીલભ્રષ્ટ કરવા પ્રપંચ રચ્યો હતો તે વખતે પણ મારા એ જ પતિએ મારો ઉધ્ધાર કર્યો હતો અને પછી એમના જ ઉપદેશથી મેં દીક્ષા લીધી હતી. દીક્ષાના પ્રતાપે ઇશાન-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કલ્પમાં ચંદ્રપ્રભા નામે મુખ્યદેવી પણે હું ઉત્પન્ન થઇ અને મારા આ સ્વામી–ચંદ્રાર્જુન દેવ સાથે, દેવલોકના સુખ ભોગવવા લાગી.

પણ પ્રિયંગુમંજરી પોતાના પૂર્વભવના પતિને એકદમ રીતે ઓળખી શકી એ વાત એમાં ન આવી. અમારી ઉત્સુકતા એ સમજી ગઇ.

" નંદીશ્વર દ્વીપમાં શ્રી શુભંકર કેવલી ભગવાનના પ્રતા જ હું એ વાત જાણી શકી. હવે હું તમને એ જ વૃતાંત સંભળાવવા માગું છું." પ્રિયંગુમંજરીએ કહ્યું.

---


# આદર્શ જૈન સ્ત્રીરત્નો.

પ્રાતઃસ્મરણીય માંગલ્યકારી ચૌદ પવીત્ર માતાઓ–આદર્શ સ્ત્રીરત્ન અને મહાસતીઓનાં વૃતાંતો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, સ્ત્રી જાતિનું મહત્વ અને સ્ત્રીત્વના ગુણોના પરમ વિકાસ કરનાર એ ઉપદેશાત્મક રચના છે.

સતી ચરિત્રની આ કથાઓ સાથે સ્ત્રી કેળવણી કેટલી જરૂરીયાતની છે ? સ્ત્રી કેળવણી કેવી હોવી જોઇએ ? તેનું પણ આ ગ્રંથની શરૂઆતમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવેલ છે. કોઇપણ મનુષ્ય માટે આ ઉપયોગી ખાસ ગ્રંથ છે. જલદી મંગાવો. કિંમત રૂા. ૧–૦–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું સ્થળ—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય.

(૭)

| | |
|---|---|
| ચંદ્રાર્જુન | દેવ |
| ચંદ્રપ્રભા | દેવી |
| સ્વયંપ્રભા | ચંદ્રપ્રભાની સખી (દેવી) |
| શુભંકર | શ્રી કેવલી ભગવાન્ |
| ભાનુગતિ | અમરચંચા નગરીનો વિદ્યાધર |

## સપ્તમ પરિચ્છેદ.

" ઇશાનકલ્પમાં ચંદ્રાર્જુન નામે દિવ્ય વિમાનમાં અમે ઘણા દિવસો સુખ અને વિલાસમાં વીતાવ્યા. એક દિવસે અચાનક મારા પતિદેવ-ચંદ્રાર્જુનના દેહની કાંતિ જાણે ઝાંખી પડતી હોય એમ લાગ્યું, અને મારા દિલમાં ધ્રાસ્કો પડ્યો." પ્રિયંગુમંજરીએ પોતાની આત્મકથા આગળ ચલાવી.

" સ્વામિન્ ! તમે કોઇ અણુધારી આફતથી ઘેરાઇ ગયા હો એવા શંકિત મનવાળા કેમ દેખાઓ છો ? તમારૂં શરીર નિસ્તેજ થતું કેમ લાગે છે ? અને દેવલોકના તમામ ભોગોપભોગો ઉપર આપને અરૂચી આવી ગઇ હોય એમ કેમ ભાસે છે ?" મેં એક દિવસે ચંદ્રાર્જુન દેવને પ્રશ્ન કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"આ દેવલોકમાં વસવા છતાં આટલી સાદી વા
તું નથી જાણતી ? મારા દિવસો હવે ગણાઇ ચૂકયા છે-
પુણ્ય હવે પુરૂં થવા આવ્યું છે. દેવને ચ્યવવાનો સમય
આવે છે ત્યારે આવાં જ લક્ષણો દેખાવ દે છે."
સ્વામીનાથે ટુંકામાં સમજાવ્યું.

પવનનો સુસવાટો આવતાં દીપક ઓલવાઇ જાય તમ
જવાબ સાંભળી હું મૂર્છા પામી ઢળી પડી. મારા પ્રાણ વ
વિના અહીં એક ક્ષણ પણ શી રીતે જશે એ ચિંતામાં
વિહ્વળ જેવી બની ગઇ. પતિનો સહવાસ ન હોય તો આ
લોકના વૈભવ પણ શા કામના ? દેવલોક પણ જાણે મને
ખાતું હોય એવો અકારો થઇ પડ્યો.

મારી સ્વયંપ્રભા નામની સખીએ એ વખતે મને સા
કરી. તેણી કહેવા લાગી કે "શ્રી જિનેંદ્ર ભગવાનના સિ
જાણવા છતાં અને સંસારનું સ્વરૂપ સમજવા છતાં તમે
પ્રમાણે વિલાપ કરો એ શું ઠીક કહેવાય ? તમે ગમે ત
આક્રંદ કરશો તો પણ કાળનો નિયમ તમે ફેરવી શકવા
નથી. મનુષ્યલોકમાં આપણે જે તપ-સંયમ કર્યા હતા તે
પ્રતાપે આપણે આ દેવભવ પામ્યા છીએ. અહીં આપણુ
એવું કશું બની શકવાનું નથી, પણ સમ્યક્ત્વધર્મની શુદ્ધિ
માટે આપણે ઉદ્યમ કરી શકીએ. તારા માટે સરસ માર્ગ
એ જ છે કે હવે તું વિદેહક્ષેત્રમાં જા અને ત્યાં ત્રણ લોક
બંધુસમાન શ્રી જિનેંદ્ર ભગવાનની ભક્તિ કર, તેમજ શાશ્વ
જિનાલયોને વિષે રહેલી શ્રી જિનેંદ્ર ભગવાનની પ્રતિમાઓ
વંદના કર. પતિના વિરહે પશ્ચાત્તાપ કરવા કરતાં શાશ્વત સુખ
મેળવવાનો ઉદ્યમ કરવો એ જ અત્યારે ઉચિત છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વયંપ્રભાની સલાહ મને રૂચી. પતિનો વિરહ થતાં મેં શોક કરવો ત્યજી દીધો. એને બદલે ભુલોકમાં જઇ જિનબિંબો વાંદ્યા. ત્યાંથી નંદીશ્વર દ્વીપમાં ગઇ અને નંદીશ્વર દ્વીપમાંથી રાજગૃહ નગરીના ઉદ્યાનમાં-જ્યાં આગળ શ્રી શુભંકર કેવળી ભગવાન્ શુદ્ધ ધર્મની પ્રરૂપણા કરતા હતા ત્યાં ગઇ.

શ્રી શુભંકર કેવળી ભગવાનની ધર્મદેશના સાંભળી લીધા પછી, અવસર જાણી, બહુ જ વિનયપૂર્વક મેં પૂછ્યું:

" ભગવન્ ! મ્હારો પ્રિયપતિ ચંદ્રાર્જુન દેવ અહીંથી ચ્યવીને કયાં ઉત્પન્ન થયો છે ? મ્હારૂં આયુષ્ય કેટલું બાકી રહ્યું છે ? મ્હારો જન્મ કયાં થશે ? અથવા મને મ્હારા પતિનું દર્શન થશે કે નહીં ? "

કેવલી ભગવાને મારી ઉપર કરૂણા કરી જવાબ આપ્યોઃ-

" તારો પતિ અહીં ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણીમાં ચમરચંચા નામની નગરીમાં, ભાનુમતિ વિદ્યાધરને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો છે. તારૂં પોતાનું આયુષ હવે એક લાખ વરસનું જ બાકી રહ્યું છે, અને અહીંથી ચ્યવીને તું તે જ ઉત્તરશ્રેણીમાં સુરનંદન નામે નગરમાં અશનિવેગ નામે વિદ્યાધરને ત્યાં પુત્રી તરીકે જન્મશે. ત્યાં જ ત્હારા પૂર્વ પતિનું તને દર્શન થશે. "

" ભગવન્ ! પણ હું મ્હારા પતિને શી રીતે ઓળખી શકીશ ? અથવા તો તેમની સાથે મારૂં લગ્ન થશે કે કેમ ? "

" આટલું યાદ રાખજો કે શ્રીજિનેંદ્ર ભગવાનની યાત્રા વખતે એક ગાંડો હાથી તોફાન કરશે. તમારો પૂર્વભવનો સ્વામી તમને એ આફતમાંથી બચાવશે. ફરી પણ તમારા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મામાની દીકરી-કનકમાળાના પાણિગ્રહણ વખતે તે પોતા મિત્રને સારૂ કનકમાળાનું સ્વરૂપ ધારણ કરી તમને હર દેશે. ત્યારપછી તમને જાતિસ્મરણ જ્ઞાનવડે મ્હારૂં આ ક યાદ આવશે અને તેની સાથે જ તમારૂં લગ્ન પણ થશે."

કેવલી ભગવાનના મુખેથી આ હકીકત સાંભળી મ મનમાં ખૂબ હિમ્મત આવી. હૃદયની અંદર ચંદ્રાર્જુન દે જ ધ્યાન ધરતી મારૂં બાકીનું આયુષ નિર્ગમવા લાગી. પછી કેવળી ભગવાને ભાખ્યું હતું તે પ્રમાણે હું પ્રિયંગુમં રીના નામે અહીં જન્મી.

સખી ધારિણીને એ પ્રકારે ગત રાત્રિનો વૃતાંત સંભળ વતી હતી તે જ વખતે મારી માતા ચંપકમાળા ત્યાં આ કહેવા લાગી કે "તું જલદી જલદી સ્નાન-ભોજનાદિ પરવારી લે. આજે ઉદ્યાનને વિષે શ્રી જિનેંદ્ર ભગવાનના મં રમાં શાંતિ-સ્નાત્રનો મહોત્સવ ખૂબ ધામધૂમથી થવાનો અને આખુંયે શહેર એ ઉત્સવમાં જવા હાલકડોલક થઇ ર છે, માટે તું પણ સારાં વસ્ત્રાભરણ પહેરી તૈયાર થઈ જા."

માતાની આજ્ઞા પ્રમાણે મેં તૈયારી કરી વાળી. સ્નાત્ર મહોત્સવમાં અમને સૌને ખૂબ રસ પડ્યો. આખો દિવ ભક્તિભાવમાં ક્યારે પસાર થયો તેનું પણ લક્ષ ન રહ્યું. સં ઘેર પાછા ફરવાનો સમય આવી પહોંચ્યો.

હું એક શણગારેલા રથમાં બેસી નગર તરફ જતી હતી એટલામાં એક ઉન્મત્ત હાથી ધસી આવે છે એવી બૂમ સંભ ળાઇ. તત્કાળ શું કરવું એ ન સમજાયું. અમારા સારથીએ ભયભીત બની જૂદી જ દિશામાં રથ દોડાવ્યો, સીધો માર્ગ નહી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મળવાથી રથ તો ભાંગીને ભૂક્કો થઈ ગયો અને મને પણ મૂર્ચ્છા આવી ગઇ. મૂર્ચ્છા દરમ્યાન શું શું બન્યું તેનું મને કંઇ જ ભાન ન રહ્યું, પરંતુ મેં જ્યારે પહેલવહેલી આંખ ઉઘાડી આસપાસ જોયું ત્યારે તમને એક વસ્ત્રના છેડાવતી, મારા દેહ ઉપર વાયુ ઢોળતા નીહાળ્યા. એ વખતે શોક, ભય ને દુઃખના વાતાવરણમાં પણ મારા હૃદયને વિષે મને કેટલો આનંદ વ્યાપી રહ્યો હશે તે મારા સિવાય બીજું કોઇ ભાગ્યે જ સમજી શકે.

એક તો કેવળી ભગવાને કહેલી વાત મારા મનમાં રમણીય મુંઝવણ ઉપજાવી રહી હતી. વળી પૂર્વભવના સ્વામીને જોતાં જ મારી દૃષ્ટિમાં પ્રફુલ્લતા ઉભરાઇ નીકળી. જેના દર્શન માત્રથી આટલો આનંદ ઉપજે તે જરૂર પૂર્વનો કોઇ રાગી હોવો જોઇએ એમ મેં મારા મનની અંદર નિશ્ચય કરી લીધો.

મૂર્ચ્છામાંથી જાગ્યા પછી પણ હું અલૌકિક સૃષ્ટિના સુખ–સ્વપ્ન જોઇ રહી હતી એટલામાં જ મારી ધાવમાતા ત્યાં આવી પહોંચી.

મારા પગ ઉપડતા ન હતા, છતાં ધાવમાતાના આગ્રહથી તેની સાથે મારે જવું પડયું. કેટલીયવાર સુધી હું મારી દૃષ્ટિને પાછી વાળી શકી નહી, પણ મને એક વાતનો સંતોષ રહી ગયો. જતાં જતાં મેં એમની મુદ્રિકા મ્હારી આંગળીમાં પહેરાવી દીધી હતી.

ધારિણી આ હકીકત જાણતી હતી તેથી તેણીએ મારા

૫

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માતા–પિતા પાસે સંપૂર્ણ વિગત જાહેર કરી. એમને એથી આનંદ જ થયો.

પણ જ્વલનપ્રભ રાજાના રાજ્યમાં ભાનુગતિના પુ લગ્નોત્સવ શી રીતે યોજવો એ એક મોટી મુંઝવણ થઇ જ્વલનપ્રભ અને ભાનુમતિ વચ્ચે સારો સંબંધ ન હતો, પછી ચિત્રગતિને વિવાહને અર્થે શી રીતે આમંત્રી શક આવા આવા વિચારમાં મારાં માતાપિતા બેઠા હતા એટ જ મારા ભાઇએ આવી કહ્યું કે:–

" આમ નિશ્ચિંતની માફક તમે બધાં કેમ બેસી રહ્યા છો ગામ આખું ખાલી થવા બેઠું છે.

" પણ છે શું ?" પિતાએ પૂછ્યું.

" કનકપ્રભ–આપણો રાજા, પોતાની વિદ્યાના ગર્વથી જિનેંદ્ર ભગવાનનું મંદિર ઓળંગી ચાલ્યો તેથી તેની નષ્ટ થઇ છે અને જ્વલનપ્રભ રાજાને આજે જ રોહિણી વરી છે. કનકપ્રભ નાસીને ગંધવાહન વિદ્યાધરેંદ્રને શરણે ગયે આવી સ્થિતિમાં ગામ આખું ઉદ્વિગ્ન બની ગયું છે. કાલ શી આફત આવી પડે એ કંઇ કહેવાય નહીં. લોકો જ્યાં ફાવે નાસી છૂટે છે. આપણે પણ હવે આ ગામ છોડવું જ ન ખાસ કરીને આપ તો કનકપ્રભા રાજાના મુખ્ય મંત્રી ણાઓ એટલે આપણે સહિસલામત માર્ગ વગરવિલંબે કાઢવો જોઇએ."

તરત જ મારા પિતાની આજ્ઞાથી એક વિમાન થયું. જોઇતી બધી વસ્તુઓ એની અંદર ગોઠવી દીધી. માનમાં બેસી અમે ગંગાવર્ત્ત નગરમાં પહોંચ્યા. કન પણ અહીં જ આવી પહોંચ્યો હતો. પ્રારંભમાં થોડા દિ

P.P. Ac. Gunratnasuri M.S.　　　　Jun Gun Aaradhak Trust

એમ ને એમ સુખ-શાંતિમાં નીકળી ગયા, પણ પછી પતિના દર્શન પામવાની તિવ્ર ઉત્કંઠા જાગી. મને એમ જ થતું કે " કનકમાળાના લગ્નનો દિવસ ક્યારે આવશે ? " એ ચિંતામાં મારી ભૂખ-તરસ અને ઉંઘ પણ ઉડી ગયાં.

એક દિવસે અચાનક એ જ ગામમાં મેં મારા મામાને જોયા અને મારી આશામાં નવું પૂર આવ્યું. મારા મામા અને પિતાજી વચ્ચે એ વખતે જે વાત થતી હતી તે હું બહુ જ ઉત્કંઠા સાથે સાંભળવા લાગી.

" ગંધવાહન રાજાએ બહુ માનપૂર્વક નભોવાહન રાજા માટે કનકમાળાની માગણી કરી છે. મેં પણ એને મારૂં પોતાનું સદ્ભાગ્ય સમજી માગણી સ્વીકારી લીધી છે. આવતી પાંચમે એ લગ્ન નિરધાર્યા છે તમારે સૌએ વગરકહ્યે પણ એ પ્રસંગે આવી પહોંચવું જોઇએ, " અમિતગતિ નામના મારા મામાએ કહ્યું.

" કનકપ્રભ રાજાની જે દુર્દશા થઇ છે તે જોતાં અમારાથી બ્હાર નીકળી શકાય એમ નથી, પણ બનશે તો તમારી બ્હેનને તો જરૂર મોકલશું. " મારા પિતાએ જવાબ આપ્યો.

આ વાતચીતમાં એક ઠેકાણે મારૂં નામ આવ્યું. મારા મામાએ જણાવ્યું કે-" કનકમાળા રોજ રોજ એની બ્હેન પ્રિયંગુમંજરીને સંભારે છે, માટે તમે આવો યા ન આવો, પણ હું તો પ્રિયંગુમંજરીને સાથે લીધા વિના જવાનો નથી. "

મારા પિતાએ સમ્મતિ આપી અને મામાને ઘેર લગ્નોત્સવમાં આવી પહોંચી.

લગ્નના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી આકાંક્ષા અને ઉત્સુકતા વેગથી વધતી ચાલી. મા
પ્રાણપ્રિય પ્રિય પતિના દર્શન કયારે થાય એ જ ઝંખના જા

લગ્નનો દિવસ પણ આવી પહોંચ્યો. પાણિગ્રહણનો વિ
પૂરો થયો, પરંતુ હું જેના જાપ જપતી હતી તેમના દર્શ
ન થયા. બધું ખરૂં પડયું, પણ આમાં મારા પતિદેવ કયાં
ત્યારે શું કેવલી ભગવાનનું વચન પણ મિથ્યા થશે ? આ
આવી કુશંકાઓ ઉપજવા લાગી.

અકસ્માત શુભ ક્ષણે મારી મુદ્રિકાવાળો તમારો હ
મારી નજરે પડયો. મને થયું કે બસ, આ જ મ્હારો સ્વા
હોવો જોઇએ, પણ વેશ પલટી નાખીને કેટલી સ્વસ્થતાથ
કેટલી હિમ્મતથી કનકમાળાના વસ્ત્રમાં વીંટળાઇને બેસી ર
છે ? પછી તો મેં મારી બીજી સખીઓને ભોળવી-ફોસલા
અશોકવાટિકામાં જવાનો નિશ્ચય કર્યો. અને એ પછી શું બન
તે તો તમે પોતે પણ કયાં નથી જાણતા ?

પ્રિયંગુમંજરીએ અધુરી રાખેલી વાત પૂરી કરતાં ચિત્ર
ગતિએ કહેવા માંડયું: " મેં એને અશોકવાટિકામાં જ ક
કે અત્યારે તમારે ઘેર પાછા જવું અને મારે અહીંથી નાસ
છૂટવું એ જ સહિસલામત માર્ગ છે. તમારે ઘેર જઇને કન
માળાએ વાવની અંદર એકદમ ઝંઝાપાત કર્યો એવી વા
લોકોમાં જાહેર કરવી. એટલે ચિત્રવેગની ઉપર કોઇને સંદે
નહીં જાય. એ રીતે મારો મિત્ર નિશ્ચિંત બનશે, નભોવા
હન રાજા એને કંઈ નુકશાન કરી શકશે નહીં અને મ્હેં ત
તમારો બધો ઇતિહાસ સાંભળી લીધો છે તેથી બીજે કોઇ
પ્રસંગે આવીને તમારાં માતા-પિતાને સમજાવીને આપણે
લગ્ન કરી નાંખીશું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ પ્રિયંગુમંજરી પોતે જ એ પ્રસ્તાવમાં સમ્મત ન થઇ. એક વખત સમાગમમાં આવ્યા પછી એક ક્ષણનો પણ વિરહ વેઠવાની તેણીએ પોતાની અશકિત બતાવી. એનું સ્નેહાળ હૃદય અનેકવિધ આશંકાઓથી ઘેરાયું.

" પ્રિયંગુમંજરીનો અડગ નિશ્ચય જોઇને અમે ત્યાંથી આકાશમાર્ગે નાસવાનો નિરધાર કરી નાખ્યો " ચિત્રગતિએ વાતનો ઉપસંહાર કરવા માંડયો. " કેટલોક ભાગ ચાલ્યા પછી મારી વલ્લભાએ મને કહ્યું કે મારૂં શરીર હવે થાકી ગયું છે, માટે આટલામાં જ આરામ લેવા આપણે ઉતારીએ તો કેમ ? મને પણ એ વાત રૂચી. એક તો રાત્રીનો ઉજાગરો હતો, ઠંડા પવનને વિષે ખૂબ માર્ગ કાપ્યો હતો અને વળી આ અરણ્ય એટલું ગહન અને ગાઢ હતું કે અહીં ઉતરવામાં અમને કોઇનો ભય ન હતો. થોડીવાર અમે આ કદલીગૃહમાં આરામ લીધો. પાછા અમે ઉડવાને તૈયાર થતા હતા તેટલામાં જ તમારા દર્શન થયા." છેલ્લું વાકય ચિત્રવેગને સંબોધીને કહ્યું.

" મારા જેવો નિષ્ઠુર માણસ બીજો કયો હોય ? મેં મારા પોતાના સ્વાર્થની ખાતર તમને બન્ને જણને આફતના દરીચામાં ફેંકયા ! અને ખરેખર તમારા જેવા પરોપકારી મિત્રો પણ આ જગતમાં બહુ ઓછા હશે કે જે પોતે કષ્ટ વ્હોરી લઇને પણ પોતાના મિત્રોને સુખી કરે. તમે જો ન મળ્યા હોત તો મને આ સ્ત્રી કોણ જાણે કયારે મળત. તમારા ઉપકારનો બદલો હું કોઈ રીતે વાળી શકું એમ નથી." ચિત્રવેગ ગળગળા અવાજે બોલ્યો.

" એ બધું અત્યારે રહેવા દ્યો. આપણે હવે મૂળ મુદ્દાની વાત ઉપર આવીએ. જુઓ, નભોવાહન રાજા બહુ પ્રચંડ છે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વળી વિદ્યાવાળો પણ છે અને આ જગતમાં સ્ત્રીહરણ જે બીજું એકે મોટું વેર નથી. જે થવાનું હતું તે થઇ ગયું એ બાબત વિચાર કરવો હવે નકામો છે, પણ તમે સ સલામત શી રીતે રહી શકો એવો કોઇ ઉપાય શોધી કાઢવો જોઇએ

ચિત્રગતિના આ ઉપદેશવાકયો સાંભળી ચિત્રભાનુ ઉ વિચારમાં પડયો. એને કોઈ રસ્તો ન સૂઝયો. કહ્યું. "ભાગ્ય હશે તેમ થશે. બીજું શું ?"

"ભાગ્ય ઉપર ભરોંસો રાખી, લમણે હાથ દઇ બે રહેવું એ તો કાયરતા છે. મને એક વાત લાગે છે-આપ અહીં ઘણો વખત વાતમાં ને વાતમાં ગુમાવી દીધો છે મ વગરવિલંબે આપણે અહીંથી તો નાસવું જોઇએ." ચિ ગતિએ છેલ્લો નિર્ણય સંભળાવ્યો. જતાં જતાં તે કહી ગ કે તમે તમારા માર્ગે જાઓ અને હું મારા માર્ગે જાઉં છું. મા વિચાર તો સુરનંદન નગરમાં જઈ જવલનપ્રભ રાજાની. સા અશનિવેગની મૈત્રી ગોઠવીને મ્હારી પૂર્વભવની આ સ્ત્રી વિધિપૂર્વક ગ્રહણ કરવાનો છે."

તમાલવૃક્ષના પત્ર સમાન શ્યામ આકાશમાં ચિત્રવેગ અ કનકમાળા દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યા. માર્ગમાં કમ પત્રો અને હંસોથી ભરેલા સરોવરોની શોભા નીહાળતા તે પોતાની ચિંતા અને થાક ભૂલી ગયા પુલના ભારથી નમેલ અને હજારો શાખાવડે શોભતા વૃક્ષો પણ જાણે એ આવકાર આપતા હોય તેમ નૃત્ય કરી ઉઠયા.

એટલામાં દૂર દૂર એક તેજસ્વી પુરૂષ, એમની તરફ ગથી આવતાં દેખાયો. પાસે પહોંચતાં ચિત્રવેગને ખાત્રી કે આ કોઇ દેવપુરૂષ હોવો જોઇએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"તમે મને ઓળખો છો કે ?" અજાણ્યા તેજસ્વી પુરૂષે શરૂઆત કરી. "આપણે ઘણો જુનો પરિચય ધરાવીએ છીએ"

"આપને જોતાં જ મારી દ્રષ્ટિ ઠરે છે તેથી આપણે સ્નેહી અને પરિચિત તો જરૂર હશું, પણ મને અત્યારે કંઇ યાદ આવતું નથી. સંભવિત છે કે પૂર્વભવને વિષે આપણો સ્નેહ—સંબંધ હોય." ચિત્રવેગે જવાબ આપ્યો.

"એ વાત એક બાજુ રહેવા દ્યો. અત્યારે મને વધુ વખત નથી, આપણે નિરાંતે કોઇવાર વાત કરીશું. આ મણિ આપવા માટે જ હું તમારી પાસે ઉતાવળે ઉતાવળે આવી પહોંચ્યો છું. તે તમારી પાસે જ રાખજો. હળાહળ ઝેરની સામે થવાનું એમાં પૂરેપૂરૂં સામર્થ્ય છે," તેજસ્વી દેવપુરૂષે મણિ આપતાં ઉચ્ચાર્યું.

આ બધી નિષ્કારણ પ્રવૃત્તિ શા સારૂ હશે એવી ચિત્રવેગના દિલમાં મુંઝવણ ઉપજી. "પણ કંઈ કારણ ખરૂં ?" ચિત્રવેગે ઉત્સુકભાવે પૂછ્યું.

"મેં તમને શરૂઆતમાં કહ્યું તેમ અત્યારે બહુ વાત કરવાનો અવકાશ નથી, અને જરૂર પણ નથી આ મણિ રાખી લ્યો. તમારા દુઃખમાં એ તમને સહાયક બનશે."

"પણ મ્હારી ઉપર એવી કઈ મ્હોટી આપત્તિ આવી પડવાની છે ?"

ચિત્રવેગના પ્રશ્નનો ઉત્તર આપતાં દેવપુરૂષે કહ્યું:—"પ્રજ્ઞપ્તિવિદ્યાના પ્રભાવને લીધે નભોવાહન રાજા આ બધું જાણી ચૂકયો છે. તે એટલો બધો ક્રોધાયમાન થયો છે કે એ તમને ખુવાર કરવા દરેક પ્રયત્ન કરશે, અને હવે તે થોડા જ સમ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચની અંદર અહીં આવી પહોંચવો જોઇએ. એ પોતાના ર
નેથી નીકળી ચૂકયો છે. આટલામાં-નજીકમાં જ હોવો જોઇ
તમારી ઉપર એ આફતના વાદળ વરસાવશે પરંતુ આ મ
જો તમારી પાસે હશે તો તમને કંઇ ઇજા નહીં થાય.
દિવ્ય મણિના પ્રભાવ પાસે એની વિદ્યા નિષ્ફળ જશે. મ
તમે તમારા માથાના વાળમાં ગોઠવી દ્યો, એટલે બસ."

દેવપુરૂષ એટલું કહીને, બીજું ઘણું અગત્યનું ક
હોવાથી ત્યાંથી ચાલી નીકળ્યો. કામ પુરૂં થયે પાછો અહીં
આવશે એવું વચન આપતો ગયો.


# "શ્રી ચંપકમાલા ચરિત્ર."

( શિયલના મહાત્મ્યને જણાવનાર કથા. )

અલંકારિક અને રસિક ભાષામાં ઉતારેલું આ સતી ચરિત્ર અતિ
રસિક અને સુબોધક છે.

ધર્મનો પ્રભાવ, શિયલ સદાચારનું મહાત્મ્ય, ભગવાનની ભવ્ય
આ ચારિત્રમાં પ્રત્યેક પ્રસંગે ઉછળે છે.

જૈનોના ધાર્મિક અને સુબોધક ચિત્ર તરીકે આ ચરિત્ર અ
ઉપયોગી છે.

દરેક સ્ત્રી-પુરૂષોને આનંદ સાથે ધર્મયુકત બોધ આપન
અને સદ્‌વર્ત્તનશીલ બનાવનાર શ્રીમાન્ ભાવવિજયજી મહારાજ
બનાવેલ આ ચરિત્ર છે.

કીંમત રૂા. ૦-૮-૦ પોસ્ટેજ ૦-૧-૬.

શ્રી જૈન આત્માનંદ સભા--ભાવનગ


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય

(૮)

| | |
|---|---|
| ચિત્રવેગ | |
| કનકમાળા | |
| નભોવાહન | |
| ધનભૂતિ | વિજયવતી નગરીનો સાર્થવાહ. |
| સુંદરી | ધનભૂતની સ્ત્રી. |
| સુધર્મ<br>ધનવાહન | } ધનભૂતિના પુત્રો. |
| સુદર્શન | જૈનધર્મના આચાર્ય. |
| કનકરથ | મેખલાવતીનો રાજકુમાર. |
| શશિપ્રભદેવ | સુધર્મનો જીવ. |
| વિદ્યુત્પ્રભદેવ | ધનવાહનનો જીવ. |
| ચંદ્રરેખા | અનંગવતીનો જીવ. |
| અગ્નિકુમાર | સુબંધુનો જીવ. |
| વિદ્યુપ્રભદેવ | કનક રથનો જીવ. |
| સ્વયંપ્રભાદેવી | સુલોચનાનો જીવ. |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# અષ્ટમ પરિચ્છેદ

દેવ દિવ્યમણિ આપી ચાલ્યો ગયો. ચિત્રવેગ પણ પોતા
સ્ત્રી સાથે દક્ષિણ દિશામાં ઉડ્યો. તે વિચારવા લાગ્યોઃ " ખ
ખર નભોવાહન વિદ્યાધરનો મેં મ્હોટો અપરાધ કર્યો છે.
મ્હારી ઉપર કોપાયમાન થાય એમાં કંઇ આશ્ચર્યની વાત ન
હવે મારે શું કરવું ? દેવે આપેલા દિવ્ય મણિના પ્રભાવ
તે મને કંઇ ઇજા કરી શકે એમ નથી, છતાં આ વિક
કેમ આવે છે ? કદાચ પેલા તરસ્યા હાથી જેવી દશા
મારી નહીં થાય ? હાથી બિચારો પાણીની આશાએ જળા
યમાં ઉતર્યો તો ખરો, પણ પાણી પાસે પહોંચતાં પહેલાં
કાદવમાં ખુંતી ગયોઃ ન કાંઠે પાછો વળી શક્યો કે ન પા
પી શક્યો. આવી મ્હારી ઉભયભ્રષ્ટ સ્થિતિ તો નહીં થાય ને ?

ચિત્રવેગ કરતાં પણ એની સ્ત્રીની દશા વધુ શોચનીય
પડી. એની સ્ત્રીનું શરીર કંપવા લાગ્યું. નભોવાહનનો વિ
આવતાં જ તે કોમળાંગી નિરાશ જેવી બની ગઇ.

આ પ્રમાણે બન્ને જણાં ભયભીત અવસ્થા ભોગવતાં
એટલામાં જ પોતાની પાછળ વેગબંધ આવતી એક આ
નજરે પડી. એ આકૃતિ નભોવાહનની જ હોવી જોઇએ
વિષે એમને કંઇ સંદેહ ન રહ્યો.

" પ્રિયતમ ! હવે બચવાનો કોઇ ઉપાય શોધો. આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પીડા હું મારી આંખોથી શી રીતે જોઇ શકીશ ? ” કનકમાળા કરગરીને કહેવા લાગી.

“ ભય જાણ્યા પછી વધુ ચિંતા કરવી નકામી છે. આપણી પાસે દિવ્ય મણિ છે. એના પ્રભાવથી પરિણામે આપણું સારૂં જ થશે. તું હવે ખેદ કરવો મૂકી દે. જે થાય તે જોયા કર.” ચિત્રવેગે આશ્વાસન આપ્યું.

કનકમાળાની નિર્દોષ આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યા. એ પશ્ચાત્તાપ કરવા લાગી: “ નાથ ! હું જ તમારા દુઃખના નિમિત્તરૂપ થઇ પડી. વાંસનું ફળ જેમ વાંસનો નાશ કરે છે તેમ મેં તમને આ આફતમાં હડસેલ્યા. મારા જેવી અભાગિની, પાપિણી બીજી કોઇ સ્ત્રી આ જગતમાં નહીં હોય ! ”

“ એમ વલોપાત કરવાથી હવે શું વળશે ? સાહસ કર્યું હોય એનું પરિણામ પ્રાણીમાત્રે ભોગવે જ છૂટકો. મ્હેં પોતે નીતિમાર્ગનું ઉલ્લંઘન કર્યું, રાજવિરૂદ્ધ સાહસ કર્યું એનો બદલો જે કંઈ મળે તે મારે વેઠી લેવો જોઇએ; છતાં જો દૈવ અનુકૂળ હશે તો આપત્તિ પણ સંપત્તિરૂપ બની જશે. પૂર્વોપાર્જિત પુણ્ય બાકી હશે તો દુશ્મનના દાવ પણ વ્યર્થ બનશે. ” ચિત્રવેગે બહુ બહુ રીતે કનકમાળાને સમજાવી.

એટલામાં નભોવાહન ભેટભેટા થઇ ગયો. એના શ્વાસમાં ક્રોધની શીખાનો ભાસ થતો હતો. રૂંવે રૂંવે વેરનો અગ્નિ સળગી રહ્યો હતો. આવતાંની સાથે જ ચિત્રવેગ સામે એક ક્રૂર દ્રષ્ટિપાત કરી કહેવા લાગ્યો:—“ અરે પામર ! હવે તું ક્યાં છટકવાનો હતો ? તેં કોની સામે આ વેર ખેડયું છે તેનું તને કંઈ ભાન છે ? આજે કસાઇના રસોડામાં ગએલાં સસલા જેવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ તારી દુર્દશા ન થાય તો થઇ રહ્યું છે. તેં આજે રાજાને ઉશ્કેર્યો છે એમ જ સમજ.”

ચિત્રવેગને જવાબ વાળવા જેવું શું હતું ? છતાં તે બોલવા જાય તે પહેલાં જ નભોવાહને ધનુષ ચઢાવીને ઉપર બાણુ છોડવાની શરૂઆત કરી; પરન્તુ એ બાણુ ચિત્રવે સ્પર્શી શકયાં નહીં. ખડકને અડીને બાણુ પાછું પડે નભોવાહનના ધનુષમાંથી છૂટેલા બાણુ ચિત્રવેગને પાસે પાછાં પડવાં લાગ્યાં.

નભોવાહન વિદ્યાધર ઘડીભર તો વિચારમાં પડી ગયો; તરત જ બોલી ઉઠયો.” તારી ક્ષુદ્ર વિદ્યા અહીં શું કરી શકવ હતી ? તું પણ હવે જોઇ લે ?”

તેણે બીજાં તિવ્ર બાણુ આગ્નેયાદિ શસ્ત્રો તૈયાર કર્યા અ મંત્ર ભણી ભણીને ફેંકવાનો ઉપક્રમ આદર્યો.

આગના તણુખા વરસાવતું એક તીર ચિત્રવેગની પ પહોંચતાં જ ઠરી ગયું. નભોવાહને ગુસ્સે થઇ વંટોળીયા ઉ જાવતું બીજું શસ્ત્ર છોડયું. દિવ્ય મણિના પ્રભાવે એની એ જ દશા થઇ.

“ તું એમ માને છે કે તારી વિદ્યાના પ્રભાવથી મારા શસ્ત્રો તને સ્પર્શ નથી કરતાં ? નહીં, ખરી વાત તો છે કે તારૂં મૃત્યુ આથી પણ વધુ ભયંકર રીતે થવું જોઇ તારા જેવા પાપીને સારૂ આવા શસ્ત્ર ઉચિત ન ગણાય. રીબાવી રીબાવીને મારૂં તો જ હું ખરો !” નભોવાહન પોત વિદ્યાના ગર્વથી તાડુકી ઉઠયો.

તત્કાળ તેણે નાગિની વિદ્યાનું આહ્વાન કરી, નાગ-પ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાણુ છોડયું. ઉગ્ર વિષને ધારણ કરતા એવા અસંખ્ય સર્પો ચિત્રવેગના અંગની આસપાસ વીંટળાઇ વળ્યા. સર્પોના ભારથી તે પૃથ્વી ઉપર પડ્યો, અને નાગ–પાસના તિવ્ર બંધન-ને લીધે તેને અંગે–અંગમાં અસહ્ય વેદના થવા લાગી. તે એક વૃક્ષ નીચે મૂર્ચ્છા ખાઇને પડયો. શરીરના સાંધે સાંધા જાણે હમણા જ તુટી જશે એમ તેને લાગ્યું, કનકમાળા ચોધાર આંસુએ રડવા લાગી. પોતાની જ ખાતર આ બધું દુઃખ ચિત્ર–વેગને સહન કરવું પડે છે એમ કહી તે ખૂબ આક્રંદ કરી રહી.

આ આક્રંદનો અવાજ સુપ્રતિષ્ઠના કાને પડયો. અવાજને અનુસરી તે આ ચિત્રવેગની પાસે આવી ચડયો.

સુપ્રતિષ્ઠને ચિત્રવેગ બોલ્યોઃ “ મારા પુણ્યને લીધે જ તમે અહીં આવી ચડયા છો. નભોવાહન મારી સ્ત્રી–કનકમાળાને હમણાં જ લઇ અહીંથી ચાલ્યો ગયો. ” સુપ્રતિષ્ઠે જે રૂદન સ્વર સાંભળ્યા હતા તે આ કનકમાળાના હશે એવી તેને ખાત્રી થઇ. પછી તેણે દિવ્યમણીનું જળ નાગપાસ ઉપર છાંટયું અને એ રીતે ચિત્રવેગને પીડામાંથી બચાવ્યો. મણીના પ્રભાવે સર્પો બીજી કંઇ ઇજા કરી શકયા નહીં. ત્યારબાદ ચિત્રવેગે પોતાનો બધો વૃત્તાંત સવિસ્તર કહી સંભળાવ્યો. (એ જ વૃત્તાંત્ત સુપ્રતિષ્ઠ ધનદેવને સંભળાવે છે એ વાંચકોને સ્મરણમાં હશે. )

સુપ્રતિષ્ઠને વિચાર થયો કે ” આવા કુશળ માણસો પણ પ્રેમના ફાંસામાં ફસાઇ કેટલી આપત્તિઓ વ્હોરી લે છે? રાગાંધ માણસ નીતિ–અનીતિ કે પોતાના સાહસના પરિણામનો પણ વિચાર કરી શકતો નથી. વિષયસુખ માણસ માત્રને કેવી દુઃખદ સ્થિતિમાં લાવી મૂકે છે? અજ્ઞાનતા અને રાગ–

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દ્વેષને લીધે માણુસો પોતાની મેળે જ નારકીનાં દુ
આમંત્રે છે. ”

સુપ્રતિષ્ઠ આમ વિચાર કરે છે ત્યારે બીજી તરફ ચિ
પોતાની સ્ત્રીના જ વિચારમાં નિમગ્ન છે. નભોવાહન રાજા
માળાને ક્યાં લઇ ગયો હશે? અત્યારે તેની શી દશા
એ જ ચિંતા એના દિલને વલોવી રહી છે.

એટલામાં દિગ્મંડળને તેજના અંબારથી ભરી દેતી
દિવ્ય મૂર્ત્તિ ત્યાં આવી ઉભી રહી. તે એક દેવ પુરુષ
ચિત્રવેગે તેને પ્રણામ કર્યો.

“ કેમ ? મજામાં છો ને? મણિનો પ્રભાવ જોયો?” પ્રસન્ન
દેવે પૂછ્યું.

“ આપના પ્રતાપે કૂશળ રહી શક્યો છું. આપે જો દિ
મણિ ન આપ્યો હોત તો કોણ જાણે મારી કેવીયે દુ
થાત! પણ આપે મારી ઉપર અનહદ ઉપકાર કયા કારણે
તે હું સમજી શક્યો નથી. કૃપા કરીને એનો ખુલાસો
તો ઠીક. ” થોડીવાર રહીને વળી ચિત્રવેગ બોલ્યો “
આપ મને દિવ્ય મણિ આપીને ઉતાવળા ઉતાવળા ક્યાં
અને એનું શું પરિણામ આવ્યું ? ”

દેવપુરુષે કહ્યું: “ એ જ વાત કહેવા હું નિરાંતે ત
પાસે આવ્યો છું આપણો સંબંધ આ ભવનો નહીં, પૂર્વ ભ
છે ” સાંભળો:

“ વિજયવતી નગરીમાં સુધર્મ અને ધનવાહનનામે બે
ઓ હતા. એક શુભ દિવસે જેમની ભવ્ય મુદ્રા જોતાં જ
માં ક્રૂર ગણાતા પ્રાણીઓ પણ શાંત બની જાય એવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તપસ્વી, ચૌદ પૂર્વના જાણકાર એવા શ્રી સુદર્શન આચાર્ય એ નગરીના નંદન નામના ઉદ્યાનમાં સમોસર્યા. નાગરિકોનાં ટોળે ટોળાં એ સૂરીશ્વરના દર્શન કરવા ઉલટ્યાં. એમાં સુધર્મ પણ જઇ ચડ્યો. આચાર્ય ભગવાનના ઉપદેશે સુધર્મના નિર્મળ અંતઃકરણ ઉપર એવી અસર કરી કે હજી યોવન અવસ્થાનો આરંભ થાય તે પહેલાં જ, માતાપિતાની આજ્ઞા લઇ સંસાર તજી ચાલી નીકળ્યો, સંયમ, તપ, વિનય અને શાસ્ત્રાભ્યાસમાં સુધર્મે ખૂબ પ્રતિષ્ઠા મેળવી.

સુદર્શન સૂરીશ્વરે સુધર્મ મુનિને સૂરિપદે સ્થાપ્યા અને અને પોતે સંલેખના સાધીને મુક્તિ પામ્યા. સુધર્મસુરિ ભવ્ય જનોનો ઉધ્ધાર કરતાં ગામે ગામ વિચરી રહ્યા.

એમનો જ સંસારી અવસ્થાનો ન્હાનો ભાઈ ધનવાહન સંસારના વિવિધ વૈભવ વચ્ચે ઉછરે છે. અનંગવતી નામની પોતાની પત્નિ સાથે એના દિવસો વિલાસમાં વ્યતીત થાય છે.

એક દિવસ સુધર્મ મુનિવર એ જ નગરીને વિષે પધાર્યા. આખું નગર આ પ્રભાવશાલી મુનિવરના દર્શન કરવા તથા તેમનો ઉપદેશ સાંભળવા આવ્યું, પણ અનંગવતી સાથે પ્રમોદરસમાં ડુબેલો ધનવાહન એટલો અવકાશ મેળવી શકયો નહીં. પિતા એને બહુ બહુ રીતે સમજાવ્યો. પણ અનંગવતનો એક ઘડીનો વિયોગ સહેવો એને અસહ્ય થઇ પડયો.

આખરે પોતાના વડીલ બન્ધુ-સૂરીશ્વર પોતે આગ્રહપૂર્વક એક વાર આવી જવા કહેવરાવે છે એમ તેણે જાણ્યું ત્યારે તે મહામુશીબતે થોડી ક્ષણોને માટે આવવા તૈયાર થયો

સૂરીશ્વરે તેને પોતાની પાસે બેસારી થોડો હિતોપદેશ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંભળાવ્યો–મનુષ્યભવની દુર્લભતા અને વિષય–વિલાસ ભ
પરિણામનું એવી યુક્તિ અને સહૃદયતાથી સમજાવ્યું કે
વાહનનાં પડળ ખુલી ગયાં એને પોતાના પ્રમાદ અને અર
માટે ઘણું લાગી આવ્યું.

પરંતુ અનંગવતીનો વિચાર આવતાં તેનું વિલાસી
ધ્રૂજી ઉઠયું. તે બોલ્યો : " ભગવન્ ! આપનું કહેવું ય
છે પણ અનંગવતીનો પ્રેમ મારા ઉપર એટલો અચળ
દ્રઢ છે કે હું તેનો ત્યાગ કરી શકું એમ નથી. મારા
માં એની શી દશા થાય ? અમને ઉભયને પરસ્પરનો
એ એટલો તો દુઃખદાયક લાગે છે કે એને જ લીધે અ
દર્શન પણ મને અતિ દુર્લભ થઇ પડયાં."

સૂરીશ્વરે પવનથી કંપતા ધ્વજની સાથે નારી–હૃદયને
આવી સ્ત્રીનાં હૃદય કેવા ચંચળ હોય છે, વિલાસી પુરૂષો
પ્રકારના મોહમાં ફસાઇ પોતાનાં અમૂલ માનવ દેહને કેવી
નિષ્ફળ બનાવે છે એ સંબંધે ઘણો ઘણો સદ્બોધ આપ્યો પ
ધનવાહનની અનંગવતી ઉપરની મમતા જેમની તેમ જ

ધનવાહન માનતો હતો કે સંસારમાં ઘણી દુષ્ટ સ્
હશે પણ અનંગવતીના સ્નેહમાં સ્વાર્થ કે મલિનતા લેશ
નથી. અનંગવતી જેવી વિનયી અને સ્નેહાળ સ્ત્રી ભાગ્યે
કોઇને પ્રાપ્ત થાય. પોતાને આવી એક સુંદર સ્નેહમયી,
પ્રીય સ્ત્રી મળી છે તે માટે પોતાને અહોભાગી માનતો. સ
રની બીજી બધી સામગ્રીનો ત્યાગ કરી શકાય પણ અ
વતીનો ત્યાગ કરવો એ તેને અશકય લાગતું હતું.

દિવસો વીતતા ગયા તેમ તેમ સૂરીશ્વરના ધોધમાર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દેશની અસર ધનવાહનના સરળ હૃદય ઉપર થવા લાગી. એક દિવસ તેણે પોતે જ કહ્યું.

" ભગવન્ ! આપની અમૃતમયી વાણી સાંભળી સદાને માટે આપના ચરણમા રહું, આપની આજ્ઞાને અનુસરૂં અને પાંચ મહાવ્રત પામું એવો ઉલ્લાસ પ્રગટે છે. પણ ઘણાં જુના કાળનો મોહ રૂંવે રૂંવે વ્યાપેલા વિષની જેમ મારાથી દૂર જઇ શકતો નથી. મને બીજું કઈ જ નહીં, પણ મારી સ્ત્રી અનંગવતી સાથે દીક્ષા આપો અને માત્ર આઘેથી જોઇ લેવા પૂરતી જ છૂટ આપો તો આ સંસારનાં બધા બંધનો તોડી નાખવા તૈયાર છું. સ્ત્રીના મોહ કેવો દુરંત હોય છે ? મોહ દુર્ગતિમાં પછાડે છે એમ સમજયા છતાં સુજ્ઞ માણુસ પણ મોહના સામર્થ્ય પાસે કેટલો લાચાર બની જાય છે. ધનવાહન સંસારના સઘળાં સુખ વિલાસ તજવા તૈયાર હતો, માત્ર અનંગવતીના દર્શનની ઉત્કંઠા અલગ કરી શકયો નહીં.

સૂરીશ્વરે વિચાર કર્યો કે ધીમે ધીમે મોહના આ પ્રબળ તરંગો પણ શમી જશે અને દીક્ષા લીધા પછી સૂત્રાર્થમાં નિપુણતા પ્રાપ્ત કરીને પોતે જ રાગદશાને તિલાંજલી આપશે.

આવો વિચાર કરી સૂરીશ્વરે અનંગવતી અને ધનવાહનને વિધિપૂર્વક દીક્ષા આપી. અનંગવતી ચંદ્રયશા નામે મહત્તરિકા પાસે રહી સાધ્વીની ક્રિયાઓ કરવા લાગી અને ધનવાહન મુનિ ગુરૂચરણમાં રહી સૂત્રાર્થનો અભ્યાસ કરવા લાગ્યા.

એ રીતે કેટલાક દિવસો નીકળી ગયા. અભ્યાસ અને અનુભવને અંતે ધનવાહન મુનિને લાગ્યું કે દીક્ષાવ્રત લીધા પછી



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કોઇ પણ યુવતી તરફ સરાગ દૃષ્ટિએ જોવું એ એક દો
અને તેનું પ્રાયશ્ચિત્ત લેવું પડે. આટલું આટલું સમજવા
પણ પરસ્પરની રાગદશા એવી ને એવી જ રહે છે.

એક વાર અનંગવતી સાધ્વી અને તેમની બ્હેન વસુ
સાધ્વીએ માર્ગમાં એક ગાંડા જેવા દેખાતા પુરૂષને જોયો.
શરીર ધૂળથી ખરડાયેલું હતું વસ્રો પણ ફાટી ગયાં
બોલવાનું પણ કંઇ ભાન ન હતું. ઘડીકમાં મોટાસ્વરે
લાગે તો ઘડી પછી ખડખડ હસી પડે એવી એની દશા
એની સાથે એક યુવતી હતી તે પણ લગભગ એવી
સ્થિતિમાં હતી.

અનંગમતી અને વસુમતી આ સ્રી તથા પુરૂષ તરફ
વાર ધ્યાનપૂર્વક જોઇ રહ્યાં. અનંગવતીથી બોલી જવા
" આર્યે ! આ યુવતી તો આપણી બ્હેન સુલોચના હોય
નથી લાગતું ? "

" પણ એનાં લગ્ન તો મેખલાવતી નગરીમાં સુબંધુ
થયા હતા. વિવાહ એની સાથે જે પુરૂષ છે તે સુબંધુ તો
પણ બીજો કોઇ છે. " વસુમતીએ વિચાર કરીને જવાબ આ

" તમારી એ વાત બરાબર છે, પણ સુબંધુ સાથે વિ
થયા પછી કનકરથ રાજકુમાર એની ઉપર મોહિત થયો
અને તેથી અતિશય રાગદશાને લીધે સુલોચનાને પોત
અંતઃપુરમાં લઇ ગયો હતો એમ મેં સાંભળ્યું છે. આ પુ
બીજો કોઈ નહીં, પણ કનકરથ હોવો જોઇએ. " અનંગવતી
ખુલાસો કર્યો.

સુલોચનાને બોલાવવા અને સમજાવવા બન્ને સાધ્વીજીએ
પ્રયત્ન કરી જોયો, પણ એમાં એમને નિષ્ફળતા મળી. ઉન્મત્ત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જેમ તે કંઇક એવું બોલતી હતી કે જે આ સાધ્વીજીઓ મુદ્દલ સમજી શકી નહીં. છેવટે તેમણે **સુધર્માચાર્ય**ની પાસે એ બન્ને સ્ત્રી-પુરૂષને લઈ જવાનો ઠરાવ કર્યો.

સુધર્માચાર્યે પોતાના જ્ઞાનવડે આખી ઘટના તપાસી, અને શંકાનો ખુલાસો સંભળાવતાં કહ્યું કે-" આ સ્ત્રી સુલોચના જ છે એ વિષે કંઇ શંકા નથી. બન્યું એવું કે સુલોચના અને કનકરથ યુવરાજ ભરનિદ્રામાં સૂતાં હતાં તે વખતે એક શોકે ઇર્ષ્યાથી પ્રેરાઇ એવું કામણ કર્યું કે જેથી બન્નેને બુદ્ધિભ્રમ થઇ ગયો. પિતાએ વૈદ્યો વિગેરેને બોલાવી અનેક ઉપચારો કરી જોયાં. પણ તેમના પ્રયાસ વ્યર્થ નીવડ્યા. આજે તેઓ ગાંડાની જેમ ફરતાં-રઝળતાં આ નગરીમાં આવી ચડ્યાં છે. "

વસુમતીની વિનંતીથી, ગુરૂદેવે બુદ્ધિભ્રમ દૂર કરનારૂં ચૂર્ણ આપ્યું. એ ચૂર્ણના પ્રતાપે ઉન્મત્ત સ્ત્રી-પુરૂષનો મતિવિભ્રમ દૂર થયો. એમને પોતાની દુરવસ્થા સમજાઇ.

સુલોચના પોતાની બન્ને બ્હેનોને સાધ્વીજીના સ્વરૂપમાં જોઇ બહુ જ આશ્ચર્ય પામી. વસુમતીએ કહ્યું કે " બ્હેન, કનકરથ રાજકુમાર જ્યારે તને પોતાના અંતઃપુરમાં લઇ ગયો તે જ વખતે સુમંગળ વિદ્યાધરે મારા પતિનું રૂપ લઇ મને છેતરી. કેટલાય દિવસ સુધી મેં ભૂલથી એ વિદ્યાધરને જ મારા પતિ માન્યા, પણ જ્યારે મને સાચી વસ્તુ સમજાઇ ત્યારે હું ક્રોધથી સળગી ઉઠી. એ દુષ્ટ વિદ્યાધર પ્રત્યે અત્યંત તિરસ્કાર છૂટયો. સદ્‌ભાગ્યે મારા પતિ ધનપતિ-જેઓ પોતાના પુન્યબળે દેવભવ પામ્યા હતા તેમણે મને દુઃસાહસ કરતાં રોકી. એમના સદ્‌બોધથી મેં સંસારનો ત્યાગ કર્યો, અને તે પછી તો આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનંગવતી પણ સંસાર ભયથી ઉદ્વિગ્ન બની આ ગ
આવી મળી. ”

મહાપ્રતાપી સુધર્મ-સૂરીશ્વરના ઉપદેશથી સુલોચના
કનકરથનાં અંતરમાં કંઇ ઓર પ્રકાશ પડયો તેમણે
જણાએ સૂરીશ્વર પાસે દીક્ષા લીધી. ચંદ્રયશા પ્રવ
છાયામાં રહી ત્રણે વ્હેનો વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ કરવા

કનકરથ મુનિ અને ધનવાહન મુનિને પરસ્પરમાં નિ
સ્નેહ બંધાયો. ગુરૂ દેવની છાયામાં તેઓ પોતાના
અજવાળી રહ્યા.

કાળક્રમે સુધર્મ સૂરીશ્વર સમ્યગ પ્રકારે સંલેખના કરી, ચ
ર્જુન નામે વિમાનમાં શશિપ્રભ નામે દેવપણે ઉત્પન્ન થય

ધનવાહન મુનિ અનંગવતી ઉપરનો રાગ તોડી શ
નહીં, તેથી તેઓ બીજા દેવલોકમાં સામાનિક દેવ ત
વિદ્યુતપ્રભ નામે દેવ થયા અને અનંગવતી સાધ્વી
રાગ દશાને લીધે વિદ્યુતપ્રભ દેવની ચંદ્રરેખા નામે દેવી

સુબંધુના જીવે-અગ્નિકુમાર દેવપણે, કનકરથ સાધુ
સુલોચના સાધ્વી ઉપર બહુ બહુ ઉપસર્ગ કર્યા, પણ તે
એ ઉપસર્ગો શાંતિથી સહી લીધાં આખરે તેઓ બન્ને
કાળ કરીને ચંદ્રાર્જુન વિમાનમાં સામાનિક દેવપણે ઉપ
કનકરથ વિદ્યુપ્રભ દેવ થયો અને સુલોચના સ્વયંપ્રભા નામે દેવી

વસુમતી પણ શુદ્ધ ચારિત્ર પાળી, પોતાના પૂર્વ ભ
સ્વામી ( ધનપતિ ) ચંદ્રાર્જુનની દેવીપણે ઉત્પન્ન થઈ.

દેવલોકનાં પુણ્ય ક્ષીણ થતાં દેવોને મનુષ્ય લોકમાં અવત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડે છે. એ રીતે વિદ્યુત્પ્રભ દેવ, આ વૈતાઢ્ય પર્વતમાં-દક્ષિણ શ્રેણીને વિષે રત્નસંચય નામે નગરમાં બકુલવતીની કુખે-પવનગતિ નામે વિદ્યાધર કુમાર થયો.

ધનવાહનનો જીવ તે તું-ચિત્રવેગ પોતે. શ્રમણપણું પામવા છતાં તમે રાગદશા તોડી શક્યા ન હતા. એ જ અનંગવતી તે આ કુંજરાવર્ત્ત નગરના અમિતગતિ વિદ્યાધરની પુત્રી આ કનકમાળા. પૂર્વના સરાગપણાની દુ;સહ વેદના આજે પણ તમારે ભોગવવી પડે છે.

હે ચત્રવેગ ! દેવભવમાં તમારો જે મિત્ર ચંદ્રાર્જુન હતો તે જ ત્યાંથી ચ્યવીને અહીંયા ચિત્રગતિ નામે જન્મ્યો છે, અને વસુમતિનો જીવ તે પ્રિયંગુમજરી.

ચિત્રગતિ તમારો પૂર્વભવનો મિત્ર છે. એટલે જ પ્રથમ દર્શને તમારી પરસ્પર પ્રીત બંધાઇ, પૂર્વના અને એ કારણે જ તેણે યુક્તિપૂર્વક તમારો સંબંધ કનકમાળા સાથે જોડી દીધો. બાકી તો કર્મનાં ફળ સૌને વેઠવા પડે છે. તમને પણ કર્મના દોષે જ કનકમાળાનો વિયોગ થયો છે.

આથી વધુ કહેવાની હવે કંઇ જરૂર નથી. તમે મને જે પ્રશ્ન પૂછયો હતો તેનો જવાબ એમાં આવી જાય છે; પરન્તુ સ્પષ્ટતાની ખાતર કહી દઉં કે જે કનકરથ સાધુ પ્રત્યે તમને પૂર્વભવમાં પ્રીતિભાવ હતો તે જ હું અત્યારનો વિધુપ્રભ દેવ છું. ”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પાત્ર પરિચય.

(૯)

ચિત્રવેગ.
વિદ્યુત્પ્રભ.
ધનવાહન મુનિ.
નભોવાન રાજા.
પદ્મરાજા. ચંપાનગરીનો સ્વામી
સમરકેતુ. રાજાનો ભાઇ
કપિલ. એક નાસ્તિકવાદી
શ્રીદત્ત.
ધનદેવ.
શ્રીકાંતા.
કનકવતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# નવમ પરિચ્છેદ.

" હે સુરોત્તમ, આપણો પૂર્વસંબંધ સંભળાવી તમે મારી ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે, પણ તમે મને દિવ્ય મણિ આપીને અહીંથી એકદમ શા સારૂ ચાલ્યા ગયા તે મારાથી નથી સમજાયું. " ચિત્રવેગે એક વધુ પ્રશ્ન પૂછયો.

વિદ્યુપ્રભે ઉત્તરમાં કહ્યું કે અમારા વિમાનના અધિપતિ શશિપ્રભ દેવે મને કુશાગ્રનગરમાં તત્કાળ પહોંચી જવાની આજ્ઞા કરી હતી, કારણ કે ત્યાં ધનવાહન મુનિ ઉપર પૂર્વ-ભવનાં વૈરને લીધે એક દેવ ભારે ઉપસર્ગ કરે એવો ભય રહેતો હતો. હું ત્યાં જતો હતો એટલામાં માર્ગમાં તમને સ્ત્રી સહિત જતા જોયાં. અવધિજ્ઞાનના ઉપયોગથી મેં તમને ઓળખ્યા. નભોવાહન રાજા પણ તમારી પાછળ ધસી આવતો મેં જોયો. એટલે મેં દિવ્યમણિ આપીને તત્કાળ ત્યાંથી ચાલ્યા જવાનું ઉચિત ધાર્યું.

ધનવાહન મુનિ ઉપર ઉપસર્ગ કરવા જે દુષ્ટ દેવ તૈયારી કરી રહ્યો હતો તે પણ મને આવતો જોઇ જીવ લઇને નાઠો. શુકલધ્યાનમાં રહેલા મુનિવરને એ જ વખતે કેવળજ્ઞાન ઉપજ્યું.

મેં કેવળી ભગવાનને પૂછ્યું ' ભગવન્ ! આ દુષ્ટ દેવ આપને પ્રાણાંત કષ્ટ આપવા શા સારૂ તૈયાર થયો હશે ? '

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એના જવાબમાં કેવળી ભગવાને પોતાનાં પૂર્વ જન્મોનો ઇતિહાસ કહ્યો:

ધાતકીખંડને વિષે, વિદેહક્ષેત્રમાં, ચંપાનગરીમાં પદ્મરાજા રાજ્ય કરતો હતો. તેને એક ભાઇ હતો; તેનું નામ સમરકેતુ. આ બન્ને ભાઇઓને જિનેંદ્ર ભગવાનનાં વચનોમાં ખૂબ શ્રદ્ધા હતી. બન્ને ધર્મપરાયણ અને નીતિમાન હતા.

પદ્મરાજા અને સમરકેતુની રાજસભામાં એક દિવસે કપિલ નામનો નાસ્તિક આવી ચડ્યો. તેણે જીવ, પુણ્ય, પાપ કે મોક્ષ જેવી કોઈ વસ્તુ નથી એમ કહેવા માંડયું. સમરકેતુએ એની એકે એક યુક્તિ તોડી નાખી. કાપલના મ્હોં ઉપર શરમની કાળી મેંશ ફરી વળી. સભાજનોએ પણ તેનો તિરસ્કાર કર્યો.

કપિલ એ વખતે તો ક્રોધને પી ગયો, પણ લાગ જોઇને સમરકેતુનું ખૂન કરવા બ્હાર પડયો. એક વાર હાથમાં ખડગ લઇ સમરકેતુ ઉપર હુમલો કરવા જતો હતો ત્યાં જ રાજપુરૂષોએ તેને પકડી પાડયો.

સમરકેતુ પાસે કપિલને ઉભો કરવામાં આવ્યો. શાસ્ત્રાર્થમાં પરાજય પામેલો માણુસ પાપનાં કેવાં ઉંડા કાદવમાં ખુંતી જાય છે ? સમરકેતુને કપિલ ઉપર દયાભાવ સ્ફુર્યો. તેણે કહ્યું " આજે તો હું તને કંઇ સજા નથી કરતો પણ એટલું કહું છું કે તારે આ રાજ્યની હદમાંથી નીકળી જવું " શરમ, ક્રોધ અને ઇર્ષાને લીધે જેનો આખો દેહ વિકૃત બની ગયો છે એવો કપિલ રાજ્યની હદ છોડી, ભિલ્લ લોકોના એક વસતિસ્થાનમાં ભરાઇ ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભાગ્યોદયવશાત્ પદ્મરાજા અને સમરકેતુને તીવ્ર વૈરાગ્ય ઉપજ્યો. પદ્મરાજાએ પોતાના પુત્રને ગાદી ભળાવી, સમરકેતુ સાથે દીક્ષા લીધી.

ભવ્યજનોનો ઉદ્ધાર કરતા, ધર્મનો પ્રચાર કરતા બન્ને રાજકુંવરો પૃથ્વીતલ ઉપર મુનિરૂપ વિચરી રહ્યા. ફરતા ફરતા એક વાર રત્નપુર જતાં, માર્ગની વિકટતાને લીધે તેઓ રસ્તો ભૂલી ગયા. ભીલ્લોની જે પલ્લીમાં કપિલ વસતો હતો ત્યાં જ એ બન્ને મુનિઓ જઇ ચડ્યા. કપિલે એમને ઓળખી લીધા.

પહેલાં તો કપિલે બહુ ભક્તિ અને વિનય દર્શાવ્યાં. મુનિરાજોને પોતાને ત્યાં લઇ ગયો, પરન્તુ તેના હૃદયમાં વૈરનું વિષ ઉછળતું હતું. તેણે મુનિરાજોના આહારમાં ઝેર ભેળવ્યું. વિશુદ્ધ સ્વભાવવાળા મુનિઓ એ ભોજન કરવા બેઠા એટલે પાસેના એક દેવે મુનિ પ્રત્યેના ભક્તિભાવને લીધે એ ઝેર હરી લીધું. આહારમાં ઝેર ભેળવવા છતાં મુનિઓને કંઇ ન થયું તેથી કપિલ મુંઝાયો. એક ઉપાય નિષ્ફળ જવાથી તેણે બીજો ઉપાય લેવાનો નિશ્ચય કર્યો.

સાંઝ પડી. કપિલ હાથમાં ખડગ લઇ મુનિરાજોનો વધ કરવા તૈયાર થયો. અંધકાર જામતો જતો હતો. પોતાને કોઇ પીછાની શકશે નહીં એમ ધારી કપિલ અંધારામાં બહાર નીકળ્યો. મુનિઓ ઉપર ખડગ ઉગામે છે એટલામાં જ એક દેવે દોડી આવી, એ જ ખડગવતી કપિલને બીજી નરકભૂમિમાં મોકલી દીધો.

પદ્મ અને સમરકેતુ એ બન્ને મુનિઓ ઘણા સમય સુધી નિરતિચાર ચારિત્ર પાળી શુભ પુણ્યના ઉદયથી સાધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં પદ્મનો જીવ એક સાગરોપમનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આયુષ ભોગવી, ઐરવત ક્ષેત્રમાં વિજયા નામની નગરીમાં ધ
ભૂતિ વણિકનો સુધર્મ નામે પુત્ર થયો. તે વિશુદ્ધભાવે ચા
પાળી ચંદ્રાર્જુન વિમાનમાં શશિપ્રભ નામે દેવ થયો
હે ભદ્ર ! વિદ્યુપ્રભ ! એ જ દેવ અત્યારે તારા વિમાનનો અ
પતિ છે, અને એની જ આજ્ઞાથી તું અમારી પાસે આવ્યો
સમરકેતુનો જીવ દેવભવનું આયુષ ભોગવીને ભરતક્ષેત્ર
કુશાગ્રનગરમાં ભદ્રકીર્ત્તિ રાજા અને સબંધુદત્તા રાણીને
ધનવાહન નામે અવતર્યો. ઉગતા ચંદ્રની જેમ તે કુમાર વૃ
પામવા લાગ્યો. પછી રાજ્યને યોગ્ય થવાથી પિતાએ પો
ચારિત્ર ગ્રહણ કરી ધનવાહનને રાજસિંહાસને અભિષેક કર્
ધનવાહને ઘણા વર્ષ લગી રાજધર્મનું પાલન કર્યું. એ
પણ મોહનિદ્રા સુભાગ્યે ટૂટી અને તે પોતાના પુત્ર નરવાહન
ગાદી સોંપી દીક્ષા લઇ ચાલી નીકળ્યો. વિદ્યુપ્રભ ! એ ધન
વાહન તે હું પોતે. આજે વિહાર કરતાં આ નગરમાં આ
ચડયો. અહીં એક રાત્રિની પ્રતિમાવડે હું ધ્યાનમાં રહ્યો હતો
કપિલનો જીવ, જે નરકયાતના ભોગવી મગધ દેશમાં સાસ
નામે આભીર થયો હતો અને ત્યાં અજ્ઞાન તપ કરી ઉપરૂ
નામે પરમાધામી દેવપણે ઉત્પન્ન થયો હતો તેણે જ પોતાન
પૂર્વવૈરને લીધે અહીં ઉપસર્ગનો સમારંભ કર્યો હતો.

ચિત્રવેગ ! એ પ્રમાણે એક પ્રશ્નનો ખુલાસો મળવાથી
મને મારા પોતાના વિષે કંઇક વધુ જાણવાની ઇચ્છા થઇ
તેથી મેં કેવળી ભગવાનને પૂછ્યું: :ભગવન્ મારો જન્મ ક્યાં
થશે અને મને ત્યાં જૈન ધર્મનો પ્રતિબોધ કોણ આપશે ?

કેવળી ભગવાને કહ્યું:-“ હે સુરોત્તમ ! તમે બાકી રહેલું
વીશ કોટાકોટી વર્ષનું આયુષ પુરૂં કરી હસ્તિનાપૂરને વિષે,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અમરકેતુ રાજાની માનીતી રાણી કમલાવતી દેવીની કુખે પુત્ર-પણે જન્મશો. પૂર્વભવનો વૈરી એક દેવ તમારી માતા સાથે તમારૂં હરણ કરશે. ચિત્રવેગ વિદ્યાધરેંદ્રને ત્યાં તમે મોટા થશો. મ્હારી પાસે આવતાં પહેલાં તમે જેને દિવ્યમણિ આપતા આવ્યા છે, એ જ તમારો પાલક પિતા બનશે. સુપ્રતિષ્ઠસૂરિ પાસે તમે ધર્મનો બોધ પામશો.”

એટલું સાંભળી લીધા પછી મેં કેવળી ભગવાનને પ્રદક્ષિણા-પૂર્વક વંદન કર્યું અને ત્યાંથી તમારી પાસે આવ્યો છું. હવે તમારે મને જે કંઇ આજ્ઞા કરવી હોય તે કહો.

“ સુરોત્તમ ! મારા હૃદયમાં હજી એક શલ્ય ખૂંચે છે, ” ચિત્રવેગે પોતાની દુઃખકથા કહેવા માંડી. “ સર્પોના પાશથી હું જે વખતે જકડાયેલો હતો અને મને દુઃખી જોઇ મારી સ્ત્રી જે કરૂણ વિલાપ કરી રહી હતી તે વખતની વેદના અને કલ્પાંત હું ભૂલી શકતો નથી. બીજું તો ઠીક પણ નભોવાહન રાજા મારી સ્ત્રીને ઉપાડી ગયો છે, તે બિચારી અત્યારે કેટલાં દુઃખ વેઠતી હશે ? હું મારા પોતાનાં દુઃખને તો ભલે ભૂલી જઉં, પણ એ કોમળાંગીનું શું થયું હશે ? મારા દુશ્મને એની કેટલી દુર્દશા કરી હશે ? ”

“ ચિત્રવેગ ! આક્રંદ કરતી એવી તમારી ભાર્યાને નભો-વાહન વિદ્યાધર અહીંથી સીધો ગંગાવર્ત્ત નગરમાં લઇ ગયો, અને ત્યાં પોતાના અંતઃપુરમાં ઉતારી. જે સ્ત્રીએ પોતાના પતિને નાગપાશથી વીંટાયેલો નજરોનજર નીહાળ્યો હોય, અને જેની બધી આશાઓ ભાંગી પડી હોય, જેને પરપુરૂષનો સ્પર્શ થયો હોય અને ફરી વાર પોતાના પતિના દર્શન થશે કે કેમ તેવો ઉદ્વેગ વર્તતો હોય તે સ્ત્રી રાજાના અંતઃપુરમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ શી રીતે સ્વસ્થ રહી શકે ? એને જીવન અસહ્ય દુઃખમ
થઇ પડયું, તેથી રીબાઇ રીબાઈને મરવા કરતાં અતિ ઉ
ઝેર ખાઇને તરતમાં જ આયુષનો અંત લાવવાનો નિશ્ચય ક
ઝેર ખાધું. ઝેરની અસરથી તે મૂચ્છિંત બની ગઇ.

નભોવાહન વિદ્યાધરે ઝેર ઉતારવા ઘણા ઘણા નિષ્ફ
પ્રયત્નો કર્યા. કેટકેટલા મંત્રશાસ્ત્રીઓ અને વૈદ્યશાસ્ત્રીઓ
બોલાવ્યા, પણ કનકમાળાની મૂચ્છા નવળી. એટલે આ શ
જેવી દેખાતી કનકમાળાને હવે તો અગ્નિદાહ દેવો એ જ ઠી
છે એમ માની નભોવાહને પોતાના પરિજનોને આજ્ઞા કરી
“ જાઓ, આ સ્ત્રીના દેહને સ્મશાનમાં લઇ જઇ બાળી મૂકો.

પરિજનોએ એ આજ્ઞાનું તરત જ પાલન કર્યું. તેઓ કનક-
માળાના દેહને સ્મશાનમાં લઈ ગયા અને ચિતા ખડકી,
અગ્નિ સળગાવ્યો.

પોતાની પ્રાણપ્રિયાની આવી શોચનીય સ્થિતિ સાંભળી
ચિત્રવેગ મર્માહત બની ગયો. એનું અંગે અંગ દુઃસહ વેદ-
નાને લીધે તૂટવા લાગ્યું. તે મૂચ્છા ખાઇ ધરતી ઉપર ઢળી પડયો.

હવે ટાઢું પાણી લાવી ચિત્રવેગના દેહ ઉપર સીંચ્યું.
શીતળ ઉપચારથી એની મૂચ્છા વળી તો ખરી, પરન્તુ પોતાની
સ્ત્રીના મરણના સમાચાર સાંભળી તે અર્ધો ગાંડા જેવો થઇ
ગયો. ઉપરાઉપર નિઃશ્વાસ અને અશ્રુ વર્ષાવી રહ્યો.

વિષયરાગ માણસની મતિને કેવી મુંઝવી નાખે છે ? આવો
મોહનો વિલાસ બુદ્ધિશાળીઓને પણ કેવો ઉન્મત્ત બનાવી મૂકે છે ?
આવાં અનેક વિચારો વિદ્યુપ્રભ-દેવના અંતરમાં ઉછળી રહ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" એક સ્ત્રીના મોહને લીધે તમે કેટલું દુઃખ પામો છો ? અને આવાં સંયોગ-વિયોગનાં દુઃખ તો કોણ જાણે આ જીવે સંસારમાં કેટલીયે વાર અનુભવ્યાં હશે ? પૂર્વભવમાં પણ તમે ચરિત્ર ગ્રહણ કર્યા પછી રાગદશાનો સંપૂર્ણ ત્યાગ કરી શકયા નહીં, અને આજે પણ એ જ રાગદશા તમને રોવરાવી રહી છે."

એ રીતે વિદ્યુપ્રભ આગળ બોલવા જતો હતો તેટલામાં જ ચિત્રવેગની જમણી આંખ ફરકી. તે બોલી ઉઠયો " સુરોત્તમ ! તમારૂં કહેવું મને બરાબર સમજાય છે. મારે રાગબુદ્ધિનો ત્યાગ કરવો જોઇએ, અને એમ કરૂં તો જ હું સ્વસ્થપણે જીવી શકું એ વિષે મને મુદ્દલ શંકા નથી. પરંતુ આટલા ગંભીર દુઃખને સમયે પણ મારૂં જમણું નેત્ર કાં ફરકયું ? અને તમે પણ જાણે કે મનમાં ઉંડે ઉંડે હસી રહ્યા હો એમ મને કેમ લાગે છે ? "

વિદ્યુપ્રભ પોતાના હાસ્યને છુપાવી શકયો નહીં. તેનાથી ખડખડાટ હસી જવાયું. હસતાં હસતાં વિદ્યુપ્રભે ચિત્રવેગની પાછળ જોયું અને અકસ્માત્ ચિત્રવેગની દ્રષ્ટિ પણ ત્યાં જ વળી. જોયું તો સર્વાંગે અલંકારોવતી સુસજ્જિત કનકમાળા ઉભી હતી.

" શું ખરેખર જ આ કનકમાળા છે ? નભોવાહન જેને હરી ગયો હતો અને પરિજનોએ જેને સ્મશાનમાં ચિતામાં સુવાડી બાળી મૂકી હતી તે જ આ કનકમાળા છે ? કે આ કોઇ દેવતાઇ ઇન્દ્રજાળ છે ? સુરોત્તમ, મારી દુરવસ્થાની હાંસી ન કરશો. જે સત્ય હકીકત હોય તે જ કહો."

વિદ્યુપ્રભે કહ્યું: " હે સુભગ ! ખરેખર એ કનકમાળા જ છે. હું જ તેને અહીં સુધી લઈ આવ્યો છું "

" પણ તમે હમણાં જ કહ્યું હતું કે એના દેહને તો ચિતા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર નાખી અગ્નિદાહ પણ દઇ દીધો. અગ્નિદાહ પછી એ શી જીવતી રહી શકી એ નથી સમજાતું." ચિત્રવેગે અતિ ગભરા અવાજે પૂછ્યું.

" પહેલાં તમે મારી હકીકત સાંભળો. કેવળી ભગવાન પા હું જ્યારે અહીં પાછો ફરતો હતો ત્યારે મેં તમારી અત્યારે શું સ્થિતિ છે તે જાણવા અવધિજ્ઞાનનો ઉપયોગ મ એ વખતે તેણીએ વિષ-પ્રયોગ કરી વાળ્યો હતો. નભોવ બોલાવેલા મંત્રશાસ્ત્રીઓ વિષ ઉતારવા તનતોડ પ્રયત્ન રહ્યા હતા. મેં તત્કાળ ગંગાવર્ત નગરમાં જઇ વિષને ક માળાના દેહમાંજ થંભાવી દીધું. મંત્રની બધી શકિત નિ નીવડી. મંત્ર-તંત્રવાદીઓએ જાણ્યું કે હવે આ ઝેર ઉતર એટલે તેઓ રાજાની આજ્ઞાથી એને સ્મશાનમાં લઇ ગ એમણે જેવી ચિતા ખડકી અને અગ્નિ સળગાવ્યો કે તર મેં કનકમાળાના વિષનો અપહાર કરી તેને ત્યાંથી ઉપાડી લી અહીં સુધી તે મારી સાથે જ આવી છે. મેં તમને એ જાણી જોઇને ન કહી; કારણ કે હું જોવા માગતો હતો તમારી રાગદશા આટઆટલી આફત પછી પણ જરી યે મ પડી કે નહીં ? હવે મને ખાત્રી થઇ ચૂકી કે હજી તમ મોહ મજબૂત છે."

ચિત્રવેગે શાંતિસૂચક એક મ્હોટો નિઃશ્વાસ મૂકયો. તે મુખ ઉપર પ્રફુલ્લતાની દિવ્યતા પથરાઈ.

" ખરેખર હે દેવ ! તમે મારી ઉપર બહુ મોટો ઉપક કર્યો છે. કનકમાળામાં જ ખરેખર પ્રાણ આવી વસ્યા હ જો હું એને જીવતી ન ભાળત તો મારા દેહની શી દશા થ તે હું કહી શકતો નથી. મિત્ર હો તો તમારા જેવા જ હો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમે જ મને જીવનદાન આપ્યું છે એમ હું માનું છુ.” ચિત્રવેગે ઉપકારના શબ્દો ઉચ્ચાર્યા.

“ પરંતુ હજી મારે તમને એક-બે વાતો કહેવાની રહે છે. પહેલું તો એ જ કે નભોવાહન રાજા તમને હવે કંઇ ઉપદ્રવ કરી શકે એમ નથી. કારણુ કે તે અભિમાનમાં એવો આંધળો બની ગયો હતો કે તે પોતાની મર્યાદા જોઇ શકયો નહીં અને તેથી તેની બધી વિદ્યાઓનો વિચ્છેદ થયો છે. બીજું, હજી તમારૂં હરણુ થવાનું છે અને કેવળી ભગવાને ભાખ્યું છે તેમ તમે વિદ્યાધરોને વિષે વિદ્યાધરેંદ્ર થવાના છો તમારી ઉપરવટ થઇને કોઇની શક્તિ કે સત્તા ચાલી શકશે નહીં. બધા વિદ્યાધરો તમારી આજ્ઞાને અનુસરશે. એ વિષેનો સર્વ બંદોબસ્ત મારે જ કરવાનો છે, માટે ચાલો, આપણે વૈતાઢ્ય પર્વતમાં સિદ્ધકૂટ ઉપર જઇ, જીનેંદ્ર ભગવાનનો અઠ્ઠાઇ મહોત્સવ ઉજવીએ. ધરણેંદ્રને પ્રાર્થના કરી તેની પાસેથી વિદ્યાધરની સર્વ વિદ્યાઓ હું તમને ત્યાં અપાવીશ” એમ કહી સુરોત્તમ ચિત્રવેગની સાથે જવા તૈયાર થયો.

વાચકને સ્મરણુ જ હશે કે હસ્તિનાપુરનો શ્રેષ્ઠી પુત્ર-ધનદેવ કુશાગ્રપુર જવા નીકળ્યો છે. માર્ગમાં એક અટવીને વિષે ભીલ્લ લોકો એની ઉપર તેમજ સંઘના બીજા માણુસો ઉપર આક્રમણુ કરે છે. ધનદેવ એકલો હોવાથી ભીલ્લો તેને પકડી પોતાના પલ્લીપતિ પાસે લઇ જાય છે. પલ્લીપતિના પુત્રને જ એક વેળા આ ધનદેવે બચાવ્યો હતો એમ જાણુતાં પલ્લીપતિ તેનું બહુ સન્માન કરે છે અને વિદાય આપતી વખતે એક દિવ્ય મણિ ધનદેવને ભેટ ધરે છે. એ દિવ્ય મણિ શી રીતે પ્રાપ્ત થયો એનો ઇતિહાસ સુપ્રતિષ્ઠ સંભળાવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" બહુ પુણ્ય કર્યાં હોય તો જ મનુષ્યને આવો અલૌ[illegible] મણિ મળે. એ દેવોની દોલત છે. એનામાં સમગ્ર દોષ [illegible] ઝેર માત્રનું નિવારણ કરવાનું સામર્થ્ય છે. " સુપ્રતિષ્ઠે દિ[illegible] મણિના ઇતિહાસનો ઉપસંહાર કરતાં ટુંકામાં જ કહ્યું.

ધનદેવે સ્નેહથી સમર્પાએલી ભેટ આનંદ સાથે સ્વીકા[illegible] અને કહ્યું " દિવ્ય મણી કરતાં પણ આપે મારા પ્રત્યે [illegible] સ્નેહ અને મમતા બતાવી છે તેનું મૂલ્ય મારે મન [illegible] વધારે છે. "

" તો એક વચન આપતા જાઓ. " સુપ્રતિષ્ઠે સ્ને[illegible] ગળગળા અવાજે ઉચ્ચાર્યું.

" ખુશીથી કહી નાખો " ધનદેવે એટલી જ ભદ્રિક[illegible] પૂર્વક જવાબ આપ્યો.

" આપને હું અહીં વધુ વખત રોકવા નથી માગતો, [illegible] મ્હારી અભ્યર્થના એટલી જ છે કે વળતી વખતે આપે આ મા[illegible] થઇને જ જવું અને મારૂં આતિથ્ય સ્વીકારવું એવું વ[illegible] આપતા જાઓ." સુપ્રતિષ્ઠે સ્નેહનો છેલ્લો ઉભરો ઠલવ્યો,

" અમારા માટે આ માર્ગ સિવાય બીજો કોઇ ર[illegible] રસ્તો નથી. એટલે તમને મળ્યા વિના તો અમારાથી [illegible] શકાય એમ જ નથી, છતાં હું આપને ખાત્રી આપું છુ[illegible] અમે તમને અહીં જરૂર મળશું. " ધનદેવે સુપ્રતિષ્ઠ[illegible] કહેણ સ્વીકાર્યું.

બીજા દિવસનો પ્રાતઃકાળ થતાં ધનદેવે પ્રયાણ કર્યું[illegible] પલ્લીપતિ સુપ્રતિષ્ઠ પણ થોડે દૂર સુધી સાથે જઇ વળાવ[illegible] પાછો ફર્યો. ધનદેવ જતાં સુપ્રતિષ્ઠાના અંતરમાં સ્નેહને અ[illegible] ઘણું લાગી આવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધનદેવ કુશળપણે કુશાગ્રનગરમાં પહોંચ્યો. નરવાહનને રાજાની હજુરમાં જઈ ઉચિત ભેટ વિગેરે ધર્યાં તેથી રાજા પણ એનો વિનય જોઇ પ્રસન્ન થયો.

જોતજોતામાં ધનદેવની પ્રતિષ્ઠા જામી ગઇ. ભલભલા વેપારીઓ સાથે તેને સ્નેહસંબંધ બંધાયો. ખાસ કરીને સાગર શ્રેષ્ઠીના પુત્ર શ્રીદત્ત સાથે તેને ગાઢ મૈત્રી થઇ. સહોદરની જેમ તેઓ સાથે ને સાથે જ રહેવા લાગ્યા.

એક દિવસે શ્રીદત્તે બહુ આગ્રહ કરીને ધનદેવને પોતાને ત્યાં ભોજન માટે આમંત્રણ કર્યું. શ્રીદત્તને એક બ્હેન હતી, તેનું નામ શ્રીકાંતા હતું.

શ્રીકાંતાના અંગમાં યૌવનનો સંચાર થઇ ચૂકયો હતો. ધનવાહન જમવા બેઠો એટલે તેને પીરસવાનો ભાર શ્રીકાંતા ઉપર આવ્યો. ધનવાહન અને શ્રીકાંતા આજસુધી તો માત્ર નામથી જ પરસ્પરને ઓળખતાં હતાં, પણ આજના સમાગમે તેમના અંતરમાં મોહનું એક મોટું તોફાન ઉપજાવ્યું.

"જગતમાં ખરૂં કન્યા-રત્ન જો કોઈ હોય તો તે આ જ! માગણી કર્યા વિના એ રત્ન મને શી રીતે મળે? માગણી કરૂં અને નામંજુર થાય તો પછી જીવીને શું કરવું?" જમતાં જમતાં ધનદેવ વિચારના તરંગે ચડ્યો.

ભોજનવિધિ પૂરી થતાં ધનદેવ પોતાના ઉતારા તરફ ગયો, પણ હૃદય તો શ્રીકાંતા પાસે જ મૂકતો ગયો. ધનદેવના જેવી જ શ્રીકાંતાની પણ સ્થિતિ થઇ. તેને લાગ્યું કે કોણ જાણે એક અતિથિ કયાંઈથી આવી ચડયો અને સ્વસ્થ ચિત્તને ચંચળ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બનાવી ચાલ્યો ગયો. અંતરની અસહ્ય વેદનાને શાંત ક
શ્રીકાંતા પોતાના ગૃહોદ્યાનમાં એક કદલીગૃહની છાયા નીચે
સૂઇ ગઇ. એને અત્યારે પોતાના શરીરનું પણ ભાન ન
એટલામાં એક કૃષ્ણ સર્પે દરમાંથી બ્હાર આવી તેણીના હા
ડંખ માર્યો.

સર્પદંશની વેદના થતાં જ શ્રીકાંતાના મુખમાંથી એક કા
ચીસ નીકળી પડી. એના માતા-પિતા-ભાઇ વિગેરે તત્કાળ
આવી પહોંચ્યા. વિષની અસરને લીધે શ્રીકાંતા અવાચક
ગઇ. નેત્રો મીંચાઇ ગયાં.

મંત્રશાસ્ત્રીઓએ મંત્રોપચાર શરૂ કર્યા, વૈદ્યશાસ્ત્રીઓ
જડી-બુટ્ટીના પ્રયોગ અજમાવવા માંડ્યા, ગારૂડિકોએ પોત
પદ્ધત્તિ પ્રમાણે ઝેર ઉતારવા માથાકુટ આદરી; પરંતુ એકે ઉ
ફલિભૂત થતો હોય એમ ન જણાયું. શ્રીમતી, પુત્રી તર
અત્યાધિક સ્નેહને લીધે આક્રંદ કરવા લાગી. હા ! દૈવ !
નિરપરાધી બાળાએ તારૂં શું બગાડયું હતું ? એમ કહી તે
ઉપાલંભ આપી રહી.

સાગરશ્રેષ્ઠીએ તેને ધીરજ આપતાં કહ્યું: " આમ વ્યર્થ
શા સારૂ કરે છે ? એક નૈમિત્તિકે પહેલાં જે ભવિષ્ય ભાખ્યું
તે યાદ કર. આ સર્પદંશમાં ભાવીનો કોઇ એક ગુપ્ત સંકેત
સુમતિ નામના નૈમિત્તિકનું કોઈ કથન હજી સુધી ખોટું
પડયું. શ્રીકાંતાના વિષયમાં પણ એ ખરૂં જ પડવું જોઇએ

એટલું છતાં આફતને વિષે માણસની મતિ મુંઝાઇ જા
તેમ શ્રીકાંતાના પરિવારમાં શોક, ઉદ્વેગ અને ચિંતાનાં
ઘેરાયાં. પટહઘોષણા કરાવી દરેકે દરેક ગારૂડીને મોટા લા
આશાએ બોલાવવામાં આવ્યો; પણ શ્રીકાંતાનું વિષ ન ઉ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલામાં ધનદેવ ત્યાં આવ્યો. શ્રીદત્તે મૂળથી માંડી બધી વાત કહી સંભળાવી. વાત કહેતાં કહેતાં બ્હેન તરફના મમત્વને લીધે તેની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યા.

“ એમ નાહિમ્મત થવાની જરૂર નથી. ચાલો, હું પણ મારો ઉપાય અજમાવી જોઉં. ” ધનદેવે આશ્વાસન આપ્યું અને બન્ને મિત્રો શ્રીકાંતા મૂર્છાવસ્થામાં પડી હતી ત્યાં પહોંચ્યા.

સુપ્રતિષ્ઠ રાજકુમારે જે દિવ્ય મણિ ધનદેવને આપ્યો હતો તે મણિનું જળ ધનદેવે શ્રીકાંતાના અંગ ઉપર છાંટયું. પ્રભાવશાલી પાણીનો સ્પર્શ થતાં જ શ્રીકાંતા જાણે ગાઢ નિદ્રામાંથી જાગતી હોય તેમ પથારીમાંથી ઉઠીને બેઠી થઇ ગઇ. શુક્લધ્યાનના પ્રભાવે, મોહનીય કર્મ નાશ પામે તેમ દિવ્યમણિના પ્રભાવથી શ્રીકાંતાનું કાતીલ ઝેર ઉતરી ગયું. સાગરશ્રેષ્ઠીના સમસ્ત પરિવારમાં આનંદોલ્લાસના તરંગ વહી નીકળ્યાં.

નૈમિત્તિકનું કથન અક્ષરશઃ સત્ય નીવડયું. સાગરશ્રેષ્ઠીએ મોટા સમારોહપૂર્વક પોતાની પુત્રીના લગ્ન ધનદેવ સાથે કરી દીધા.

તે પછી ધનદેવના દિવસો પાણીના પ્રવાહની જેમ આનંદ-પ્રમોદમાં વ્યતીત થતા ચાલ્યા. ધનદેવ અને શ્રીકાંતા વચ્ચેનો પ્રેમસંબંધ રોજ રોજ પરિપાક પામતો ચાલ્યો. પોતે પરદેશમાં છે અને વ્યાપાર અર્થે જ અહીં વસે છે એ વાતનું પણ તેને સ્મરણ ન રહ્યું.

તેની સાથેના માણસો જયારે દેશમાં જવાની ઉતાવળ કરવા લાગ્યા ત્યારે ધનદેવે સ્વદેશમાં જવાની તૈયારી કરવા માંડી.

સાગરશ્રેષ્ઠીએ પોતાના જમાઇ અને પુત્રીને પુષ્કળ દ્રવ્ય-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સામથી સમર્પી વિદાયગીરી આપી. શુભ મુહૂર્તે ધનદેવનો
હસ્તિનાપુર જવા નીકળ્યો.

ક્રમે ક્રમે ધનદેવ સિંહગુહા પાસે આવી પહોંચ્યો. પલ્લીપ
આપેલું વચન તે ભૂલ્યો ન હતો. તેણે વિચાર કર્યો " અહીં લાં
સમય રોકાવાનું નથી, પણ એક વાર સુપ્રતિષ્ઠ જેવા મિત્રને જ
મળી લેવું જોઈએ. " એટલે તે પોતની સાથે થોડા માણસોને
સિંહગુહાના સીમાડામાં દાખલ થયો.

અહીં તેણે શું જોયું ? આગથી બળી ગએલાં ગાય-ભેંસ અ
પ્રાણીઓનાં હાડકાઓનાં ઢગલા પડ્યા હતા. શસ્ત્રથી હણાએ
સૈનિકોના મુડદાઓમાંથી ત્રાસદાયક દુર્ગંધ નીકળતી હવ
મનુષ્યોનાં હાડપીંજર જ્યાં ત્યાં રઝળતાં હતાં. કેટલીક સ્ત્રીઓ
બાળકોને બચાવતાં બળીને રાખ થઈ ગઇ હોય એવાં રોમાં
જનક દૃશ્યો દેખાતા હતા.

સિંહપલ્લીની આવી દુરવસ્થા જોઇ ધનદેવને સખત આઘ
થયો. " આવી સુંદર પલ્લી કોણે આટલી નિર્દયપણે બાળી ના
હશે ? " ધનદેવે પોતાના મનને પ્રશ્ન કર્યો. કોઇ માણસ એ
ન હતું કે જે તેનો ખુલાસો કરી શકે.

" ધનદેવ ! હું તમને ઓળખું છું. તમે જરા મારી પ
આવો. હું તમને અમારા દુર્દૈવની કહાણી સંભળાવવા માટે
અત્યાર સુધી જીવતો રહ્યો છું. " એક હાડપીંજર જેવા દેહમાં
એકાએક શબ્દો સંભળાયા. એ દેહ દેવશર્માનો હતો. ધનદેવે ચ
ઓળખ્યો. દેવશર્માએ પોતાની વીતક-કથા કહેવા માંડી:

"તમે જોઈ શકો છો કે મારા બન્ને પગ કપાઇ ગયા છે. શસ્ત્ર
ઉપરાઉપરી ઘા પડવાથી હું છેક અશક્ત બની ગયો છું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલું બોલતામાં તેના કંઠે શોષ પડ્યો. ધનદેવે તેને પાવા સારૂં થોડું પાણી મંગાવી એના મ્હોંમાં સીંચ્યું.

" પણ આવો જુલમ કોણે–શા સારૂ કર્યો ? " ધનદેવની જાણવાની વૃત્તિ તિવ્ર બની.

" આજથી ત્રીજા દિવસ ઉપર સિધ્ધપુર નગરમાંથી એક માણુસ આવ્યો. " દેવશર્માએ સિંહપલ્લીની દુર્દશાનો વૃતાંત સંભળાવવા માંડયો. "એ માણુસે પોતાનો સુમતિ મંત્રીના સંદેશ-વાહક તરિકે પરિચય આપ્યો અને કહ્યું કે મંત્રીએ સુપ્રતિષ્ઠ –કુમારને ખૂબ સાવધાન રહેવાનું જણાવ્યું છેઃ હકીકત એવી છે કે સુગ્રીવરાજાને, વિષયસુખમાં બહુ આસક્ત રહેવાથી ક્ષયરોગ લાગુ પડ્યો છે. દિવસે દિવસે તેમની ક્ષીણુતા વધતી જાય છે. રાજ્યનું કંઇ કામ કરી શકતા નથી. સુરથકુમાર ધારે તો રાજ્યની વ્યવસ્થાનો ભાર લઇ શકે, પણ તેની પાસેથી એવી આશા રાખવી નકામી છે; કારણ કે તે પણ વ્યસનના પાશમાંથી બચી શકયો નથી. વ્યસની માણુસને અને સંયમને પહેલેથી આડવેર હોય છે. સુરથકુમાર સ્વચ્છંદી બન્યો છે. પ્રજા પણ એના સ્વચ્છંદથી ગળે આવી ગઇ છે. રાજ્યના વફાદાર સામંતોના દિલમાં અસંતોષ ધુંધવાઇ ઉઠયો છે. સૌ કોઇ માને છે કે અત્યારે સુપ્રતિષ્ઠ કુમાર હોય તો જ પ્રજાને સુખશાંતિ અને સંતોષ આપી શકે. પ્રજા અને સામંતો એની હાજરી વાંછે છે. કનકવતીને એ વાતની ગંધ આવી ગઇ છે, તેથી તેણીએ સુપ્રતિષ્ઠ કુમારરૂપી કાંટો ઉખેડી નાખવા માટે મોટા સૈન્યની તૈયારી કરી છે, એ સૈન્ય કયારે હલ્લો કરે તે કહી શકાય નહીં, માટે તમારે (સુપ્રતિષ્ઠને) ખૂબ સાવચેત રહેવું.

" સુપ્રતિષ્ઠ હજી બચાવની તૈયારી કરે તે પહેલાં જ રથ, ઘોડા અને પાયદળ સૈન્યનાં ધાડાં વંટોળીયાની જેમ અહીં આવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ચડ્યાં. તેમણે પલ્લી ફરતો ઘેરો ઘાલ્યો. અહીંના-પલ્લીના ભી
કંઈ કાયર માણસો તો નહોતા જ. તેમણે પોતાનો છેલ્લો શ્
જતાં સુધી પલ્લીનું સંરક્ષણ કર્યું. શત્રુઓ બળવાન હતા,
મ્હોટી સંખ્યામાં હતાં. અમારા ઘણા ભીલ્લો માર્યા ગયા. આ
અમે હાર્યા. દુશ્મનોએ પલ્લીનો કબજો લીધો. સારી સારી વસ્
લુંટી લઇ સિંહગુહાને આગ લગાડી. કેટલાકો નાસી છૂટયા અને મ
શી દશા થઈ તે તો તમે પ્રત્યક્ષણે જોઇ શકો છો."

"પણ-પછી, સુપ્રતિષ્ઠનું શું થયું ?" ધનદેવે ગળ
અવાજે પ્રશ્ન કર્યો "હું દિલગીર છું કે હું તે સંબંધમાં
સમાચાર મેળવી શક્યો નથી." દેવશર્માએ મહામહેનને જવ
આપ્યો. તે ખૂબ થાકી ગયો હતો, અથવા ધનદેવને આવ
ઇતિહાસ સંભળાવવા સારૂ જ જીવતો રહ્યો હતો એમ કહીએ
પણ ચાલે. એણે આંખો બંધ કરી લીધી અને ધનદેવને મ
લાગ્યું કે હવે સુપ્રતિષ્ઠનો આ વફાદાર નોકર વધુ વખત જી
શકશે નહીં, તેથી તેણે પવિત્રભાવે એના કાનમાં નવકારમ
સંભળાવ્યો. દેવશર્મા અંતિમ અવસ્થાને વિષે શ્રદ્ધાપૂર્વક પં
પરમેષ્ઠિના પદનું ધ્યાન ધરી રહ્યો.

થોડીવારે ધનદેવે જોયું તો દેવશર્મા શોષને લીધે વ્યાકુ
જેવો દેખાતો હતો. તેણે પાણીના થોડાં ટીપાં એના મ્હોમાં
ખવાનો પ્રયત્ન કર્યો પરંતુ પાણી કંઠની નીચે ઉતર્યું નહીં. દે
શર્મા પોતાના દેહનો ત્યાગ કરી પરલોકમાં પહોંચ્યો

કયાંઈ સુધી ધનદેવ વિચારમાં ને વિચારમાં ત્યાં જ બેસી રહ
સુપ્રતિષ્ઠના દેહને શોધી કાઢવા તેણે આસપાસ માણસો દોડાવ્
પણ એના હાડપીંજરનો પત્તો ન મળ્યો. દેવશર્માના મૃ
દેહનો અગ્નિસંસ્કાર કરી તે પોતાના સ્થાને પાછો ફર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રમણીય પલ્લીની ઉજજડતા અને પાયમાલી જોઇ ધનદેવ ઘણો જ નિરાશ થઇ ગયો. સુપ્રતિષ્ઠને સંભારી તે અત્યંત સંતાપ અનુભવવા લાગ્યો. ઘડીકમાં સુપ્રતિષ્ઠની સજ્જનતાને યાદ કરે, ઘડીકમાં દૈવની કુટીલતા તરફ રોષ દાખવે તો ઘડીક પછી કનકવતીની નીચતા સંભારી નિઃશ્વાસ નાખે.

"સુપ્રતિષ્ઠનું શું થયું હશે ?" એ વિચારે ધનદેવનો પીછો ન છોડયો " કનકવતીએ સુપ્રતિષ્ઠ જેવા સરલ માણસને આ પ્રમાણે શા સારૂ પજવ્યો હશે ? એને આ પલ્લીના માણસોનો સંહાર વાળતાં કંઇ જ દયા નહીં આવી હોય ? પણ આ આખી ઘટનામાં કોઇ એક વ્યક્તિને દોષ દેવો નકામો છે. વિધિની લીલા પાસે માણસનું શું ચાલે ? બુદ્ધિમાન માણસો પણ ભૂલે તો પછી કનકવતીનું તો શું ગજું ? આવા વિચારો કરતાં ધનદેવ હસ્તિનાપુર તરફ ચાલ્યો. "ખરેખર જ શું સુપ્રતિષ્ઠ મૃત્યુ પામ્યો હશે ? " એ પ્રશ્નનો ખરો ખુલાસો તે મેળવી શકયો નહીં.

હસ્તિનાપુરમાં માતાપિતાએ, મિત્રોએ અને સગાસ્નેહીઓએ ધનદેવનું બહુ સારૂં સ્વાગત કર્યું. મોટી ધામધૂમ સાથે સુમુહૂર્ત્તે ધનદેવ અને શ્રીકાંતાનો નગર–પ્રવેશ કરાવ્યો.

કાંતા અને કમલાવતી દેવી વચ્ચે ન્હાનપણથી જ મૈત્રી હતી એ વાત વાચકો જાણે છે. કમલાવતી અને કાંતાએ બન્નેએ કુશાગ્રપુરની ભૂમિમાં જ પોતાના બાળપણના દિવસો વીતાવ્યા હતા. હસ્તિનાપુરમાં આવ્યા પછી કાંતાને કુદરતી રીતે જ પોતાની વ્હાલી સખીનું સ્મરણ થયું. તે કમલાવતી રાણીને મળવા રાજપ્રાસાદમાં ગઇ. નિર્મળ સ્નેહના સંસ્કારો કાળના પ્રવાહ વચ્ચે પણ કદિ ભૂંસાતા નથી. કમલાવતીએ પોતાની બ્હેનપણીને તરતજ ઓળખી લીધી અને તેને બહુમાન સાથે પોતાની પાસે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બેસારી ઘણી ઘણી સુખ–દુઃખની વાતો કરી. બન્ને સખીઓ એક જ શહેરમાં શ્વસુરવાસ મળ્યો છે તે જાણી તેમને ઘણો સંતોષ થયો.

ક્રમે ક્રમે કમલાવતી અને કાંતા વચ્ચે ગાઢ પ્રીતિ બંધાઈ. કોઈ દિવસ એવો ભાગ્યે જ જતો હશે કે જે દિવસે કાંતા કમળાવતીને મળવા અથવા એક–બીજાને ત્યાં નહીં જતી હોય. એ પ્રમાણે વર્ષો વીતતા ચાલ્યા.

એક રાત્રિએ શ્રીકાંતા ઋતુસ્નાન કર્યા પછી સ્વામીની પાસે જ શય્યામાં સૂતી હતી. રાત્રિનો છેલ્લો પ્રહર ચાલતો હતો. એટલામાં તેણીએ એક સ્વપ્ન જોયું: "સ્વચ્છ–કાંતિમાન–નિષ્કલંક ચંદ્ર જાણે પોતાના મુખને વિષે પ્રવેશ કરતો હોય" એવો એને અનુભવ થયો. શ્રીકાંતા સ્વપ્ન જોયા પછી શાંતિથી પથારીમાંથી ઉઠીને બેસી અને પોતાના પતિદેવને જગાડી સ્વપ્ન સંબંધી વૃતાંત કહી સંભળાવ્યો.

ધનદેવે સ્વપ્નની વિગત સાંભળી જવાબ આપ્યો: "હે સુંદરી! એ સ્વપ્ન બહુ સારો યોગ સૂચવે છે. સ્વપ્ન ઉપરથી જણાય છે કે સમસ્ત વણિકવર્ગમાં ઉત્તમ એવો તમને એક પુત્ર થશે." શ્રીકાંતાને સ્વપ્નનો આ પ્રકારનો અર્થ સાંભળી અત્યંત આનંદ થયો.

સ્વપ્નવાળી રાત્રિએ જ ગર્ભની સ્થિતિ બંધાઈ અને બે મહિના પસાર થયા પછી ત્રીજા મહિનાના આરંભમાં શ્રીકાંતાને અભયદાન આપવાનો દોહલો ઉત્પન્ન થયો. ધનદેવે પોતાની સ્ત્રીનો એ મનોરથ પૂર્ણ કર્યો, એટલું જ નહીં પણ જ્યારે જ્યારે જે દોહલો ઉપજે તે પૂર્ણ કરવામાં તેણે પોતાનું કર્તવ્ય જ માન્યું.

એ રીતે ગર્ભકાળ પૂરો થતાં, જે વખતે શુભ ગ્રહો ઉચ્ચ સ્થિતિમાં હતા તે વેળાએ શ્રીકાંતાએ પુત્રનો જન્મ આપ્યો.

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય.

(૧૦)

શ્રીકાંતા.
ધનધર્મ શ્રેષ્ઠી.
મનોરમા
કમલાવતી.
શ્રીદેવ- ધનદેવનો પુત્ર.
વિદ્યુપ્રભ દેવ.
સમરપ્રિય- એક સુભટ.
શ્રીદત્ત.

### દશમ પરિચ્છેદ.

પુત્રનો જન્મ તો ધનદેવને ત્યાં થયો પણ શહેરમાં એ વધામણી ફેલાતાં જ ઘરે ઘરે મંગળ-ઉત્સવ મંડાયા. ધનધર્મ શ્રેષ્ઠીએ વધામણી લઇ આવનારને ધન-ધાન્યથી સારી પેઠે નવાજ્યા. ગામની કુળવધૂઓ હાથમાં અક્ષતના થાળ લઇ શ્રેષ્ઠીને ત્યાં આવવા લાગી. ધનદેવના મિત્રો અને તેમની પત્નીઓના અવર-જ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વરથી શ્રેષ્ઠીનો મહેલ આનંદ-ઉત્સવના એક મુખ્ય કેંદ્રસ્થાન જેવો બન્યો. કુશળ સંગીતશાસ્ત્રીઓ અને નટ-નટીઓના સંગીત તથા નૃત્યના પૂર શહેરભરમાં ફરી વળ્યા.

ચૈત્ર-જન્મોત્સવ ઉજવવા ધનધર્મ શ્રેષ્ઠીએ અમારી-પડહ વગડાવ્યો. કયાંઈ પણ જીવહિંસા ન થાય એવી ગોઠવણ કરી, બંદીજનોને કેદખાનામાંથી મુક્ત કરાવ્યા અને દીન-દુઃખી કે અનાથને દાન આપવા સારૂ પોતાના ધનભંડાર ખુલ્લા મૂકી દીધા. જેટલા જેટલા જિનમંદિરો હતાં ત્યાં સ્નાત્રાદિક મહોત્સવોનો પ્રારંભ કરાવ્યો અને મુનિસમુદાયને ઉત્તમ વસ્ત્ર-પાત્ર અને પુસ્તકાદિથી અભિવંદ્યા. પોતાના સ્વજનોના સ્વાગત માટે તો કંઇ પૂછવા જેવું જ ન હતું. મહોલ્લે મહોલ્લે નાગરિકોને સારૂં ઉત્તમ ભોજનાદિની વ્યવસ્થા કરવામાં આવી. એક રાજાને ત્યાં કુંવર અવતરે અને જેટલો ઉત્સવ થાય તેના કરતાં ઘણો વધારે ઉત્સવ વર્તી રહ્યો.

બાળક બાર દિવસનો થયો એટલે ધનદેવ પોતે કીંમતી ભેટો લઇને નગરના રાજા પાસે હાજર થયો અને ભેટ ધરી રહ્યા પછી રાજા અને રાણીને ખૂબ જ પ્રેમપૂર્વક પોતાને ત્યાં પધારવા વિનતિ કરી.

મહારાજાએ પણ એટલા જ સ્નેહથી એ આમંત્રણ સ્વીકાર્યું અને કહ્યું, " રાજ્યની ઋદ્ધિ અને વૈભવ એ બધો શેઠનો જ પ્રતાપ છે. આ રાજ્ય એમનું જ છે છતાં જયારે તમે આટલા આગ્રહથી અમને આમંત્રો છો તો અમારે આપને ત્યાં આવવું એ અમારૂં કર્તવ્ય છે. " મહારાજાના એકેએક શબ્દમાં આત્મીયતા પ્રકટ થઇ.

રાજાનો ઉપકાર માની ધનદેવ ઘેર પાછો વળ્યો અને તત્કાળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહારાજા તથા મહારાણીને યોગ્ય ઉત્તમ ભોજનાદિની સામગ્રી એકઠી કરાવવા માંડી.

બરાબર સમય થતાં જ ભૂપતિ, ઉત્તમ હાથણી ઉપર બેસી મોટી ધામધૂમ સાથે શેઠના મકાન પાસે ઉતર્યાં. બંદીજનોની બિરદાવલી આકાશમાં ગુંજી ઉઠી. પ્રજાજનોમાંના કેટલાકો માંગલિકના શબ્દોથી મહારાજાને અભિનંદન આપવા લાગ્યા.

શ્રેષ્ઠીએ મહારાજાને સારૂં, અગાઉથી જ મુકતાફલરચિત એક ચતુષ્કોણ સિંહાસન તૈયાર કરાવી રાખ્યું હતું, તેના ઉપર મહારાજા બિરાજ્યા. બાળાઓએ ફુલહાર–તિલક વિગેરેથી મહારાજાને બહુ માન આપ્યું. પ્રાથમિક વિધિ પૂરી થયા પછી મહારાજા અને મહારાણી ભોજન કરવા બેઠા.

ઉચિત અવસર જોઇ ધનદેવે મહારાજાને કહ્યું: " મહારાજ ! આપ તો જાણો છો જ કે મહાદેવી અને શ્રીકાંતા બાળપણથી જ સાથે રહ્યા છે- સાથે રમ્યા છે–સાથે જ ભણ્યાગણ્યા અને ઉછર્યા છે. અમારી કોમના રીવાજ પ્રમાણે દરેક નવવધૂ પ્રથમ પ્રસૂતિ સમયે પોતાના પિતૃગૃહે જ જાય છે; પણ કેટલાક કારણોને લીધે અમારે ત્યાં એમ બની શકયું નથી. મહાદેવીની હાજરી એ એક રીતે પિતૃગૃહ જ ગણાય. એમને શ્રીકાંતા પાસે પધારવાની આપે આજ્ઞા કરવી જોઇએ."

મહારાજાની આજ્ઞાથી મહાદેવી શ્રીકાંતા પાસે ગયા. ત્યાં મહાદેવીનું મનોરમા શેઠાણીએ ખૂબ સારૂં સ્વાગત કર્યું.

જતાંવેંત મહાદેવીએ શ્રીકાંતાના બાળકને પોતાના ખોળામાં લીધો અને પોતાનો કોમળ હાથ ફેરવી એને આશીર્વાદ આપ્યા.

" મહારાણી, આપને મારે એક વિનતી કરવાની છે. આ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાળકનું નામ આપ પાડો એવી અમારી સૌની પ્રાર્થના છે.” મનોરમાએ બે હાથ જોડી કહ્યું.

“નામ પાડવાનો અધિકાર તો તમારો પોતાનો છે. પણ ત કહ્યું છે ત્યારે મારે એ આજ્ઞા પાળવી જ જોઇએ.” એમ કઈ મહાદેવીએ સ્નેહભર્યું હાસ્ય કર્યું.

“ જુઓ, બાળકની માતાનું નામ શ્રીકાંતા છે ” મહારાણીએ નામકરણનો અર્થ સ્પષ્ટ કરતાં ઉચ્ચાર્યું “ અને પિતાનું નામ ધનદેવ છે. બન્ને નામોમાંથી અર્ધા અક્ષર લઇ શ્રીદેવ એવું અ બાળકનું નામ હું પાડું છું ”

“ શ્રીદેવ ” નામ સાંભળતાં જ હાજર રહેલી સ્ત્રીઓએ માંગલિક શબ્દોની ઉચ્ચસ્વરે ઉદ્ઘોષણા કરી અને જોતજોતાંમાં નગરભરમાં એ નામની ખબર ફેલાઇ ગઇ.

શ્રીદેવને જોયા પછી કમલાવતીની વૃત્તિ જૂદે જ માર્ગે દોરાઈ. તે વિચાર કરવા લાગી કે આટલું સૌંદર્ય, લાવણ્ય અને રાજ્ય-સમૃધ્ધિ પણ જો પુત્ર ન હોય તો શાં કામના? શ્રીકાંતા કેટલી સુખી છે? જે સ્ત્રી માતા બન્યા વિના પોતાનું જીવન પૂરૂં કરે છે તે જીવનની સાર્થકતા સાધી શકતી નથી. હું કેટલી મંદભાગી છું આટલા દિવસ થયાં પણ જનસમુદાયના હૃદય તથા નેત્રોને આનં આપનાર એવા એક પુત્રની પણ હું માતા બની શકી નહીં. ધન્ય છે તે સ્ત્રીઓને કે જે પોતાના પ્રાણ કરતાં પણ અધિક વ્હાલા પુત્રને પોતાની છાતી સાથે ચાંપી અને ઉછેરવામાં પોતાના દુઃખ તથા સ્વાર્થ પણ ભૂલી જાય છે. હું એવા પુત્રનું મ્હોં ન જોઈ શકી અને હવે તો કોણ જાણે ક્યારે એવું સૌભાગ્ય મેળવ ભાગ્યશાળી થઇશ! આવા વિચારોના તરંગે ચઢેલી કમલાવ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાની સખીની રજા લઇ અંતઃપુરમાં આવી તો પણ પેલી ચિંતાએ તેનો સાથ ન મૂકયો.

મહેલના અંતઃપુરમાં આવ્યા પછી તો એ ચિંતાએ તેની ઉપર સખ્ત હુમલો કર્યો. કમલાવતીના મ્હોં ઉપર દુઃખ અને શોકની ઘેરી છાયા ફરી વળી. પહેલાં જે વિનોદ, શૃંગાર અને વિલાસ વિના તેને રસ જ ન્હોતો પડતો તે બધાં સાહિત્યો તેને અરૂચીકર થઇ પડ્યાં. ઉંઘ અને ભૂખ પણ લગભગ ભૂલી જવાયા. શરીર એની એ જ ચિંતામાં ક્ષીણ બનતું ચાલ્યું. જાણે કે પુત્રની ચિંતાએ તેણીના આરોગ્ય અને બુદ્ધિનું પણ હરણ કર્યું હોય એવો ઘાટ થયો. પાણીના મહાપૂર વચ્ચે સપડાયેલો માણસ જેમ પૂરો શ્વાસ પણ લઇ શકે નહીં અને ગુંગળાયા કરે તેવી જ કમલાવતીની દશા થઇ પડી.

કરમાતી જતી કમલાવતીને રાજાએ એક દિવસ પૂછયું: "તમને એવું તે શું દુઃખ આવી પડયું છે કે આટઆટલા વૈભવ વચ્ચે પણ હું તમને હમણા હમણા ઉદ્વિગ્ન બનેલાં જોઉં છું ?"

રાણીના નેત્રમાં આંસુ ઉભરાઇ આવ્યા. હૃદય ખોલીને પૂરી વાત સ્વામીને શીરીતે નિવેદન કરવી તે એક મોટી મુંઝવણ થઇ પડી, છતાં સ્વામીના સ્નેહનો નિરાદર કરવાની હિમ્મત તે કરી શકી નહીં. અત્યંત સંકોચ અને નમ્રતા સાથે કમલાવતીએ કહ્યું: " મને આપની કૃપાથી મુદ્દલ દુઃખ નથી. આ દુનિયામાં એવું કોઇ સુખ નથી કે જે મેં આપના પ્રેમમાં ન અનુભવ્યું હોય. મારૂં પોતાનું દુર્ભાગ્ય મને સંતાપે એમાં કોઇ શું કરે? સાચી વાત તો એ છે કે યુવાન રમણીઓ જયારે પોતાના ન્હાનાં ધાવણા બાળકોને વાત્સલ્યથી ખોળામાં બેસારી તેમને ધવડાવે છે, લાડ લડાવે છે અને એ વખતે જે એક પ્રકારની અપૂર્વ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તૃપ્તિ માણે છે તે સુખથી હું વંચિત કેમ રહી ? તે મારાથી સમજાતું નથી, એટલે જ આ સુખના મહાસાગર વિષે પણ ઉદ્વિગ્નપણાની ઝાળથી અહોનિશ દાઝું છું. શ્રીકાંતા હજી હમણા જ પરણીને અહીં આવી છે છતાં તેના ભાગ્યોદયને લીધે તે એક પુત્રની જનેતા બની પોતાના જીવનની સફળતા સાધી રહી છે. મારા જ કમનસીબ છે કે આપની આટલી માનીતી હોવા છતાં મારો ખોળો સંતાન વિનાનો ખાલી રહ્યો." કમલાવતીના એક એક શબ્દમાં છુપું આક્રંદ ભર્યું હતું. આજસુધી ગુપ્ત રહેલો તેણીનો વાત્સલ્યભાવ જાણે સહસ્રધારે વહી નીકળ્યો.

જે વિષય સીધી રીતે દૈવાધીન ગણાય તેનું સમાધાન રાજા શી રીતે કરી શકે ? છતાં તેણે આશ્વાસન આપતાં ઉચ્ચાર્યું કે— "હે દેવી ! હવે તમારે એ સંબંધે વ્યથ ખેદ કરવાની જરૂર નથી. હું આજથી દેવનું આરાધન કરવાની પ્રતિજ્ઞા લઉં છું અને મને ખાત્રી છે કે તમારા મનોરથ યોગ્ય સમયે પૂર્ણ થયા વિના નહીં રહે."

રાજાએ શ્રીજિનેંદ્ર ભગવાનની ભક્તિ દિલ દઇને શરૂ કરી. યથાવિધિ ભગવાનની પ્રતિમાને પૂજી, પોષધશાળામાં જઇ અઠ્ઠમતપનો અભિગ્રહ આરંભ્યો. કોઇ પણ માણસ પોતાની પાસે આવીને તપ અને ધ્યાનમાં અંતરાય ન કરે એવો પાકો બંદોબસ્ત કર્યો. જિનશાસન પ્રત્યે ભક્તિભાવ ધરાવનાર કોઇ પણ દેવ જો સાન્નિધ્યમાં હોય તો તેણે રાજાના મનોવાંચ્છિત પૂરવા જ જોઇએ એવો તેણે દ્રઢ નિશ્ચય કર્યો. ત્રણ દિવસને અંતે તેની સાધના ફળી.

ત્રીજા દિવસને અંતે–રાત્રિનો છેલ્લો પહોર ચાલતો હતો એ વખતે સમગ્ર દિશાઓને પોતાના પ્રકાશથી ઉભરાવી દેતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય એવો એક તેજોમય દેવ રાજાની દૃષ્ટિએ પડયો. એનાં નેત્રો સ્થિર હતાં. પૃથ્વીને સ્પર્શ કર્યા વિના તે અદ્ધર ચાલી શકતો હતો. આ તેજોમય આકૃતિ કોઇ દેવની જ હોવી જોઇએ એવો રાજાએ પોતાના મનમાં નિર્ણય કર્યો.

અમરકેતુ રાજા કંઇ સંબોધન કરે તે પહેલાં જ દેવે તેને અમરકેતુના નામથી સંબોધ્યો અને આટલી ઉગ્ર તપશ્ચર્યા કરવાનું શું કારણ છે તે જાણવા માગ્યું.

રાજા પોતાના આસન ઉપર જ નમ્ર ભાવે ઉભો થયો " હે મહાભાગ ! પહેલાં તો આપ કોણ છો એનો ખુલાસો કરો."

" નરેંદ્ર ! " દેવે પોતાનો વૃતાંત કહેવા માંડયો. " મ્હારૂં નામ વિદ્યુપ્રભ છે અને હું ઇશાન દેવલોકને વિષે વસું છું. દેવલોકમાં સુખનાં સાધનોની કમી નથી હોતી તે તો તમે જાણતા જ હશો, પણ મ્હારો ચ્યવન-સમય નજીક આવતો જાણી મને પરલોકનું હિત સાધવાનો સંકલ્પ થયો. એ સંકલ્પને અનુસરી શ્રીવિદેહક્ષેત્રમાં તીર્થંકર ભગવાનને વાંદવા માટે ગયો. વંદન કરી રહ્યા પછી મેં ભગવાનને વિનયપૂર્વક પ્રશ્ન કર્યો કે ભગવન્ એ દેવભવમાંથી ચ્યવીને હું કયાં જન્મ લઇશ ? શ્રીજિનેંદ્ર ભગવાને ઉત્તર આપ્યો કે " તું હસ્તિનાપુર નગરમાં અમરકેતુ રાજાને ત્યાં પુત્રરૂપે જન્મશે. એ રાજા અત્યારે પોષધશાળાની અંદર અઠ્ઠમની તપશ્ચર્યા કરતો બેઠો છે." ભગવાનના એ પ્રમાણેનાં વચનો સાંભળી હું તત્કાળ તમારી પાસે દોડી આવ્યો. હવે તમારે કોઇ પણ પ્રકારે ચિંતા કે ઉદ્વેગ કરવાની જરૂર નથી. હું પોતે જ તમારે ત્યાં પુત્રરૂપે જન્મવાનો છું. હવે આપ આ બે દિવ્યકુંડલ સ્વીકારો. જે દેવીથી આપ પુત્રની કામના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાખતા હો તેમને આ આપજો ” વિદ્યુપ્રભે પોતાનાં કાનન
કુંડળ ઉતારી આપ્યા અને વધુ કંઇ વાર્તાલાપ નહીં કરત
અદૃશ્ય થઇ ગયો.

પ્રભાતે પૌષધ પારી રાજા સીધો કમલાવતી સમિપ ગયો.
એ વખતે તેના મ્હોં ઉપર ઇષ્ટસિદ્ધિનો ઉલ્લાસ તરવરતો હતો.
રાજાનું પ્રફુલ્લ મુખમંડળ જોતાં રાણી સમજી ગઇ કે અમરકેતુ
નરેંદ્ર કંઇક સારા સમાચાર લાવ્યા છે. રાજાએ અથથી ઇતિ
બધો વૃતાંત કહી સંભળાવ્યો અને પેલા કુંડળ પણ સમર્પ્યાં.
તે દિવસ રાજાએ દેવપૂજામાં અને મુનિઓના સેવા સત્કારમાં
પૂરો કર્યો.

દિવસો વીતવા લાગ્યા. એક રાત્રિએ, કમલાવતી ઋતુસ્નાન
કરી ભરનિદ્રામાં સૂતી હતી એટલામાં તેણીએ એક સ્વપ્ન જો-
યું અને ભયથી ધ્રુજતી એકદમ ઉઠીને પોતાની શય્યામાં બેસી
ગઇ. પ્રભાત થવાને હવે બહુવાર ન હતી. અમરકેતુ રાજા પણ
એ વખતે ત્યાં જ હતો. તે પણ જાગી ગયો.

રાણીને ભયથી કંપતી જોઇ રાજાએ પૂછ્યું “ તમે ભારે
ભય પામ્યા હો એમ લાગે છે. શું કારણ બન્યું તે મને કહો. ”

“ મને હમણા જ એક સ્વપ્ન આવીને ઉડી ગયું ” દેવીએ
પોતાનો સ્વપ્નવૃતાંત કહ્યો. “ સ્વપ્નમાં એક મ્હોટો સુવર્ણ-
કળશ જાણે મારા મ્હોમાં પ્રવેશ કરતો હોય અને પાછો બ્હાર
નીકળતો હોય એમ નિહાળ્યું. કળશ બહાર આવતાં જ કોઇ એક
ક્રોધી પુરૂષ ભગવાનને માટે એ લઇ જતો હોય એમ મને લાગ્યું.
હું મુંગે મ્હોઢે એ કળશ ઝંખી રહી. થોડા સમય જતાં જ એ
કળશ-દુગ્ધથી ભરેલો કળશ મને પ્રાપ્ત થયો. પછી મેં જાણે ઉજ્વલ
પુષ્પોની માળાવતી તેની પૂજા કરી. એટલામાં તો હું જાગી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગઇ. આરંભમાં મને જે દુઃખ થયું તેના સ્મરણમાત્રથી મને હજી પણ ધ્રુજારી છૂટે છે.”

રાજાને પણ આ વૃતાંત સાંભળી સ્હેજ દુઃખ થયું. આરંભમાં દુઃખદાયક, પણ પરિણામે સુખમય સ્વપ્નનો શું અર્થ હશે ? તે વિષે તે વિચાર કરવા લાગ્યો. સ્વપ્નની બધી સૂક્ષ્મ વિગત તો તે ન સમજી શકયો, પણ તેને એમ તો ચોક્કસ લાગ્યું કે આ સ્વપ્ન પુત્રલાભ સૂચવે છે. અત્યારે તેણે એટલાથી જ સંતોષ માન્યો. બાકીની વાત સ્વપ્નશાસ્ત્રના પારગામીઓ પાસેથી જાણી લેવાનું નક્કી કર્યું. રાણીને તેણે એ હકીકત જણાવી.

રાજસભામાં તે દિવસે સ્વપ્નપાઠકોની મ્હોટી ઠઠ્ઠ જામી. મહારાજા અમરકેતુ પણ સ્વપ્નનો રહસ્યાથ જાણવા આજે જરા વ્હેલા આવી સિંહાસન ઉપર બિરાજ્યા. રાજાની આજ્ઞા થતાં શહેરના સુપ્રસિદ્ધ સ્વપ્નપાઠકોએ આવી પોતપોતાનાં સ્થાન સંભાળ્યાં. સામંતો, મંત્રીઓ અને નગરના મુખ્ય મુખ્ય મહાજનોની હાજરીને લીધે સભાસ્થાન ભરાઇ ગયું. ધનદેવ રાજાનો પરમ માનીતો શહેરી હોવાથી તે પણ રાજાથી થોડે દૂર-પણ રાજાની નજર પડે તેમ પોતાના સ્થાન ઉપર ગોઠવાઇ ગયો.

શરૂઆતમાં રાજાએ, કમલાવતીના સ્વપ્નનો અહેવાલ અક્ષરશઃ કહી સંભળાવ્યો અને પછી સ્વપ્નપાઠકોને સંબોધી પૂછયું: “ આ સ્વપ્નનો વિગતવાર રહસ્યાર્થ શું છે એ હું તમારી પાસેથી જાણવા માગું છું.”

સ્વપ્નપાઠકો એક-બીજાના મ્હોં સામે જોઇ રહ્યા. એકાએક કોઇ હિમ્મત કરી શકયું નહીં. તેમને વિચારગ્રસ્ત દશામાં જોઇ ધનદેવે વચમાં જ ઉચ્ચાર્યું:

૮

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"આપને સાને સ્વપ્નનો રહસ્યાર્થ સમજવામાં ઉપયોગી થા એવી હકીકત મહારાજાની આજ્ઞા હોય તો જણાવવા આજ્ઞા માગું છું."

મહારાજાએ પ્રસન્નદૃષ્ટિએ ધનદેવ તરફ જોયું. આખી સભા ધનદેવની વાત સાંભળવા ઉત્સુક બની.

"થોડા વખત ઉપર, મુસાફરી દરમીયાન મને સુપ્રતિષ્ઠ નામના એક પલ્લીપતિ સાથે પરિચય થયો હતો તેણે નાગપાશથી જકડાયેલા ચિત્રવેગને એક દિવ્યમણિના પ્રતાપે બંધનમુક્ત કર્યો હતો. એ જ સમયે એક દેવ ત્યાં આવી ચડયો હતો. તેણે કેવળી ભગવાન પાસેથી એટલી વાત જાણી લીધી હતી કે તે પોતે અમરકેતુ રાજાને ત્યાં પુત્રપણે જન્મવાનો છે. વિશેષમાં એ દેવને કેવળી ભગવાને એમ પણ કહેલું કે તારી માતા સાથે પૂર્વભવનો કોઇ વૈરી દેવ તારૂં હરણ કરશે. વિદ્યાધરેંદ્રને ત્યાં તું ઉછરશે." એ રીતે ધનદેવે પોતાને મળેલો અનુભવ વિગતવાર રજુ કર્યો. છેવટે તેણે નિર્ણય સંભળાવ્યો કે-"એ વિદ્યુપ્રભ દેવ જ મહારાણીના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થશે એ વિષે કોઇએ લેશમાત્ર પણ શંકા રાખવાની નથી. આ દુનીયામાં કેવળી ભગવાનનું વચન કોઇ દિવસ મિથ્યા થતું નથી.

उदेतीह सूर्यः कदाचित् प्रतीच्यां,
चलेन्मेरुरुच्चैः स्थले जायतेऽब्जम् ।
स्वकीयां सीमां वै समुद्रो जहाति,
भवेन्नान्यथा ज्ञानिवाक्यं तथापि ॥

સૂર્યનો ઉદય પૂર્વમાં જ થવો જોઇએ છતાં પણ કદાચ એ નિયમ ફરે અને સૂર્ય પશ્ચિમમાં ઉગે, મેરૂપર્વત સ્થિર રહે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે છતાં કદાચિત્ ચલાયમાન થાય, કમળનું જીવન પાણીમાં જ છે–પાણીમાં જ ઉછરે છે અને વધે છે છતાં કદાચ આકાશ જેવા આધારવિનાનાં સ્થાનમાં ઉગે, સમુદ્ર પોતાની મર્યાદા મૂકતો નથી છતાં કદાચ તે પણ આઘો–પાછો ચાલ્યો જાય; પરન્તુ જ્ઞાની-પુરૂષનું–કેવળી ભગવાનનું વચન તો કોઇ કાળે પણ અન્યથા થતું નથી. એ ઉપરથી પૂર્વભવનો વૈરી દેવ બાળકનું હરણ કરશે અને વિદ્યાધરને ત્યાં રહી સર્વ વિદ્યાઓ સાધી આખરે તો પોતાની માતાને જ મળશે એ નિઃશંક વાત છે. સ્વપ્નની અંદર દેવીએ માળાવડે કળશનું પૂજન કર્યું હતું તે ઉપરથી હું માનું છું કે કોઇ ઇચ્છિત કન્યાદાન આપી શકશો. બાકી સ્વપ્ન વિષે એથી અધિક વિવેચન કરવાની મારી શક્તિ નથી.”

ધનદેવનાં સ્વાનુભવ, સૂક્ષ્મ દૃષ્ટિ અને તેની નિરહંકાર વાણીએ સભાજનો ઉપર જાદૂઇ અસર કરી.

સ્વપ્નવેદી બ્રાહ્મણ પંડિતોના મુખમાંથી પણ આશ્ચર્યના ઉદ્ગાર સરી પડયાઃ–“ આ ધનદેવ વણિકપુત્ર હોવા છતાં કેટલું અપૂર્વ કૌશળ અને વીરત્વ ધરાવે છે ? ” “ અમારો તો શાસ્ત્રપાઠ એ ધંધો જ છે ” એક બીજા બ્રાહ્મણ પંડિતે પૂર્ત્તિ કરતાં કહ્યું “ અને અમે તો ઉંઘમાં પણ શાસ્ત્રના અર્થ કરીએ, છતાં આ શ્રેષ્ઠિપુત્રના બુદ્ધિબળ પાસે તો અમે કંઇ બીસાતમાં નથી. ”

શાસ્ત્રીઓએ ધનદેવનો નિર્ણય મંજુર રાખ્યો. શાસ્ત્ર અને અનુભવને પણ એ બરાબર બંધબેસતો જ છે એમ સૌએ મુક્ત-કંઠે સ્વીકાર્યું.

સભા વિસર્જન થઇ મંત્રી, અમાત્યો, સામંતો પોતપોતાનાં સ્થાને ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહારાજા, શ્રેષ્ઠીપુત્ર ધનદેવની સાથે મંત્રણા કરવા મહેલ અંદર ગયા. ધનદેવને પોતાની પડખે બેસારી મહારાજાએ કહ્યું કેઃ "દેવીની સાથે અમારો વિયોગ થવાનો છે એમ જાણ્યા પછી મારૂં દિલ ચકડોળે ચડ્યું છે. એ ભયંકર પરિણામ આવતું અટકાવવાનો શું આ દુનિયામાં કોઈની પાસે કંઇ ઇલાજ નહીં હોય ? તમે જો એવો કોઈ ઉપાય જાણતા હો તો મને બતાવો. આખા રાજ્યમાં તમારા જેવો બુદ્ધિશાલી, રહસ્યાર્થવેદી અને અનુભવી પુરૂષ બીજો એક્કે નથી–દેવીની સાથે અ-મને વિયોગ ન થાય એવી ગોઠવણ તમારા વિના બીજું કોઇ કરી શકે એમ નથી."

ધનદેવે પૂર્ણ શાંતિથી મહારાજાની હકીકત સાંભળી. પોતાની પ્રાણપ્રિય પત્નીથી વિખુટા પડતાં–વિયોગદુઃખ અનુભવતાં કોઈ પણ પતિને આવી જ વ્યથા થાય તેની તે કલ્પના કરી શક્યો. મહારાજાની વાત સાંભળ્યા પછી ધનદેવે એક તત્ત્વજ્ઞને શોભે એવી રીતે ઉત્તર આપ્યો કે–" આમાં મુખ્ય વાત તો એ છે કે કેવળી ભગવાનની વાણી ત્રણે કાળમાં અન્યથા થઈ શકતી નથી. તેમણે જે પોતાના જ્ઞાનમાં નિર્મળપણે નિરખ્યું હોય છે તે જ તેઓ ભાખે છે. એટલે ભગવાને જે ભવિષ્ય કહ્યું છે તેમાં મારી, તમારી કે અન્ય કોઇ દેવ–દેવીની પણ ફેરફાર કરવાની તાકાત નથી. હા, એટલું છે કે આવી પડનારી આપત્તિને આપણે કંઈક હળવી બનાવી શકીએ. આપત્તિનો પ્રતિઘાત ભલે ન થાય, પણ આપણે સાવચેતીના ઇલાજ લઇ શકીએ."

મહારાજા એ વાતમાં સમ્મત થયા. ધનદેવે દિવ્યમણિ રાજાને બતાવતાં કહ્યું કે–" આ એક દિવ્યમણિ છે અને મને પલ્લીપતિ તરફથી પ્રાપ્ત થયો છે. આ મણિ જો વીંટીમાં જડાવીને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાખ્યો હોય તો એમાં એવી અચિંત્ય શક્તિ ભરી છે કે આ-પત્તિઓ અને વૈરીઓ બહુ દુઃખ આપી શકે નહીં. મેં અનેક સ્થળે એનો જીવંત પ્રતાપ જોયો છે. દેવીના હાથમાં હંમેશા એ મણિ રહે એવી ગોઠવણ કરો એટલે પૂર્વનો વૈરી દેવ વધુ કંઇ અપકાર કરી શકશે નહીં."

દુષ્ટ સ્વપ્નની નિવૃત્તિને માટે રાજાએ સર્વ જિનાલયોમાં મહોત્સવો રચાવ્યાં, મુનિઓને વસ્ત્ર વહોરાવ્યાં, સંઘની પૂજા કરી અને પ્રાણીઓને અભયદાન આપ્યાં તે ઉપરાંત બીજા કેટલાક અભિગ્રહો ધારણ કરી તપશ્ચર્યામાં મન પરોવ્યું. ધનદેવે જ મહારાજાને કહ્યું હતું કે "સેંકડો પ્રકારનાં કષ્ટ માણસને માથે વાદળની જેમ ભલે ઘેરાઇ વળે, અનેક પ્રકારનાં ક્લેશ અને રોગ પણ ભલે ગભરાવે, ઘડીભર એમ લાગે કે આ દુનિયામાં આપણે કેવળ નિરાધાર અને અશરણ છીએ; પરંતુ शरणामशरणानां नित्यमेको हि धर्मः ધર્મ જેવો સહાયક, આપત્તિમાંથી ઉગારનાર બીજો કોઇ મિત્ર નથી." ધનદેવનો ઉપદેશ મહારાજાના અંતરમાં ઉંડો ઉતરી ગયો.

ધનદેવ ઘેર ગયો એટલે રાજાએ પેલી દિવ્યમણિવાળી વીંટી કમલાવતીને પહેરાવી અને કહ્યું કે–" તમારે એક ક્ષણને માટે પણ આ વીંટી અળગી ન કરવી. એમાંના દિવ્યમણિના પ્રભાવે કોઇ દેવ–દાનવ તમારો પરાજય કરી શકશે નહીં."

સ્વપ્નનો પ્રભાવ ફળ્યો: રાણી કમલાવતી સગર્ભા થઇ. રાણીને જે વખતે જે ઇચ્છા થાય તે પૂરવા માટે દાસ-દાસી-ઓ અહોનિશ પ્રયત્ન કરી રહ્યાં. અનુક્રમે છ મહિના સુખશાંતિમાં નીકળી ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાતમા માસના આરંભમાં રાણીને એક અપૂર્વ દોહલો ઉપજ્યો. આ દોહલાની વાત રાજા પાસે કરતાં રાણીની જીભ ઉપડી નહીં, તેથી તે મનમાં ને મનમાં જ સોષાવા લાગી. રાણીની મુંઝવણ દિવસે દિવસે વધુ ઉગ્ર બનવા લાગી: પરિણામે દેહની કાંતિ ફીક્કી પડી. રાજાને શંકા થઇ કે રાણી જો કે પોતાના મુખે કંઇ બોલતી નથી, પરંતુ એના કાળજામાં કંઈક ખટક છે અને એને લીધે જ તે સૂકાતી જાય છે.

"તમારૂં શરીર રોજ રોજ ક્ષીણ કેમ થતું જાય છે! એવું શું દુઃખ છે કે જે ડાકણની જેમ તમારૂં રક્ત ચૂસે છે ?" એક દિવસે રાજાથી ન રહેવાયું.

"મને એક એવો દોહલો ઉત્પન્ન થયો છે કે જે તમારી પાસે કહેવાની મારી હિમ્મત નથી ચાલતી." રાણીએ મહા-મુશીબતે પ્રસ્તાવના બાંધી.

"વગર–સંકોચે તમારા અભિલાષ પ્રકટ કરો. તમારા દોહલા પૂરવા એ મારી ફરજ છે. એમાં સંકોચ સેવવો નકામો છે." રાજાએ ઉત્તેજનના વેણ ઉચ્ચાર્યાં.

"મને એમ થાય છે કે ઉત્તમ ગજેંદ્રની ઉપર આપના જ ખોળામાં બેસી, યાચકવર્ગને દાન આપતી, નગરની વચ્ચોવચ્ચ થઇને બ્હાર નીકળું–આપ પોતે મ્હારા મસ્તક ઉપર છત્ર ધરી રહ્યા હો, બંદીજનો બિરદાવલી ગાતા હોય, એવા ઠાઠમાઠથી આપણી સવારી નીકળે." રાણીએ ખુલ્લા દિલે પોતાના મનોભાવ નિવેદ્યા.

વળતે દિવસે એક પટ્ટહસ્તીને ખૂબ અચ્છી રીતે શણગારવામાં આવ્યો. રાજા પોતે છત્ર ધારણ કરી હાથી ઉપર બેઠો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને રાજાના ખોળામાં કમલાવતી દેવી બેઠાં. હાથી મદભરી ગતિએ ચાલે છે અને પાછળ સેંકડો સ્તુતિપાઠકો રાજા-રાણીને અભિનંદતા આગળ વધે છે. અસંખ્ય વાજીંત્રોના એકધારા નાદથી ગગન ગર્જી ઉઠયું. નટ-નટીઓ સંગીત ગાતાં અને પોતપોતાના નૃત્ય-અભિનય બતાવતાં હજારો પ્રેક્ષકોને આકર્ષી રહ્યાં. મહારાણી કમલાવતી મુક્ત હસ્તે અર્થીજનોને અનર્ગલ દાન આપે છે. એના મુખ ઉપર આજે આનંદનો એક મહાસાગર ઉછળે છે. મ્હોટા રાજમાર્ગો ઉપર થઇને સ્વારી પસાર થવા લાગી.

આમ જ્યારે સમસ્ત શહેર આનંદ-ઉલ્લાસમાં ગળા સુધી બુડયું હતું તે વખતે આનંદને નિરાનંદમાં પ્રકટાવતી એક કારમી ચીસ સંભળાઇ: "પટ્ટહસ્તી ગાંડો થયો છે. બચાવો ! મહારાણીને બચાવો !"

એ વખતે સ્વારી નગરની બ્હાર પહોંચી હતી. કોણ જાણે શું બન્યું, પણ નગરબ્હાર જતાં જ પટ્ટહસ્તી વિફર્યો. નિરંકુશ બનીને ઇશાન દિશા તરફ ધસ્યો. દોડો ! દોડો, ભાગો ! ભાગો, અને બચાવો, બચાવોની ચીસોથી એકદમ આખું વાતાવરણ બદલાઇ ગયું.

વફાદાર નોકરો હાથીની પાછળ પડ્યા. રાજાએ પોતે પણ યથાશક્તિ ઘણા ઘણા પ્રયત્ન કર્યાં, પણ એકાએક ઉન્મત્ત બનેલા પટ્ટહસ્તીએ કોઇની પરવા ન કરી. એ તો જાણે કે પાછળ વિકરાળ સિંહ પડ્યો હોય તેમ પ્રાણની દરકાર રાખ્યા વિના એકીશ્વાસે દોડી રહ્યો. પોતાની પીઠ ઉપર રાજા-રાણી જેવા બે ઉત્તમ રત્નો બિરાજ્યા છે એનું પણ તેને કંઈ ભાન ન રહ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાને જ્યારે એમ લાગ્યું કે હવે હાથીને અંકુશમાં આ વાનું અસાધ્ય બન્યું છે ત્યારે તેણે ટુંકામાં કમલાવતીને ક દીધું કે: " હવે આપણે કોઈ રીતે આ હાથી ઉપરથી ઉતરી જ જોઈએ; નહિંતર આ ગાંડો હાથી કોણ જાણે અરણ્યમાં આપણું ક્યાંના ક્યાં ફેંકી દેશે અને આપણા હાડકાનો કડકો સરખો પ કોઈને હાથ નહીં આવે. "

" પણ, આમ વેગભર દોડતા હાથી ઉપરથી શી રીતે ઉ- તરવું ? " કમલાવતીએ પોતાની મુશ્કેલી જણાવી.

રાજાએ હાથીને અંકુશમાં આણવાનો છેલ્લો પ્રયત્ન કરતાં જવાબ આપ્યો: "સામે મ્હોટું વડનું ઝાડ છે–ત્યાંથી જ આ હાથી પસાર થશે. વડની કોઇ ડાળીને મજબૂત હાથથી પકડી લેજો. હાથી ભલે અરણ્યમાં અદૃશ્ય થઇ જાય. "

રાજાની વાત હતી તો સાવ સીધી–સાદી પણ કમલાવતી એક તો સ્ત્રીજાતિ હતી અને વળી તે સગર્ભા હતી. રાજાના જેટલી બહાદૂરી અથવા કૂશળતા તે કઇ રીતે દાખવે ?

દોડતો હાથી વડ નીચે થઇને ચાલ્યો. રાજાએ પોતે તે વડની ડાળી પકડી લીધી, પરંતુ કમલાવતી હજી હાથ પહોળા કરે તે પહેલાં જ હાથી વડ નીચે થઇને આગળ ચાલ્યો ગયો. " ઝાડની ડાળી પકડી લ્યો " એમ વારંવાર કહેવા છતાં એ બધું વ્યર્થ ગયું. રાજા પોતે વડની નીચે ઉભો રહીને જુએ છે તો હવે હાથી પૃથ્વી ઉપર ચાલવાને બદલે આકાશમાર્ગે ઉંચે ને ઉંચે ગતિ કરી રહ્યો છે. આશ્ચર્યમુગ્ધ બનેલો તે ક્યાંઇ સુધી આ અદ્દભૂત દેખાવ જોઇ રહ્યો. તે વિચારવા લાગ્યો " આ શું ! હસ્તી જમીન ઉપર ચાલનારૂં પ્રાણી ગણાય છે, છતાં આકાશ- માર્ગે શી રીતે ઉડતું હશે ? "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આખરે તેને ભૂલાઇ ગએલી વાતનું સ્મરણ થયું. " પૂર્વ-ભવનો વૈરી દેવ જ આ હાથીને હલાવી રહ્યો છેઃ એ વગર આમ ન બને. "

પટ્ટહસ્તી અદૃશ્ય થયો. રાજા શોકસાગરમાં ડૂબ્યો. સૈન્યના માણસોનાં મ્હોં શરમને લીધે નીચાં નમ્યાં.

સમરપ્રિય નામનો એક સુભટ મહારાજાનો માનીતો હતો. તેને બોલાવી મહારાજાએ ચાંપતી તપાસ ચલાવવાની આજ્ઞા કરી.

સામંતો અને મહાજનોના આગ્રહથી મહારાજા અમરકેતુ નગરમાં પાછા આવ્યા, પણ કમલાવતીને ગુમાવ્યા પછી એમને એક એક પળ કાઢવી સો સો વરસ જેટલી આકરી થઇ પડી. નિરાનંદ અને નિરાશામાં તે ઝૂરવા લાગ્યો. રાજના કામકાજમાંથી ચિત્ત ઉઠી ગયું.

કેટલેક દિવસે સમરપ્રિય પોતાના સૈન્ય સાથે પાછો વળ્યો પણ તેની પાસે કંઇ શુભ સમાચાર ન હતા. તે આખું અરણ્ય ફેંદી વળ્યો પણ કમલાવતીનો પત્તો ન મળ્યો; છતાં મહારાજાને સમાચાર તો સંભળાવવા જ જોઇએ એટલે તે તેમની પાસે ગયો તો ખરો પણ ખેદ અને નિરાશાને લીધે તે ઉંચે મ્હોંએ વાત કરી શકયો નહીં. મહારાજા ફરી ફરીને એક જ વાત પૂછવા લાગ્યાઃ " હાથી કયાં ગયો–કમલાવતીનું શું થયું ? "

સમરપ્રિયે એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો અને પોતે જે જે સ્થળે તપાસ કરી હતી તેનું વૃતાંત કહેવું શરૂ કર્યું :—

" મહારાજ ! પહેલાં તો અમે હાથી જે દિશામાં દોડ્યો હતો તે જ દિશામાં ગયા. આગળ જતાં એક એકાંત અટવીમાં અમે દાખલ થયા. ચારે કોર તપાસ ચલાવી પણ હાથી કે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મહારાણીનો પત્તો ન મળ્યો. ભીલ્લોને પૂછતાં પૂછતાં ખૂબ આગળ નીકળી ગયા. અમે છેક નિરાશ બની પાછા વળવાની તૈયારી કરતા હતા, એટલામાં એક કાર્પટિક મળ્યો."

મહારાજાના ઝુરતા અંતરમાં આશાનો સંચાર થયો. તેઓ જરા ટટ્ટાર થયા. સમરપ્રિયે આગળ ચલાવ્યું: "તેણે અમને કહ્યું કે આજથી સાતમા દિવસ ઉપર એક હાથીને સ્ત્રી સાથે પદ્મોદર સરોવરને વિષે આકાશમાંથી નીચે પડતો અમે જોયો હતો. અમે તે દિવસે બહુ જ ભયભીત બની દૂર-દૂર ઝાડીમાં સંતાઇ ગયા. ફરી એક વાર એને આ જ સરોવરના કાંઠા ઉપર ફરતો જોયો હતો, પણ એ વખતે પેલી સ્ત્રી અમારા જોવામાં ન આવી. પછી અમે એ કાર્પટિકને સાથે લઇ સરોવર પાસે પહોંચ્યા. ખૂબ કાળજીપૂર્વક ત્યાં તપાસ કરી પણ ત્યાં દેવીનાં દર્શન ન થયાં.

હાથી તો અમે જોયો અને તેને અહીં લઇ આવ્યા છીએ, પરંતુ યોજન-પ્રમાણ સરોવરમાં દેવીની શી સ્થિતિ થઇ હશે તે અમે કહી શકતા નથી. કાં તો દેવી એ પાણીમાં ડૂબી ગયા હોય, કાં તો વનચર પ્રાણીઓએ એમનાં પ્રાણ હર્યાં હોય અથવા તો આસપાસ ક્યાંઈ ચાલ્યા ગયા હોય એમ ત્રણ પ્રકારનાં અનુમાન થાય છે."

મહારાજા અમરકેતુએ કૃત્રિમ ધૈર્ય રાખી એ વૃત્તાંત સાંભળ્યો. તેમને વધુ વિચાર કરવાનો અવસર મળે તે પહેલાં જ એક નોકરે આવી ખબર આપ્યા કે બ્હાર સુમતિ નામનો એક નૈમિત્તિક આપના દર્શન માટે ઉભો છે.

એ સુમતિ નૈમિત્તિકે જ નરવાહનની બ્હેન-કમલાવતી સાથે

P.P. Ac. Gunratnasuri M.S.　　　　Jun Gun Aaradhak Trust

ચિત્રદ્વારા પ્રથમ પરિચય કરાવ્યો હતો અને સુમતિના પ્રતાપે જ તેણીને મહારાણી તરીકે મેળવવા ભાગ્યશાળી થયો હતો.

મહારાજાએ સમ્મતિ આપી એટલે સુમતિ વિનયપૂર્વક રાજાને પ્રણામ કરી પોતાને યોગ્ય આસને બેઠો. મહારાજાને આ સુમતિ નૈમિત્તિકને વિષે પૂરી શ્રદ્ધા હતી. તેમણે પ્રારંભમાં જ પ્રશ્ન કર્યો:—" કમલાવતી દેવી જીવે છે કે નહીં ? "

" હે પૃથ્વીપતિ ! કમળાવતી હૈયાત છે. શરીરે સંપૂર્ણ સાહસલામત-ક્ષેમકૂશળ છે અને તે પોતાના બંધુવર્ગને મળી ગઈ છે. આપે કોઇ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી." સુમતિએ પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂકી યથાર્થ હકીકત કહી.

" પણ હવે મને એ ક્યારે મળશે ? એના ગર્ભની શી સ્થિતિ છે ? " રાજાએ બીજો પ્રશ્ન મૂક્યો.

" દેવી હમણા તમને નહીં મળે. જ્યારે સ્વપ્નમાં બહુ વિષમ સ્થાને રહેલી પુષ્પમાળાને ગ્રહણ કરશો ત્યારે તમારો સમાગમ સંભવિત બનશે. બાકી દેવીને પુત્ર જન્મશે કે તરત જ તે તેની માતાથી વિખુટો પડશે. આ સિવાય મ્હારૂં નિમિત્તશાસ્ત્ર વધુ ખુલાસો કરી શકે એમ નથી."

મહારાજા ફરી ફરીને આગ્રહપૂર્વક પૂછવા લાગ્યા કે "પુત્રનું હરણ થયા પછી તે જીવશે કે નહી ? જીવશે તો ક્યાં રહીને મ્હોટો થશે ? મને તે મળશે કે નહી ? "

"એ બધું તો હું નથી જાણતો. એટલું જાણું છું કે તમારો પુત્ર બહુ સમય સુધી જીવશે, અને જ્યારે કુસુમાકર ઉદ્યાનમાં આકાશમાંથી એક કન્યા પડશે ત્યારે એ પુત્રની સાથે તમારો મેળાપ થશે." સુમતિએ ઉપસંહાર કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આટલી હકીકત સાંભળ્યા પછી, મહારાજાનો ઘણોખ શોક જ્વરની જેમ ઉતરી ગયો. પ્રસન્નતાના નિદર્શન રૂપે સુમતિ નૈમિત્તિકને એક લાખ સુવર્ણમ્હોરવતી નવાજવામાં આવ્યો. મહારાજાએ પોતાનાં આભરણો ત્યાં ને ત્યાં જ ઉતારી આપ્યા.

દુઃખનાં દિવસો પણ કંઈ કોઇના ચિરકાળ ટકી રહેતા નથી. એનો યે અંત આવે છે. અમરકેતુ મહારાજાએ આશામાં ઘણો વખત વીતાવ્યો. એક રાત્રીએ, નૈમિત્તિકના કહેવા પ્રમાણે એમને એક સ્વપ્ન લાધ્યું: જાણે કે પોતે ઉત્તર દિશામાં પ્રયાણ કરી રહ્યા છે. ત્યાં પાણીથી ભરેલો એક કુવો તેમના જોવામાં આવે છે. પાણીની અંદર અર્ધ કરમાયેલાં પુષ્પોની એક માળા પડી છે અને મહારાજા જાળવીને એ માળા લે છે. પાછી એ જ કરમાએલી પુષ્પમાળા જોતજોતામાં તાજી અને મનોહર સુગંધવાળી બની જાય છે.

સુમતિ નૈમિત્તિકે આવા જ સ્વપ્નની આગાહી ભાખી હતી. મહારાજાને ખાત્રી થઈ કે સ્વપ્નમાં સમાએલો અર્થ સારો ભાગ્યોદય સૂચવે છે, તેથી તેમણે દેશનિરીક્ષણને બ્હાને ઉત્તરમાં પ્રયાણ કરવાનો કાર્યક્રમ ગોઠવ્યો. સૈન્યની સાથે હસ્તિનાપુરથી નીકળી ઉત્તર દિશામાં મુસાફરી આરંભી.

કેટલાક દિવસો પછી માર્ગમાં એક ઉંચો પર્વત જોવામાં આવ્યો. પાસે જ ગહન વૃક્ષોની ઘટાથી છવાએલી એક અટવી હતી. મહારાજાએ એ અટવીમાં સારૂં સ્થાન જોઇ પોતાનો પડાવ નાખ્યો.

યોગાનુયોગ એવો બન્યો કે મહારાજાની એક ચમરબા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રિણી—પરિચારિકા અટવીમાં કંઇ કામ માટે જતી હતી તે અચાનક એક ઊંડા કુવામાં પડી ગઇ. અટવીનો આ ભાગ તદ્દન નિર્જન હતો. કુવાની આસપાસ ઉંચુ ઘાસ ઉગી નીકળ્યું હતું. જાણકાર સિવાય કોઇ સમજી જ શકે નહીં કે આ ઘાસ નીચે કુવો છુપાયેલો હશે. ચમરધારિણી સ્ત્રી ભૂલથી એ કુવામાં પડી. મહારાજાને એ વાતની જાણ થઇ એટલે તેમણે એ બાઇને કુવામાંથી બ્હાર કાઢવા પોતાના માણુસોને હુકમ કર્યો.

એક માણુસ દોરડાની મદદથી કુવામાં ઉતર્યો. કુવો ઘણા વખતનો અવાવરૂ હતો. એની અંદર ન્હાના ન્હાના છોડ અને જાળા—જાંખરા ઉગી નીકળ્યા હતા. તપાસ કરતાં એક બખોલની અંદર એક સ્ત્રી સંતાઈ રહેલી જોવામાં આવી.

" તમે કોણ છો ? " કુવામાં ઉતરનાર પુરૂષે પૂછ્યું.

ભયને લીધે રમણીનો દેહ ધ્રુજતો હતો. તે સ્પષ્ટ જવાબ આપી શકી નહી. એ જ વખતે પેલી ચમરધારિણી પાણી ગળકાં ખાતી જોવામાં આવી. પુરૂષે વધુ તપાસ પડતી મૂ પેલી બાઇને બચાવી બ્હાર આણી.

" નરેંદ્ર ! આ ચમરધારિણી સિવાય બીજી એક રમણી કુવાની બખોલમાં મેં જોઇ. મેં એનો પરિચય પૂછ્યો, પણ ભયને લીધે તે કંઇ જવાબ વાળી શકી નહી. અંધારાને લીધે એ કોણ હશે તે હું કહી શકતો નથી. આપની આજ્ઞા હોય તો એને કુવાની બ્હાર કાઢું." પેલા માણુસે મહારાજા અમરકેતુને જણાવ્યું.

આ વાત સાંભળતાં જ મહારાજાની જમણી આંખ ફરકી. એમને ખાત્રી થઇ કે સમાચારમાં કોઇ પ્રકારનો શુભ સંકેત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમાએલો છે. એ સિવાય જમણી આંખ આમ ન ફરકે. કદાચ એ અજાણી સ્ત્રી, કમલાવતી દેવી પોતે જ હોય તો ? ખરેખર દૈવની ગતિ વિચિત્ર છે. એણે ભલભલા શૂરવીર અને અવતારી પુરૂષના અભિમાન પણ મૂકાવ્યા છે. જે દૈવ એક વખત સિંહાસન ઉપર બેસારે છે એ જ દૈવ ભિખારીની જેમ શેરીએ શેરીએ રઝળાવે છે. એટલે સંભવિત છે કે રાજમહેલમાં, અનેક પરિચારિકાઓને વિષે મ્હાલનારી કમલાવતી પોતે જ આ નિર્જન અરણ્યમાં-કુવાની બખોલમાં રહી મહામુશીબતે પ્રાણને ટકાવી રહી હોય !

અને એ રમણી કમલાવતી ન હોય તો પણ શું થઇ ગયું ? દયાની ખાતર પણ મારે એને બચાવવી જોઇએ. દયારૂપી નદી ઉપર જ સર્વ ધર્મરૂપી અંકુરો ઉગી નીકળે છે.

મહારાજાની આજ્ઞાને માથે ચડાવી પેલો પુરૂષ બીજી વાર કુવાની અંદર ઉતર્યો. તેણે બખોલમાં રહેલી સ્ત્રીને સંબોધીને કહ્યું. " મહારાજા અમરકેતુની આજ્ઞાથી હું બીજી વાર તમારી પાસે આવ્યો છું. તમને આ નરકવાસ જેવા દુઃખમાંથી બચાવવા મહારાજાએ પોતે જ હુકમ કરેલો હોવાથી તમારે નિઃશંકપણે આ માચીમાં બેસી જવું ઉચિત છે. "

તરતજ રમણી માંચીમાં બેસી ગઇ અને બીજા માણસોએ તેને કુવાની બ્હાર ખેંચી કાઢી. તેણીનું શરીર અતિકૃશ બની ગયું હતું, આંખો ઉંડી ઉતરી ગઇ હતી; વસ્ત્રો છિન્ન અને મલીન બની ગયા હતાં. મહારાજા તત્કાળ તો તેને ઓળખી શકયા નહી, પણ જયારે તેની આંખમાંથી એકાએક અશ્રુધાર વહી નીકળી અને મહારાજાના ચરણમાં નમી પડી ત્યારે સર્વને ખાત્રી થઇ કે આ અજાણી રમણી બીજી કોઈ નહી, પણ મહારાજાની પટ્ટરાણી પોતે જ હોવા જોઇએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્હેજ સ્વસ્થ થયા પછી મહારાજાએ પૂછયું: " હાથી તમને ક્યાં લઇ ગયો અને આ અટવીમાં-અંધારા કુવામાં શી રીતે આવી ચડ્યા ?"

કમલાવતીએ પોતાની વીતક કથા કહેવા માંડી: "ગાંડા બનેલા હાથી ઉપર તમે તો વૃક્ષ ઉપર શાખા પકડી બચી ગયા. હું તેમ કરી શકી નહી. નાસતો નાસતો હાથી એક ડુંગરાળ નદી પાસે પહોંચ્યો. નદીની બન્ને તરફ ઉંચી ઉંચી ભેખડો આવેલી હતી. મને થયું કે હવે હાથી અહીંથી આગળ વધી શકે નહી, પણ મારા અનહદ આશ્ચર્ય વચ્ચે હાથી એકદમ ઉંચો ઉડ્યો. જાણે એને પાંખો આવી હોય તેમ મને લાગ્યું. શું હાથી ઉંચે ઉડી શકે ? મારો અનુભવ તો ના પાડતો હતો છતાં મેં જ્યારે એને ખરેખર જ ઉડતો જ જોયો ત્યારે મને નિશ્ચય થયો કે ગજેંદ્રના શરીરમાં પ્રવેશેલો કોઇક દેવ આ તર્કટ રચી રહ્યો છે. મેં નીચે જોયું તો પર્વત અને વૃક્ષો પણ મારી સાથે દોડવાની સ્પર્દ્ધા કરતાં જણાયા, ગામો અને મોટા નગરો નાનાં કીડીઆરાં જેવાં દેખાવા લાગ્યાં. સરોવરો ન્હાની છત્રીના ટોપ જેવાં બની ગયા હતા. વનની મ્હોટી પંક્તિઓ જાણે લાંબા સર્પ પડ્યા હોય એવો આભાસ ઉત્પન્ન કરી રહ્યા.

આમ ગભરાએલા ચિત્તે બધું જોતી હતી એટલામાં મારી વીંટીમાં રહેલો દિવ્યમણિ મને યાદ આવ્યો. મેં એ વીંટીવાળી અંગુલીવતી હાથીના ગંડસ્થળ ઉપર પ્રહાર કર્યો. હાથી ચીસ પાડી ઉઠ્યો અને આકાશમાંથી તારો ખરે તેમ નીચે પડયો.

એક આફત અધુરી હોય તેમ નીચે પડતાં જ બીજી આફત સામે આવી ખડી થઇ ગઇ. જ્યાં હાથી પટકાઈ પડયો હતો તે એક મહાન્ સરોવર હતું. એની અંદર મોટા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મગરમચ્છ ઉછળતા હતા અને એને લીધે પાણીનાં મોજાં ઉંચે ચડી પાછાં નીચે પછડાતાં હતાં. ખીલેલાં કમળો ઉપર, મકરંદ—રસના પાનથી ઉન્મત્ત બનેલી ભ્રમરીઓ ગુંજારવ કરી રહી હતી. સારસ પંખીની પંક્તિઓ કાંઠા ઉપર કલ્લોલ કરતી હતી. હાથીના પડવાથી આ બધાં પ્રાણીઓ એકદમ ચમકયાં. તે તો પોતાના દેહના ભારને લીધે તત્કાળ સરોવરના તળીયે જઇ પહોંચ્યો. દિવ્યમણિના પ્રતાપે હું પાણી ઉપર જ રહી. એટલામાં એક પાટીયું તણાતું મારા જોવામાં આવ્યું. એના આધારે હું કાંઠે આવી.

કાંઠે આવ્યા પછી કયાં જવું એ ન સૂઝયું. મારૂં દિલ ભયંકર એકાંત જોઇ ધ્રુજી ઉઠયું. મને વિચાર થયો કે એક ઈસારો થતાં જેની સેવામાં સેંકડો દાસ—દાસીઓ હાજર થાય એવી હું પટ્ટરાણી દૈવના દોષે કેટલી નિરાધાર અથવા અનાથ બની છું ? મારો એ વખત પણ હતો અને આજે આ વખત છે ! ખરેખર પામર મનુષ્ય ભલે ઉંચામાં ઉંચા પહાડની ટોચ ઉપર જઇ વસે કે સમુદ્ર વીંધી પાતાલમાં નિવાસ કરે પરન્તુ વિધિના લખેલા લેખ કોઇ દિવસ મિથ્યા નથી થતા. સ્વાભાવિક રીતે જ એ અવસ્થામાં મારાથી મ્હોટેથી રોવાઇ ગયું.

એ રૂદન—સ્વર સાંભળી એક યુવાન, અટવીની અંદરથી મારી તરફ આવ્યો. એ વખતે તે એક સુંદર અશ્વ ઉપર વિરાજ્યો હતો અને તેની સાથે બીજા પણ કેટલાક માણસો હતા. મને દૂરથી જોતાં જ એની આંખમાં વિસ્મય પ્રકટયું. એ અશ્વ ઉપરથી નીચે ઉતર્યો અને મારા પગમાં વિનયપૂર્વક નમી કહેવા લાગ્યો—" બ્હેન ! તમે મને ઓળખો છો ? મારૂં નામ શ્રીદત્ત છે. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રીદત્ત બાર-બાર વર્ષની વ્યાપારયાત્રામાંથી એ વખતે પાછો ફરતો હતો, એની સાથે મોટો સાર્થ પણ હતો.

"બ્હેન ! પણ તમે અહીં શી રીતે આવી ચડ્યાં ?" શ્રીદત્તે મને પૂછ્યું. એ કૂશળ પ્રશ્નમાં આત્મીયતા છલકાતી હતી. હું નિર્ભય બની અને મેં મારૂં સર્વ વૃતાંત નિવેદન કર્યું.

હસ્તિનાપુર તો ત્યાંથી ઘણું દૂર હતું, તેમજ વ્યાઘ્રાદિ હિંસક પ્રાણીઓ તથા ચોરોવડે માર્ગ બહુ કઠિન હતો, એટલે અમે બન્નેએ મળી પ્રથમ કુશાગ્રપુર જવાનો નિશ્ચય કર્યો. બંધુવર્ગને હું ઘણા દિવસથી મળી ન હતી તેથી એ લોભને લીધે પણ કુશાગ્રપુર જવાનું મનમાં આકર્ષણ થયું.

વળતે દિવસે, સંઘની સાથે નીકળવાનો નિરધાર કર્યો. મેં મારી પાસેનાં દિવ્યકુંડળ, દિવ્યમણિ અને બીજાં આભરણો શ્રીદત્તને સંભાળીને રાખવા સારૂ આપ્યાં.

યાત્રા-પ્રયાણમાં પણ શ્રીદત્તે મારી સેવા-બરદાસ કરવામાં કંઇ બાકી ન રાખી. હું હંમેશા પાલખીમાં બેસીને જ માર્ગ કાપતી. શ્રીદત્ત મારી પાછળ રહી રક્ષણ કરતો; અને મને બહુ તકલીફ ન પડે એટલાસારૂ હંમેશા ટુંકા પ્રયાણ ગોઠવતો. એટલામાં એક દિવસે એક અટવી આગળ આવતાં ઉપરાઉપરી અપશુકન થયાં. બીજે દિવસે ફરીથી એવાં જ અપશુકન નડ્યાં. આખો સંઘ લગભગ દોઢ મહિના સુધી ત્યાં ને ત્યાં જ રહી ગયો, પરન્તુ આપ જાણો છો કે એક અટવીમાં લાંબો વખત પડી રહેવું એ હાથે કરીને ભૂખમરો વ્હોરી લેવા જેવું હોય છે. અમારી ખોરાકી ઘટી પડી. કેટલાય માણસો અપશુકનની પરવા કર્યા વિના ફાવે ત્યાં નાસી છૂટ્યા. આવી અસ્તવ્યસ્ત અવ્ય-



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વસ્થામાં ભીલ્લ લોકોએ અમારી ઉપર અચાનક હુમલો કર્યો. અમારા માટે નાસવા સિવાય બીજો કોઇ માર્ગ ન રહ્યો.

હું ભયભીત બની સંઘમાંથી છૂટી પડી એક દિશા તરફ દોડી. એ દિશામાં ગહન વનની ભયંકરતા અધિકાધિક રૌદ્ર રૂપ ધરતી હોય એમ લાગ્યું. એક તો હું એકલી અને વળી સ્ત્રીજાતિ. મેં પાછા વળવાનો વિચાર કર્યો, પરંતુ રસ્તો ન સૂઝયો.

જેમ જેમ આગળ ચાલવા લાગી તેમ તેમ બધા માર્ગ બંધ થઇ જતા લાગ્યા. ઠેકઠેકાણે હિંસક પ્રાણીઓનાં ટોળાં ઉભરાઇ રહ્યાં હતાં. કઠણ છાતીવાળો પુરૂષ પણ આવું દૃશ્ય જોઇ ગભરાઇ ઉઠે તો પછી મારા જેવી એક લાચાર-દુર્બળ સ્ત્રીનું પૂછવું જ શું ? કંઠમાં શોષ પડવા લાગ્યો, પરન્તુ પાણી કયાંથી મેળવવું એ એક ભારે ચિંતા થઇ પડી.

ભાગ્યયોગે એક સરોવર મારી નજરે પડયું. મહાસુશીબતે સરોવરને કાંઠે જઈ પાણી પીધું અને એક ઝાડની ઓથે બેઠી. સૂર્ય પણ અસ્તાચલે ઉતર્યો. રાત્રીનો અંધકાર ઉતરતાં ભયંકર પ્રાણીઓએ ગર્જારવ શરૂ કરી દીધો. ભયને લીધે મારૂં હૃદય ચીરાઇ જવા લાગ્યું.

લગભગ અરધી રાતે મારા પેટમાં પીડા ઉપડી. ત્યાં ને ત્યાં જ ભૂમિ ઉપર હું આળોટવા લાગી. પેટની પીડા વધતી જોઇ મને ટુંક સમયમાં જ પ્રસવ થવો જોઇએ એવી ખાત્રી થઇ. અને ખરેખર જ જયારે પ્રસવ-વેદનાની મૂર્ચ્છામાંથી હું જાગી ત્યારે એક બાળક મારી પડખે જ આળોટતું મેં જોયું. વનની મૃગલી જેમ મૃગશિશુનો જન્મ આપે તેમ મેં પણ એક બાળકનો જન્મ આપ્યો. બાળકને ખોળામાં લઇ, સરોવરને આરે ન્હવરાવીને એક ઝાડીમાં જઇને બેસી ગઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિવ્યમણિવાળી વીંટી મેં મારી આંગળીએથી કાઢી બાળકના કંઠમાં બાંધી દીધી, અને આ દિવ્યમણિના પ્રતાપે હે વનવાસી દેવ-દેવીઓ ! મારા પુત્રનો વાંકો વાળ પણ ન થાય એવી પ્રાર્થના કરી.

અરેરે ! હસ્તિનાપુરમાં જો આ બાળકનો જન્મ થયો હોત તો સમસ્ત નગરમાં કેટલો આનંદ-ઉત્સવ થાત? હું જ એવી હીણભાગી છું કે મને એવો સુયોગ ન મળ્યો. જે પુત્ર એક રાજાના મહેલમાં જન્મવો જોઇએ તે એક ઘોર-બીહામણા જંગલમાં જન્મ્યો. આવા આવા વિચારો અને કલ્પાંતો કરતી હતી એટલામાં જ મારી આંખો મળી ગઇ. અતિશય સંતાપ, મનોદુઃખ અને શ્રમને લીધે તંદ્રામાં મારી આંખો ઘેરાતી હોય એમ લાગ્યું; પણ એ સુખ લાંબો વખત ન ટક્યું.

" હે પાપીષ્ટ ! હવે તું ક્યાં જવાની હતી ? તારી પાછળ રખડી-રઝળીને હું કેટલો ખૂવાર થઇ ગયો છું ? બસ, હવે તો એ બધાનો પૂરેપૂરો બદલો લઈશ ત્યારે જ મને નિરાંત થશે." એવી મતલબના શબ્દો મારા કાન સાથે અથડાયા અને આવાં નિષ્ઠુર વચન બોલનાર કોણ હશે ? એ જોવા મેં મારી આંખો ઉઘાડી.

જોતાં જ મારા કાળજામાં જાણે ખંજર ભોંકાયું ! મારો પુત્ર પણ મારા જ ખોળામાંથી ઝુંટવી લેવાયો. મને કંઈ બુદ્ધિભ્રમ જેવું તો નહીં થયું હોય ને એમ મનને મનાવી રહી; પરંતુ પૂરેપૂરી સાવધાનીપૂર્વક તપાસ કરવા છતાં પુત્રનો પત્તો ન લાગ્યો. એ જ વખતે હું મૂર્છા ખાઈ પૃથ્વી ઉપર પડી ગઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય.

(૧૧)

| | |
|---|---|
| તાપસી. | |
| કુલપતિ. | |
| સુરથ. | |
| કમલાવતી. | |
| અમરકેતુ મહારાજા. | |
| સમંતભદ્ર. | એક રાજસેવક. |
| સુરસુંદરી. | નરવાહન (કુશાગ્રપુર) ની પુત્રી. |
| હંસિકા. | દાસી. |
| રત્નવતી. | ભાનુવેગની બ્હેન, નરવાહનની પત્ની. |
| ચિત્રવેગ. | રત્નસંચય નગરીનો વિદ્યાધર ચક્રવર્ત્તી. |
| ભાનુવેગ. | કુંજરાવર્ત્તનો રાજા. |
| બંધુદત્તા. | ભાનુવેગની બ્હેનો. |
| રત્નવતી. | |
| બંધુદત્તા. | ચિત્રવેગની પત્ની. |
| પ્રિયંવદા. | બંધુદત્તાની પુત્રી. |
| મકરકેતુ. | કનકમાળા ( ચિત્રવેગની બીજી રાણી ) નો પુત્ર. |
| વસંતિકા. | સખીઓ. |
| કુમુદિની. | |
| શ્રીમતી. | |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# એકાદશ પરિચ્છેદ.

"મૂર્છામાંથી જાગૃત થયા પછી પણ મને મારા નવા જન્મેલા શિશુના વિરહને લીધે કેટલું દુઃખ થયું હશે તેની કલ્પના તમે કરી શકો છો." કમલાવતીએ પોતાની દુઃખમય કહાણી આગળ લંબાવતાં કહ્યું

"હે દૈવ! તને મારા જેવી નિરાધાર સ્ત્રીની પણ દયા ન આવી? મેં કદાચ કંઇ દોષ કર્યો હોય તો તેની સજા તો હું ભોગવી જ રહી છું, પરંતુ હજી પૃથ્વી ઉપર જન્મીને જેણે પૂરા આંખ પણ નથી ઉઘાડી એવા શિશુનું મારી ગોદમાંથી તેં કાં હરણ કર્યું? હું ઉંઘમાં પણ કેવાં સ્વપ્ન રચી રહી હતી? આંખ ખોલતાં જ મારા બાળકને સ્નેહથી ફરી વાર મારી છાતી સાથે ચાંપીશ અને તેના મ્હોં સામે જોઇને આ દુઃખના દિવસો વીતાવી દઇશ. મારાં એ સુખસ્વપ્ન પણ એક કાચી ઘડીમાં ટૂટી પડ્યા! અરેરે દૈવ! એક તો તેં મને મારા સ્વામીથી વિખૂટી પાડી, મને આશ્રય આપનાર સંઘપતિની પણ માઠી દશા કરી, અને એટલું પણ જાણે અપૂર્ણ હોય તેમ મારા સંતાનને પણ તે ઝુંટવી લીધું! વનદેવતાઓ! હું તમારા શરણે આવી એનો આ બદલો? આ જ શું તમારૂં દેવત્વ? મનુષ્યો પણ પોતાના શરણે આવનાર અતિથિઓને સારો આશ્રય આપે છે પણ તમે તો નિષ્ઠુરતામાં બધા કરતાં આગળ નીકળી ગયા. પણ પાછો વિચાર થયો કે દેવતાએ ઉપર નકામો દોષ ઢોળું છું. મારા ભાગ્યમાં જ એવો વિપાક લખાયેલો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોય ત્યાં દેવ કે દૈવ પણ શું કરી શકે ? ગુમ થએલા શિશુને ઉદ્દેશીને પણ મેં ઘણો બળાપો કર્યો. એને પણ માતાની ગોદ છોડી જતાં શું કંઇ સંકોચ નહીં થયો હોય ? મારો પુત્ર પોતે જ આવો નિર્દય કેમ થયો હશે ? સ્નેહના આવેશમાં આવી આવી તો કંઇ કંઇ કલ્પનાઓ કરી વાળી.”

પેલો દિવ્યમણિ પણ મંદ ભાગ્યને લીધે કંઇ કામ ન આવ્યો; નહિતર જે મણિના પ્રતાપે બળવાન મદોન્મત્ત હાથી પણ પટકાઇ પડે તે મણિ શું એક પિશાચના પંજામાંથી મારા બાળકને ન બચાવી શકે ? આ પ્રમાણે કલ્પાંત કરતાં કરતાં કમલાવતીએ પ્રાયઃ આખી રાત વિતાવી દીધી. નિસ્તબ્ધ રાત્રી પણ કમલાવતીના દુઃખમાં ભાગ લેવા જ આવી હોય તેમ તેની પડખે બેસી રહી. કમલાવતીનું દુઃખ જોઇ રાત્રીએ પણ ખરી પડતા તારાં જેવાં આંસુ ઢાળ્યા. રાત્રી વિદાય થઈ એટલે તેનું સ્થાન અરૂણરાજે લીધું.

ચાર ઘડી દિવસ ચઢયો એટલામાં એક તપસ્વિની મારા જોવામાં આવી. તે તપસ્વિનીએ સુકોમળ વલ્કલ-વસ્ત્રો પહેરેલાં હતાં, હાથમાં કમંડળ હતું. અવસ્થા જો કે વૃદ્ધ હતી તો પણ તેણીની આકૃત્તિ, હૃદયની વિશુદ્ધિ બતાવવાને બસ હતી. મને ભરઅરણ્યમાં એકલી આક્રંદ કરતી જોઇ તે તપસ્વિની મારી પાસે આવી પૂછવા લાગી: “હે બ્હેન ! તું શા સારૂ આક્રંદ કરે છે ? અને આ ભયંકર અરણ્યમાં શી રીતે આવી ચડી ?”

પ્રશ્ન સાંભળતા જ મેં તેમને પ્રથમ પ્રણામ કર્યા. મારા નેત્રોમાંથી અશ્રુધારા નવેસરથી વહી નીકળી. તે પછી આસ્તે આસ્તે હાથીએ મારૂં શી રીતે હરણ કર્યું હતું તે સંબંધી આખો વૃતાન્ત મેં તેની પાસે નિવેદન કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હે સુતનુ ! આવા દારૂણુ દુઃખને તું ચોગ્ય નથી, પરંતુ આ સમસ્ત જીવ-જગત્ કર્મના બંધને બંધાયેલું હોય ત્યાં બીજુ શું સંભવે ? સાૈ કોઇ પોતાના જ કર્મોનો જ પરિપાક વેદે છે. પૂર્વ જન્મમાં એવું કંઇક કમ તમારાથી થયું હશે, જેનાથી તમારે આ દુઃખમય સ્થિતિમાં મૂકાવું પડયું. હવે વિલાપ કરવો નકામો છે. તમે મારી સાથે ચાલો. અહીંથી મારો આશ્રમ નજીકમાં જ છે અને વૃક્ષાદિકની છાયાને લીધે ઘણો રમણીય છે. તમારૂં શરીર પણ પ્રસવની વેદનાને લીધે આ ઠંડો વાયુ સહન કરી શકે તેમ નથી. સુખેથી તમે ત્યાં રહી શકશો." તપસ્વિનીએ મને આશ્વાસન આપ્યું અને મારી બ બરદાસ કરી.

તપસ્વિનીના સ્નેહભર્યા ઉપચારથી દિવસે દિવસે મારૂં શરીર સુધરવા લાગ્યું. તે પછી એક દિવસે તપસ્વિની મને આશ્રમના કુલપતિ પાસે લઈ ગઇ. હું પ્રણામ કરીને કુલપતિની સામે બેઠી. એટલે તપસ્વિનીએ મારો થોડો ઈતિહાસ તેમને નિવેદન કર્યો. મારી વીતકવાર્તા સાંભળી કુલપતિએ પોતાની ગંભીર-મર્મસ્પર્શી વાણીમાં કહ્યું—" હે વત્સે ! સર્વ સુખના કારણુ-ભૂત એક માત્ર ધર્મ જ છે—પરલોકને વિષે પણ એ જ માત્ર બંધુ છે. એની આરાધના જે કોઇ નથી કરતું તે આવી દુઃખ-પરંપરાને ભોગવે છે. આ લોકના તેમજ પરલોકનાં સુખ અર્થે પણ મનુષ્ય માત્રે ધર્મસાધન અવશ્ય કરવું જોઈએ. શાસ્ત્રોમાં પણ ઠેકઠેકાણે એ જ ધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, પરંતુ પ્રમાદી-પ્રાણીઓ તેનો લાભ લઇ શકતા નથી."

કુલપતિ એ પ્રમાણે ધર્મનું મહત્ત્વ મને સમજાવતા હતા તેજ વખતે તપસ્વિનીએ ઝીણા સ્વરમાં મને કહ્યુંઃ " આ કુલ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પતિ બહુ સારા જ્ઞાની પુરૂષ છે. તારે જે કંઇ પૂછવાનું હોય તે પૂછી લેજે."

મને એ વાત સાંભળતા બહુ જ હર્ષ થયો. મેં વધુ વિલંબ નહિ કરતાં પૂછ્યું: "હે મહાશય ! ભરજંગલમાં આવીને મારા પુત્રને કોણ ઉપાડી ગયું હશે? તે અત્યારે આ ધરતીના પડ ઉપર હૈયાત હશે કે નહીં? અને હૈયાત હોય તો હું તેને ક્યારે મેળવી શકીશ?"

મારા પ્રશ્નો સાંભળી કુલપતિ જરા વાર વિચારમાં પડી ગયા. અંતે તેમણે જવાબ આપ્યો: "વત્સે! પૂર્વભવના વૈરને લીધે એક ક્રોધાયમાન થયેલો દેવ તારા પુત્રને હણવા માટે જ લઇ ગયો છે, પણ તેને મારવાની તેની છાતી ન ચાલી તેથી બાળકને શૂન્ય પ્રદેશમાં મૂકી ચાલ્યો ગયો. તેણે માની લીધું કે વૈતાઢ્યગિરિની આ વિષમ નિકુંજમાં તે આપોઆપ ભૂખથી રીબાઇ મરી જશે, પરંતુ દૈવયોગે એક વિદ્યાધર પોતાની સ્ત્રી સાથે ત્યાં જ આવી ચડ્યો અને તેમણે તમારા પુત્રને બચાવી લીધો છે. એ વિદ્યાધરને ત્યાં જ તમારો પુત્ર આજે ઉછરી રહ્યો છે. તે પછી જ્યારે તે યૌવનવયમાં આવશે ત્યારે હસ્તિનાપુરમાં તમારો અને તેનો મેળાપ થશે." કુલપતિના ઉત્તરથી મારો ઘણોખરો શોક ધોવાઇ ગયો. પછી આશ્રમમાં ફળ-ફુલાદિ ઉપર નિર્વાહ કરતાં મારા કેટલાક દિવસો વીતી ગયા.

એક દિવસે અમે બધા આશ્રમવાસીઓ કુલપતિની સામે બેસી એમનો ઉપદેશ સાંભળી રહ્યા હતાં તેટલામાં એક અશ્વ ઉપર બેઠેલો રાજકુમાર ત્યાં આવી ચડ્યો. લાંબી મુસાફરી અને અત્યંત વેગને લીધે અશ્વ તથા કુમાર પણ થાકી ગયા હતા. તાપસકુમારોએ રાજકુમારનું સારૂં સ્વાગત કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજકુમાર કુલપતિની પાસે આવી, વિનયપૂર્વક પ્રણામ કરી પૃથ્વીતળ ઉપર બેઠો એટલે વૃદ્ધ કુળપતિએ જ પ્રશ્ન કર્યો: "ભદ્ર! તમારા પિતાનું શું નામ છે? તમે પોતે કયા નામથી ઓળખાવ છો? અને અત્યારે તમે ક્યાંથી આવી ચઢ્યા છો?"

રાજકુમારે જવાબ આપ્યો: "સિદ્ધાર્થપુરના સુગ્રીવ રાજાનો પુત્ર હું-સુરથકુમાર છું. મારી માતાનું નામ કનકાવતી છે. મારા માતાપિતાને હું બહુ જ વ્હાલો હોવાથી તેમણે મારા મોટા ભાઈ સુપ્રતિષ્ઠને અનાદરપૂર્વક રાજ્યમાંથી કાઢી મૂકયા અને મને યુવરાજ નીમ્યો. ક્ષયના વ્યાધિને લીધે મારા પિતા સ્વર્ગવાસ પામ્યા. મંત્રીવર્ગે રાજા તરિકે મારો અભિષેક કર્યો.

બીજી તરફ મારા ઓરમાન ભાઇ સુપ્રતિષ્ઠને કોઇ એક વિદ્યાધરનો પરિચય થયો. વિદ્યાધરે સુપ્રતિષ્ઠની સેવાસુશ્રૂષાથી પ્રસન્ન થઇ તેને નભોગામિની વિદ્યા શીખવી. વિદ્યાસિદ્ધિના પ્રતાપે સુપ્રતિષ્ઠે મારી ઉપર આક્રમણ કરી મારૂં રાજ્ય પડાવી લીધું. હું મારી માતાની સાથે ત્યાંથી નાસી છૂટ્યો અને ચંપાનગરીમાં, મારી માતાના પિતા શ્રી કીર્ત્તિધર્મ રાજાના આશરે જઈ રહ્યો. તેમણે મને પોતાના રાજ્યનાં સીમાડાનાં લગભગ એક હજાર ગામ આપ્યાં. એ રાજ્યમાં મારી માતા સાથે હું શાંતિથી રહેવા લાગ્યો.

એટલામાં એક દિવસે સાંભળ્યું કે વણિક વ્યાપારીઓનો એક મોટો સંઘ અટવીમાં થઇને જાય છે. સંઘ ખૂબ વૈભવસંપન્ન હતો. મારા અનુચરોએ સંઘ લૂંટ્યો અને એમની પાસે જે કેટલાક ઉત્તમ અશ્વો હતા તે બધા તેમણે મારી પાસે રજુ કર્યા. અશ્વોની પરીક્ષા કરવા આજે એક ઘોડા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉપર બેસી ગામની બહાર નીકળ્યો; પણ એ ઘોડો એ અપલખણો નીવડ્યો કે કેમે કરતાં મારા કાબૂમાં ન રહ્યો જેમ જેમ મેં એને સંયત કરવાનો પ્રયત્ન કર્યો તેમ તેમ તે વધુ વેગવાન બન્યો. આખરે અમે બન્ને આ આશ્રમમાં આવી ચડ્યા." સુરથે પોતાની વાત પૂરી કરી એટલામાં તેનું સૈન્ય પણ આવી પહોંચ્યું.

કુલપતિની આજ્ઞા માગી સુરથ પોતાના સ્થાને જવા તૈયાર થયો તે વારે કુલપતિએ કહ્યું: "ગુરૂ-જનની પૂજા વિગેરે ધર્મ-કાર્યમાં યથાશક્તિ પ્રવૃત્તિ રાખશો તો તમારૂં કલ્યાણ થશે."

સુરથે વિનતિ કરી કે: "મારે લાયક જે કંઇ કામ-સેવા હોય તે ખુશીથી ફરમાવશો."

કુલપતિએ પ્રસંગ જોઇ કહ્યું કે "હે ભદ્ર ! હું તને આજે એક ખાસ કામ સોંપવા માગું છું. અમરકેતુ રાજાની કમલાવતી નામની સ્ત્રી વખાની મારી હાથીવડે હરાયેલી અહીં આવી ચડી છે. હસ્તિનાપુર બહુ દૂર છે, માર્ગ પણ હિંસક જન્તુથી ભરપૂર અને વળી વિકટતાવાળો છે. તાપસકુમારો એટલે દૂર જઇ શકે એમ નથી એટલે આ કમલાવતીને એના પતિના રાજ્યમાં શી રીતે પહોંચતી કરવી એ અમારા માટે એક ગંભીર મુંઝવણ થઇ પડી છે. કોઇ સારો સંઘ પણ આ તરફથી નીકળે એવો સંભવ નથી અને જેમ જેમ દિવસો વીતતા જાય છે તેમ તેમ સુકુમાર દેહવાળી આ નૃપભાર્યા સુકાતી જાય છે. તમે જો એને હસ્તિનાપુર સુધી પહોંચતી કરો તો બહુ સારૂ."

"હે ભગવન્ ! " સુરથે જવાબ વાળ્યો "એમાં કઇ મોટી વાત છે ? હું પોતે જઇને અમરકેતુ રાજાને એની રાણી સોંપી દઇશ. એ વિષે આપે લેશ પણ ચિંતા ન કરવી."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુરથકુમારના શબ્દોમાંથી સજ્જનતા ટપકતી હતી. આશ્રમવાસીઓને લાગ્યું કે આવો સારો સંગાથ મળવો એ સૌભાગ્યની વાત છે. મારે આ સંગાથ સ્વીકારવો કે કેમ ? એ મારી મનસુફીની વાત હતી, પરંતુ કુલપતિ જેવા મોટા પુરૂષ જ્યાં મારી જવાબદારી રાખી રહ્યા હોય ત્યાં મારે એવા વિષયમાં અભિપ્રાય આપવો એ ઉદ્ધતાઇ જ ગણાય, તેથી હું પોતે ચૂપ રહી. મેં એટલું જ કહ્યું: " હે ભગવન્ ! આપની આજ્ઞા માનવા તૈયાર છું. "

કુલપતિએ મને પોતાની પુત્રીની જેમ જ ઉછેરી હતી. વિદાય આપતી વખતે તેમણે મને આશીર્વાદ આપ્યા. સર્વ તપસ્વિનીઓ અને આશ્રમકુમારો થોડે દૂર સુધી મને વળાવવા આવ્યાં.

સુરથકુમારનો સંઘ રવાને થયો. કેટલેક દિવસે અમાં સંઘ બરાબર આ સ્થાને આવી પહોંચ્યો. અહીં મુકામ કરવાને હશે એમ કોઇએ ન્હોતું માન્યું, પણ એકદમ આ જ અરણ્યમાં પડાવ નાખવાની સુરથની આજ્ઞા થઇ.

મુસાફરીના દિવસોમાં કોઇ કોઇ વાર સુરથ મારી પાસે આવી કૂશળ સમાચાર પૂછી જતો. એક દિવસે તો તેણે પોતે જ ઉચ્ચાર્યું: " દેવી ! તમારો દેહ અલંકારો વિના બરાબર શોભતો નથી, માટે આ અલંકારો સ્વીકારો. " એ વખતે મારી પાસે બીજું કોઇ ન હતું. સુરથ પણ એકલો જ આવ્યો હતો.

અલંકારો જોતાં જ એમાંના કુંડલ મેં ઓળખી કાઢ્યાં. દેવતાએ જે કુંડલ તથા બીજા અલંકાર આપ્યા હતા તે જ આ હતા, એ સંબંધે મને શંકા ન રહી. મેં વિસ્મય પામી પૂછ્યું: "સુરથ ! આ અલંકારો તમારી પાસે શી રીતે આવ્યાં ? "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુરથે અભિમાનપૂર્વક જવાબ આપ્યોઃ " પ્રથમ મારા માણસોએ કુશાગ્રપુર તરફ પ્રયાણ કરતા એક મોટા સંઘને લૂંટયો હતો. એ લૂંટમાંથી આ બધાં અલંકાર સાંપડ્યાં હતાં. "

મેં ખુલાસો કર્યોઃ " વસ્તુતઃ એ અલંકારો મારા જ હતાં. મેં જ શ્રીદત્ત નામના સંઘપતિને તે સાચવવા સારૂ આપ્યાં હતાં."

સુરથને પણ એ ખુલાસાથી આશ્ચર્ય થયું. તેણે કહ્યુંઃ "તો પછી એ અલંકારો તમારાં જ છે અને ફરી પણ તમારા દેહને એ શણગારશે તે જાણી મને બહુ આનંદ થાય છે. ખરેખર તમારા સિવાય આ આભૂષણોને યોગ્ય અન્ય કોઈ સ્ત્રી નથી. "

એ વાર્તાલાપમાં સુરથકુમારની દુષ્ટતા પોતે બોલતી હોય એમ મને ન લાગ્યું. મેં ભોળાભાવે અલંકારો લઈ લીધાં. પછી તે હંમેશા મારી પાસે આવતો અને જાણે કે મારી સંભાળ રાખવી એ તેનો રોજનો મુખ્ય ધંધો થઇ પડ્યો હોય એમ મને લાગ્યુ.

મને તો છેવટની ઘડી સુધી ખબર ન પડી કે સુરથની આંખમાં કામાંધતાનું ઝેર જામતું જતું હતું. મુસાફરીના દિવસોમાં એક વાર તે મારી પાસે આવ્યો. કુલમર્યાદાનો ત્યાગ કરવાનો–નિર્લજ્જ બનવાનો જ નિશ્ચય કરીને આવ્યો હોય તેમ તેણે વિવિધ ઉપહાસની વાર્તાઓ કહેવા માંડી. એ સમયે અમે બન્ને એકલા પડ્યાં હતાં.

" હે સુંદરી ! " સુરથે આંખો નીચી ઢાળી કહેવા માંડયુંઃ " કામની પીડા મારા અંતરને કેવી મથી રહી છે તે હું તમને શી રીતે કહું ? કામનો દાહ મારા અંતરને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સળગાવી રહ્યો છે. તમારૂં શરણુ શોધવા સિવાય મારા માટે બીજો કોઇ માર્ગ નથી રહ્યો. હે સુતનુ ! મારા દેહ અને પ્રાણુની રક્ષા કરવી એ હવે તમને જ ભળે છે. હું આપનો કિંકર છું એમ જ આપ માનશો. હું પોતે અને મારૂં રાજ્ય પણુ તમારૂં જ છે. હે ચંદ્રસુખી ! મારા સળગતા અંતર ઉપર તમે તમારા સ્નેહનું અમૃત છાંટી મને જીવતદાન આપો."

સુરથના એ શબ્દો, આકાશમાંથી પડતા વજ્ર જેવા લાગ્યા; પણુ છતાં મારૂં હૃદય કેમ ભાંગી ગયું નહી એ જ મને નવાઇ લાગે છે. સિંહના પીંજરામાં આવી ચડેલી મૃગલી જેવી મારી દશા જોઇ હું ભયથી ધ્રુજી ઉઠી. આ પાપીષ્ટ જો બળાત્કાર કરે તો મારે મારૂં શિયળ સાચવવા શું કરવું ? એનો વિચાર કરવા લાગી. એનો જો તત્કાળ તિરસ્કાર કરૂં તો તેનું પરિણામ ઘણું ભયંકર આવે. અહીં મારૂં કોણુ ? બધા એનાં જ માણુસો હતાં. વાડ પોતે જ ચીભડાં ગળવાં તૈયાર થાય ત્યાં બીજો શું ઉપાય ? મને પોતાને મૌનનો માર્ગ જ શ્રેયસ્કર અને સહિસલામત લાગ્યો.

બ્હારથી મૌન ધારણુ કરવા છતાં, પહેલામાં પહેલી તકે આ પાપીના પંજામાંથી નાસી છૂટવાનો મેં નિશ્ચય કર્યો. કેટલીક વાર વાણી કરતાં પણુ મૌન અધિક સુખદાયક નીવડે છે. મેના અને પોપટ બોલ બોલ કરે છે તેથી જ રસિકો એમને જ્યાં હોય ત્યાંથી પકડી પીંજરામાં પૂરે છે અને બગલા બિચારા મૌન બેસી રહે છે તેથી તેમની સામે પણુ ભાગ્યે જ કોઇ જોતું હશે. મૌનને સિધ્ધિદાયક ગણી એનું જ અવલંબન લીધું. સુરથ એ વખતે તો વધુ કંઇ કહ્યા-કર્યા વિના પોતાના માર્ગે ચાલ્યો ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધીમે ધીમે આખા દિવસના પરિશ્રમથી થાકેલો સૂર્ય પણ આરામ લેવા અસ્તાચલ ઉપર ઉતર્યો. પૃથ્વીને અને અટવીને પણ અંધકારે ઘેરી લીધી. સૈનિકો નિશ્ચિંતપણે નિદ્રાની ગોદમાં ઢળવા લાગ્યા. આખું જગત્ સૂતું હતું તે વખતે હું જ એકલી જાગતી બેઠી હતી. મારો દેહ ભયથી ધ્રુજતો હતો.

સૌ પહેલાં મેં મારા અલંકારો એકઠાં કર્યાં. પછી ધીમે ધીમે પગલાનો અવાજ પણ ન સંભળાય તેમ, પ્રહરીઓની વચ્ચે થઇ છાવણીની બ્હાર નીકળી ગઇ. એક તો અકલ્પિત ભયથી હું થરથર કંપતી હતી. એટલામાં જ અંધકારને ભેદી આવતી સિંહ-વાઘ-વરૂ આદિ હિંસક પ્રાણીની ભયંકર ત્રાડ સાંભળતાં મને કેવી લાગણીઓ ઉપજી હશે તે વર્ણવી શકતી નથી. ખાડા, ટેકરા, જાળાં કે પાણીની પરવા કર્યા વિના, પગ લઇ જાય ત્યાં નાસી છૂટવું એ જ મારૂં મુખ્ય ધ્યેય બન્યું. એક તરફ અંધકાર, બીજી તરફ ભયનું સામ્રાજ્ય, ત્રીજી તરફ હૃદયમાં વાસ કરી રહેલી ભીરૂતા, ચોથી તરફ સુરથના સૈનિકો આવી પહોંચવાની બીકઃ એમ ચારે કોરથી ઘેરાયલી મૃગલીની જેમ હું આંખો મીંચીને દોડવા લાગી.

દોડતાં દોડતાં, પાપી જીવો જેમ નરકમાં પડે તેમ હું આ કુવામાં પડી. કુવામાં પાણી તો પુષ્કળ હતું, પણ સદ્દભાગ્યે પાણીથી થોડે દૂર એક બખોલ મળી ગઇ. મૃત્યુ સમાન દુઃખ વેઠવા છતાં મારા શિયળવ્રતનું રક્ષણ થયું એ કંઇ મારા માટે ઓછા સુખ કે સૌભાગ્યની વાત ન હતી. કુવાની અંધારી બખોલ, સુરથના રાજમહેલ કરતાં પણ મને વધુ સુખમય લાગી. કુવાની ભયંકર નિર્જનતા, સુરથના સેંકડો અનુચરની અપેક્ષાએ વિશેષ શાંતિદાયક નીવડી; પણ જે વખતે પ્રાણીને ભૂખ લાગે તે વખતે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકલાં સુખ–શાંતિને લઇને શું કરે ? દેહને અન્ન અથવા આહારની ઇચ્છા થાય ત્યારે શાંતિ કે સહિસલામતી કંઇ થોડાં જ કામ આવે ? એક દિવસ–બે દિવસ માણુસ ભૂખ્યું રહી શકે, પણુ કાળનો મોટો સાગર ઘુંઘવતો હોય–કિનારો જ દેખાતો ન હોય ત્યાં માણુસ કયાં સુધી આશા રાખી શકે ? ચાર દિવસ ભૂખ્યા પેટે કાઢી નાખ્યા. મને લાગ્યું કે કોઇ પણુ જાતના આહાર વિના હવે જીવતા રહેવું એ અશકય છે. શરણુહીન એવી હું અહોનિશ ઝુરવા લાગી. જીવિતની આશા પણુ આખરે મૂકી દીધી.

પાંચમા દિવસે સૈનિકોના કંઠનો કોળાહળ મારા કાને પડ્યો, દૂધથી જે દાઝયું હોય તે છાશ પણુ પુંકીને પીયે એવી કહેવત છે, તે પ્રમાણે એ કોળાહળ સુરથના સૈનિકોનો જ હોવો જોઇએ અને તેઓ મારી શોધમાં જ ભટકતાં હશે એવો મારા મનમાં ધ્રાસકો પડ્યો. અરેરે ! શું એ નરાધમ સુરથે હજી પણુ મારો કેડો નહીં છોડ્યો હોય ? ભૂખ અને ભયથી ક્ષણે ક્ષણે રીબાતી એવી હું કુવાની બખોલમાં અત્યંત વ્યાકુળ જેવી બની બેઠી.

એક પુરૂષને કુવાની અંદર મારી પાસે આવતો જોતાં જ જમરાજ પોતે આવ્યો હોય એમ મને લાગ્યું. તેણે મને કેટલાય સવાલો પૂછ્યા, પણુ હું તો મારી બધી શાંતિ અને ધીરજ ખોઇ બેઠી હતી. મેં એક પણુ સવાલનો જવાબ ન આપ્યો. સુરથના સૈનિકો સાથે વાતચીત કરતાં પણુ મને ભય થતો હતો. બીજી વાર એ પુરૂષ જયારે આવ્યો અને તેણે પોતે જયારે કહ્યું કે અમરકેતુ રાજાની આજ્ઞાથી તે આવ્યો છે ત્યારે મારો ભય ઉડી ગયો, સુરથ સંબંધી શંકા ટળી ગઇ અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુવામાંથી બ્હાર નીકળવા તૈયાર થઇ. સ્વામિન્ ! મારા દુઃખની એ ટુંકી કથા છે. ”

અમરકેતુ જેવા વીર પુરૂષનું હૈયું, કમલાવતીની વીતકવાર્તા સાંભળી ભરાઇ આવ્યું. તેના નેત્રોમાંથી આંસુની ધાર વહી નીકળી, ગમગીનીને લીધે ચ્હેરો લાલચોળ બન્યો. ઉષ્ણ નિઃશ્વાસ મૂકતાં તે એટલું જ બોલ્યો “ કર્મની ગતિ વિચિત્ર છે. રાજા-મહારાજાઓ અને મહારાણીઓ પણ કર્મના પંજામાંથી છટકી શકતાં નથી. આપણે બધાં ગમે તેવા બળવાન કે કુશળ હોઇએ પણ કર્મરાજા આપણાં બળ અને કૌશલ્યને પણ બરબાદ બનાવી મૂકે છે. ”

ભૂખથી બેહાલ બનેલા સર્પના કરંડીયામાં, ઉંદર જેમ ભક્ષ્યની મોટી આશાએ જાય અને ભક્ષ્યને બદલે પોતે જ ભક્ષણરૂપ બની જાય એવી સંસારીઓની સ્થિતિ છે. સંસારના પ્રાણીઓ સુખની આશાથી મોટી મહેનત તો કરે છે, પણ પેલા ઉંદરની જેમ સુખને બદલે દુઃખ જ તેમના નસીબમાં લખાએલું હોય છે તે મિથ્યા થઇ શકતું નથી.

અમરકેતુ પણ એવા જ વિચાર-તરંગમાં તણાયો. પ્રાણી માત્રને હરકોઇ બ્હાને, હરકોઇ જન્મમાં પોતાનાં કરેલાં કર્મ ભોગવવાં જ પડે છે. આપણે ગમે તેવી સાવચેતી રાખીએ પણ કર્મરાજાના અચળ-અટળ શાસન સામે કોઇનું રજ જેટલું પણ ચાલતું નથી. કુવામાં પડવા છતાં એક કોમળાંગી જીવતી રહી શકે અને પાછી પોતાના સ્વામીને સારી હાલતમાં મળી શકે એ બધામાં કર્મની વિચિત્ર સત્તા જ વિલસી રહી હોય એવી તેની ખાત્રી થઈ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

“ ખરેખર દેવી, તમારા ઉપર દુઃખનાં ડુંગર એક સામટા પડ્યા છે એમ કહું તો પણ કંઇ ખોટું નથી, પણ આપણે પૂર્વભવમાં પુણ્ય કર્યાં હશે તેથી તેનું સુફળ ભોગવવા આપણે ફરી ભાગ્યશાળી થયાં. ” એ શબ્દોમાં અમરકેતુએ પોતાની સહાનુભૂતિ અને ઉલ્લાસ પ્રકટ કર્યાં.

મહારાજા અમરકેતુ પોતાની ખોવાયેલી રાણી સાથે હસ્તિનાપુરમાં પધારે છે એવાં સમાચાર નાગરિકોમાં ફેલાતાં સારૂં યે હસ્તિનાપુર ઉત્સવને હિંડોળે ચઢયું. શેરીઓમાં અને બજારોમાં ધજા–પતાકાઓ બંધાઇ. વાજીંત્રોના ગગનભેદી અવાજ સામે આકાશે પણ એના પડછંદા ઝીલ્યા. યાચકોને દાન આપતાં અમરકેતુ અને કમલાવતી પોતાના મહેલમાં પહોંચ્યા.

એ વાતને કેટલાય વર્ષો થઇ ગયા.

મહારાજા અમરકેતુ એક દિવસે સભામાં બેઠા હતા. વિવિધ પ્રકારની વાતો ચાલતી હતી એટલામાં દ્વારપાળની સાથે સમંતભદ્ર નામનો એક સેવક હાજર થયો.

સુમતિ નૈમિત્તિકની પ્રેરણાથી મહારાજ અમરકેતુએ, કુસુમાકર ઉદ્યાનમાં એ સમંતભદ્રની નિમણુક કરી હતી. નૈમિત્તિકે કહ્યું હતું કે: “ હે મહારાજ, આકાશમાંથી એક કન્યા ઉદ્યાનમાં પડશે. ત્યારપછી થોડા જ વખતમાં તમારા ખોવાયેલા પુત્ર સાથે તમારો સમાગમ થશે. ” એ કન્યાની શોધ અર્થે અમરકેતુએ કુસુમાકર ઉદ્યાનમાં સમંતભદ્રને નીમ્યો હતો.

સમંતભદ્ર બે હાથ જોડી વિનયપૂર્વક કહેવા લાગ્યો: “ મહારાજ, નૈમિત્તિકના કહેવા પ્રમાણે રોજ ત્રણ–ત્રણ વાર આખું ઉદ્યાન ફરી વળતો પણ આશાને બદલે રોજ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અધિક તો નિરાશા જ મળતી. ગઇ રાત્રિના છેલ્લા પ્રહર વિષે એક આશ્ચર્ય ઘટના બની. આકાશ તરફ નજર રાખ ઉદ્યાનના મધ્ય ભાગમાંથી હું પસાર થતો હતો. બધું સૂમસામ હતું. વૃક્ષો અને વેલીઓમાંથી એક પ્રકારની ઉન્માદક સુગં વહેતી હતી. એટલામાં "ધબાક" કરતું કાંઇ પૃથ્વી ઉપ પડયું હોય એવો અવાજ સંભળાયો. પક્ષીઓ અને હંસન ટોળાં ભયભીત બની આસપાસ ઉડવા પાંખ ફફડાવવા મં ગયા. માળામાં નિરાંતે બેઠેલા પંખી પણ ફફડી ઉઠ્યાં. મ પોતાને પણ ઘણું આશ્ચર્ય થયું. એક બકુલવૃક્ષની પાસે જઇને જોયું તો સૌંદર્યની પ્રતિમા જેવી એક બાળા આંખ મીંચીને ત્યાં પડી હતી. એના શરીરનું એકે એક અંગ અનુપમ હતું યૌવન એની રગેરગમાં ધબકતું હતું. મને થયું કે લક્ષ્મીદેવી પોતે જાણે પદ્માસન ઉપરથી ખસી પડ્યા હોયની ?

એ મૂર્ચ્છિત બનેલી દેવાંગનાના દેહ ઉપર મેં થોડું પાણી સીંચ્યું અને થોડો પવન પણ નાખ્યો. થોડીવારે જૂથમાંથી છૂટી પડેલી મૃગલીની જેમ તેણીએ પોતાના ચંચળ નયન ખોલ્યાં. મેં એમને કહ્યું:–" હે ભદ્રે ! આપે બીલકુલ ભય પામવા જેવું નથી. આ કુસુમાકર ઉદ્યાનમાં આપ નિશ્ચિંત છો. આપ કોણ છો અને અહીં શી રીતે આવી ઉતર્યા એ વૃતાંત મને સંભળાવો."

યુવતીએ તત્કાળ કંઇ જવાબ ન આપ્યો. કદાચ તે મારી ભાષા જ નહીં સમજતી હોય એમ લાગ્યું. શાપથી ભ્રષ્ટ થએલી દેવલોકની કોઇ અપ્સરા હોય, વિદ્યાથી ભ્રષ્ટ થયેલી કોઈ વિદ્યાધરપુત્રી હોય એવો તર્ક થયો, પરન્તુ એની આંખમાંના આંસુ જોયા પછી મારો તર્ક ઉડી ગયો. તે જ ક્ષણે

P.P. Ac. Gunratnasuri M.S.　　Jun Gun Aaradhak Trust

મને સુમતિ નામના નૈમિત્તિકે કહેલી ભવિષ્યવાણીનું સ્મરણ થયું. પછી મેં બહુ આગ્રહ કરવાનું માંડી વાળ્યું. દોડતો અહીં આપની પાસે હાજર થયો."

"એ કન્યા અત્યારે ક્યાં છે ?" મહારાજા અમરકેતુએ ઉત્સુકતાપૂર્વક પૂછ્યું.

"એ જ ઉદ્યાનમાં હું મારી પોતાની સ્ત્રી પાસે મૂકતો આવ્યો છું. મારા આશ્વાસનથી એનામાં નવી ચેતના આવી છે એમ કહું તો પણ ચાલે." સમંતભદ્ર બોલ્યો.

સુમતિ નૈમિત્તિકના શબ્દ વિષે સર્વ સભાજનોને પૂર્ણ શ્રદ્ધા બેઠી, અને મહારાજાનો આદેશ થતાં અનુચરો કુસુમાકર ઉદ્યાન તરફ દોડ્યા. પુત્રના મુખના દર્શન કરવાની આશામાં અમૃત સીંચાયું.

સ્વર્ગની દેવાંગનાને પણ નિસ્તેજ બનાવે એવી અને સૌંદર્યના એક માત્ર નિષ્કર્ષરૂપ એ અજાણી બાળાનું લાવણ્ય જોતાં જ મહારાજાએ વિચાર કર્યો–" ગમે તેમ પણ આ બાળા કોઇ કુલીન કુળની જણાય છે." અત્યારે તો જો કે હૃદયમાંના સંતાપને લીધે તેની કાંતિ સ્હેજ નિસ્તેજ બની હતી અને સૂકાએલાં આંસુ હજાર જીભવડે એના શોકને સૂચવતા હતા, છતાં એની છટા ઉપરથી એ રાજકન્યા હોય એમ લાગ્યા વિના ન રહે.

"હે બાળા ! તમે મને પિતા તુલ્ય જ માનશો. અહીં કોઇ તમારો વાંકો વાળ પણ કરી શકે એમ નથી, માટે તમે ક્યાંના છો ? ક્યાંથી આવી ચડ્યા છો ? અને એકાએક આકાશમાંથી ઉદ્યાનમાં પડવાનું શું કારણ બન્યું તે નિર્ભયપણે કહો." અમરકેતુએ કહ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શોકના મહાસમુદ્રમાંથી કાંઠે આવતી હોય તેમ તેણ ચંચળ નજરે આસપાસ નીહાળ્યું. એક દીર્ઘ નિઃશ્વાસ મૂક અને કહ્યું: " મારૂં આખું વૃત્તાંત કહી શકું એટલી હ મારામાં શક્તિ નથી, છતાં આપ પૂછો છો ત્યારે મારે એટ કહેવું જોઇએ કે હું કુશાગ્રપુરના અધિપતિ-નરવાહન રાજા પુત્રી-સુરસુંદરી છું. પૂર્વના કર્મના સંજોગે કોઇ એક પિશા મારૂં હરણ કર્યું........" શોક-સંતાપને લીધે તે એથી વ કંઈ બોલી શકી નહીં. એનો કંઠ રૂંધાવા લાગ્યો.

કમલાવતી એકદમ તે બાળાની પાસે આવી ભેટી પડ અને જાણે કે પોતાની જ પુત્રી હોય તેમ તેણીને ખોળામ બેસારી કહેવા લાગી: " વત્સે ! તું મુદ્દલ રૂદન કરીશ મા. આ કંઇ દ્વીપાન્તર નથી. મારૂં નામ કમલાવતી અને તાર પિતા મારા સગાભાઇ થાય. "

કુશાગ્રપુરમાંથી આવતા નાગરિકો, સુરસુંદરીના રૂપ-ગુણની જે સ્તુતિ કરતા હતા તેનું કમલાવતીને સ્મરણ થયું એટલું જ નહીં પણ એ સ્તુતિ યથાર્થ જ હતી એમ લાગ્યું.

" આ પણ તારા પિતાનું જ રાજ્ય છે એમ માનજે. " કમલાવતીએ વધુમાં કહેવા માંડ્યું: " અહીં કોઇપણ પ્રકારની ચિંતા રાખીશ મા. " કમલાવતીએ એના ઉભરાતા આંસુ લૂછ્યાં અને પોતાના મ્હેલમાં લઇ ગઇ.

બ્હારના હજારો ઉપચારો શોક-સંતપ્ત હૃદયને ક્યાં સુધી શીતળતા અર્પે ? કમલાવતી, સુરસુંદરીને સુખી બનાવવા ઘણા ઘણા પ્રયત્નો કરે છે પરંતુ સુરસુંદરીના આંસુ કેમે કરતાં સૂકાતાં નથી. તે કોઈ કોઈવાર છાનીમાની રડી લે છે, કોઈવાર ઉષ્ણુ નિઃશ્વાસ નાખે છે, કોઇવાર મૂર્છા પામી ઢળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પડે છે, કોઈવાર શૂન્યચિત્તે આકાશમાં જોઇ રહે છે. તે દિવસે દિવસે ક્ષીણ થઇ રહી.

કમલાવતીને વિચાર થયો કે “ સુરસુંદરીના મ્હોં ઉપર હાસ્યની એક રેખા સરખી પણ કેમ નહીં પ્રકટતી હોય ? એવું તે શું દુઃખ છે કે એને અહોનશ બાળ્યા કરે છે ? એની સખીઓ હંમેશા વિનોદ કરે છે, છતાં સુરસુંદરી પોતે તો એમાં કંઇ જ ભાગ લઈ શકતી નથી. માતપિતા યાદ આવતાં હોય તો એ વાત કહેવામાં એને કંઇ શરમ કે સંકોચ શા સારૂ હોય ? કામના વિકાર જેવાં ચિહ્ન પણ નથી જણાતાં. કોઇ પ્રેમિકે એનું હૃદય હરી લીધું હોય તો શૃંગાર અને પ્રેમની વાર્તાઓ સાંભળવાનું એને મન થયા વિના ન રહે, પરંતુ સુરસુંદરી પોતે તો કંઇ જ બોલતી નથી—પૂછીએ તો પણ માંડમાંડ જવાબ આપે છે. અને કામનો પ્રભાવ એવો વિચિત્ર હોય છે કે તે પોતાને કોઇની પાસે પ્રકટ થવા દેતો નથી, માટે સૌથી સરસ ઇલાજ તો એ છે કે એની સખીઓ મારફતે સુરસુંદરીના મનની ખરી સ્થિતિ જાણી તેનો ઉપાય કરવો. ”

હંસિકા નામની દાસીને બોલાવીને કહ્યું: “ આપણે ત્યાં દેવકન્યા જેવી સુરસુંદરી આવી ચડી છે એ વાત તું જાણે છે, પરન્તુ એ શા કારણે અહોનિશ ઉદાસ રહે છે તે કળાતું નથી; માટે તું યુક્તિ–પ્રયુક્તિથી એના મનોભાવ જાણી લે. ” હંસિકા એ કામમાં ચતુર હતી. તેણે પોતાની કળા વાપરી અને જોતજોતામાં હંસિકા તથા સુરસુંદરી વચ્ચે સખીપણાની સુંદર ગાંઠ બંધાઈ ગઇ.

એક દિવસે બરાબર વખત જોઇ હંસિકાએ પૂછ્યું: “ બ્હેન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમે ખરેખર કોણ છો અને આટલાબધા ઉદાસ કેમ રહો છે તે હજી અમારાથી સમજાતું નથી. તમને હરકત ન હોય તો તમારા જીવનનો થોડો ઇતિહાસ સંભળાવશો ? ”

હંસિકા પાસે કોઇ વાત છુપાવવી એ વૈદ્યની પાસે પેટ છુપાવવા જેવું સુરસુંદરીને લાગ્યું. વાણી ઉપર આજ સુધી જે બંધનો મૂકી રાખ્યાં હતાં તે તૂટી પડ્યાં. સુરસુંદરીએ કહેવા માંડ્યું–“ મારૂં વૃતાંત એવું છે કે કોઇ તટસ્થ શ્રોતાનું ચિત્ત પણ કરૂણાર્દ્ર થયા વિના ન રહે. હું કોઇને દુઃખી કરવા નથી માગતી તેથી જ મેં આજસુધીમાં મારો વૃતાંત કોઇને નથી કહ્યો; પરંતુ આજે તું આગ્રહ કરે છે તો પછી મને કહેવામાં કોઇ જાતનો વાંધો નથી. ” પ્રસ્તાવનારૂપે આટલી વાત કર્યા પછી સુરસુંદરીએ કુશાગ્રપુરનો પરિચય આપ્યો. “ જેની અંદર મ્હોટા યોદ્ધાઓ, લક્ષ્મીશાળીઓ અને વૈભવી પુરૂષો વસે છે એવું કુશાગ્રપુર નામનું એક નગર છે. ત્યાં નરવાહન નામે રાજા રાજ્ય કરે છે. નરવાહન રાજા અને કુંજરાવર્તના ભાનુવેગ વિદ્યાધર એ બન્ને મિત્રો હોવાથી ભાનુ-વેગે પોતાની રત્નવતી નામની બ્હેનના નરવાહન સાથે લગ્ન કર્યાં. હું સુરસુંદરી એમની પુત્રી છું. મારા જન્મ સમયે મારા માતપિતાએ ખુબ મોટો ઉત્સવ કર્યો. હું જેમ જેમ વયમાં વધતી ગઇ તેમ તેમ અભ્યાસ માટે અનેક પ્રકારની વ્યવસ્થા-ઓ થવા લાગી. વૃત, નાટ્ય, ગીત, પત્રછેદ, હસ્તકાંડ, વીણા-સ્વર, લક્ષણ, વ્યંજન, વ્યાકરણ અને ન્યાયશાસ્ત્ર જેવા અનેક વિષયો મને ભણાવવામાં આવ્યા. ગુરૂની પણ મારી ઉપર સારી મમતા હતી, તેથી મેં થોડા જ વખતમાં બધી વિદ્યાઓ સંપાદન કરી. શ્લોકનું એક પદ સાંભળતાં જ બીજા પદ પૂરાં કરી શકું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એવી શક્તિ મને પ્રાપ્ત થઇ. મારાં મા-બાપ અને બીજાં પરિજનો પણ મારી પ્રગતિ જોઇ પ્રસન્ન થતાં."

સુરસુંદરીએ મા-બાપની મુશ્કેલી વર્ણવતાં કહ્યું: "પુત્રી યૌવનવયમાં આવતાં માતા-પિતાની મુશ્કેલી કેટલી બધી વધી પડે છે? પુત્રીને યોગ્ય ભર્ત્તા શોધવામાં તેઓ પોતાની ભૂખ અને ઉંઘને પણ ભૂલી જાય છે. ભર્ત્તા ગુણવાન હોય પણ જો તેજસ્વી ન હોય તો કજોડું થાય. તેજસ્વી અને ગુણવાન હોય, પરંતુ ભાગ્યશાળી ન હોય તો મા-બાપનું મન પાછું પડી જાય. દરેક ગુણથી સંપન્ન ભર્ત્તા તો કોઇ ભાગ્યવતી કન્યાને જ મળે. મારા માતાપિતા એ જ ચિંતામાં બેઠાં હતાં એટલામાં એક નૈમિત્તિક આવી ચડ્યો. એનું નામ સુમતિ હતું. મારા પિતાએ પૂછ્યું: "ભદ્ર! મારી આવી ભણેલી-ગણેલી કન્યાનો ભર્ત્તા કોણ થશે?" નૈમિત્તિકે જવાબમાં કહ્યું કે "હે નરેંદ્ર તમે એ વિષયમાં બિલકુલ ચિંતા કરશો મા. વિદ્યાધરનો ચક્રવર્ત્તી રાજા આ કન્યાનો ભર્ત્તા થશે. એના સમસ્ત અંતઃ-પુરમાં તમારી કન્યા જ પટ્ટરાણી બનશે; એટલું જ નહીં પણ પતિનો પૂરેપૂરો પ્રેમ એ જીતી લેશે."

મારા માતાપિતાને નૈમિત્તિકની આ ભવિષ્યવાણી સાંભળી ઘણો આનંદ થયો. તેમણે તેને ખૂબ દ્રવ્યથી સંતોષી-રાજી કરી રવાના કર્યો.

એ પછી મારા દિવસો ખૂબ આનંદ અને વિનોદમાં પસાર થતા ચાલ્યા. એક વાર મારી સખીઓ સાથે હું ઉદ્યાનમાં ગઇ હતી. ત્યાં આગળ એક અપૂર્વ દેખાવ મારી નજરે પડ્યો. એક વિદ્યાધર-કન્યા, એકાગ્રમને એક મંત્રનો જાપ કરી,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પોતાના બે બાહુ આકાશમાં ફેલાવી રહી હતી. જાણે કે એ ઉડવાનો પ્રયત્ન કરતી હતી, પરંતુ કોઈ અજાણ્યા કારણે તે ઉડી શકતી નહીં. એથી એના સુંદર–તેજસ્વી–યૌવનમંડિત મુખ ઉપર ગભરામણની કાળી છાયા પથરાઇ હતી. તે પોતાને એકાંત સ્થાનમાં માનતી હતી તેથી અમારી તરફ એનું મુદ્દલ લક્ષ ન ગયું. હું ધીમે પગલે એની પાસે પહોંચી અને મને જોતાં તે જરા શરમાયા જેવી બની ગઇ. છેલ્લી વાર તેણીએ મંત્ર બોલી ઉંચે ઉડવાનો પ્રયત્ન કર્યો, પણ સ્હેજ ઉંચે ચડ્યા પછી તે પાછી ભૂમિ ઉપર આવી ઉભી રહી. મને આ દેખાવ જોઇ બહુ કૌતુક ઉપજ્યું. મારાથી પૂછાઇ જવાયું:– “હે સુંદરી ! તમે કોણ છો ? ઉંચે ઉડવાનો આ પ્રમાણે વ્યર્થ પ્રયત્ન કેમ કરો છો ?”

“તમને એ પ્રયત્નમાં વ્યર્થતા દેખાય, પણ શું કરૂં કે અત્યારે લાચાર બની ગઇ છું–કારણ કે એક પદનું મને વિસ્મરણ થઇ ગયું છે.” વિદ્યાધર–કન્યાએ શોક દર્શાવતાં કહ્યું.

“પણ તમે કોણ છો ? હું તમને કઈ રીતે સહાય કરી શકું ?” મેં ફરી વાર પ્રશ્ન કર્યો.

વિદ્યાધર કન્યાએ કહ્યું:–“કુંજરાવર્તના રાજા ભાનુવેગને બે બ્હેનો છે. એકનું નામ બંધુદત્તા અને બીજીનું નામ રત્નવતી. બંધુદત્તા મારી માતા થાય અને રત્નસંચય નગરના ચિત્રવેગ રાજા મારા પિતા થાય. મારૂં પોતાનું નામ પ્રિયંવદા. મારા પિતાને કનકમાળા નામની એક બીજી રાણી છે. એના પુત્રનું નામ મકરકેતુ છે. મકરકેતુ જો કે મારો ઓરમાન ભાઇ ગણાય, તો પણ મને તે એટલો બધો વ્હાલો છે કે એક ઘડી પણ હું તેનાથી દૂર રહી શકતી નથી. હાલમાં મારા પિતાએ આપેલી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલીક વિદ્યાઓ સાધવા તે એકાંત પવિત્ર સ્થળમાં જઇને રહ્યો છે. એક મહિનાથી મેં એના દર્શન નથી કર્યાં. ભાઇને એક ક્ષણ પણ ન જોયો હોય તો હૃદયમાં સંતાપ થાય તે ભાઇને એક-એક મહિના સુધી ન જોવાથી મારી શી દશા થઈ હશે તેની કલ્પના તમે પોતે જ કરી લ્યો. પછી તો મેં માંડમાંડ પિતાની અનુજ્ઞા મેળવી અને ભાઇને મળવા નીકળી પડી. માર્ગના થાકથી કંટાળી હું અહીં જરા આરામ લેવા નીચે ઉતરી. હવે ફરીવાર ઉડવાની માથાકૂટ કરૂં છું, પણ કમનસીબે મંત્રના પદ ભૂલી જવાથી ફરી ફરીને થોડે ઉંચે જઇ નીચે આવી પડું છું. એકાગ્રમને સંભારવા છતાં તેનું સ્મરણ થતું નથી, અને જેમ જેમ સમય જાય છે તેમ તેમ એક તરફ ઔત્સુકય અને બીજી તરફ નિરાશા વૃદ્ધિ પામતા જાય છે.”

“દેવતાઓ પણ દુઃખ ભોગવે છે તો પછી આપણે કઈ ગણતરીમાં? ચંદ્ર પણ પૂર્ણ કળા પામી પાછો નિસ્તેજ બને છે. તમે શોક કરવો મૂકી દ્યો. હું તમને મારાથી બનતી દરેક પ્રકારની મદદ કરીશ.” સુરસુંદરીએ પ્રિયંવદાને આશ્વાસન આપ્યું.

“ભૂલાએલો મંત્ર યાદ આવે તો મને કોઇની સહાયની જરૂર ન રહે.” પ્રિયંવદાએ પોતાની મુખ્ય મુશ્કેલી પુનઃ કહી સંભળાવી.

“બીજાની આગળ કહી શકાય એવો કલ્પ હોય તો તમે ખુશીથી મને સંભળાવો. હું એના બાકીના પદ પૂરાં કરી દઇશ.” સુરસુંદરી બોલી.

પ્રિયંવદા એક-બે પદ ધીમે ધીમે બોલી રહી એટલે તરત જ સુરસુંદરીએ જાણે કે પોતાની સ્મૃતિના ભંડારમાંથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બ્હાર કાઢતી હોય તેમ બાકીના ભૂલાએલા પદ કહી સંભળાવ્યા. પ્રિયંવદાના કરમાયેલા મુખ ઉપર ઉલ્લાસનું નવું લોહી ફરી વળ્યું. તે બોલી ઉઠી:-" ખરેખર તમે કહ્યા એ પદો જ ભૂલી ગઇ હતી. બહુ સારૂં થયું કે તમે મને યાદ કરી આપ્યા. આજથી તમે મારા ગુરૂણી છો."

પ્રિયંવદા એટલું કહી સુરસુંદરીના ચરણમાં નમી પડી. એની જીજ્ઞાસા વધુ તિવ્ર બની અને પૂછ્યું :- " અપૂર્વ વિદ્યાનું સ્મરણ કરાવનાર આપ કોણ છો ? "

હું એનો જવાબ આપું તે પહેલાં જ મારી એક સખી બોલી ઉઠી: " આખા જગતમાં પોતાનાં રૂપ-લાવણ્ય-ગુણ અને અહોભાગ્યને લીધે પંકાયેલી એવી આ નરવાહન રાજાની રત્નવતી દેવીની કુક્ષિથી ઉત્પન્ન થયેલી કુંવરી-સુરસુંદરીને શું તમે હજી પણ નથી ઓળખી શક્યા ? તમે વિદ્યાધરીઓ તમારી પોતાની શક્તિથી જ એ બધું જાણી શકો છો. "

પ્રિયંવદા આશ્ચર્ય અને આનંદથી મારી સામે ક્ષણભર જોઇ રહી. એની આંખમાં હર્ષનાં આંસુ આવ્યા અને કહ્યું કે: " અરે ચંદ્રમુખી ! તું તો મારી માસીની પુત્રી બ્હેન થાય. "

પ્રિયંવદા મારા ગળે બાઝી પડી. મેં પણ એને મારે ઘરે આવી, પોતાની માસીને મળવા આગ્રહ કર્યો; પરંતુ મારો આગ્રહ નકામો ગયો. પ્રિયંવદાએ કહ્યું:

" બ્હેન, અત્યારે તો હું ખાસ મારા ભાઇ-મકરકેતુને મળવા માટે જ જાઉં છું. એક મહિનાથી મેં એને નથી જોયો. મારા દિલમાં એટલી બધી ઉત્સુકતા વ્યાપેલી છે કે હું તેનું પૂરૂં વર્ણન આપી શકતી નથી, માટે તમે આગ્રહ કરવાનું અત્યારે માંડી વાળો. પાછી ફરીશ ત્યારે જરૂર હું તમને

P.P. Ac. Gunratnasuri M.S.　　　　Jun Gun Aaradhak Trust

અને મારી માસીને પણ મળીને જઇશ.” પ્રિયંવદા આમ બોલતી હતી તે દરમીયાન મારી દ્રષ્ટિ એક ચિત્રપટ તરફ ગઇ. તેણીએ એ ચિત્રપટ બરાબર સંકેલીને પોતાના પડખામાં છટાથી છુપાવી રાખ્યું હતું. મેં પૂછ્યું: “આ છબી કોની છે?”

પ્રિયંવદાએ આશ્ચર્યની લાગણી સાથે એ ચિત્રપટ મારી આગળ ખૂલ્લું કર્યું અને કહ્યું કે–“આ ચિત્રપટ મેં મારી પોતાની પીંછીથી ચિતરીને તૈયાર કર્યું છે.”

ચિત્રપટમાં આલેખાયેલી કામદેવ જેવી છબી જોતાં જ હું મારૂં ભાન ભૂલી ગઇ. આ તે ચિત્ર છે કે સાક્ષાત્ મૂર્ત્તિમંત કામદેવ છે તે જ સમજવું મુશ્કેલ થઇ પડયું. એ યુવકના નેત્રોમાંથી અમીરસ ટપકતો હતો. અપરિચિત છતાં જાણે ભવોભવનો પ્રેમી અને સંગાથી હોય એવો લાગ્યો. શરીરે રોમાંચ થયો, અધરોષ્ટ ફરકવા લાગ્યા. અંગેઅંગમાં જાણે ધરતીકંપ થતો અનુભવી રહી. ભુજલતા ઉલ્લાસ પામી– સ્તનમંડળ ધબકી રહ્યું અને આખરે હું પોતે નીદ્રિત અથવા મૂર્ચ્છિતની જેમ ચેતન રહિત બની ગઈ.

વસંતિકા સખી એ ભેદ પામી ગઇ. મશ્કરી કરતી હોય તેમ બોલી: “પ્રિયંવદે ! નેત્રને આનંદથી ભીંજવનાર આ કયા કામદેવની મૂર્ત્તિ છે?”

“એમાં પૂછવાની શી જરૂર છે? કામદેવ દુનીયામાં કેટલા છે? રતિથી વિયોગ અનુભવતો કામદેવ પોતે જ પ્રિયંવદાએ આ ચિત્રપટમાં આલેખ્યો છે.” કુમુદિની નામની એક બીજી સખીએ પોતાનાં મનોભાવ પ્રકટ કર્યાં.

“તારી એ ભૂલ થાય છે, કુમુદિની !” શ્રીમતી નામની ત્રીજી સખી બોલી: “રતિથી વિયોગ અનુભવતો કામદેવ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આજે સાક્ષાત્ રતિની પાસે આવી ઉભો છે તે તું કેમ નથી જોઇ શકતી ? ” શ્રીમતીનાં આ કટાક્ષવાકય સાંભળતાં જ સૌ સખીઓ ખડખડાટ હસી પડી.

એમના અટ્ટહાસ્યે મારી અચેતના દૂર કરી. મને મારી સ્થિતિનું ભાન થયું. ક્રોધનો ડોળ દાખવતાં મેં કહ્યું:—“સખીઓ તમે બધી કેમ નિર્દયપણે મારી હાંસી કરો છો ? મારામાં રતિ-પણું તમે કઈ રીતે કલ્પી મને પજવો છો ? ”

“ તું ભલે ક્રોધ કરે, પણ તારા અંતરમાં તો અત્યારે અસાધારણ ઉલ્લાસ અનુભવે છે તે શા સારૂ છુપાવે છે ? કામદેવને જોઇને રતિ સિવાય બીજા કોને આટલો આનંદ થાય ? એમાં અમે ખોટું શું કહ્યું ? ” એક સખીએ હિમ્મત આણી સાચી વાત સંભળાવી.

“ બ્હેન પ્રિયંવદા ! એ ચર્ચામાં ઉતરવાની આપણને જરૂર નથી, પણ તું જ કહે કે આ ચિત્રમાં કોનું સ્વરૂપ તેં આળેખ્યું છે ? ” સખીઓના ટોળામાંથી કોઇકે પૂછયું.

“ બ્હેન, એ મારો મકરકેતુ નામનો ભાઇ છે. ” પ્રિયંવદા-એ ખુલાસો કર્યો. “ સૌંદર્યમાં તો તેની પાસે કામદેવ પણ શરમાઇ જાય. એ સુંદર છે એટલું જ નહીં પણ શૂરવીર અને કળાકૂશળ પણ છે. મેં આજસુધી તેના વિયોગમાં તેની છબીઓ જ ચિતર્યા કરી છે. એનું સ્મરણ કેમે હૃદયમાંથી ખસતું નથી, તેથી અવકાશના સમયમાં તેનું ચિત્ર આલેખી મારા શ્રમ અને સમયની સાર્થકતા સાધું છું; એટલું છતાં જ્યારે ઘરમાં રહેવું અશકય થઇ પડયું ત્યારે મેં ઘરનો ત્યાગ કર્યો અને ભાઇને મળવા બ્હાર નીકળી.”

“ તો અમે પણ તમારી સાથે તમારા ભાઇના દર્શન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા આવશું. જેની અંદર આટલાં ગુણ અને આકર્ષણ હોય તેના દર્શન કરવા એ પણ કંઈ ઓછું સૌભાગ્ય છે ?” શ્રીમતી સખીએ આગ્રહ દાખવ્યો.

“ બ્હેનો, એવો ખોટો આગ્રહ જવા દો. મને પણ હવે બહુ મોડું થાય છે. મારો ભાઇ અત્યારે વિદ્યા સાધવામાં રોકાએલો હશે. તેની સાધનામાં સૌએ સાથે જઇને વિઘ્નભૂત થવું એ ઠીક ન ગણાય. તમે ધૈર્ય રાખો. દૈવ અનુકૂળ હશે તો હું પોતે તેને લઇ આવીશ. ” પ્રિયંવદાએ કહ્યું.

“ આ બધી સખીઓ તો મારી મશ્કરી કરે છે. હું આ ચિત્રમાંની આકૃતિ જોઇને જ સ્તબ્ધ બની ગઇ છું. તું પોતે એમની મશ્કરીને શા સારૂ ઉત્તેજન આપે છે ? ” મેં કૃત્રિમ રોષ બતાવ્યો.

“ બરાબર છે. અમે એ ચિત્રમાંની આકૃતિ વિષે જ વાત કરીએ છીએ. તું પ્રિયંવદાની પાસેથી એ ચિત્ર લઇ લે. નિરાંતે એના રૂપ–રંગનો અભ્યાસ કરજે. ” કુમુદિનીએ ચિત્રપટ પડાવવાની યુક્તિ આરંભી.

“ બ્હેન પ્રિયવંદા, એ ચિત્રપટની હવે તમારે શી જરૂર છે ? અમારી બ્હેન સુરસુંદરીને એ ન આપો ? ” બીજી એક સખીએ ઉમેર્યું.

હું પોતે પ્રિયંવદાની પાસેથી એ ચિત્રપટ લઈ શકી નહીં. શરમને લીધે મ્હારા હાથ જકડાઇ ગયા. કુમુદિનીએ પોતે એ ચિત્રપટ લઇ લીધું.

પ્રિયંવદા પણ પછી તો આકાશમાર્ગે ઉડી ગઇ. હું મારી સખીઓ સાથે આનંદક્રીડા કરતી ઘર તરફ વળી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આજે સાક્ષાત્ રતિની પાસે આવી ઉભો છે તે તું કેમ નથી જોઇ શકતી ? ” શ્રીમતીનાં આ કટાક્ષવાક્ય સાંભળતાં જ સૌ સખીઓ ખડખડાટ હસી પડી.

એમના અટ્ટહાસ્યે મારી અચેતના દૂર કરી. મને મારી સ્થિતિનું ભાન થયું. ક્રોધનો ડોળ દાખવતાં મેં કહ્યું:—“ સખીઓ તમે બધી કેમ નિર્દયપણે મારી હાંસી કરો છો ? મારામાં રતિ-પણું તમે કઈ રીતે કલ્પી મને પજવો છો ? ”

“ તું ભલે ક્રોધ કરે, પણ તારા અંતરમાં તો અત્યારે અસાધારણ ઉલ્લાસ અનુભવે છે તે શા સારૂ છુપાવે છે ? કામદેવને જોઇને રતિ સિવાય બીજા કોને આટલો આનંદ થાય ? એમાં અમે ખોટું શું કહ્યું ? ” એક સખીએ હિમ્મત આણી સાચી વાત સંભળાવી.

“ બ્હેન પ્રિયંવદા ! એ ચર્ચામાં ઉતરવાની આપણને જરૂર નથી, પણ તું જ કહે કે આ ચિત્રમાં કોનું સ્વરૂપ તેં આળેખ્યું છે ? ” સખીઓના ટોળામાંથી કોઇકે પૂછ્યું.

“ બ્હેન, એ મારો મકરકેતુ નામનો ભાઇ છે. ” પ્રિયંવદા-એ ખુલાસો કર્યો. “ સૌંદર્યમાં તો તેની પાસે કામદેવ પણ શરમાઇ જાય. એ સુંદર છે એટલું જ નહીં પણ શૂરવીર અને કળાકૂશળ પણ છે. મેં આજસુધી તેના વિયોગમાં તેની છબીઓ જ ચિતર્યા કરી છે. એનું સ્મરણ કેમે હૃદયમાંથી ખસતું નથી, તેથી અવકાશના સમયમાં તેનું ચિત્ર આલેખી મારા શ્રમ અને સમયની સાર્થકતા સાધું છું; એટલું છતાં જ્યારે ઘરમાં રહેવું અશકય થઇ પડયું ત્યારે મેં ઘરનો ત્યાગ કર્યો અને ભાઇને મળવા બ્હાર નીકળી.”

“ તો અમે પણ તમારી સાથે તમારા ભાઇના દર્શન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરવા આવશું. જેની અંદર આટલાં ગુણ અને આકર્ષણ હોય તેના દર્શન કરવા એ પણ કંઈ ઓછું સૌભાગ્ય છે ? ” શ્રીમતી સખીએ આગ્રહ દાખવ્યો.

“ બ્હેનો, એવો ખોટો આગ્રહ જવા દ્યો. મને પણ હવે બહુ મોડું થાય છે. મારો ભાઇ અત્યારે વિદ્યા સાધવામાં રોકાએલો હશે. તેની સાધનામાં સૌએ સાથે જઇને વિઘ્નભૂત થવું એ ઠીક ન ગણાય. તમે ધૈર્ય રાખો. દૈવ અનુકૂળ હશે તો હું પોતે તેને લઇ આવીશ. ” પ્રિયંવદાએ કહ્યું.

“ આ બધી સખીઓ તો મારી મશ્કરી કરે છે. હું આ ચિત્રમાંની આકૃતિ જોઇને જ સ્તબ્ધ બની ગઇ છું. તું પોતે એમની મશ્કરીને શા સારૂ ઉત્તેજન આપે છે ? ” મેં કૃત્રિમ રોષ બતાવ્યો.

“ બરાબર છે. અમે એ ચિત્રમાંની આકૃતિ વિષે જ વાત કરીએ છીએ. તું પ્રિયંવદાની પાસેથી એ ચિત્ર લઇ લે. નિરાંતે એના રૂપ–રંગનો અભ્યાસ કરજે. ” કુમુદિનીએ ચિત્રપટ પડાવવાની યુક્તિ આરંભી.

“ બ્હેન પ્રિયવંદા, એ ચિત્રપટની હવે તમારે શી જરૂર છે ? અમારી બ્હેન સુરસુંદરીને એ ન આપો ? ” બીજી એક સખીએ ઉમેર્યું.

હું પોતે પ્રિયંવદાની પાસેથી એ ચિત્રપટ લઈ શકી નહીં. શરમને લીધે મ્હારા હાથ જકડાઇ ગયા. કુમુદિનીએ પોતે એ ચિત્રપટ લઇ લીધું.

પ્રિયંવદા પણ પછી તો આકાશમાર્ગે ઉડી ગઇ. હું મારી સખીઓ સાથે આનંદક્રીડા કરતી ઘર તરફ વળી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય.

(૧૨)

| | |
|---|---|
| સુરસુંદરી. | |
| કુમુદિની. | દાસીઓ. |
| વસંતિકા. | દાસીઓ. |
| શ્રીમતી. | દાસીઓ. |
| લલિતા. | દાસીઓ. |
| માધવી. | દાસીઓ. |
| મકરકેતુ કુમાર. | |
| એક પરિવ્રાજિકા. | બુદ્ધિલા. |
| શત્રુંજય. | ઉજ્જયનીનો રાજા. |
| રત્નચૂડ. | શત્રુંજયનો મંત્રી. |
| ગંધવાહન. | ગંગાવર્ત્ત નગરનો રાજા. |
| મદનાવલી. | ગંધવાહનની સ્ત્રી. |
| નભોવાહન. | ગંધવાહનના પુત્રો. |
| મકરકેતુ બીજો. | ગંધવાહનના પુત્રો. |
| મેઘનાદ. | ગંધવાહનના પુત્રો. |
| પ્રિયંવદા. | મકરકેતુની બેન. |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## દ્વાદશ પરિચ્છેદ.

સુરસુંદરી શયનગૃહમાં જઈ સુસજ્જિત શય્યા ઉપર પડી. સખીઓને કહી દીધું: " આજ મારી તબીયત ઠીક નથી-મને જાણે કે તાવ આવ્યો હોય અને અંગોપાંગ કળીને તૂટી પડતાં હોય એવી વેદના થાય છે; માટે તમે સૌ તમારા સ્થાને ચાલ્યા જાઓ. મને ઘડીક એકલી પડી રહેવા દો."

કુમુદિનીએ ગંભીર મ્હોં રાખી જવાબ વાળ્યો: " ભલે સુખેથી સૂઇ જાઓ. સ્વપ્નમાં પણ આપ મનોવાંછિતની છબીના દર્શન કરી સુખી થજો."

શ્રીમતીથી ન રહેવાયું: " પરન્તુ બ્હેન, એકાએક તને આ શું થઈ આવ્યું ? રોગનું પણ કંઇક કારણ હશેને ? " શ્રીમતી એટલું કહી ઉત્સુકતાથી સુરસુંદરી સામે જોઇ રહી.

વસંતિકા કટાક્ષ કરતી બોલી-" શ્રીમતી ! વૈદ્યવિદ્યામાં તું પારંગત છે, માટે સુરસુંદરીના રોગની ચિકિત્સા કરવી -મૂળ કારણ શોધી કાઢવું એ તારી ફરજ છે." સુરસુંદરીના શરીર અને હાથ ઉપર પોતાનો કર ફેરવી કહેવા મંડી, " બ્હારથી જોતાં તો તાવનું કંઇ લક્ષણ નથી જણાતું. આપણે તો શારીરિક અને આગંતુક એવા બે નામથી રોગને ઓળખીએ છીએ. વાત, પિત્ત ને કફના કોપથી ઉત્પન્ન થએલા રોગને શારીરિક રોગ કહેવામાં આવે છે, અને તેના ઇલાજ તરીકે અભ્યંગ, મર્દન, લંઘન, પ્રસ્વેદ વિગેરેનું શાસ્ત્રીય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિધાન છે. ભૂત, ગ્રહ, શાકિની, આક્ષુષ ઇત્યાદિ આગંતુક દોષ કહેવાય છે, તેમની શાંતિ અર્થે બલિદાન, હોમ, મંત્ર-તંત્ર આદિક ઉપચારોની વ્યવસ્થા છે. શારીરિક રોગનું કંઇ લક્ષણ અહીં કળાતું નથી, માટે આગંતુક દોષ હોવો જોઇએ. આપણે જરા લવણ ઉતારીએ, મંત્રવાદીઓને બોલાવીએ અને રક્ષાની પોટલી બાંધીએ તો કેમ ? ”

લલિતા બોલીઃ “ બહુ વિવેચનની જરૂર નથી. વ્યાધિ અને શત્રુ એક જ કોટીમાં મૂકાય છે, આ બન્નેનું પહેલી તકે નિકંદન કાઢવું જોઇએ. ”

“ એ બધી વાત ખરી પણ અમે તો રોગની પરીક્ષા કરી તેનું મૂળ કારણ શોધી આપીએ-ઉપચાર કરવાની જવાબદારી અમે ન ઉપાડીએ. ” શ્રીમતીએ ટુંકામાં પતાવ્યું.

માધવી કૃત્રિમ ક્રોધ કરી કહેવા લાગીઃ “ દુનીયામાં તો એવો નિયમ છે કે પરીક્ષા કરનારે, ઉપચારની જવાબદારી સ્વીકારવી જોઇએ. ચોરને જોનારા માણુસ જ ચોરને પકડવા પાછળ દોડે.” માધવીનું છેલ્લું વાકય સાંભળી સખીઓમાંની કેટલીક પોતાનું હાસ્ય રોકી શકી નહીં.

“ શ્રીમતી ! હવે તું નહીં છટકી શકે. આપણી પ્રિય સખી-સુરસુંદરીના રોગનો ઉપાય તારે જ કરવો પડશે અને જો તને એમ લાગતું હોય કે તારાથી નહીં બને તો તારા પિતા પ્રસિદ્ધ મંત્રવાદી ગણાય છે એમને બોલાવ ! ” એક ન્હાની સખીએ ઉમેર્યું.

“ મારા પિતા મંત્રવાદી હોય એમાં મારે શું ? દૂધ મીઠું હોય એમાં છાણને શું લેવાદેવા ? એક જ દેહમાંથી એ બન્ને વસ્તુ નીપજે છે, પણ સ્વાદમાં એમને કંઇ સંબંધ નથી હોતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છતાં તમારો આગ્રહ છે એટલે કહું છું કે આ વ્યાધિ નવા પ્રકારનો છે. મંત્રથી મટે એવો નથી." શ્રીમતી આગળ બોલવા જતી હતી એટલામાં જ કુમુદિની બોલી: "પણ તું નકામી શા સારૂ રોષે ભરાય છે? તારે જે કંઇ કહેવું હોય તે નિઃશંકપણે કહી દેને?"

"લ્યો, ત્યારે ખરી વાત કહી દઉં? સુરસુંદરીને અત્યારે એક વૈદ્યની પૂરેપૂરી જરૂર છે, પણ વૈદ્ય જેવો તેવો ન હોવો જોઇએ. ચિત્રપટમાં જે પુરૂષ ચિતર્યો છે તેનો સમાગમ થાય તો જ આ રોગ મટે." શ્રીમતીએ માર્મિક ભાષામાં જણાવ્યું.

કુમુદિનીએ તત્કાળ ચિત્રપટ ખોલ્યો અને કહ્યું કે: "અત્યારે આપણાથી બીજું કંઇ બને એમ નથી, પણ એની પ્રાર્થના તો જરૂર કરી શકીએ છીએ."

સખીઓ ચિત્રપટમાંના પુરૂષની આગળ સ્તુતિ કરવા તૈયાર થઇ ગઇ. એક સખીએ મુખ્ય સૂર ઉપાડ્યો અને તેની પાછળ બીજી સખીઓ પણ બોલવા લાગી: "હે દાક્ષિણ્યનિધે! હે મહાશય! હે ચિત્રસ્થિત મહાપુરૂષ! અમારી એક વિનતિ સાંભળો. તમારા દર્શનમાત્રથી અમારી પ્રિય સખી સુરસુંદરી મોટી ઉપાધિમાં આવી પડી છે. અત્યારે આપના સિવાય બીજું કોઇ શરણ નથી. હે વૈદ્યરાજ! કામની વ્યાધિથી પીડાતી યુવતી માટે આપ જ એક આશ્રયસ્થાન છો."

સુરસુંદરી સહેજ ગુસ્સો કરી કહેવા લાગી: "આ બધું પાખંડ મને નથી ગમતું. તમારામાં બુદ્ધિનો છાંટો સરખો પણ ક્યાં બળ્યો છે? ચિત્રમાંનો જુવાન શું તમને જવાબ આપવાનો



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હતો ? એ જડ ચિત્ર શું તમારી પ્રાર્થના સાંભળવાનું હતું ? બિચારૂં ચિત્રપટ શું કરે ? "

" એમ કે ? ચિત્રપટની શક્તિ તો ઘણી મહાન્ છે. મારી પ્રિય સખીને મૂર્ચ્છિત બનાવનાર આ ચિત્રપટ જ છે. ચિત્રમાંના અચેતન યુવાને જ મારી સખીની બુદ્ધિ અને શક્તિ ઉપર કામણ કર્યું છે. આવા કામણગારા તો ચિત્રમાં યે પોતાનો પ્રતાપ પાથર્યા વિના નથી રહેતા. " શ્રીમતીએ સજ્જડ ભાષામાં જવાબ આપ્યો.

" જો તું એટલું બધું જાણે છે તો પછી એનો તાત્કાલિક ઉપાય કાં નથી કરતી " સુરસુંદરીએ એક લાંબો નિઃશ્વાસ મૂકતાં જણાવ્યું.

ઘણીવાર સુધી તે પૃથ્વીતળ તરફ તાકી રહી. આખરે શ્રીમતીએ કહ્યું: " હું તારી સ્થિતિ સમજી શકું છું. તું ચિંતા કરીશ મા. તારા મનોરથ ટુંક સમયમાં જ સિદ્ધ થવા જોઈએ. "

શ્રીમતી એ ચિત્ર લઇ મારી માતા પાસે ગઇ અને અત્યારસુધીમાં જે કંઇ બન્યું હતું તે તેની પાસે નિવેદન કર્યું.

મારી માતાએ પણ એ ચિત્ર જોયું અને પ્રસન્નતા પામી. મારા પિતાએ તો ચિત્ર જોતાં જ કહી નાખ્યું કે-" મ્હારી પુત્રીનો પ્રેમ યોગ્ય સ્થાને જ બંધાયો છે એ વિષે મને હવે જરાય શંકા નથી રહી. રાજહંસી હંમેશા રાજહંસને જ ચાહે છે એમ આ ચિત્રથી સિદ્ધ થાય છે. મકરકેતુએ ઘણી વિદ્યાઓ સિદ્ધ કરી છે, ભાનુવેગ વિદ્યાધર પણ ઘણીવાર આપણી પાસે આવે છે. એની મારફતે જ મકરકેતુને આપણે સમજાવી લેશું. "

શ્રીમતીએ પોતે આવીને, મારા માતાપિતાએ કાઢેલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉદ્‌ગાર મને સંભળાવ્યા. પોતાના આદર્શમાં માતાપિતાની સમ્મતિ મળે તો કઇ પુત્રીને આનંદ ન થાય ? મારાં મા-બાપ મારી પસંદગીમાં સંપૂર્ણ સહમત છે એ જાણી હું નિશ્ચિંત બની. મારી ગભરામણ ઘણેખરે અંશે ઉડી ગઇ.

છતાં મનોવલ્લભનું પ્રત્યક્ષ દર્શન મેળવવાની તાલાવેલી અહોનિશ વધતી જ ચાલી. ચિત્રપટ એ મારો જીવનાધાર હતો-ચિત્રપટમાંની છબી નીરખીને જ હું રાત-દિવસ આશામાં ને આશામાં જ વીતાવી રહી. સખીઓ પણ હવે મારી બહુ મશ્કરી નથી કરતી. એ પ્રમાણે કેટલાક દિવસો નીકળી ગયા.

એક દિવસે સખીઓની સભા વચ્ચે હું બેઠી હતી. વિવિધ વાર્ત્તાલાપ ચાલતો હતો એટલામાં એક અજાણી પરિવ્રાજિકા અમારી તરફ જ આવતી હોય એમ લાગ્યું. તેણીએ વલ્કલ વસ્ત્રો પહેર્યાં હતાં. એક હાથમાં ચમરિકા હતી. કપાળમાં ગોરોચન-ચંદનનું મોટું તિલક કર્યું હતું. શાસ્ત્રીય જ્ઞાનના અભિમાનને લીધે તે કંઇક બેપરવા જેવી જણાતી હતી.

પરિવ્રાજિકાએ અમારી પાસે આવી આશીર્વાદ આપ્યા, એટલે અમે પણ એક અતિથિને આદર આપવાની બુદ્ધિથી એને અમારી પાસે બેસાડી.

પરિવ્રાજિકાને પોતાના પાંડિત્યનું અજીર્ણ થયું હતું. તે વગરપૂછયે કહેવા લાગી: “ બ્હેનો ! આ સંસારમાં મરજીમાં આવે એવાં ભોજનો ઉડાવવા અને યથેચ્છ વિલાસ-વૈભવ માણવા સિવાય બીજો કંઇ જ સાર નથી. આ લોકમાં અને પરલોકમાં પણ સુખી થવું હોય તો એક જ માર્ગ છે—ખૂબ ખાવ-પીવો અને મોજમજા ઉડાવો. ”

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" ત્યારે શું કેટલાકો તપશ્ચર્યા કરવાનું કહે છે એ બધું નકામું છે ? " એક સખીએ પરિવ્રાજિકાને પ્રશ્ન કર્યો.

" એ દંભ છે—નરી અજ્ઞાનતા છે. જન્માંતરમાં સુખ મળશે એવી આશા રાખી જેઓ આ જન્મનાં સુખ ગુમાવે છે તેઓ ખરેખર છેતરાય છે. ધૂર્ત પુરૂષો ધર્મને નામે એમને છેતરે છે અને એમનું સુખ લૂંટી લે છે. " પરિવ્રાજિકાએ પોતાનું ભાષણ ચલાવ્યું.

" પણ એમ કહેવામાં તમારી પાસે કંઇ આધાર કે પ્રમાણ છે ખરૂં ? "

" પ્રમાણ એક જ છે. દેહથી ભિન્ન એવી બીજી કોઇ વસ્તુ જ નથી. જીવ અને આત્મા કહી કેટલાક ઢોંગીઓએ એવી જાળ રચી છે કે બિચારા પામર માણસો એમાં ફસાઇ જાય છે. ગધેડાને શીંગડાં નથી હોતાં એ વાત જેમ પ્રત્યક્ષ-પ્રમાણથી સિદ્ધ થાય છે તેમ દેહથી ભિન્ન જીવ જેવી કોઈ વસ્તુ નથી એમ પ્રત્યક્ષ-પ્રમાણથી સિદ્ધ થઈ શકે છે." પરિવ્રાજિકા જરા આરામ લેવા થોભી.

" ત્યારે તો તમે એકલા પ્રત્યક્ષ-પ્રમાણને જ માનો છો. " મેં પોતે હવે ચર્ચામાં ઝૂકાવ્યું.

" પ્રત્યક્ષ-પ્રમાણ જેવું અચળ—અકાટ્ય એકે પ્રમાણ નથી. દુનીયાનો ઘણો વહેવાર એ પ્રમાણ ઉપર જ નભે છે. પ્રત્યક્ષ-પ્રમાણ, જીવની સત્તા વિષે છેક મૌન પકડે છે. અનુમાન-પ્રમાણ માનો તો પણ બીજી રીતે પ્રત્યક્ષ-પ્રમાણ માનવા સિવાય ગત્યંતર નથી. અનુમાન—પ્રમાણથી પણ ઈશ્વર સિદ્ધ થઈ શકતી નથી. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" સ્થૂલ ઇંદ્રિયોથી આત્મા જાણી શકાતો નથી, પરન્તુ શાસ્ત્રકારોએ તો એ વિષયમાં ઘણો અદ્ભુત પ્રકાશ નાખ્યો છે. "

" શાસ્ત્રકારોએ જ દુનીયાને છેતરી છે. ખરા વિદ્વાનો એવાં શાસ્ત્રને માનવાની સાફ ના પાડે છે. શાસ્ત્રો માનો તો પણ તે જીવનની સિદ્ધિ નિઃશંકપણે સ્થાપી શકતાં નથી. "

" ત્યારે તમે જીવના સંબંધમાં શું માનો છો ? "

પરિવ્રાજિકાએ આગળ ચલાવ્યું: " પંચભૂતનો સમુદાય એ જ જીવ. પંચભૂત છૂટાં પડ્યાં એટલે જીવ પણ ઉડી ગયો સમજવો. એને વળી સ્વર્ગ-નર્ક કેવાં ? અને સ્વર્ગ-નર્ક-પરલોક જેવું કંઇ ન હોય તો પછી કઠણ વ્રત, તપ, બ્રહ્મચર્ય વગેરે એ બધાં શું નકામાં નથી ? મારૂં કહેવું જો તમારા સમજવામાં અને માનવામાં આવતું હોય તો હું કહું છું કે ખૂબ ખાવ-પીવો-નિઃશંકપણે મોજમજા ઉડાવો ! નિર્ભય બની ભોગોપભોગ માણો, માંસભક્ષણ કરો, મદ્યપાન કરો, જરાય બ્હીધા વિના આ જીવનનો રસ લૂંટો. "

પરિવ્રાજિકાના આ શબ્દો સાંભળી મારૂં ધર્મપરાયણ હૃદય એકદમ ધ્રુજી ઉઠ્યું. વાણી ઉપરનો સંયમ સાચવવો મને અશક્ય થઇ પડ્યો. હું ક્રોધે ભરાઇ બોલી ઉઠી:—

" પરિવ્રાજિકાના વેશમાં આ મૂર્ત્તિમંત નાસ્તિકતા જ આપણા આંગણામાં આવી ચડી હોય એમ લાગે છે. " પરિવ્રાજિકા જો કે અમારી અતિથિની હતી, છતાં મેં તેને વધુ કંઇ બોલવાનો નિષેધ કર્યો.

" પરિવ્રાજિકાની એકે વાત યુક્તિ કે પ્રમાણની કસોટીએ ચડી શકે એવી નથી. તે કહે છે તેમ જો એકલા પ્રત્યક્ષ-પ્રમા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ણને જ માનીએ તો દુનીઆનો બધો વહેવાર અટકી પડે. આપણે બહુ બહુ તો કેટલું પ્રત્યક્ષ જોઇ શકીએ ? વિરાટ વિશ્વની બધી વસ્તુઓ પ્રત્યક્ષ જ થવી જોઇએ એ ચોકખો દુરાગ્રહ છે. આપણો એક સંબંધી પરદેશ ગયો હોય અને આપણે એને પ્રત્યક્ષ ન જોઇ શકીએ તેથી શું તે હૈયાત જ નથી એમ કહી શકાય ? જીવ અને આત્મા તો જ્ઞાની-પુરૂષોએ બરાબર પૂરવાર કરી દીધા છે. શાસ્ત્ર-પ્રમાણુ માનવા સિવાય કોઇને નથી ચાલતું અને તેમાં યે જે વીતરાગ, સર્વજ્ઞ અને અઢાર પ્રકારના દોષથી રહિત એવા નિર્દોષ પુરૂષોએ જે શાસ્ત્રીય સત્યો ઉચ્ચાર્યાં છે તેની તુલના તો કોઇથી થઇ જ શકે નહીં. બીજાં શાસ્ત્રોમાં હજીયે વિરોધ જેવું હોય, પણ સર્વજ્ઞ ભગવાન-જિનેશ્વરના શાસનમાં એવો મુદ્દલ સંભવ નથી. “ ધૂર્ત લોકોએ છેતરવા માટે જ શાસ્ત્રો રચ્યાં છે ” એમ કહેવું એ બુદ્ધિનો વિકાર સૂચવે છે. સર્વજ્ઞ પુરૂષો, શાસ્ત્રો અને લોકોપકારી સમર્થ આચાર્યો-ઉપાધ્યાયોએ જીવ, આત્મા, પુણ્ય, પાપ, પરલોક વિષે પુષ્કળ વિવેચનો કર્યાં છે. જ્ઞાન કિંવા બુદ્ધિરૂપી જેને નેત્ર છે તે જ તે જોઇ શકે છે. આંધળો માણુસ બધે અંધકારે ભાળે તેથી દુનીયામાં અંધકાર સિવાય બીજી કોઇ વસ્તુ નથી એમ કંઇ કહી શકાય ? આ બુદ્ધિલા પરિવ્રાજિકા પોતે નાસ્તિક છે-એના અંતરમાં અંધકાર ભર્યો છે તેથી જ તે પ્રકાશને જોઇ શકતી નથી. એમાં શાસ્ત્રોનો દોષ નથી. ” સુરસુંદરીએ સખ્ત શબ્દોમાં નાસ્તિકતા સામે મારો ચલાવ્યો. બુદ્ધિલાને તો એ વખતે બૂડી મરવા જેવું થયું. એની એકેએક યુક્તિ ટૂટી પડી. ઉત્તર આપવા જેટલી આવડત કે શક્તિ પણ ન રહી. મુખ-મંડળ ઉપર કાજળઘેરી છાયા ફરી વળી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પરાજિત થએલી પરિવ્રાજિકાને સંબોધી સખીઓએ પણ ખૂબ મ્હેણાં માર્યાં. કોઇએ કહ્યું:—“ બાઇ, તમને તમારી બુદ્ધિનો અપચો થયો લાગે છે, પણ તમે અહીં સિંહની ગુફામાં શી રીતે આવી ચડ્યા ? ”

બીજીએ કહ્યું: “ પોતે અનાચારી હોય તે બીજામાં પણ અનાચાર જ દેખે. આ પરિવ્રાજિકા પોતે સ્વાર્થી–ઢોંગી–ધૂતારી છે એટલે બીજા પવિત્ર શાસ્ત્રકારોને પણ એ જ વિશેષણ લગાડે છે. ”

ત્રીજીએ કહ્યું: “ ભલી થઇ ને અહીંથી ચાલી જા, નહિંતર જો કોઇ માથાનું મળશે તો તારી જીભ જ ખેંચી કાઢશે. ”

ઉપરાઉપરી મ્હેણાંથી કંટાળી ગએલી બુદ્ધિલા, હોઠ ફફડાવતી, ક્રોધથી ધમધમતી ત્યાંથી રવાના થઇ. જતાં જતાં તે વેર લેવાનો–અપમાનનો બને તેટલો ઘાતકી બદલો લેવાનો નિશ્ચય કરતી ગઇ.

બુદ્ધિલાએ પોતાની જાળ બરાબર પાથરી. એણે એક ચિત્રપટ ઉપર સુરસુંદરીની મનોહર આકૃતિ ઉતારી. યોગ્ય સ્થળે ભભકાદાર રંગ ભર્યાં. કોઇપણ કામી પુરૂષ એ આકૃતિ જોતાં જ મોહમુગ્ધ બની જાય એવી તદબીર ગોઠવી.

ઉજ્જયિનીનો શત્રુંજય રાજા ઘણો ઉગ્ર પ્રકૃતિવાળો, ઘમંડી અને અત્યાચારી હતો. બુદ્ધિલા કેટલેક દિવસે પોતાના ચિત્રપટ સાથે ઉજ્જયિનીના મહારાજા શત્રુંજયના દરબારમાં પહોંચી.

શત્રુંજય, ચિત્રપટમાંની સુરસુંદરીને જોતાં જ ઘવાયો. એ તકનો લાભ લઇ બુદ્ધિલાએ રાજાને મોહમદિરા પાવા માંડ્યો:

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" હે નરેંદ્ર ! અમે તો આપના સુખને અર્થે જ દેશ-પરદેશમાં ફરીએ છીએ. જ્યાં જ્યાં સૌંદર્ય મળે ત્યાં ત્યાંથી કાગળ ઉપર સંઘરી આપની પાસે રજુ કરવું એ અમારૂં કર્તવ્ય છે. આ ચિત્રપટમાંની સુરસુંદરી સૃષ્ટિ ઉપરનું અદ્ભુત સૌંદર્યરત્ન છે. ચિત્રમાં તો કેટલું ચીતરી શકાય ? એના અંગનું લાવણ્ય અને પ્રભા તો ખરેખાત દેવદુર્લભ મનાય છે. આપના જેવા પરાક્રમી રાજાને એ જ યોગ્ય છે. કોઇ કાગડો આવીને આ હંસલીને હરી ન જાય એ અમારે અને આપને પણ જોવાનું રહે છે." બુદ્ધિલાએ એ પ્રમાણે શત્રુંજયને ખૂબ ખૂબ ભંભેર્યો.

ભ્રમિત થયેલા શત્રુંજયે પ્રશ્ન કર્યો: " પણ એ કન્યા છે ક્યાં ? "

" એ કુશાગ્રપુરના નરવાહન રાજાની પુત્રી-સુરસુંદરી છે. જગતમાં ફરી વળો તો પણ એની બીજી જોડ ન મળે. પ્રજાપતિએ એને જ્યારે ઘડી હશે ત્યારે તો એ છેક અપંગ-વૃદ્ધ જેવો બની ગયો હશે. એમ ન હોત તો આવી સુંદર સ્ત્રીને તે પૃથ્વી ઉપર મોકલવાને બદલે પોતે જ પોતાના અંતઃપુરમાં રાખી મૂકત; છતાં વિધાતાએ પોતાની ઘડેલી પ્રતિમા ફરીવાર નીહાળી હશે ત્યારે તેને પોતાને પણ અભિમાન ઉપજ્યા વિના નહીં રહ્યું હોય. હજાર હજાર વરસને અંતે પણ આવું એક મનોહર કન્યારત્ન સંસારમાં અવતરતું હશે કે કેમ ? એ એક શંકા છે એટલું જ નહીં પણ એ બાળાના જન્મ સમયે અતિ જ્ઞાનીપુરૂષોએ જે ભવિષ્ય ઉચ્ચાર્યું હતું તે આપને કહી દઉં: " આ બાળા જે પુરૂષને વરશે તે અર્ધ ભરતક્ષેત્રનો સ્વામી થશે. " એમ તેઓ કહી ચૂક્યા છે. આ બધું જોતાં આપ જ અર્ધ ભરતક્ષેત્રના વિધાતા બનવાને યોગ્ય છો-આપ જ સુરસુંદરીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભર્ત્તા થવાને નિર્માએલ છો એ વિષે મને જરા ય શંકા નથી.” એક તો શત્રુંજય રાજા પોતે અભિમાની હતો અને તેના અભિમાનરૂપી અગ્નિમાં બુદ્ધિલાએ ઘૃત હોમ્યું.

શત્રુંજયે પરિવ્રાજિકાને સારૂં ઇનામ–અકરામ આપી સંતોષીને રવાના કરી અને બીજી તરફ પોતાના રત્નચૂડ નામના મંત્રીને કુશાગ્રપુર મોકલ્યો.

રત્નચૂડે કુશાગ્રપુરમાં આવી મહારાજા નરવાહન સાથે મુલાકાત માગી અને પ્રસંગોપાત સુરસુંદરી કન્યા, ઉજ્જયિનીના રાજા શત્રુંજયને આપવા આગ્રહ કર્યો. સુરસુંદરીના પિતા નરવાહને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે “ હે ભદ્ર ! તમારો આગ્રહ અસ્થાને છે. સુરસુંદરી વિદ્યાધરને જ પરણવાની છે. સુમતિ નામનો સમર્થ નૈમિત્તિક એ જ વાત અમને કહી ગયો છે અને એ મિથ્યા બને એવો કોઈ સંભવ નથી. હવે તો તમારો રાજા પણ વૃદ્ધ બન્યો છે. એણે નવકન્યાની આશા મૂકી દેવી જોઇએ ”

રત્નચૂડ છંછેડાઇને બોલી ઉઠ્યો: “ અમારા મહારાજાને સલાહ આપવાનો તમને શું અધિકાર છે ? તમારૂં કામ તો અમારા મહારાજા માગે એટલે કન્યા સોંપી દેવાનું છે. જો દુરાગ્રહ પકડશો તો અત્યારથી જ કહી રાખું છું કે તેનું પરિણામ સારૂં નહિં આવે. ”

નરવાહનના ચ્હેરા ઉપર ક્રોધની લાલાશ દેખાઇ. તેણે કહ્યું: “મંત્રી, એક સજ્જન તરીકે તમે મારી સાથે વાત કરો. તમે કન્યાની માગણી કરવા આવ્યા છો એ વાત ન ભૂલો. અધિકાર ચલાવવા કે તમારી આજ્ઞાનું પાલન કરાવવા મેં તમને મારી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાસે નથી બોલાવ્યા, અને છતાં જો તમને તમારા બળનું અભિમાન હોય તો વખત આવ્યે ઓછા ન ઉતરશો."

નરવાહનના થોડા–મીઠા શબ્દોમાં પણ ઘણો ગંભીર અર્થ ભર્યો હતો. તે ધારત તો મંત્રીનું અપમાન કરીને તેને પાછો ધકેલત અને એ રીતે પોતાના ક્રોધનો બદલો લેત, પરંતુ પોતાને ઘેર આવેલા અતિથિનું બની શકે તેટલું માન જાળવવામાં પોતાની જ સજ્જનતા સમાએલી છે એમ માની તેણે શાંતિ રાખી.

રત્નચૂડ મંત્રીએ શત્રુંજય રાજા પાસે બધી હકીકત મૂકી. એનો ફુંફાડા મારતો ગર્વ સાપ જેમ ફણુ ઉગામે તેમ ખળભળી ઉઠયો. નરવાહનને નમાવવા, પોતાનું ધાર્યું કામ પાર પાડવા સૈન્ય સાથે રવાના થયો.

નરવાહન, યુદ્ધમાં સામનો કરવાની યોજના વિચારી રહ્યો હતો એટલામાં તેની રાણીએ ત્યાં પ્રવેશ કર્યો અને અચાનક આટલી બધી ચિંતા ભોગવવાનું કારણ પૂછયું એના જવાબમાં નરવાહને શત્રુંજય રાજાના દુરાગ્રહની વાત કરી અને વધુમાં કહ્યું કે "શત્રુંજયની સાથે યુદ્ધમાં ઉતરવું એ સામાન્ય વાત નથી. એની પાસે ઘણા સુભટો, પરાક્રમી માંડલિકો, સેંકડોની સંખ્યામાં શુરવીર પુરૂષો છે. પાયદળનું જૂથ પણ અસાધારણ ગણાય છે, અને પાયદળ કરતાં પણ હાથી–ઘોડાની સંખ્યા ઘણી વધારે થવા જાય છે. વળી તે બહુ જ રોષે ભરાયેલો છે. દયા કે સજ્જનતાનો તો એનામાં લવલેશ પણ નથી. ખરેખાત જ જો યુદ્ધ જામશે તો આપણી ખુવારી ઘણા મ્હોટા પ્રમાણમાં થશે. હું ઈચ્છું છું કે મારો એ ભય ખોટો પડે."

નરવાહનની સુજ્ઞ રાણીને એ વાત સાંભળી આઘાત તો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થયો, પરંતુ રાણીએ આ આફત ટાળવાની એક જૂદી જ યુક્તિ ઉપજાવી કાઢી કહ્યું :

" યુદ્ધમાંથી બચવું હોય તો એક ઉપાય છે. આપણી કનકાવલીને મદનલેખા નામે એક પુત્રી છે તેને સુરસુંદરી કરાવીને, શત્રુંજય રાજા સાથે પરણાવી દઇએ તો પછી કોઇ ભાવ ન પૂછે. એમ થવાથી શત્રુંજય પણ પાછો જાય અને આફત પણ ટળે."

" તમે કહ્યો તે વિચાર અમને પણ આવી ગયો હતો, પરંતુ આપણા મુખ્ય મંત્રી મતિસાગર એ વિચારથી વિરૂદ્ધ છે. તેમનું માનવું એવું છે કે સુમતિ નૈમિત્તિકે એક ભવિષ્ય ભાખ્યું છે તે આ તકે જરૂર સાચું પડશે. કુશાગ્રપુર શત્રુના હુમલાથી આબાદ બચી જશે. શત્રુંજય અહીં જ મૃત્યુના છેલ્લા શ્વાસ ખેંચશે." નરવાહને ખુલાસો કર્યો.

વળી શત્રુંજય જ્યારે ઉજ્જયિનીમાંથી રવાના થયો ત્યારે તેને કેટકેટલાં અપશુકન નડ્યાં હતાં તે પણ નરવાહન, પોતાના ગુપ્તચર મારફત જાણી શક્યો હતો. જ્યોતિષીઓએ શત્રુંજયના ગ્રહ તપાસીને પણ ખાત્રી કરી વાળી હતી કે શનિશ્ચર એનો પરાજય કરાવ્યા વિના નહીં રહે.

એટલું છતાં અગમચેતીના ઉપાય તરિકે નરવાહને બીજી ઘણી ઘણી તૈયારીઓ કરી વાળી. દુશ્મન રાજાને માર્ગમાં અન્ન કે પાણી ન મળે એટલા સારૂ ઉજ્જયિનીથી માંડી કુશાગ્રપુર સુધીનો માર્ગ વેરાન–ઉજ્જડ જેવો બનાવી મૂક્યો. હાથી ઘોડાને ઘાસ–પાણી ન મળે અને રાજાને પાછા ફરવાની ફરજ પડે એવી સ્થિતિ ઉભી કરી રસ્તાના કૂવા પુરી નાખ્યા, સરોવરો ડોળી નાખ્યા અને ઠેકઠેકાણે ઉપસર્ગો નડે એવી ગોઠવણ કરી નાખી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એમ કરતાં એક દિવસ યુદ્ધના વાદળ ઘેરાયાં. શત્રુના સૈનિકો નજીકમાં આવી પહોંચ્યા. નોબતો ગડગડી અને કુશાગ્રપુરની પૂરતો ઘેરો ફરી વળ્યો. નરવાહને નગરના દરવાજા બંધ કરાવ્યા, કીલ્લાની આસપાસ ખાઈઓમાં ડૂબડૂબા પાણી ભરાવ્યું અને સૈનિકો બખતર પહેરી, કીલ્લાની ઉપર કાંગરાઓમાં યથાસ્થિત ગોઠવાઇ ગયા.

સ્થાનિક સૈનિકોને માટે ખાવા-પીવાની ઉત્તમ યોજના કરવામાં આવી. નવાં નવાં અસ્ત્રો-શસ્ત્રો, આયુધશાળામાં તૈયાર થવા લાગ્યાં. થોડા દિવસ તો આમ ગાડું ગબડયું, પણ નરવાહન રાજાના સામંતો આખરે થાકયા. નગરવાસીઓ પણ ખળભળી ઉઠ્યા. મંત્રીઓની બુદ્ધિ પણ બ્હેર મારી ગઇ.

નરવાહને સુમતિ નૈમિત્તિકના શબ્દો ફરી ફરી યાદ કરાવી કહેવા માંડયું કેઃ "આખરે આપણો જ વિજય થવાનો છે. કોઇએ શાંતિ અને ધીરજ ખોઇ દઇ નિરાશ બની જવું નહીં." સૈનિકો, મહારાજાના મુખથી એવી આશ્વાસનવાણી સાંભળી પાછા ઉત્સાહિત બનવા લાગ્યા.

એવા વખતમાં હવેલીના ઉપરના ભાગમાંથી એકાએક સુરસુંદરીનું હરણ થયું. હંસિકાની આગળ એ હરણની વાત કરતાં સુરસુંદરી કહેવા લાગીઃ—

"યુદ્ધ ચાલતું હતું તે દરમ્યાન એક દિવસે હું અગાસીમાં સૂતી હતી. કોઇનો હસ્તસ્પર્શ થતાં હું જાગી ઉઠી. મેં મારા માતાપિતાને સંબોધી ઘણી બૂમો પાડી પણ પેલો વિદ્યાધર જેવો પુરૂષ તો એની કંઇ દરકાર કર્યા વિના મને ઉપાડીને એકદમ આકાશ તરફ ઉડયો. તે કહેવા લાગ્યોઃ "હે સુતનુ ! તું ગભરાઇશ નહીં. તું મારી પાસે સંપૂર્ણ સહી-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સામત છે. હું તને મારા પ્રાણથી પણ અધિક ચાહું છું. થમ દ્રષ્ટિએ તને જોતાં જ મારા હૃદયમાં એવી સ્નેહની મેંઓ ઉછળી કે તારૂં હરણ કર્યા વિના હું રહી શકયો હીં. મારૂં નામ મકરકેતુ છે. હું તને મારી સહચારિણી નાવવા તૈયાર છું. વ્યર્થ વિલાપ કરવો હવે મૂકી દે."

એના શબ્દો સાંભળતાં મને સ્હેજ આનંદ તો થયો, રન્તુ શ્રદ્ધા ન બેઠી. જે મકરકેતુ, પ્રિયંવદાના કહેવા પ્રમાણે, ાંવિધ વિદ્યાઓની સાધના કરવા રોકાએલો છે તે શું આવું સાહસ રી શકે ખરો ? મારાં પુણ્ય એટલાં બધાં પ્રબળ હશે કે નું હું અહોનિશ ચિન્તન કરતી હતી તે પુરૂષ પોતે જ ાવીને મને આમ ઉપાડી જાય ? આવા આવા કેટલાય તર્કો ભવીને ઉડી ગયા. પેલા પુરૂષે થોડે દૂર જઇને મને એક દલીગૃહમાં ઉતારી. એ વખતે રાત્રીનો અંધકાર એોગળી યો હતો. સૂર્યનાં તેજસ્વી કિરણો પૃથ્વી ઉપર પથરાતા તા. પ્રકાશનું એક એક કિરણ મને કહેવા લાગ્યું કે " ભોળી ાળા, બરાબર જોઇ લેજે ! આ તે જ ચિત્રસ્થિત પુરૂષ-મક-કેતુ છે કે એનો સ્વાંગ પહેરી આવનાર બીજો કોઇ છે ? ોઇના શબ્દો ઉપર વિશ્વાસ ન મૂકતાં તું તારે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી જો ! "

સૂર્યના પ્રકાશમાં જોયું તો ચિત્રવાળી પ્રતિમા અને આ નાવટી સ્વાંગધારી વચ્ચે આકાશ ને ધરતી જેટલો ભેદ દેખાયો. ચિત્રસ્થિત પુરૂષની કાંતિ તો તપાવેલા કંચન સમી છે જ્યારે આ પુરૂષ તો અમાસના અંધકારની યાદ આપે છે. નામથી ભલે બન્ને મકરકેતુ હોય, પણ ચિત્રસ્થિત મકરકેતુના સૌંદર્ય અને પ્રભાવની તો છાયા સરખી પણ આ પુરૂષમાં મને ન દેખાઇ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મને છેતરવા માટે જ આ કપટી પુરૂષે ખોટો દેખાવ કર્યો હતો પરન્તુ હવે મારે શું કરવું ? હું અહીં એના પંજામાં બરાબર સપડાઈ ગઇ હતી. મારો બચાવ કરે એવું કોઈ આપ્તજન તે વખતે ત્યાં ન હતું.

ભયથી હું ધ્રુજી રહી. અશ્રુઓથી મારા ગાલ ભીંજાઇ ગયાં. મારી આવી સ્થિતિ જોઇને પુરૂષ બોલ્યો: " શું તું મને ભૂત-પિશાચ માને છે ? તારે ડરવા જેવું કંઇ જ નથી. પહેલાં તું મારો ઇતિહાસ સાંભળ:—

વૈતાઢ્યપર્વતમાં ગંગાવર્ત નામનું એક પ્રસિદ્ધ નગર છે. ગંધવાહન રાજા એ નગરનો સ્વામી છે. નભોવાહન, મકરકેતુ અને મેઘનાદ એ પ્રમાણે મહારાજા ગંધવાહનને ત્રણ પુત્રો છે. નભોવાહન વિદ્યાસિદ્ધ છે, પણ યૌવનના ઉન્માદને લીધે તે આડે માર્ગે દોરાઈ ગયો. કનકમાળા નામની કન્યાને પરણવા જતાં એક મોટો અકસ્માત થયો—એટલે કે બરાબર વિવાહના વખતે જ ચિત્રવેગ નામનો વિદ્યાધર કનકમાળાને ઉપાડી ગયો. નભોવાહન ઝંખવાણો પડ્યો. તેણે વૈર લેવાની બુદ્ધિએ ચિત્રવેગ તરફ ધસારો કર્યો અને ચિત્રવેગને નાગપાશથી બાંધી, કનકમાળાને લઇ પોતાના નગરમાં પાછો ફર્યો. એક તો એને યૌવનનો મદ હતો જ, તેમાં વિદ્યાનો મદ મળ્યો એટલે એને પોતાના કર્તવ્ય કે અકર્તવ્યનું પણ ભાન ન રહ્યું. એણે ઉપરાઉપરી એવી ભૂલો કરી કે જેથી એની બધી વિદ્યાઓ વિચ્છિન્ન થઇ ગઇ.

બીજી તરફ ચિત્રવેગના ભાગ્યબળે જોર કર્યું. પૂર્વના પુણ્યે કોઇ એક દેવતાએ એને કેટલીક વિદ્યાઓ આપી. ચિત્રવેગ વિદ્યાધરોનો ચક્રવર્ત્તી બન્યો. નભોવાહનને પોતાના દુ:સાહસ બદલ પશ્ચાત્તાપ થાય એ સ્વાભાવિક છે. એણે જ્યારે જોયું કે ચિત્રવેગના ચરણમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

...વૈં વિદ્યાધરેંદ્રોના મસ્તિષ્ક નમી રહ્યાં છે અને પોતે વિદ્યા-...દ્ધ હોવા છતાં એક પણ વિદ્યા અત્યારે કામે લાગતી નથી ...ારે તેને પ્રબળ વૈરાગ્ય જાગ્યો. તે કહેવા લાગ્યો કે–" અહાહા ! ...ા સંસારની વિચિત્રતાઓ તો જુઓ ? મનુષ્ય કેવા કેવા મનોર-... કરે છે અને ભાગ્ય પલકવારમાં એની ઉપર કેવું પોતું મારી છે ? હું એમ માનતો હતો કે મારા પુત્રને વિદ્યાધરોનો ...ક્રવર્ત્તી બનાવી શકીશ, પરંતુ પરિણામ તો અણધાર્યું અને ...િપરીત જ આવીને ઉભું રહ્યું ! એમાં કોઈનો વાંક કાઢવો નકામો ... ભાગ્ય અથવા પુણ્ય–પાપની પરંપરા જ એ બધાં ખેલ રચે ..." આખરે એમણે નરકાદિના કારણભૂત એવા રાજ્યનો ત્યાગ ...ર્યો. કેવળજ્ઞાની એવા પોતાના જ સંસારી અવસ્થાના પિતા ...ાસે એમણે ચારિત્ર્ય ગ્રહણ કર્યું.

માણસની જ્ઞાનદૃષ્ટિ ખુલે છે ત્યારે સંસારનું સાચું સ્વરૂપ ...મને દેખાય છે. સંસારની અસારતા વિષે એને કંઇ શંકા રહેતી ...થી. નરકનાં દુઃખો એની આંખ આગળ તરે છે. ઇંદ્રિયોની ...ચંચળતા અને રાગ–દ્વેષ, માણસને કેટકેટલાં રઝળાવે છે તેની ...તેને પોતાને એ ટાણે ખરી ખાત્રી થાય છે. યૌવન અને જીવન ...પણ ક્ષણભંગુર તથા અસ્થિર લાગે છે. મનુષ્યત્વનું મહત્ત્વ તે ...જોઇ શકે છે. નભોવાહને સંસારનો રંગ જોઇ લીધો. મિથ્યાત્વથી ...વિમૂઢ બનેલા જીવોની શોચનીય સ્થિતિએ, એના વૈરાગ્ય-...રંગને વધુ ઉજ્વળ બનાવ્યો. " નારકીય, તિર્યગ્, મનુષ્ય અને ...દેવ એ ચારે યોનિમાં રઝળતાં–દુઃસહ દુઃખથી રીબાતા પ્રાણીઓને શ્રી જૈનધર્મ સિવાય બીજું એકે શરણ નથી. " એવી એમને શ્રદ્ધા ઉપજી.

બીજી તરફ વિદ્યાધર–ચક્રવર્ત્તી ચિત્રવેગ પોતાના નગરમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સુખે-સમાધિએ પોતાનું રાજ્યતંત્ર ચલાવે છે. મારી ઉપર પણ તેનો કંઇ જેવો તેવો ઉપકાર નથી. એણે જ મને પોતાન રાજ્યનો થોડો ભાગ આપી, રાજા તરીકે મારો અભિષેક કર્યો છે.

એક દિવસે હું પ્રાતઃકાળમાં કંઇ કામને સારૂ, આકાશ-માર્ગે રત્નદ્વીપ તરફ જતો હતો એટલામાં મેં તમને અગાસીમાં નિદ્રાવશ થએલાં જોયા. નિદ્રાવસ્થામાં પણ તમારૂં સૌંદર્ય, ચાંદનીના પ્રકાશની જેમ વિસ્તરી રહ્યું હતું. હું મારા મનને કાબૂમાં રાખી શક્યો નહીં. હરણ કરવા સિવાય બીજો ઉપાય ન હતો તેથી અંતે મેં તમારૂં હરણ કર્યું; પરન્તુ હે સુંદરી! હવે નકામો વલોપાત કરવાથી કંઇ અર્થ ન સરે. હું તમને વૈતાઢ્યપર્વતમાં લઇ જઈશ અને મારા ન્હાના સરખા રાજ્યમાં પણ આપણે બન્ને ખૂબ આનંદ-વૈભવ માણીશું."

એની માગણી સાંભળી, આકાશમાંથી જાણે કે મારી ઉપર વજ્ર તૂટી પડ્યુ હોય એવું દુઃખ થયું. મને વિચાર થયો કે "હું કેટલીબધી અભાગણી છું? મારા લીધે જ મારા પિતા દુશ્મન રાજાની ભયંકર જાળમાં સપડાયા છે. હું જેમને અંતઃકરણથી ચાહી રહી છું એ પુરૂષ પણ મને ન સાંપડ્યો. વચમાં એક ત્રીજો જ પુરૂષ મારૂં હરણ કરી ગયો. આના કરતાં તો હું જન્મી જ ન હોત તો કેવું સારૂં થાત? અને એમ નહીં તો મારા પિતાને આફતમાંથી બચા-વવા મેં પોતે જ શત્રુંજય રાજાના ગળામાં વરમાળ નાખી હોત તો પણ કેટલા સૈનિકોનાં જીવ બચાવી શકત? પરંતુ હવે એ ડહાપણ શું કામનું? બુદ્ધિએ કંઇ માર્ગ ન સૂઝા-ડ્યો. મૂઢ મૂર્છિતની જેમ ઉદાસ ભાવે બેસી રહી."

મને વિચારમાં ગરકાવ થએલી જોઇ પેલો પુરૂષ બોલ્યોઃ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

'સુંદરી, તમારે જે કંઇ વિચાર કરવો હોય તે કરી લ્યો. હું અહીં પાછો આવું ત્યાં સુધી એક ડગલું પણ આગળ ભરશો મા. મારે પ્રજ્ઞપ્તિવિદ્યાના હજી એક હજાર જાપ કરવાના બાકી છે તે પૂરા કરીને સીધો તમારી પાસે જ આવીશ. તમે એકલા છો એમ માની વલોપાત કરશો મા. હું પાસેની વાંસની ઝાડીમાં જ ધ્યાન ધરીને બેસું છું."

વિદ્યાધર અદૃશ્ય થયો. હવે હું મારૂં રક્ષણ કરવાને સ્વતંત્ર બની, પરંતુ કોની શી રીતે મદદ માગવી એ મારાથી ન સમજાયું. આસપાસ નજર કરતાં એક વિશાળ વૃક્ષ મારી દૃષ્ટિએ ચડયું. એની લાંબી લાંબી શાખાઓ પવનમાં ઝૂલતી હતી. ફળોથી એ લચી પડતું હતું અને એમાંથી નિઃસરતી સુગંધીને લીધે અગણિત પશુ-પ્રાણીઓ તેની તરફ તણાઇ આવતાં હતાં. શીતળ-ઘન છાયા, સુગંધી અને મનોહરતામાં એ વિશાળ વૃક્ષની સરખામણી કોઇની સાથે થઇ શકે નહીં; પરંતુ વૃક્ષની નીચે તડફડતા, છેલ્લો શ્વાસ લેતાં, મૃત્યુના દર્દથી પરલોક પહોંચતા પ્રાણીઓની મોટી સંખ્યા જોઇને હું તો આભી જ બની ગઇ. આ છાયામાં થાકયા-પાકયા-માંદા પ્રવાસીઓ પણ શાંતિ પામવા જોઇએ; એને બદલે આ કતલખાનું હોય એમ કેમ લાગે છે ? વિચાર કરતાં લાગ્યું કે દેખાવમાં રમણીય-મનોરમ એવું આ વૃક્ષ વસ્તુતઃ બીજું કંઇ નહીં પણ વિષવૃક્ષ જ છે. અમૃત અથવા સુખધામ માની જે પ્રાણી એની છાયા અથવા ફળનો ઉપભોગ લેવા જાય છે તે ત્યાં જ મૃત્યુના મુખમાં જઈ પડે છે. વૃક્ષો પણ કેટલાં ક્રૂર હોય છે ?



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વધુ વધુ વિચાર કરવા લાગી તેમ મને ભરજંગલમાં એ વૃક્ષ જ એક માત્ર તારક–સંરક્ષક હોય એવી શ્રદ્ધા જન્મી. મને થયું કે આ બધાં દુઃખમાંથી બચવા સારૂં, વિષવૃક્ષનું ફળ ખાઇ લઈ જીવનનો અંત આણવો એમાં શું ખોટું છે ? કોઇ અજાણ્યા પુરૂષના પંજામાં સપડાવું, પિતાના સુખ–શાંતિમાં વિઘ્ન-ભૂત થવું તે કરતાં મરી જવું એ જ બહેતર છે.”

મરવાનો નિર્ણય કરી હું વિષવૃક્ષની નીચે પહોંચી અને વિષફળ મ્હોંમાં મૂકી “જન્મ જન્માંતરમાં પણ આવું દુઃખ ન મળજો” એવી ભાવના ભાવતી ત્યાં જ બેસી ગઈ.

થોડીવારે વિષની ક્રિયા શરૂ થઇ. નસો તૂટતી હોય એમ લાગ્યું. હું શરીરનું ભાન ગુમાવી બેઠી.

આશ્ચર્યની વાત તો એ બની કે જ્યારે મૂર્ચ્છામાંથી જાગી ત્યારે અમૃત સમાન શાંતિદાયક કોઇ એક તરૂણના ખોળામાં મારો દેહ પડ્યો હતો. મારા વિષને હરવા તે તરૂણ ઘડીએ ઘડીએ કંઇક પાણી જેવું મારા મ્હોંમાં સીંચતો હતો. એક સખી હાથમાં વિંઝણો લઈ ધીમે ધીમે મારા અંગ ઉપર ઠંડો વાયુ ઢોળતી હતી.

એ સખી પણ પ્રિયંવદા જ હતી એવો નિર્ણય કરતાં મને બહુવાર ન લાગી. તે પોતાના ભાઇ સાથે ચિત્રપટ સંબંધી જે વાત કરતી હતી તે ઉપરથી આ તરૂણ મારો મનોવાંછિત મકરકેતુ જ હોવો જોઇએ એવો નિરધાર મેં કરી વાળ્યો. એ વખતે તો કાળના અંત સુધી પણ આ તરૂણના ઉત્સંગમાં જ પડી રહું અને કદાચ વિષને લીધે મૃત્યુ આવે તો સીધી આ ઉત્સંગમાંથી અમરલોકમાં પહોંચું એવી ભાવના પોષી રહી.

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

આ સ્વપ્ન હોય તો પણ કેટલું સુખમય છે ? મેં મારી આંખો ફરીવાર મીંચી લીધી. આંખો ઉઘાડીને જોઉં અને રખેને આ સ્વપ્ન ઉડી જાય એવી દહેશતથી, મકરકેતુના દર્શનનો મોહ પણ મૂકી દીધો. એવી કઈ નવયૌવના છે કે જે પોતાના કામદેવ સમા મનોવાંછિત પુરૂષના ઉત્સંગમાંથી ઉઠવાની ઉતાવળ કરે ? વિષની વેદના ધીમે ધીમે નષ્ટ થતી ચાલી.

ઘડી—બે ઘડીમાં પણ મેં અસીમ સુખ ભોગવી લીધું. જેના સાક્ષાત્ દર્શન પામવા આકરી તપસ્યા કરવી પડે તેના જ ખોળામાં પડી રહેવાનું સાંપડયું એના જેવું ઉત્તમ સૌભાગ્ય સંસારમાં બીજું કયું હોય ?

અંતરમાં ઉંડે ઉંડે તૃપ્તિનો આનંદ અનુભવી રહી. હવે મેં ખુલ્લી રીતે એક વાર મારા મનમાન્યા સ્વામીને નીરખવા આંખ ઉઘાડી. કાળની ગતિ અટકી જતી હોય તો કેવું સારૂં ? બસ, જોયા જ કરૂં. સંસારનું ગમે તે થાય પણ આ મનોહર મુખ મારી સામેથી ન ભૂંસાય એમ મનમાં થયું.

એ જ વખતે “ ગાંડીની માફક શું જોયા કરે છે ? ” એવા સ્વર મારા કાન સાથે અથડાયા. સ્હેજ શરમાઈ પણ ખરી. મારી પ્રિય સખી પ્રિયંવદાના જ એ વચન હતાં એમ મને સમજાયું, છતાં એ તરૂણ રાજકુમારનો આશ્રય છોડવો મને ન ગમ્યો.

“ આ મ્હારો ભાઇ મકરકેતુ છે અને હું તેની બ્હેન પ્રિયંવદા છું. ” જાણે કે નવેસરથી ઓળખાણ આપતી હોય તેમ પ્રિયંવદાએ કહ્યું.

પ્રસંગોપાત્ એક વિદ્યાધર પણ ત્યાં આવી ચડ્યો અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મકરકેતુને ઉદ્દેશીને વિનયપૂર્વક બોલ્યો: “ કુમાર! જિનેંદ્ર ભગવાનની પૂજાનો સમય થઇ ગયો છે. ”

મકરકેતુ જવા તૈયાર થયો એટલે હું પણ લજ્જિત જેવી ઉઠીને બેઠી થઇ. મને સ્વસ્થ બનેલી જોઇ પ્રિયંવદાએ પૂછ્યું:—“ હે સુતનુ! ભૂચર મનુષ્યોને બહુ દુર્ગમ એવા આ રત્નદ્વીપમાં તું શી રીતે આવી ચડી ? અને વિષફળ ખાઇ આત્મત્યાગ કરવાની બુદ્ધિ કેમ સૂઝી ? ”

એના જવાબમાં મેં મારી સંપૂર્ણ વીતક કથા કહી સંભળાવી.

“ પણ પ્રિયંવદે ! તમે મને ચિત્રપટ આપીને કયાં ગયા હતા ? તમે અહીં શી રીતે આવી ચઢ્યા ? મને તમે શા સારૂ મરતી બચાવી ? ” મેં સામો પ્રશ્ન કર્યો.

“ તને ચિત્રપટ આપી હું પોતે આ રત્નદ્વીપમાં આવી, મેં તને એ વખતે જ કહ્યું હતું કે હું મારા ભાઇ મકરકેતુ પાસે આવવા અધીરી બની હતી. મકરકેતુ વિદ્યા સાધતો હોવાથી, મારા જેવી એક પરિચારિકાની તેને જરૂર હતી. પિતાની આજ્ઞાથી હું તેની સારવાર કરવા લાગી. હવે તો તેની એ સાધના સંપૂર્ણ થઇ છે અને મારા પિતા કેટલાક વિદ્યાધરોને સાથે લઇ અહીં આવ્યા છે. હમણા જિનેંદ્ર ભગવાનની પૂજાના મોટા ઉત્સવો ચાલે છે. અઠ્ઠાઇ મહોત્સવની ધામધુમ વર્ણવી જાય એવી નથી. આજે પ્રાત:કાળે એવું બન્યું કે મકરકેતુ કંઇ કામને અર્થે આ અરણ્યમાં ફરતો હતો એટલામાં વાંસની ઝાડીની અંદર એક ઉત્તમ ખડ્ગ પડેલું તેના જોવામાં આવ્યું. જમરાજની જીભ જેવું ચકચકિત ખડ્ગ અહીં કયાંથી આવ્યું એવો વિચાર આવતાં તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખડ્ગની પાસે ગયો. આ ખરેખર ખડ્ગ છે કે બીજી કંઈ બનાવટી વસ્તુ છે તેની ખાત્રી કરવા તેણે ખડ્ગ વાંસની ઝાડી સાથે જોરથી અફાળ્યું.

વાંસના પાંચ-દસ થડ જોતજોતામાં કપાઇ નીચે પડ્યાં—સાથે સાથે એક વિદ્યાધરનું મસ્તક પણ અજાણતાં કપાઈ ધરતી ઉપર રગડાયું. એ કંઈ વિદ્યા સાધવા સારૂ આ ઝાડીમાં આવીને બેઠો હશે એવું અનુમાન થાય છે, કારણ કે એના ડાબા હાથમાં એક જપમાળા હતી અને તેનાં નેત્રો નાસિકા તરફ વળ્યાં હતાં. વિદ્યા સાધવા સિવાય એનો બીજો હેતુ નહીં હોય.

મારા ભાઈને આ દૃશ્ય જોઇ ઘણું લાગી આવ્યું. તેણે પાસે જઇ તપાસ કરી તો ગંગાવર્ત્તનગરના ગંધવાહન રાજાનો પુત્ર મકરકેતુ જ હતો એવી એની ખાત્રી થઈ, પણ હવે બીજું શું થાય ? પોતાના હાથથી એક નિરપરાધ જુવાન હણાઇ ગયો તેથી તેને પોતાની તરફ પણ તિરસ્કાર છૂટ્યો.

આમ ખિન્ન ચિત્તે આગળ જતો તેટલામાં તેની જમણી આંખ ફરકી. એને થયું કે " આજે કોઇ એક પ્રિય વસ્તુનો લાભ થવો જોઇએ. " અને વિષવૃક્ષ પાસે આવતાં એની મુરાદ પાર પડી. લાવણ્યથી ભરપૂર અવયવોવાળી, અને ચંદ્રલેખાની જેમ મનુષ્યમાત્રના નયનને આનંદ આપનારી યુવતીને જોયા પછી કયો કુમાર હર્ષની લાગણીથી રોમાંચિત થયા વિના રહે ? મકરકેતુના રોમે રોમમાં એક પ્રકારની અમૃતધારા વહી નીકળી.

હે સુરસુંદરી, એ વખતે તો તું પ્રાયઃ મૃતવત્ હતી. વિષફળ ખાવાથી તારો દેહ અચેત જેવો બની ગયો હતો. કુમારને વિચાર થયો કે કુમારિકાનો આ નિષ્પ્રાણ દેહ પણ આટલો મનોરમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેમ હશે ? હજી તો નવું યૌવન એના અંગમાં દાખલ થવા મથે છે એટલામાં જ તેણીને પોતાનો દેહ તજવાની શી જરૂર લાગી ? નિષ્પ્રાણુ દેહ પણુ કેટલો કમનીય દેખાય છે ? એ પ્રમાણે વિચારતરંગમાં ગોથા ખાતો મકરકેતુ તારી પાસે આવ્યો. એણે જોયું તો તારા મ્હોમાં વિષ-ફળનો એક ટૂકડો પડ્યો હતો. વિષવિકારથી જ તારૂં ચૈતન્ય હણાયું છે એવી તેને ખાત્રી થઇ. તને બચાવવાનું તેણે બીડું ઝડપ્યું અને વિષને ટાળવા તેણે તને અહીં આણીને ઉપચાર આદર્યા.

મકરકેતુએ પોતે જ મને બોલાવીને કહ્યું:—" બ્હેન, પિતાએ વિદ્યાપ્રદાન સમયે જે એક વીંટી આપી હતી તે લઇ આવ. તેની અંદરનો દિવ્યમણિ એવો પ્રભાવશાળી છે કે તેનું પાણી ગમે તેવા વિષવિકારને નાબૂદ કરવા શક્તિમાન છે. " હું દિવ્યમણિવાળી વીંટી લેવા જતી હતી તે જ વખતે વિદ્યાધરોના કુમારોને બોલાવી તેણે બીજી આજ્ઞા આપી કે: " કુમારો, શ્રીજિનેંદ્ર ભગવાનની પૂજાની સામગ્રી જલદી તૈયાર કરો. આ યુવતી સ્વસ્થ થાય એટલે પહેલું કામ એ કરવાનું છે, તેમજ વાંસની ઝાડીમાં, અજાણતાં મેં જે મસ્તક છેદ્યું છે તે બદલ શાંતિકર્મ કરવાની પણુ મારે માથે જવાબદારી આવી પડી છે. વિઘ્નોના નાશ માટે થોડા મંત્રજાપ પણુ મારે કરવાનાં છે. " કુમારો એ પ્રમાણે વ્યવસ્થા કરવા વિદાય થયા.

મેં પણુ દિવ્યમણિવાળી વીંટી લાવી આપી. મણિના પાણીથી તું ધીમે ધીમે સ્વસ્થતા પામી. એ વખતે પણુ અમે તારી અને ચિત્રપટની જ વાતો કરી રહ્યાં હતાં.

ખરેખર, સુરસુંદરી, દૈવ આપણુને કેટલો અનુકૂળ છે ? એની અનુકૂળતા ન હોય તો આટલે દૂર દ્વીપાંતરમાં આવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સહજ રીતે મેળાપ શી રીતે બને ? દૈવ જ અજાણ્યા માણસોને રમકડાં જેવા બનાવે છે, નિર્ધનને પણ ધનવાન અને ધનવાનને નિર્ધન બનાવી દે છે. ”

“ પ્રિય સખી પ્રિયંવદા,” મેં મારા પોતાના હૃદયમાં ખુંચતા શલ્યની વાત કહેવા માંડી: “મારા પ્રિયનું દર્શન કરવા છતાં હું હજી ખેદ કે સંતાપથી છેક નિર્મુકત થઇ શકી નથી. મારા પિતાની–એમના રાજ્યની સ્થિતિનું સ્મરણ થતાં જાણે કે એક સાથે સો વીંછી ડંખતા હોય એવી વેદના થાય છે. મારા પિતાના રાજ્ય ઉપર, મારી જ ખાતર શત્રુંજય રાજાએ ઘેરો ઘાલ્યો છે. વૈરી પ્રબળ છે. આજે મારા પિતાની શી સ્થિતિ હશે તેની કલ્પના થઇ શકતી નથી. એ વિચાર જ મને મૂર્ચ્છિત બનાવી મૂકે છે. ”

એટલામાં જ હે હંસિકા ! મકરકેતુ પણ દેવપૂજા આદિથી પરવારી ત્યાં આવી પહોંચ્યો. તેણે મારી આંખમાંથી વહેતા આંસુ નજરોનજર જોયા.

“ પ્રિયંવદે ! આ ત્હારી પ્રિય સખી શા સારૂ રડે છે ? ” મકરકેતુએ પૂછ્યું.

“ એનો પિતા મોટી આફતથી ઘેરાયો છે. શત્રુંજય રાજા સાથે એ યુદ્ધમાં પડ્યો છે. ” ટુંકામાં પ્રિયંવદાએ આખી કથા કહી સંભળાવી.

“ તમારે કોઇએ એ વિષે લેશ પણ ચિંતા ન કરવી. ” મકરકેતુએ કહ્યું: “ હું જ્યાં સુધી જીવતો છું ત્યાં સુધી કોઇની તાકાત નથી કે તમારા પિતાનો કોઇ વાંકો વાળ પણ કરી શકે. હું અત્યારે–આ ક્ષણે જ ત્યાં જઉં છું. પાછો વળું ત્યાં સુધી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમે અહીં જ રહેજો. દુરાચારી શત્રુંજય રાજાનો પરાભવ કરવામાં મને બહુ વિલંબ નહીં લાગે.”

મકરકેતુએ તત્કાળ વસુનંદક ખડ્ગ હાથમાં ગ્રહણ કર્યું અને આકાશમાર્ગે ઉડી ગયો. પ્રિયંવદાની સાથે હું વગરબોલ્યે એમની મંગળ-કામના કરી રહી.

એક-બે દિવસ નીકળી ગયા પણ મારા પ્રાણવલ્લભ પાછા ન આવ્યા. એમણે કહ્યું હતું કે શત્રુંજય રાજાનો પરાભવ કરવામાં બહુ સમય નહીં લાગે, છતાં જ્યારે પાછા ન વળ્યા ત્યારે સ્વાભાવિક રીતે જ મારા ચિત્તમાં ઉદ્વિગ્નતા વ્યાપી.

ક્ષણે ક્ષણે મારી ઉદ્વગ્નતા હજારગણી વધતી જતી હતી. એટલામાં જ એક અતિ વિકરાળ, અંધકારના અણુથી જ સર્જાએલો, વિકટ હાસ્ય હસતો એક વૈતાલ મારી સામે આવી ઉભો રહ્યો. એના માથાના અને મુખ ઉપરના વાળ જાણે કે ધગધગતી અગ્નિશીખા જેવા હતા. એના ઓષ્ઠ અને દાંતમાં એક હિંસક પ્રાણીની નિષ્ઠુરતા ભરી હતી. આંખો તો એટલી ઉંડી ઉતરી ગએલી હતી કે જેણે મરૂદેશના ઉંડા કૂવા જોયા હોય તેને જ તેની ભયંકરતા સમજાય. ગળાને વિષે ધારણ કરેલી રૂંડમાળા અટ્ટહાસ્ય કરતી હતી. કોઇપણ બાળક, સ્ત્રી કે પુરૂષ એને જુવે તો તેનું લોહી થીજી જાય.

એ વૈતાલ મને કહેવા લાગ્યોઃ “ અરે પાપી! પરપુરૂષ ઉપર આસક્ત થયેલી એવી તું અને પરસ્ત્રીમાં લુબ્ધ થયેલા એવા એ પાપિષ્ટ પુરૂષે-તમે બન્ને જણાએ મને ખૂબ દુઃખ આપ્યું છે. પાપીષ્ટ કુમારને તો એનો બદલો મળી ચૂકયો છે, પણ હજી તારે તેનું ફળ ભોગવવાનું બાકી છે.” એ શું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહેવા માગે છે તે હું પૂરેપૂરૂં સમજું તે પહેલાં જ વૈતાલ મને લઇને આકાશમાં ઉપડી ગયો. પ્રિયંવદાએ ઘણીઘણી બૂમો પાડી પણ એનું કંઇ પરિણામ ન આવ્યું.

હે હંસિની! એ ભયંકર વૈતાલ મને આકાશમાર્ગે બહુ દૂર દેશમાં લઇ ગયો, પરન્તુ મારૂં શું કરવું એનો કંઇ નિશ્ચય નહીં કરી શકવાથી એણે કંટાળીને મને આકાશમાંથી નીચે ધરતી ઉપર ફેંકી દીધી. ધરતી ઉપર પડતાં જ આઘાતને લીધે મારા પ્રાણ ઉડી જશે-મારા અંગોપાંગ ભાંગીને ભૂક્કા થશે એમ તેણે માની લીધું હશે. પરંતુ દૈવયોગવશાત્ હું એક ઉદ્યાનમાં લતાઓથી ખચિત એવા મંડપ ઉપર પડી, જેથી મને કોઈ પ્રકારની વેદના ન થઇ-જાણે કે ફુલથી સજી રાખેલી શય્યા ઉપર પડતી હોઉં એમ લાગ્યું.

થોડીવારે સામંતભદ્ર ત્યાં આવી પહોંચ્યો. તેણે વિનય-વિવેક-પૂર્વક મને મૂર્છામાંથી જાગૃત કરી. એક પળવારમાં આ શું બની ગયું? આ સામંતભદ્ર કોણ હશે? અને આટલી સુજનતા કેમ રાખી રહ્યો હશે? તે ન સમજાયું. એક સ્વપ્ન જ વીતી ગયું હોય એવી કલ્પના થઇ.

મકરકેતુ કયાં? પ્રિયંવદા કયાં? શત્રુંજય રાજાનો હુમલો કયાં? પેલો દુષ્ટ વૈતાલ કયાં અને હું પોતે પણ કયાં? કોઇ પણ વીર-ધીર પુરૂષને પણ ગભરાવી દે એવી આ સ્થિતિ હતી. મને લાગ્યું કે ઘણું કરીને પેલા દુષ્ટ વૈતાલે મારા પ્રાણ-વલ્લભની દુર્દશા કરી હશે અને તેથી જ તે વખતસર અમારી પાસે નહીં આવી શકયા હોય.

મૂળમાંથી ઉખેડી નાખેલી વેલડીની જેમ હું ઉદ્યાનમાં પટકાઇ. મારા પિતાની સ્થિતિનો વિચાર કરૂં, મકરકેતુનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ધ્યાન ધરૂં કે પ્રિયંવદાનું સ્મરણ કરૂં? મારી બુદ્ધિ પણ બ્હેર મારી ગઇ એટલે જ શોકાતુર અને ઉદ્વિગ્ન જેવી હું સમંતભદ્રના એકે પ્રશ્નનો યથોચિત જવાબ વાળી શકી નહીં. અમરકેતુ મહારાજની પાસે પણ મારો ઇતિહાસ કહેતાં મારી જીભ ન ઉપડી.

હે હંસિકા! સ્નેહથી તેં મને જીતી લીધી છે. મેં મારૂં હૃદય તારી પાસે ખુલ્લું કરી બતાવ્યું છે. જે વાત બીજાની પાસે કહેતાં સ્હેજે લજ્જા કે સંકોચ ઉપજે તે વાત મેં સરળભાવે તારા આગળ રજુ કરી છે."


# આદર્શ જૈન સ્ત્રી રત્નો.

( ચૌદ મહાસતીઓના જીવનચરિત્ર. )

પ્રાતઃસ્મરણીય માંગલ્યકારી ચૌદ પવિત્ર માતાઓ, આદર્શ સ્ત્રી રત્નો અને મહાસતીઓના વૃત્તાંતો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે.

જે સ્ત્રી જાતિનું મહત્ત્વ અને સ્ત્રીતત્ત્વના ગુણોના પરમ વિકાસ કરનાર ઉપદેશાત્મક છે.

આ ચરિત્રો વાંચતાં દરેક બ્હેનો આદર્શ સતીરૂપ બની પોતાના ચરિત્રનો વિકાસ કરી શકે છે. કીં. રૂા. ૧-૦-૦ ફક્ત.

જૈન આત્માનંદ સભા.
ભાવનગર.


P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય.

( ૧૩ )

સુરસુંદરી.
શત્રુંજય રાજા.
મકરકેતુ કુમાર. ચિત્રવેગનો પુત્ર.
કમલાવતી.
ધનદેવ.
ચિત્રગતિ.
મકરકેતુ. ( બીજો )
શિવકદેવ. દેવશર્માનો જીવ.

## ત્રયોદશ પરિચ્છેદ.

સુરસુંદરીની વીતક-વાર્તા સાંભળી હંસિકાનું હૈયું ભરાઇ આવ્યું. તે બોલી: " ત્હારી ઉપર જે દુ:ખનાં વાદળ વરસ્યાં છે તે સાંભળતાં તો સુખી માણસની આંખ પણ અશ્રુવડે ભીંજાયા વગર ન રહે. તારી સરળતા, મધુરતા અને પવિત્રતા જોતાં તો દુ:ખની જવાળા તને હંમેશાં અણસ્પર્શી જ રહેવી જોઇએ, પરંતુ કર્મની ગતિ એવી વિચિત્ર છે કે સારાં અને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પવિત્ર મનુષ્યો પણ દુઃખ ભોગવે છે. કર્મ જ ન હોય ત્યાંથી વિપત્તિના વાદળ ખેંચી આણે છે. સંસારમાં સૌ કોઇને કર્મની સત્તા માનવી પડે છે. કર્મનો પ્રભાવ બહુ ગહન છે. કર્મ જ સુખ અને દુઃખનાં વાણાં-તાણાં રચે છે. સુજ્ઞ સ્ત્રી-પુરૂષો કર્મની લીલા જોઇ-અનુભવી ઉદાસ નથી બનતાં તેમ તારે પણ હવે ભૂતકાળને ભૂલી જઈ ઉદાસીનતાનો ત્યાગ કરવો જોઇએ. તારાં લક્ષણો અને તેજસ્વીતા જોતાં મને લાગે છે કે તું વિદ્યાધરોના ચક્રવતીંની પત્ની થવાને યોગ્ય છે. વળી મેં કુશાગ્રપુરમાંથી આવેલા એક પથિક પાસેથી કાનોકાન સાંભળ્યું છે કે જે વખતે નરવાહન રાજા અને તેના લડવૈયાઓ એ મોટી આફતથી ઘેરાઈ વળ્યા હતા અને બધે નિરાશાનો અંધકાર છવાયો હતો તે વખતે ચકચકિત ખડ્ગને ધારણ કરનારા એક વિદ્યાધરે અચાનક ત્યાં આવી શત્રુંજય રાજાના ઘણા-ખરા સૈનિકોનો પરાભવ કર્યો હતો અને એ રીતે તેણે કુશાગ્રપુરને બળતી આગમાંથી બચાવી લીધું હતું. એ પથિકે કમલાવતી પાસે જે વાત કરી હતી તે મને બરાબર યાદ છે. તે કહેતો હતો કે એ અજાણ્યો વિદ્યાધર આવ્યો તે પહેલાં કુશાગ્રપુર પરાજય પામવાની અણી ઉપર આવી ઉભું હતું. એમના ઘાસ અને અન્નના ભંડાર સળગાવી દેવામાં આવ્યાં હતાં તેથી સૈનિકો અને નગરવાસીઓ ગભરાઇ ઉઠ્યાં હતાં. કુશાગ્રપુરનો કીલ્લો પણ ઉપરાઉપરી પ્રહારોને લીધે હચમચી ઉઠ્યો હતો. સદ્‌ભાગ્યે પેલા વિદ્યાધરની મદદ આવી પહોંચી અને હે સુરસુંદરી હું તને વધામણી આપું છું કે તારા પિતા ઉપરનો-કુશાગ્રપુર ઉપરનો ઉપસર્ગ હવે તદ્દન શમી ગયો છે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુશાગ્રપુરની કૂશળતા સાંભળી સુરસુંદરીના મુખમંડળ ઉપર આનંદ-તૃપ્તિની ઉજળી રેખા અંકાઈ. તે ઉત્સુકતા-પૂર્વક કંઈક વધુ પ્રશ્ન પૂછવા જતી હતી તેટલામાં જ હંસિકા સુરસુંદરીના મનોભાવ સમજી ગઈ અને કહેવા લાગી: " એ વિદ્યાધર કોણ હશે ? તે જાણવાની કુદરતી રીતે જ તને ઈચ્છા થઈ હશે. મેં સાંભળ્યું છે કે વિદ્યાધર જ્યારે શત્રુંજય રાજાને જીતી નરવાહન પાસે આવ્યો અને નરવાહને તેનો પરિચય માગ્યો ત્યારે વિદ્યાધરે પોતે જ કહેલું કે " હું શ્રી ચિત્રવેગનો પુત્ર મકરકેતુ છું. તમારી પુત્રી સુરસુંદરીનું હરણ થયું છે તે પણ અત્યારે તો રત્નદ્વીપમાં જ આવી ચડી છે અને ત્યાં સુખી છે. " એ કરતાં વિશેષ માહીતી મને મળી શકી નથી. શત્રુંજય રાજાનાં ઘણાં હાથી-ઘોડા તથા બીજો સામાન નરવાહનને હાથ પડ્યો છે, એ રીતે પણ કુશાગ્રપુરને આ સંગ્રામથી થોડો લાભ જ મળ્યો છે."

"પણ પેલા વૈતાલે મારા સ્વામીનું, પાછા ફરતી વખતે કંઇ અનિષ્ટ કર્યું હશે તો ?" સુરસુંદરીએ દીનતા-પૂર્વક પૂછ્યું.

" એ કલ્પના જ નિર્મૂલ છે. જેણે નવી વિદ્યા સાધી હોય એવા કુમારને પિશાચ શું કરી શકવાનો હતો ? એવી ચિંતા કરવાથી તો કોઇ જ અર્થ સિદ્ધ થઇ શકે એમ નથી." હંસિકાએ બહુ બહુ રીતે સમજાવી સુરસુંદરીના મનનું શાંત્વન કર્યું.

તે પછી હંસિકાએ કમલાવતીની પાસે જઇ ઉપરોક્ત હકીકત સંભળાવી અને કમલાવતીએ પોતાના સ્વામી-અમરકેતુને એનો સાર સંભળાવ્યો.

એ રીતે કેટલાક દિવસ શાંતિમાં પસાર થઈ ગયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક વાર અમરકેતુ મહારાજા, કમલાવતી, સુરસુંદરી તથા બીજા કેટલાક આત્મીય બેઠા હતા તે વખતે એક પ્રવાસી જેવો લાગતો યુવાન રજા લઇ હાજર થયો. તેણે આવતાંની સાથે જ રાજાને પ્રણામ કરી મોતીથી ભરેલો એક થાળ ભેટ મૂક્યો.

એ પ્રવાસી મહારાજાનો માનીતો ધનદેવ વણિક પોતે જ હતો. તે સિંહલદ્વીપની જાત્રાએ જવા નીકળ્યો હતો, પણ તેને અચાનક પોતાની પાસે આવેલો જોઇ મહારાજા બોલી ઉઠ્યાઃ

" ધનદેવ ! તું તો સિંહલદ્વીપની જાત્રાએ ગયો હતો ને ? હજી એક મહિનો પણ પૂરો નહી થયો હોય ? ત્યાં પહોંચતાં ઘણા દિવસો થાય છે, છતાં તું કેમ આટલી ઉતાવળથી પાછો ફર્યો ? "

" એ વૃતાંત રસદાયક છે આપને અથેતિ સંભળાવવા માટે જ અહીં આવ્યો છું. " ધનદેવે પ્રસ્તાવના બાંધી અને વિશેષમાં કહેવા માંડયું :

" સિંહલદ્વીપના થોડા વેપારીઓએ મને ત્યાં જવાની પ્રેરણા આપી હતી એ હકીકત આપ જાણો છો. આપની રજા લઇ હું અહીંથી નીકળ્યો અને ગંભીર નામના વેલાતટ ઉપર પહોંચ્યો. આ નગરમાં મોટે ભાગે નાવિકો જ વસે છે. સોપારી અને નાળિયેરના મોટા મોટા ગંજ એવી રીતે ખડકાયેલાં પડ્યાં હોય છે કે જાણે હસ્તી ઝૂલતા હોય એવો ભાસ થાય. હાથીદાંત, કપૂર, અગરૂ, ચંદન અને મોતી–માણિકયનો પણ કંઇ તોટો નથી. જાયફળ અને ઇલાયચી વિગેરે પણ એટલા બ્હોળા પ્રમાણમાં છે કે વિલાસી પુરૂષના મુખમાંથી નીકળતી સુગંધીને લીધે આસપાસનું વાતાવરણ પણ સુવાસિત બની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રહ્યું હોય એવો ભ્રમ થયા વિના ન રહે. લગભગ બધા દેશો-માંથી કંઇક ને કંઇક કરીયાણું અહીં આવે છે. અમે યથા-યોગ્ય દાણુ ચૂકવી અમારો માલ કાંઠે લાવી મૂકયો અને મજ-બૂત તથા વિશાળ એવું એક મોટું વ્હાણુ ભાડે લીધું.

શુભ તિથિ, શુભ નક્ષત્ર અને ઉત્તમ પ્રકારનો યોગ જોઇ વિધિપૂર્વક અમે સમુદ્રપૂજન કર્યું. જિનેંદ્ર ભગવાનની પૂજા કરી, શ્રમણસંઘને દાન આપી સૌને સંતુષ્ટ કર્યા. માંગલિક વાજીંત્રોના નિર્ઘોષ વચ્ચે અમે અમારો માલ વ્હાણુમાં ભરી સમુદ્રમાર્ગે પ્રયાણુ આદર્યું.

એક દિવસે સમુદ્રમાં પર્વત પર્વત જેવડા મોજા ઉછળતા હતા. મહાન્ અને ભયંકર મગરમચ્છોના પૂંછડાના આઘાતથી મોટા તરંગો ઉત્પન્ન થઇ પાછા સમુદ્રની અંદર સમાઇ જતા હતા. સમુદ્રનું ઘોર સંગીત આકાશમાં ગેબી પડઘા ગજવતું હતું. દરીયાના અનુભવી નાવિકો કહેતા હતા કે આપણું વ્હાણુ બરાબર મધ્યમાં આવી પહોંચ્યું હતું.

ઝપાટાભેર અમારૂં વ્હાણુ ગતિ કરી રહ્યું હતું. એટ-લામાં થાંભલાના સૌથી આગલા ભાગને વિષે બેઠેલા એક પુરૂષે આશ્ચર્ય દર્શાવતાં કહ્યું: “ કોઇ એક અપૂર્વ તેજસ્વી-દેવ જેવી કાંતિવાળો પુરૂષ પોતાની ભુજાઓના બળવડે આ સમુદ્ર તરતો દેખાય છે. ”

અમે એ દેખાવ પ્રત્યક્ષ જોયો. આવો બળવાન્, સાહસિક પુરૂષ કોણુ હશે ? વ્હાણુમાં નિરાંતે બેસવા છતાં નીચે પાણીમાં જોવા માત્રથી છાતીના ધબકારા વધી જાય એવી અમારી સ્થિતિ હતી, છતાં આ પુરૂષ તો અંધારી-કાળી રાતે-ભરસમુદ્રમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એકલી પોતાની ભુજા ઉપર આધાર રાખી દરીયો તરી જવા મથે છે એનું કાળજું કેટલું વજ્રમય હોવું જોઇએ ?

મેં મારા નાવિકોને કહ્યું: "ગમે તેમ થાય, પણ આપણે એને બચાવવો જોઇએ—કોઇપણ ભોગે એ સત્પુરૂષને આપણા વ્હાણમાં લઇ લેવો જોઇએ."

નાવિકોએ હોડી તે દિશામાં હંકારી મૂકી. "ધનદેવ શ્રેષ્ઠીના વ્હાણમાં આપને બોલાવ્યા છે." એમ સાંભળતાં જ પેલો તેજસ્વી પુરૂષ હોડીમાં બેસી ગયો.

એ જ્યારે મારી પાસે આવ્યો ત્યારે હું તેની ભવ્ય આકૃતિ, દિવ્ય તારૂણ્યપ્રભા અને વિનયનમ્રતા જોઇ મંત્રમુગ્ધ બની ગયો. મને કોઇએ અમીનું આંજણ આંજયું હોય એમ લાગ્યું. રખેને આ કમલાવતી દેવીનો ખોવાયેલો પુત્ર તો ન હોય એવો એક તર્ક ઉપજ્યો. જરૂર, આ કોઈ પરમ ભાગ્યશાળી—પુણ્યશાળીનો પુત્ર હોવો જોઇએ એ સંબંધે મને જરાયે સંદેહ ન રહ્યો.

મારી જીજ્ઞાસાને હું વધુ વાર રોકી શક્યો નહિ. મેં પૂછ્યું: "હે ભદ્ર ! આપ કોણ છો ? ક્યાંથી આવો છો ? આ સમુદ્રમાં કઈ રીતે સપડાયા ?"

અભ્યંગ—સ્નાન—ભોજનાદિથી નિવૃત્ત થયેલા એ પુણ્યશાળીએ પોતાનું જે વૃતાંત રજુ કર્યું તે જ અક્ષરશઃ આપને અહીં કહી સંભળાવું છું:

"વૈતાઢ્યગિરિની અંદર દક્ષિણશ્રેણીમાં રત્નસંચય નામે નગર છે અને એ નગરમાં પવનગતિ વિદ્યાધરની બકુલવતી નામની સ્ત્રીની કુક્ષિથી ઉત્પન્ન થયેલ ચિત્રવેગ નામે એક વિદ્યાધરોના

P.P. Ac. Gunratnasuri M.S.　　　　Jun Gun Aaradhak Trust

ક્રવર્તી વસે છે. ચિત્રવેગની ખ્યાતિ જગજાહેર છે. અમિતગતિ ઘાધરની કનકમાળા નામે પુત્રી એમની ભાર્યા છે અને હું તેમનો ત્ર મકરકેતુ છું.

વૈતાઢ્યગિરિની અંદર ઉત્તરશ્રેણીમાં ચમરચંચા નામની નગરી . એ પ્રદેશ ઘણો જ રસાળ અને વૃક્ષ-લતાથી પલ્લવિત છે. ાનુગતિ વિદ્યાધરનો પુત્ર ચિત્રગતિ વિદ્યાધરેંદ્ર ત્યાં રાજ્ય કરે છે. ારા પિતા ચિત્રવેગ અને ચમરચંચાના ચિત્રગતિ એ બન્ને પર-પર મૈત્રીની ગાંઠથી જોડાયેલા છે.

એ વખતે હું હજી યૌવનમાં પ્રવેશતો હતો. મારી ઉપર સન્ન થઇ ચિત્રગતિએ મને રોહિણી નામની વિદ્યા આપી. સાત હિના એ વિદ્યાની સાધનામાં નીકળી ગયા. વચમાં વચમાં મને લાયમાન કરવા દેવતાઓએ ઘણા પ્રયત્ન કર્યા પણ મેં નિર્ભયપણે ારી સાધના ચાલુ રાખી. વિદ્યા સિદ્ધ થયા પછી હું મારા પોતાના ગરમાં ગયો. મને જોઇ મારા પિતા બહુ ખુશી થયા. તેમણે ંઘાધરોની આગળ મારા વખાણ કર્યા : "જુઓ, મારો આ પુત્ર ાળવયનો છે છતાં તેણે નિર્ભયપણે ભયંકર સ્વરૂપવાળી રોહિણી ત્રેઘા પણ સિદ્ધ કરી." મારા પિતા તો મને હજી બાળક જ ાનતા હતા અને તેથી જ તેમણે પોતે તો મને કોઇ વિદ્યા જ ા આપી; પરન્તુ આ એક વિદ્યા સિદ્ધ થયા પછી તેમનો ારી ઉપર સારો વિશ્વાસ બેઠો. એમને થયું કે જે બાળક માવી રૌદ્રરૂપી વિદ્યા સાધી શકે એને બીજી વિદ્યાઓ તો હજ બની જાય.

વખત જતાં એક દિવસે એમણે મંગલમુહૂર્ત્ત જોઇ શ્રી જિનેંદ્ર ભગવાનનો એક મોટો અઠ્ઠાઇ મહોત્સવ કરાવ્યો અને



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ નિમિત્તે એમણે મને પોતાની સમસ્ત વિદ્યાઓ આપી તેની સાધનાનો ઉત્કૃષ્ટ વિધિ પણ બતાવ્યો. રત્નદ્વીપમાં વિદ્યાધરોએ બનાવેલાં, ભવ્ય આકૃતિવાળાં ઘણાં મંદિરો છે. જાણે રત્નોથી જ ચૈત્યો બાંધ્યાં હોય તેમ તેની કાંતિ દિશાઓમાં ફરી વળે છે. મારા પિતાએ મને શ્રી આદીશ્વર ભગવાનના મંદિરમાં જઇ નિર્મળ ચિત્તે-ભક્તિભાવે વિદ્યા સાધવાની સલાહ આપી; સાથે થોડા માણસો પણ લઇ જવાનું કહ્યું. શ્રી જિનેંદ્ર ભગવાનની પૂજા-વંદન કરવાનો, હિંસા આદિ દોષોથી જેમ બને તેમ અળગા રહેવાને તેમણે મને ઉપદેશ આપ્યો. વિદ્યાની સાધનામાં એવી નિર્મળતાની કેટલી જરૂર છે તે સમજાવ્યું. પ્રમાદને લીધે કંઈ અકૃત્ય થઇ જાય તો તેનું પ્રાયશ્ચિત્ત કરવું પડે એમ પણ તેમણે મને કહ્યું. મેં એ સલાહ અથવા ઉપદેશને મારા હૃદયમાં સંઘર્યો.

ઉપદેશ ઉપરાંત પિતાજીએ મને એક વીંટી આપી. એ વીંટી સમગ્ર દોષો તેમજ વિઘ્નો નિવારવામાં સહાયક થશે એમ સૂચવ્યું. વીંટી મેં હાથમાં પહેરી લીધી.

પિતાને પ્રણામ કરી હું રત્નદ્વીપમાં પહોંચ્યો. સુંદર એકાંત સ્થળ જોઈ મેં બહુરૂપિણી આદિ વિવિધ પ્રકારની વિદ્યાઓ સાધવાનો આરંભ કર્યો. છ મહિનાની અંદર બહુરૂપા, પ્રજ્ઞપ્તિ, ગૌરી, ગાંધારી, મોહનોત્પાદિની, આકર્ષણી, ઉન્મોચિની, ઉચ્ચાટની, વશીકરણી આદિ વિદ્યાઓ સાધવા હું ભાગ્યશાળી બન્યો.

સાધનને અંતે એક દિવસે, રાત્રીના છેલ્લા પ્રહરે જાણે કે ધરતી ધ્રુજતી હોય એમ મને લાગ્યું. દિશાઓમાંથી કારમી ચીસ સંભળાતી હોય, આકાશમાંથી આગ્ન વરસતો હોય,

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ર્વતો તાંડવનૃત્ય આદરી રહ્યા હોય અને ભૂતાવળો સાથે
ળીને રાસ રમતી હોય એવો દેખાવ મારી સામે ખડો થયો;
ણુ એ સ્થિતિ વધુ વખત ન રહી. તરતજ સુગંધી-શીતળ
વનની લહેરી દિગંતમાં છૂટી. દિવ્ય ગંધોદકની સાથે પાંચ
કારના વર્ણવાળાં પુષ્પો વરસી રહ્યાં.

એ તો બધું ઠીક, પણ વિવિધ પ્રકારનાં વસ્ત્રાભૂષણોથી
સુસજ્જિત, ભાતભાતનાં રંગોથી દેદીપ્યમાન, વિચિત્ર ચિન્હો-
વાળી અનેક સ્ત્રીઓ મેં મારી સામે જોઈ ત્યારે આ બધી
દેવીઓ કોણ હશે ? એવો પ્રશ્ન થયો; પરંતુ હું પોતે કંઈ પૂછું
તે પહેલાં જ એ દિવ્યાંગનાઓ બોલી ઉઠી: "હે કુમારેંદ્ર,
અમે મૂર્તિમંતી વિદ્યાદેવીઓ છીએ. તારી શાંતિ અને ધીરતા
જોઇ અમે તારી ઉપર પ્રસન્ન થઇએ છીએ." મેં પણ તેમને
અર્ઘ્યાદિક અર્પી સન્માન આપ્યું.

મારા પિતાને એ વાતની જાણ થઇ એટલે તેઓ પોતાના
સુભટ-મંડળ સાથે મારી પાસે આવી પહોંચ્યા. અઠ્ઠાઇ મહો-
ત્સવની મોટા પાયા ઉપર તૈયારી કરી પવિત્ર તીર્થોનાં નિર્મળ
જળવડે શ્રી જિનેંદ્ર ભગવાનની પ્રતિમાઓનું સ્નાત્ર કરાવ્યું.
ઉત્સવના વાજીંત્રોએ પોતાના ગગનભેદી મધુર સૂરવડે દિશાઓ
ભરી દીધી. આનંદ કલ્લોલના તરંગો ઉછળી રહ્યા. રાત્રીજાગરણનો
વિધિ પતી ગયા પછી પિતાજી પરિવાર સહિત પાછા વૈતાઢ્ય-
પર્વતમાં ગયા. હું બાકીનાં કામકાજ આટોપવા ત્યાં જ રહ્યો.

અઠ્ઠાઇ મહોત્સવની પુણ્યસ્મૃતિઓ હજી તાજી જ હતી.
ગીત-નૃત્ય-વાદ્યના મનોહર ભણકાર કાનમાં ગુંજી રહ્યા હતા.
એક સવારે હું બ્હાર ફરવા નીકળ્યો. થોડે દૂર ગયા પછી
વાંસની ઝાડીમાં એક મનોહર ખડ્ગ મારા જોવામાં આવ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આ ખડ્ગ અહીં ક્યાંથી ? ત્યાં કોઇનો વાસ ન હતો. મારૂં આશ્ચર્ય વધી ગયું. ખડ્ગ હાથમાં લીધું અને એની ક્રિયા જોવા ખડ્ગનો પ્રહાર વાંસની ઝાડી ઉપર કર્યો. ઝાડીની અંદર કોઇ પુરૂષ બેઠો હશે એવી તો કલ્પના પણ ક્યાંથી આવે ? વિદ્યા સાધવા માટે બેઠેલા કોઇ અજાણ્યા વિદ્યાધરનું મસ્તક ધડથી જૂદુ પડ્યું અને લોહીની નદી વહી નીકળી. મેં તો અમસ્તો જ ખડ્ગનો પ્રહાર કર્યો હતો, પણ લોહીની ધારા જોયા પછી મને બહુ જ પશ્ચાત્તાપ થયો. અજ્ઞાનદશામાં મેં એક વિદ્યાધરનો વધ કર્યો હતો, એ વાતનું મને ભાન થયું. તપાસ કરતાં ગંગાવર્ત્તના સ્વામી ગંધવાહન રાજાનો પુત્ર મકરકેતુ પોતે જ હતો એવી ખાત્રી થઇ. પ્રમાદમાં ગળા સુધી બૂડેલો પ્રાણી કેવી કેવી હિંસાઓ કરે છે ? આ અકાર્યનું-આ હિંસાનું પરિણામ મારે વ્હેલે-મ્હોડે પણ ભોગવ્યા વિના છૂટકો જ નથી. ભલે એ હિંસા ઇરાદાપૂર્વકની કે યોજનાવાળી ન હોય, પરંતુ એ એક મહાભયંકર હિંસા તો હતી જ અને તેનું ફળ મારે ભોગવવું પડશે એ નિર્વિવાદ વાત બની.

અત્યાર પહેલાં મેં ઘણી વિદ્યાઓ સિદ્ધ કરી હતી એટલે આ હિંસાને લીધે કદાચ વિઘ્ન આવી પડે તો પણ હું તેની સામે યથાશક્તિ બચાવ કરી શકું એમ હતું. એટલું છતાં વિઘ્નનું નિવારણ કરવા જિનેંદ્ર ભગવાનની પૂજા-અર્ચના આદિ યોજવાનો મેં નિશ્ચય કર્યો અને ઘર તરફ પાછો ફર્યો. ઘર તરફ આવતાં મારી જમણી આંખ ફરકી. અત્યારસુધી જે એક પ્રકારનો પશ્ચાત્તાપ અંતરમાં સળગ્યા કરતો હતો તેને સ્થાને ઉલ્લાસની શીતળ ઉર્મી ઉછળી. મને લાગ્યું કે આ જમણી આંખ ફરકે છે તેથી કંઇક પણ મહાન્ લાભ થવો જોઇએ.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બે-ચાર ડગલાં આગળ ગયો એટલામાં-એક કિંપાકવૃક્ષ ...ીચે મૂચ્છિંત અવસ્થામાં-ભરનિદ્રામાં પડેલી એક અનુપમ ...ંદરી મારા જોવામાં આવી. એના શરીરની આકૃતિ, કુલની ...ક્ષ્મીદેવી સમી હતી અને લાવણ્યમાં અમૃતનો રસ સીંચ્યો ...તો. એના મીંચાએલા નયનો, ને દીર્ઘ શ્વાસ મૂકતી નાસિ-...ામાં પણ કંઇ એવી અપૂર્વતા હતી કે તે જોયા પછી કોઈ ...ણ રસિક યુવાન મોહમુગ્ધ થયા વિના રહી શકે નહીં. મેં પાસે ...ઇને એના દેહનું નિરીક્ષણ કર્યું. કવિઓએ જેના એક એક ...ંગ-ઉપાંગ ઉપર રસિક વર્ણને યોજ્યાં છે તે આ રમણીને ...દ્દેશીને જ લખ્યાં હશે એમ થયું; પરન્તુ દુઃખની વાત એ ...તી કે તે અચેતન, મૂચ્છિંત, નીદ્રિત હતી.

સુંદરીના મુખમાંથી ફીણ છૂટતું હતું, શરીરની કાંતિ પણ ...ીમે ધીમે સંકેલાતી હતી. મ્હોમાં આંગળી ફેરવી જોયું તો ત્યાં ...કિંપાકવૃક્ષનું ફળ પડ્યું હતું. જરૂર આ ફળની ઝેરી અસરને ...ીધે જ સુંદરી મૂર્ચ્છા પામી હશે.

મનુષ્યો તો રત્નદ્વીપમાં નથી આવી શકતા, એટલે આ કન્યા કોઇ વિદ્યાધરની જ હોવી જોઇએ અને દુઃખને લીધે જ આત્મઘાત કરવા આ ફળ ખાધું હશે એવા અનુમાન ઉપર આવ્યો. તેની સાથે મારૂં જમણું નેત્ર ફરક્યું હતું તે ઉપરથી તે કન્યા મારી ભવિ-ષ્યની પ્રાણવલ્લભા બનવી જોઇએ એમ લાગ્યું. એને ઉપાડીને મારા ઉતારા તરફ ચાલ્યો ત્યારે પણ મને એમ થયું કે આ મૂચ્છિંત સુંદરી સાથે મારે કંઇ જુગજુનું સગપણ હોવું જોઇએ.

મારી ઓરમાન બ્હેન પ્રિયંવદાની મદદથી મેં મૂચ્છિંત સુંદરીનું ઝેર ઉતારવા પ્રયત્ન કર્યો. મારા પિતાએ મને જે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એક દિવ્ય મણીવાળી વીંટી આપી હતી તે વીંટીનું પાણી સમગ્ર દોષ નિવારવા સમર્થ હતું. મેં એ પાણી તેને અંગે અંગમાં છાંટ્યું અને થોડું પાયું.

વિષ-નિવારણનો વિધિ ચાલતો હતો તે દરમીયાન પ્રિયંવદા બોલી ઉઠી:–"આ તો મ્હારી બ્હેન છે!"

"શી રીતે?" મેં પ્રિયંવદા સામે આતુરતાથી નીહાળ્યું.

"રત્નવતી નામની મારી માસીની એ પુત્રી થાય છે. એનો પિતા કુશાગ્રપુરનો રાજા નરવાહન છે અને આ કન્યાનું નામ સુરસુંદરી છે. વૈતાઢ્યપર્વતમાંથી આ દ્વીપમાં આવતી હતી ત્યારે મેં એને કુશાગ્રપુરના ઉદ્યાનમાં જોઇ હતી."

"એ ઉદ્યાનમાં ઉતરવાનું શું કારણ હતું?" મેં તપાસ શરૂ કરી.

"આકાશ-વિહારથી થાકી થોડો શ્રમ લેવા હું કુશાગ્રપુરમાં ઉતરી હતી. એ વખતે તે પોતાની સખીઓ સાથે આ સુરસુંદરી પણ ત્યાં જ હતી."

"તો પછી તું એને જોતાં જ આકાશમાર્ગે કાં ન ચાલી નીકળી?"

"ઉતાવળમાં આકાશગામિની વિદ્યાનું એક પદ ભૂલી ગઈ. બહુ બહુ માથાકૂટ કરી પણ એ ભૂલાયેલું પદ યાદ ન આવ્યું. હું ઝંખવાણી બની ગઇ. મારી ઉદ્વિગ્નતા જોઇ આ સુરસુંદરીએ તેનું કારણ પૂછ્યું. મેં ખરેખરી વાત કહી દીધી અને આનંદની વાત એ છે કે સુરસુંદરીએ જ મને વિસ્મૃત પદ યાદ કરી દીધું."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંબંધે પ્રશ્ન પૂછતાં પ્રિયંવદાએ કહ્યું: "મારી પાસે તારૂં ચિત્રપટ હતું તે મેં એને એ વખતે બતાવ્યું. ચિત્રપટ જોયા પછી એને રોમાંચ થયેલો અને એ બોલી પણ ગઇ કે ખરેખર પૂર્વે પૂરેપૂરાં પુણ્ય કર્યાં હોય તો જ આવો તેજસ્વી–ગુણી સ્વામી પ્રાપ્ત થાય."

એ ઉપરાંત વિશેષ કંઇ વાતચીત થએલી કે નહીં તે

પ્રિયંવદાના વચનો ઉપરથી, પહેલેથી જ આ સુંદરી મારી ઉપર આસક્ત હશે અને તેથી જ હું એની તરફ અસાધારણ આકર્ષણ અનુભવતો હોઇશ એ વિષે કંઇ શક ન રહ્યો.

પ્રિયંવદા અને હું એ પ્રમાણે વાર્તાલાપ કરતા હતા એટલામાં જ સુરસુંદરીની આંખ ઉઘડી. એનો વિષવિકાર ઉડી ગયો. હું એને પ્રિયંવદા પાસે મૂકી શ્રી જિનેંદ્ર ભગવાનની પૂજા કરવા ગયો.

મંદિરમાં ભગવાનની વિધિપુરઃસર પૂજા કરી, શાંતિ-દેવતાનો મંત્રજપ કર્યો અને ચૈત્યવંદનની ત્રીજી સ્તુતિ ભણીને સો શ્વાસોચ્છ્વાસનો કાઉસગ્ગ કર્યો.

મંદિરમાંથી ઘેર ગયો ત્યારે મેં દૂરથી જ પ્રિયંવદાને ચોધાર આંસુએ રડતી જોઇ. ગમે તેવા કષ્ટની મધ્યમાં અચળ રહી શકનાર પ્રિયંવદા સામાન્ય કારણે તો ન જ રડે. પાસે પહોંચ્યા પછી જોયું તો એકલી પ્રિયંવદા જ નહિં, સુંદરી પણ ગમગીન વદને ગંડસ્થળ ભીંજવી રહી હતી.

મેં રડવાનું કારણ પૂછ્યું, એટલે પ્રિયંવદાએ કહ્યું: "આ મ્હારી બ્હેનના નિમિત્તે જ એક દુશ્મન રાજા એના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પિતાના રાજ્ય ઉપર ચડી આવ્યો છે. એનાં દુઃખની કલ્પનાથી એ શાંતિ રાખી શકતી નથી. વખતસર જો નરવાહનને મદદ ન મળે તો આ સુરસુંદરીને જીવવું અકારૂં થઇ પડે. ”

“ હું જયાં સુધી હૈયાત છું ત્યાં સુધી તમારા પિતાનો વાળ પણ કોઇ વાંકો ન કરી શકે એવી તમને ખાત્રી આપું છું. હું આ ક્ષણે જ ત્યાં જઉં છું. તમે નિશ્ચિંતપણે અહીં રહેજો. ” એટલું કહેતામાં જ હું હાથમાં વસુનંદક ખડ્ગ લઇ કુશાગ્રપુર ભણી ઉડ્યો. શત્રુંજય જેવા રાજાને હણવો એ મારા માટે એક સામાન્ય વાત હતી.

પણ કુશાગ્રપુર પહોંચ્યા પછી મને યુદ્ધની ગંભીરતા સમજાઇ. એના કીલ્લાની આસપાસ દુશ્મનોના સુભટો ઘેરો ઘાલીને પડ્યા હતા, કુશાગ્રપુરની અંદર મ્હોટા ગોળ પત્થર વરસાદના કરાની જેમ વરસતા હતા, કીલ્લાની ઉપર-મધ્ય ભાગમાં ધજા-પતાકા ફરફરતી હતી, કાંગરામાં અગ્નિ વરસાવનારા શસ્ત્રો ગોઠવાઇ ગયા હતા અને કોળાહળ તો એટલો બધો હતો કે કોઇનું વાકય પૂરૂં સાંભળી શકાય નહીં. મેં આકાશમાં રહ્યા રહ્યા કુશાગ્રપુરની આ સ્થિતિ જોઇ લીધી. શત્રુંજય રાજા નગરના ભૂક્કા ઉડાવવા કમ્મર કસીને તૈયાર ઉભો હતો.

દુશ્મનના સૈનિકોમાં ખૂબ ઉત્સાહ હતો. “ અરે કોણ છે ? મ્હારૂં બખતર લાવો. ” “ અરે ! મહારાજા પોતે તૈયાર થઇ ગયા છે-જલદી કૂચ કરો. ” “ ચાલો, અશ્વોનું સૈન્ય હાજર કરો ! ” “ નીસરણીઓ ગોઠવો-કીલ્લો વટાવી જાવ ! ” આવા આવા અનેકવિધ ધ્વનિથી શત્રુંજયનું સૈન્ય ખળભળી રહ્યું હતું. ઝરૂખા ખાળી નાખવાની, પત્થરોના વરસાદ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વરસાવવાની, માટી ભરીને ખાઇઓને સૂકાવી નાખવાની આજ્ઞાઓ અપાતી હતી.

બીજી તરફ નરવાહન રાજાના સૈનિકો શત્રુના સુભટો ઉપર પાષાણુનો મારો ચલાવી રહ્યા હતા. કેટલાક સુભટો નીસરણી ઉપર ચડીને કીલ્લો ઓળંગવા મથતા હતા તેમને નરવાહનના માણુસોએ ભાલા મારી નીચે નાખી દીધા હતા. તેમનાં અંગ લોહીથી તરબોળ બન્યા હતા. તીરથી ઘવાયેલાં લડવૈયા ધૂળમાં આળોટતા હતા. કોઈ કોઈ ઠેકાણે ગંજીઓ અને ઘર પણ સળગતાં હતાં. શત્રુંજય હવે પોતાનો છેલ્લો દાવ ફેંકવાની તૈયારી કરતો હતો. ખાઇ લગભગ પૂરાઇ ગઇ હતી. કીલ્લો તૂટવાની અણી ઉપર હતો. હવે એક પળ પણ જવા દેવી એ નરવાહનના સત્યનાશનો માર્ગ ખુલ્લો કરી આપવા જેવું હતું.

હું એક પડકાર કરતો, ગજેન્દ્ર ઉપર બેઠેલા શત્રુંજયની પાસે પહોંચ્યો અને તેને ફીટકાર આપી કહેવા લાગ્યોઃ "અરે અધમ! વગરવાંકે તું નરવાહનને પાયમાલ કરવા કટિબદ્ધ થયો છે તેનું ફળ તું ચાખી લે. તું નિર્દોષને પજવવામાં કેટલો અનાચાર કરે છે તેનો તને ખ્યાલ છે? વિનાશના વાજાં વાગે ત્યારે તો વાંસડાને પણ ફળ આવે છે."

શત્રુંજય મારી સામે લાલ આંખ કરી પ્રહાર કરવા ઉદ્યુક્ત થયો એજ ઘડીએ મેં એના માથાના કેશ પકડી, હાથી ઉપરથી નીચે ફેંકી દીધો. ગભરાએલા સૈનિકો મારી ઉપર ધસી આવ્યા પણ તેમના બાણો મને શું કરી શકે? હું ત્યાંથી સીધો નરવાહન રાજા પાસે ગયો અને શત્રુંજય કેવી દુર્દશામાં આવી પડ્યો હતો તે સંભળાવ્યું. શત્રુંજયના સુભટો નાસી ગયા. નરવાહન નિશ્ચિંત બન્યો. એના વદન ઉપર વિજયની ઉત્સાહરેખા અંકાઇ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" હે રાજન્, આપ હવે કોઇ પણ પ્રકારની ચિંતા ન કરશો. તમે સુખેથી અહીં જ રહેજો. રત્નદ્વીપમાં આપની કન્યા છે. તેને હું તત્કાળ તમારી પાસે લઇ આવું છું " નરવાહનને એ પ્રમાણે કહી, હું પાછો રત્નદ્વીપ તરફ વળ્યો.

નિયત સ્થળે પહોંચવાની તૈયારીમાં હતો એટલામાં એક ભયંકર દુર્ઘટના બની ગઇ. તાલ વૃક્ષ જેવી લાંબી લાંબી જેની જંઘાઓ છે, મશના ઢગલા જેવું જેનું શરીર છે, હાથીના જેવા જેના લાંબા લાંબા દાંત છે અને ઉંટની જેવા જેના ઓઠ છે, એવો એક વૈતાલ મારી સામે આવી આક્રોશપૂર્વક કહેવા લાગ્યો: " હે દુષ્ટ ! તે મને બહું દુઃખ દીધું છે. મારી સ્ત્રીનું અપહરણ કર્યા પછી તું શી રીતે સુખેથી જીવી શકે છે, એ હું હવે જોઇ લઇશ." પ્રલયકાળના મેઘ જેવા ઉદ્દગાર દિશામાં પડઘા પાડી રહ્યા. પ્રથમ તો હું કંઇ સમજી શકયો નહીં, પરંતુ એ વૈતાલ બોલવા લાગ્યો: " બાલ્યાવસ્થામાં તો તું કોઇ એક અકળ કારણે જીવતો રહી ગયો, પણ હવે સમુદ્રમાં નાખ્યા પછી તું શી રીતે બ્હાર આવે છે તે જોઇ લઇશ. " ત્યારેજ મને સમજાયું કે આ વૈતાલ મને મારી નાંખવા તૈયાર થયો હતો.

મને બચાવ કરવાની તક મળે તે પહેલાં જ એ દુષ્ટ વૈતાલે મને પકડી સમુદ્રમાં ફેંકયો. સમુદ્રમાં પછડાયા પછી પણ મેં આકાશમાં ઉડવા મારા હાથ પસાર્યા પણ કમભાગ્યે નભોગામિની વિદ્યા ભૂલાઇ ગઇ. નિરૂપાયે હું સમુદ્રના તરંગો વચ્ચે તણાવા લાગ્યો. વૈતાલ પોતે જ મારી પોતાની વિદ્યાને હરી ગયો હોવો જોઇએ એમ મને લાગ્યું. આ સમુદ્ર બાહુવડે તરતાં કેટલાંક દિવસ નીકળી ગયા.

આ પ્રમાણે તે પોતાની કથા કહી રહ્યો હતો એટલામાં જ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" હે મહારાજ ! " અમારા વહાણના નિયામકે બેબાકળા બની બોલવા માંડયું: " તૈયાર રહો-ઉઠો: ભયંકર આફત સામે બચાવ કરો ! "

અમે જોયું તો પ્રથમ સુપડાના આકાર જેવું, પણ વધતાં વધતાં હાથીના સમૂહનું સ્વરૂપ ધારણ કરતું એક ઘનઘોર વાદળ આકાશમાં છવાઈ રહ્યું હતું. નાવિકો આવા વાદળને, ભરદરીયામાં, મૃત્યુના બંધુ તુલ્ય જ લેખે છે, કારણ કે એવાં વાદળ દુર્જન પુરૂષની સોબતની જેમ ગમે તેને ખુવાર કરે છે. વહાણના યાત્રિકો અને નાવિકોમાં મોટી ગભરામણ ફેલાઇ.

સૌએ આ ઉત્પાતમાં જીવવાની આશા મૂકી દીધી. નાવિકોએ બધા લંગરો જળની અંદર ઉતાર્યા. કુપસ્તંભ નમાવી દીધો. જાડા શ્વેત વસ્ત્રવડે વ્હાણને જેટલું ઢાંકી શકાય તેટલું ઢાંકી દીધું. વાદળ તો વધતું જ ચાલ્યું. ધીમે ધીમે તે આકાશમાં બધે વ્યાપી ગયું. પવન પણ વેગપૂર્વક વહેવા લાગ્યો. સમુદ્રના પાણી તોફાને ચડ્યા.

આકાશમાં ઘનશ્યામ વાદળની સાથે વિજળીએ પોતાની અભિનય લીલા શરૂ કરી. મેઘની ગંભીર ગર્જનામાં યમરાજના સુભટની હાકલ સંભળાવા લાગી. અમારૂં વહાણ બની શકે તેટલું સ્થિર રહે એવો પ્રયત્ન કરી રાખવા છતાં તે અદ્ધર જઇ પાછું નીચે પછડાવા લાગ્યું. જાણે કે એક દડો દરીયામાં ઉછળતો હોય એવી અમારા વહાણની દશા થઇ. પ્રચંડ પવનના આઘાતે એના લંગરો અને સાંધાઓ તોડી-ફોડી નાખ્યા. વહાણને હવે પોતાની ગતિ કે લક્ષ જેવું કંઇ જ ન રહ્યું. લગામ વગરની-સવાર વગરની-સ્વચ્છંદી ઘોડીની જેમ અમારી નૌકા પણ નૃત્ય કરવા મંડી ગઇ. ઘડીકમાં વિદ્યાધરીની જેમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આકાશમાં ઉડે તો ઘડીકમાં વિદ્યાભ્રષ્ટ ખેચરીની જેમ પાણી ઉપર પાછી પછડાય. ઘડીક છંછેડાયેલી નાગણીની જેમ પુંફાડા મારે તો ઘડી પછી શાસ્ત્રના શુદ્ધ અર્થની જેમ સીધી ગતિએ ચાલી જાય. ક્વચિત્ ધ્યાનમાં બેઠેલી યોગિનીની જેમ શાંત નિશ્ચિંત બની ઉભી રહે તો ક્વચિત્ અરણ્યમાં ભૂલી પડેલી તરૂણીની જેમ મંદ મંદ ડગલા ભરે. કોઇ નવવધૂની જેમ ઘડીકમાં એ કંપે છે તો ઘડીક પછી વિધવાની માફક મોટા અવાજે આક્રંદ કરી મૂકે છે. કાચું માટીનું વાસણ, પાણીની અંદર જેમ ગળી જાય તેમ નૌકાનાં પાટીયાં એક પછી એક છૂટા પડવા લાગ્યા. નાવિકોની ધીરજ ખૂટવા લાગી. મૃત્યુના ભયને લીધે એમની આંખમાં જળજળીયાં આવ્યા. કેટલાક વેપારીઓએ ધોતીયાના કછોટાની અંદર સોનાની પાટો છુપાવવા માંડી તો કેટલાકોએ વહાણુના છુટા પડેલા પાટીઆ હાથ કરવા માંડ્યાં. કુળદેવતાની પ્રાર્થનાના સૂર ગુંજી રહ્યાં. નાવિકોએ વહાણુમાંનો ઘણોખરો માલ દરીયામાં ફેંકી દીધો.

આખરે વહાણુ તૂટયું—અંદર પાણી ભરાયું અને પાટીયાં બધાં જૂદા પડી ગયાં.

સદ્ભાગ્યે મને એક પાટીયું મળી ગયું, પણ ભરદરીયામાં પાટીઆના આધારે તરવું એ કેટલું ભયંકર હોય છે, તેની કલ્પના અનુભવી સિવાય બીજું કોઇ કરી શકે નહીં. કોઇવાર માંછલાની પાંખ સાથે અફળાતાં પાટીયું નમી જાય, કોઇવાર મઘરમચ્છ જોતાં જ હાંજા ગગડી જાય—ઘડી પછી શું થશે એની ચિંતામાં ને ચિંતામાં જ હું પાટીયાને ગમે તેમ કરી વળગી રહ્યો. કોઇ કોઇ વાર તો મઘરોના આઘાતથી છીપલીયો તૂટતી અને તૂટેલી છીપલીઓમાંથી વીખરાતા અસંખ્ય મોતીઓ મારી ઉપર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વરસતાં. જાણે કે મોતીના થાળ ભરી કોઇ મારૂં સ્વાગત કરતું હોયની. કોઇ વાર પરવાળાના ઢગ મારા માથા ઉપર આવી પડતાં, પરંતુ એ તરફ લક્ષ આપવા જેટલી સ્વસ્થતા ન્હોતી રહી. પાંચમે દિવસે હું માંડમાંડ દરીઆના કાંઠા નજીક પહોંચ્યો.

ચાર–ચાર દિવસ ને રાત અખંડપણે દરીઆમાં ગાળવાથી મને ખૂબ શરદી લાગી ગઇ. સૂર્યનાં સંતપ્ત કિરણો નીચે બેસી મેં શરદી ઉડાડી. આસપાસ વસ્તી જેવું કંઇ ન હતું. પાકેલાં ફળ–ફૂલ વિગેરે મેળવી મેં મારી ભૂખ શમાવી. પછી નાળીએરીના સૂકાં ટોપરામાંથી તેલ કાઢી અભ્યંગ કરી, સમુદ્રસ્નાન કર્યું. ચંદનના પલ્લવોને નીચોવી, અંદર કપૂર મેળવી આખા શરીરે એનું વિલેપન કર્યું. એ પ્રમાણે શારીરિક ઉપચાર યથાશક્તિ કર્યાં.

પરંતુ પરિજનથી–ધનથી વિખુટા પડેલા–અણુધારી ભૂમિમાં આવી ચડેલા મારા જેવા માણુસે હવે શું કરવું ? હું એક શિલા ઉપર બેસી વિચાર કરવા લાગ્યો. સમુદ્રમાં તરતા જે મહાપુરૂષને મેં મારી નૌકામાં લીધા હતા તેમનું આ તોફાનમાં શું થયું હશે ? એવી ચિંતા ઉપજી.

કોણુ જાણે સમુદ્રકાંઠે–નિર્જન અરણ્યમાં કેટલાય દિવસ નીકળી ગયા. એક દિવસે હું અહીં–તહીં આટાં મારતો હતો એટલામાં કોઇકનો અવાજ આવતો સાંભળ્યો.

“ ધનદેવ ! તું શા સારૂ ઉદ્વિગ્ન દેખાય છે ? ” એવા શબ્દો મારા કાને પડ્યા. અહીં મને નામથી કોણુ બોલાવતું હશે ? મેં ઉપર નજર કરી તો એક પ્રફુલ્લિત મુખવાળો, દેદીપ્યમાન મુગટધારી દેવકુમાર દેખાયો. એના દેહમાંથી તેજ અને કાંતિના કિરણો છુટતાં હતાં. એ દેવ મારી જ તરફ જ આવતો હતો. હું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેને વધાવવા ઉભો થયો, ત્યાં તો તે પોતે જ મને પ્રેમથી ભેટી પડ્યો.

"ભદ્ર! તું મને ઓળખી શકે છે?" અપરિચિત દેવકુમારે પૂછ્યું.

"હું આપને બરાબર ઓળખી શકતો નથી." મેં ક્યાંઇ સુધી તેની તરફ તાકી તાકીને નીહાળ્યું, પણ પૂર્વની કંઇ ઓળખાણ હોય એમ ન લાગ્યું.

"તમારો મારી ઉપર મોટો ઉપકાર છે. યાદ છે કે એક દિવસે તમે જ એક લાખ સોનામ્હોર આપી, સુપ્રતિષ્ઠ પલ્લીપતિના પુત્ર જયસેનને, જોગીઓની જાળમાંથી બચાવી લીધો હતો. જયસેનનો અંગરક્ષક હું પોતે એ વખતે દેવશર્માના નામથી ઓળખાતો હતો. હસ્તિનાપુરના મનોરમ ઉદ્યાનને યાદ કરશો તો મારી વાત સહેલાઇથી આપ સમજી શકશો. તે પછી જ્યારે તમારો સંઘ લૂંટાણો અને તમે અટવીમાં પલ્લીપતિ–સુપ્રતિષ્ઠની પાસે આવી રહ્યા ત્યારે પણ તમે મને જોયો હશે. છેલ્લે આપે મને, કુશાગ્રપુરમાંથી પાછા ફરતાં, બળી ગએલી સિંહગુહા પલ્લીમાં ભારે દુર્દશા વચ્ચે ઘેરાયેલો જોયો હતો, તે ટાણે મારા બન્ને પગ કપાઇ ગયા હતા–મરવાની જ આશે જીવતો હતો. શસ્ત્રોના ઘણા ઘા વાગવાથી મારૂં શરીર જીર્ણ થઇ ગયું હતું. તરસની અસહ્ય વેદના હું ભોગવી રહ્યો હતો. તમે જ એ વખતે મને પાણી પાયું હતુ, એટલું જ નહીં પણ તમે શ્રી અરિહંત ભગવાન, સુસાધુ અને કેવળીકથિત ધર્મનો મર્મ સમજાવ્યો હતો. નવકારમંત્ર સંભળાવીને તમે જ મને સંસાર–સાગરના અનેકવિધ દુઃખમાંથી બચાવી લીધો છે. એ અસીમ ઉપકારનો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બદલો કોઈથી પણ વાળી શકાય નહીં. આપનો પરિચય ન થયો હોત તો હું કોણ જાણે ક્યાંએ ભૂંડી હાલતમાં રઝળતો હોત. નવકારમંત્રના પ્રભાવે હું એક વખતનો દેવશર્મા, આજે વેલંધર નાગરાજની અંદર શિવક નામે દેવ થયો છું અને સામાનિક દેવતાઓ મારા પગમાં પોતાનાં મસ્તિષ્ક ઝૂકાવે છે. ”

“ આપની વાત અક્ષરશઃ સમજી શકું છું ” મેં જવાબ આપ્યો: “ અત્યારે તો હું આપની પાસેથી એટલું જ જાણવા માગું છું કે આપ કયા સ્થાનમાં રહો છો ? ”

“ મેરૂગિરિની દક્ષિણ દિશામાં, કંઈક ન્યૂન બેંતાલીસ હજાર યોજન પ્રમાણવાળા લવણસમુદ્રને અવગાહીને રહેલો એક સુંદર પર્વત છે. તે સત્તર સો ને એકવીશ યોજન ઉંચો છે. મધ્યમાં રત્નમય હોવાથી પોતાની કાંતિના વિસ્તારવડે સાડાસાત યોજન સુધી ચોતરફ લવણસમુદ્રનાં પાણીને પ્રદિપ્ત કરે છે. એવા એ દગભાસ નામના પર્વતના શિખર ઉપર બહુ રમણીય ભવન છે. બાસઠ યોજન એની ઉંચાઇ છે. અમૂલ્ય રત્નો એની શોભામાં અહોનિશ ઉમેરો કરે છે. ત્યાં હું દસ હજાર સામાનિક દેવોના પરિવાર સાથે વસું છું. ” દેવકુમારે વિશેષ ખુલાસો કરતાં કહ્યું: “ મારૂં નામ શિવક છે અને હું વેલંધરાધિપતિ તરિકે ઓળખાઉં છું. એક પલ્યોપમનું મારૂં આયુષ છે. શિવકા નામે મારી એક બીજી પણ રાજધાની છે. તે ચારે બાજુએ બાર હજાર યોજનના વિસ્તારવાળી છે. અનેક દેવીઓના પરિવાર સાથે હું ત્યાં વસું છું. દગભાસગિરિમાં પણ મારી સત્તા વર્તે છે. ખરૂં જોતાં તો તમારા જ પ્રતાપે હું આ ઉત્તમ પ્રકારની ઋદ્ધિ પામ્યો છું.”

“ પણ તમને અહીં આવવાનું શું નિમિત્ત મળ્યું ? ” મેં પૂછ્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

" કાલે દઉભાસ પર્વતમાં આવ્યો હતો. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકતાં મેં તમને અહીં જોયા, એટલે તમારા દર્શન કરવા આટલે સુધી ઉડી આવ્યો. " શિવક દેવે કહ્યું.

મને થયું કે ખરેખર એક નવકારમંત્રનો પણ કેટલો પ્રભાવ છે ? નવકારમંત્ર સંભળાવવાથી, પલ્લીપતિ ભીલ્લનો એક અનુચર દેવતાની મહાન્ ઋદ્ધિ પામે છે અને અવધિજ્ઞાનના પ્રતાપે પોતાના પૂર્વભવના ઉપકારી પુરૂષની પણ સંભાળ લઇ શકે છે. જૈન ધર્મ પામેલા જીવો કેટલા ભાગ્યશાળી છે ? નવકારમંત્રનો મહિમા આટલો બધો છે તો પછી જેમણે સંસારની જાળ છેદી મહાવ્રતો અંગીકાર કર્યા હોય, અહોનિશ શ્રી જિનેશ્વર ભગવાનનું સ્મરણ–ચિંતન કરતા હોય, એમના જ શાસનની પ્રભાવના વર્તાવતા હોય તેમનાં સુખ અને સમૃદ્ધિ વિષે તો કંઇ પૂછવાપણું જ ન હોય.

હું આવી ભાવનામાં નિમગ્ન હતો તે વખતે દેવે મને વિચારનિદ્રામાંથી જાગ્રત કર્યો અને કહ્યું:—" મહાનુભાવ ! દેવતાનું દર્શન નિષ્ફળ નથી જતું, માટે ચાલો, તમને હસ્તિનાપુર પહોંચાડી દઉં અને થોડા દિવ્ય રત્નો આપી મારી જાતને કૃતાર્થ થએલી માનું. "

દેવના આગ્રહને હું અનુકૂળ થયો. મેં તેમની સાથે જવાની સમ્મતિ આપી.

એ જ ક્ષણે દેવે પોતાની શક્તિથી દિવ્ય વિમાન વિકુર્વ્યું અને મારી પાસે અસંખ્ય દિવ્ય રત્નો મૂક્યાં. વિમાનમાં હું બેઠો એટલે એ ઊર્ધ્વગતિએ ઉડયું અને મને થોડી જ વારમાં હસ્તિનાપુરમાં લાવીને ઉતાર્યો. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય.

(૧૪)

| | |
|---|---|
| ધનદેવ. | |
| અમરકેતુ. | |
| સુરસુંદરી. | |
| કમલાવતી. | |
| સુપ્રતિષ્ઠ. | આચાર્ય. |
| અંબડ. | અવરકંકા નગરીનો વણિક. |
| અક્ષુબ્ધા. | અંબડની સ્ત્રી. |
| મંડણ.<br>મલ્હણ.<br>ચંદણ. | અંબડના પુત્રો. |
| લક્ષ્મી. | મંડણની સ્ત્રી. |
| સરસ્વતી. | મલ્હણની સ્ત્રી. |
| સંપદા. | ચંદણની સ્ત્રી. |
| નિશ્નક. | એક દાસ. |
| મોહિલ. | એક વણિક યુવાન. |



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

| | |
|---|---|
| ભીમરથ. | મેખલાવતીનો રાજા. |
| કુસુમાવલી. | ભીમરથની સ્ત્રી. |
| કનકરથ. | ભીમનાથનો પુત્ર–મંડણનો જીવ. |
| રાજશ્રી. | કનકરથની સ્ત્રી. |
| સાગરદત્ત. સમુદ્રદત્ત. | મેખલાવતીના સાર્થવાહો—સગાભાઇઓ. |
| ધન્ના. | સાગરદત્તની સ્ત્રી. |
| સુબંધુ. | નિન્નકનો જીવ–સુલોચનાનો સ્વામી. |
| સુદંસણા. | સમુદ્રદત્તની સ્ત્રી. |
| ધનપતિ. | સમુદ્રદત્તનો પુત્ર, મલ્હણનો જીવ-વસુમતીનો પતિ |
| ધનભૂતિ. | વિજયાનગરીનો સાર્થવાહ. |
| સુંદરી. | ધનભૂતિની સ્ત્રી. |
| સુધર્મ. | ધનભૂતિનો પુત્ર ( પ્રકરણ આઠમું ). |
| ધનવાહન. | સુધર્મનો સહોદર–( ચંદણ વણિકનો જીવ ) અનંગવતીનો સ્વામી. |
| હરિદત્ત. | સુપ્રતિષ્ઠપુરનો શ્રેષ્ઠી } પ્રકરણ છઠું. |
| વિનયવતી. | હરિદત્તની ભાર્યા } પ્રકરણ છઠું. |
| વસુદત્ત. | હરિદત્તનો પુત્ર. |
| સુલોચના. | હરિદત્તની પુત્રી ( લક્ષ્મીનો જીવ ). |
| અનંગવતી. | સુલોચનાની નાની બેન ( સંપદાનો જીવ ). |
| અંબરીષ. | સુબંધુનો જીવ. |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ચતુર્દશ પરિચ્છેદ.

ધનદેવે અમરકેતુ રાજા પાસે જે ઇતિહાસ રજુ કર્યો તે સાંભળીને સુરસુંદરીનો ચ્હેરો ઉતરી ગયો. એને થયું કે "દુઃખ સિવાય સુખ જેવી કોઇ વસ્તુ શું મારા ભાગ્યમાં નહીં હોય? મારા પ્રાણવલ્લભ ઉપર જે સીતમ ગુજર્યો છે તે સાંભળતાં મારૂં કાળજું કાં ચીરાઈ જતું નથી? અરેરે! સમુદ્રમાં એમની કેવી વલે થઇ હશે? મેં જ એમને મારા પિતાની રદહે મોકલ્યા અને એમાંથી જ આ બધું અનિષ્ટ જન્મ્યું! હું આ જગત ઉપર જન્મી જ શા સારૂ? મારી ખાતર કેટકેટલાં માણુસોને નિરવધિ કષ્ટ તથા સંતાપ વેઠવાં પડે છે? હવે હું એમનું મુખારવિંદ જોવાને ક્યારે ભાગ્યશાળી થઇશ? સ્નેહ માત્ર અસ્થિર હોય છે તો એમનો સ્નેહ આવા આપત્તિકાળમાં ટકી રહે એ શું સંભવિત છે? કોણુ જાણે મારી શી દુર્દશા થશે?"

અપ્રિય ચિંતા મનુષ્યનું હીર હરી લે છે. સુરસુંદરી રાત-દિવસ ચિંતાની ભઠ્ઠીમાં સળગતી હોવાથી ધનદેવની વાત સાંભળી મૂર્ચ્છિત થઈ ગઇ. કમલાવતી એ વખતે ત્યાં પાસે જ બેઠી હતી, તેણીએ તેને પોતાના ખોળામાં ઝીલી લીધી.

કમળાવતી અત્યારે સુરસુંદરીને કંઇ બોધ કે આશ્વાસન આપી શકે એમ ન હતું, કારણુ કે તેણીએ જે પોતાનો એકનો એક વ્હાલસોયો પુત્ર ભરઅરણ્યમાં ગુમાવ્યો હતો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેનું તેને સ્મરણુ થઇ આવ્યું અને એને લીધે આંખમાંથી અશ્રુની ધારા છૂટી. તે પોતાના પ્રિયપુત્રની સહિસલામતી-કૂશળતા સાંભળવા અધીરી બની. છતે પુત્રે પણુ જે માતા પોતાના પુત્રનું મુખ ન જોઇ શકે એના જેવી મંદભાગિની બીજી કઇ સ્ત્રી હોય ? કુલપતિએ એક વાર કહ્યું હતું કે તે કુમાર યૌવનવય પામશે એટલે તે આપમેળે હસ્તિનાપુરમાં આવી મળશે, તે ભવિષ્યવાણી પણુ શું મિથ્યા બનશે ?

સુરસુંદરી અને કમલાવતીના હૃદયમાં સંતાપની ચિણુગારીઓ સળગતી હતી, એ વખતે અમરકેતુ શી રીતે સ્થિર રહી શકે ? એનું મ્હોં પણુ પડી ગયું. ઉદાસીનતાએ એની ઉપર અધિકાર જમાવ્યો.

“ આ મૂર્છા પામેલી સુંદરી કોણુ છે ? ” હંસિકાને ધનદેવે પૂછ્યું. હંસિકા એ વખતે સુરસુંદરીના દુ:ખમાં ભાગ લેવા ધીમે હાથે વીંઝણો હલાવી રહી હતી.

હંસિકાએ ગળગળા શબ્દોમાં સુરસુંદરીનો અત્યારસુધીનો વૃત્તાંત કહી સંભળાવ્યો. ધનદેવ બોલી ઉઠ્યો: “ મહારાજ ! આપના જેવા સુજ્ઞ પુરૂષ આમ ઉદ્વિગ્ન બની જાય એ ઠીક ન કહેવાય. સુમતિ નૈમિત્તિકે જે કહ્યું તે શું આપ ભૂલી ગયા ? એણે કહ્યું હતું કે કુસુમાકર ઉદ્યાનમાં જ્યારે આકાશમાંથી બાળા પડશે ત્યારપછી થોડા જ દિવસમાં તમારા પોતાના પુત્ર સાથે તમારો સમાગમ થશે, માટે હવે ચિંતા કરવાનું કંઇ કારણુ નથી. સુમતિ નૈમિત્તિકનો શબ્દ કોઇ ખોટો પાડી શક્યું નથી. તે યથાર્થવાદી છે. આપે સૌએ ખૂબ શ્રદ્ધા અને ધીરજથી રાહ જોવી ઘટે છે. ”

P.P. Ac. Gunratnasuri M.S.　　　　　　　　Jun Gun Aaradhak Trust

ધનદેવે જેવું છેલ્લું વાકય પૂરૂં કર્યું કે તરત જ દુંદુ-
ભીના નાદવડે આકાશ ગર્જી ઉઠયું. દેવભૂમિમાંથી ઉતરતાં
અસંખ્ય દેવ–દેવીઓ ગાતાં–નાચતાં–કલ્લોલ કરતાં ગામની
બહાર–ઉદ્યાન તરફ ગતિ કરતાં હતાં તે જોઇ સભાજનો આશ્ચય-
ચકિત બની ગયા. “ આ શું હશે ? આટલા બધા દેવ–દેવીઓ
આ તરફ કાં ઉતરતાં હશે ? ” એવા પ્રશ્નો પૂછાવા લાગ્યા.

એ જ વખતે સમંતભદ્ર દોડતો દોડતો રાજસભામાં
આવ્યો. હર્ષના અતિરેકથી તેના મ્હોં ઉપર એક પ્રકારની લાલ
ઘટા પથરાયેલી હતી. તેણે કહ્યું: “ આ નગરના ઇશાનકોણમાં
કુસુમાકર ઉદ્યાનમાં આજે સુપ્રતિષ્ઠ આચાર્ય પધાર્યા છે, તેમની
સાથે બીજા અનેક મુનિઓ છે. શાસ્ત્રના અર્થ કરવામાં એમના
જેવા પ્રવીણ આજે ભાગ્યે જ બીજા કોઇ હશે. એમણે આજ
સુધીમાં પરવાદી સમુદાયરૂપ અનેક હાથીઓને પોતાની સિંહ-
વૃત્તિથી પરાભૂત કર્યા છે. રાગવૃત્તિ માત્ર તપશ્ચર્યામાં જ રહી
છે. હાલમાં અપ્રતિપાત્તી એવું શ્રી કેવળજ્ઞાન એમને થયું છે,
અને આ દેવતાઓ એનો ઉત્સવ કરવા આવ્યા છે. ”

રાજાનું હૃદય, આ સમાચાર સાંભળી ઘણું પ્રફુલ્લ બન્યું.
તે સૂરીશ્વરને વાંદવા જવા તૈયાર થયો. સુરસુંદરી તથા કમ-
લાવતી પણ સૂરીશ્વરને વાંદવા તૈયાર થયાં. જે મુંઝવણ
એમના ચિત્તને બેચેન બનાવી રહી હતી તેનું નિરાકરણ સૂરી-
શ્વરજી, પોતાના જ્ઞાનના પ્રતાપે ઘણી સારી રીતે કરી શકશે
એવી એમને સંપૂર્ણ શ્રદ્ધા હતી.

અમરકેતુ પોતાના સુભટોના પરિવાર સાથે કુસુમાકર
ઉદ્યાનમાં ગયો. મુનીન્દ્રને ત્રણ પ્રદક્ષિણા કરી, પ્રણામ કરી
પોતાના ઉચિત આસને બેસી ગયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શ્રી કેવલી ભગવાને ગંભીર વાણીવડે ધર્મદેશના શરૂ કરી. પ્રથમ તો માનવદેહ કેટલો દુર્લભ છે એ બતાવ્યું અને જૈન ધર્મના સિદ્ધાંત નહીં સમજનારાઓ ભક્ષ્યાભક્ષ્ય, કાર્યાકાર્ય, પેયાપેય વિગેરે વિષયોમાં કેવી અજ્ઞાનતા ધરાવતા હોય છે તે વિસ્તારથી સમજાવ્યું. નાસ્તિકો અથવા તો શરીરસુખમાં જ સર્વસ્વ સમાઇ જાય છે એમ માનનારાઓ કેવો ખોટો પ્રલાપ કરે છે તેનું પૃથક્કરણ કરી જૈન ધર્મની મહત્તાનો પ્રકાશ પ્રકટાવ્યો. નારકીય દુઃખોની પરંપરા સહન કરતો પ્રાણી આખરે મનુષ્યભવમાં પણ કેટકેટલી યંત્રણાઓ સહન કરે છે અને એમાંથી બચવા મનુષ્યમાત્રે ધર્મનું આરાધન શી રીતે કરવું ઘટે તે એમણે સરસ શૈલીમાં નિરૂપ્યું.

ધર્મદેશના પૂરી થઇ એટલે અમરકેતુએ શ્રી કેવલીભગવાનને પૂછ્યું: " હે મુનીંદ્ર ! અટવીની અંદર જન્મતાની સાથે જ કમલાવતીના પુત્રને કોણ હરી ગયું હશે ? અને એ પૂર્વભવના કયા વૈરનું પરિણામ હશે ? વળી હે ભગવન્ ! એ કુમાર ક્યાં રહીને મોટો થયો હશે અને તે અમને ક્યારે મળશે ? "

ઉપકાર બુદ્ધિએ એ પ્રશ્નોના ખુલાસા કરતા શ્રી કેવલી ભગવાન બોલ્યા:

" ધાતકીખંડ દ્વીપમાં–પશ્ચિમાર્ધ ભરતક્ષેત્ર છે. તેની અંદર બહુ પ્રાચીન અવરકંકા નામે એક નગરી છે. એમાં અંબડ નામે વણિક વસે છે. તેને અચ્છુત્તા (અક્ષુબ્ધા) નામની ભાર્યા છે. તેને એક બીજાથી ચડે એવા સુંદર રૂપવાળા ત્રણ પુત્રો થયા. એકનું નામ મંડણ, બીજાનું નામ મલ્હણ અને ત્રીજાનું નામ ચંદણ. તે ત્રણે પુત્રોને અનુક્રમે લક્ષ્મી, સરસ્વતી અને

P.P. Ac. Gunratnasuri M.S.　　　　　　　　Jun Gun Aaradhak Trust

સંપદા નામની કન્યા સાથે વરાવ્યાં. ભાઇઓની અંદર ખૂબ સંપ અને સ્નેહ હતો. તેઓ સ્વભાવતઃ ક્ષીણુ કષાયવાળા હતા.

નિન્નક નામે કોઇક વંઠ પુરૂષ લક્ષ્મીને જોઇ મોહ પામ્યો. તેણે લક્ષ્મીની પાસે જઇ પોતાની આસક્તિ જણાવી, પણ લક્ષ્મી તો તેનો તિરસ્કાર કરી ત્યાંથી ચાલી ગઇ. નિન્નકે પોતાનો દુરાગ્રહ ન છોડ્યો. તે તકની શોધમાં ફરતો રહ્યો. એક દિવસે લક્ષ્મી પાણી ભરવા નીકળી એટલે નિન્નક, ઘોડા ઉપર બેસી તેની પાછળ પડ્યો અને આસપાસ કોઇ નથી એમ જોઇ તે લક્ષ્મીને પકડી, ઘોડા ઉપર નાખી દૂર જંગલમાં ચાલી નીકળ્યો. માર્ગમાં લક્ષ્મીએ ઘણું આક્રંદ કર્યું પણ પેલા દુષ્ટને કંઈ દયા ન આવી. આગળ જતાં માર્ગમાં થોડા ભીલ્લ લોકો સામા મળ્યા. ભીલ્લો અને નિન્નક વચ્ચે ઝપાઝપી થઇ તેમાં નિન્નકે પોતાના પ્રાણુ ગુમાવ્યા. લક્ષ્મીને એ ભીલડાઓએ લૂંટી લીધી અને જંગલમાં રઝળતી મૂકી. એક અનાથ-નિરાધાર અબળા અટવીમાં શું કરી શકે? અટવીમાં જ એક ક્ષુધાતુર સિંહે લક્ષ્મીને ભરખી લીધી.

મોહિલ નામનો એક વણિક, મલ્હણુ વણિકની ભાર્યા સરસ્વતી ઉપર આસક્ત બન્યો. મોહિલે સરસ્વતીનો સ્નેહ યાચ્યો-પ્રાર્થના કરી જોઇ; પણુ એમાં એ નિષ્ફળ નીવડ્યો. આ વાત સરસ્વતીએ પોતાના સ્વામીને કહી અને મલ્હણે રાજાની આગળ ફરીયાદ રજુ કરી. રાજાએ મોહિલને બોલાવી ખૂબ ધમકાવ્યો અને વધારામાં તેનાં ઘરબાર લૂંટી લઇ હદપાર કર્યો.

મંડણુ, મલ્હણુ અને ચંદણુ એ ત્રણે ભાઇઓ બહુ લાંબુ આયુષ ભોગવી, કાળ કરીને આ લોકમાં ઉત્પન્ન થયા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મંડણ વણિક, કનકરથ કુમારરૂપે, મેખલાવતીના રાજા-ભીમરથ રાજાને ત્યાં કુસુમાવલી રાણીની કુક્ષીએ ઉત્પન્ન થયો. જન્મથી જ એ દેવ જેવો સુંદર હતો. બારમા દિવસે રાજાએ તેનું નામકરણ કર્યું. પછી તે યૌવન અવસ્થાને પામ્યો ત્યારે રાજાએ રાજશ્રી આદિ રાજકન્યાઓ સાથે તેનો વિવાહ કર્યો. કનકરથ જાણે કે દેવલોકમાં જ વસતો હોય તેમ પોતાના અંતઃપુરમાં રહી ઉત્તમ પ્રકારના ભોગ ભોગવી રહ્યો.

એ જ મેખલાવતીમાં, નિન્નકનો જીવ સુબંધુ નામે ઉત્પન્ન થયો. વણિક સમાજમાં સુપ્રસિદ્ધ એવા બે ભાઇઓ સાગરદત્ત અને સમુદ્રદત્ત એ નગરીમાં રહેતા હતા. સાગરદત્ત સાર્થ-વાહની ધન્ના નામની ભાર્યાએ સુબંધુનો જન્મ આપ્યો. નિન્ન-કનો જીવ તિર્યંચ ગતિનાં દારૂણ દુઃખ ભોગવી અહીં સુબંધુ-રૂપે જન્મ્યો.

તે જ પ્રમાણે મલ્હણનો જીવ આયુષના અંતમાં કાળ કરીને સમુદ્રદત્તની સુદંસણા નામે ભાર્યાની કુક્ષિને વિષે ધનપતિ નામે પુત્રપણે ઉત્પન્ન થયો.

વિજયા નગરીમાં બહુ સમૃદ્ધિવાળો ધનભૂતિ નામનો સાર્થવાહ હતો, તેને સુંદરી નામે સ્ત્રી હતી. તેમને સુધર્મ નામે એક પુત્ર થયો. ચંદણ વણિક પણ મરીને સુધર્મનો સહોદર ધનવાહન નામે નાનો ભાઇ થયો.

એ જ ઐરવતમાં સુપ્રતિષ્ઠપુરની અંદર હરિદત્ત નામે શેઠ હતો. તેને વિનયવતી નામે ભાર્યા હતી. વસુદત્ત નામે પુત્ર હતો. નિર્જન અટવીમાં સિંહે જે લક્ષ્મીને મારી નાખી હતી તે લક્ષ્મી અનેક તિર્યંચોની યોનિમાં પરિભ્રમણ કરી વિનય-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વતીની કુક્ષીએ સુલોચના નામે પુત્રીપણે ઉત્પન્ન થઇ. સુલોચનાનાં દેહમાં દેવાંગનાનું સૌંદર્ય ઉતર્યું. ચંદણ વણિકની ભાર્યા સંપદા પણ ત્યાંથી કાળ કરીને અનંગવતી નામે સુલોચનાની નાની બેન તરિકે ઉત્પન્ન થઇ, તેમજ મલ્હણ વણિકની ભાર્યા સરસ્વતી પણ મરીને તે બન્નેથી નાની વસુમતી નામે ઉત્પન્ન થઇ. ત્રણે બ્હેનો પરસ્પર ખૂબ સદ્ભાવ ધરાવતી હતી. અનુક્રમે તે યૌવનવયને પામી. માતાપિતાએ સમાન જાતિ, સુંદર રૂપ અને સમાન ગુણવાળા પાત્રોની સાથે તેમને પરણાવી.

એટલે કે નિન્નક વંઠનો જીવ–સુબંધુ ( સાગરદત્તનો પુત્ર ) હતો તેની સાથે સુલોચનાનો વિવાહ થયો. ચંદણ વણિકનો જીવ–ધનવાહન ( ધનભૂતિનો પુત્ર ) હતો તેની સાથે–પૂર્વ ભવના પતિ સાથે, અનંગવતી પરણી. મલ્હણનો જીવ–ધનપતિ ( સમુદ્રદત્તનો પુત્ર ) હતો તેની સાથે–પૂર્વભવના સ્વામી સાથે, વસુમતી પરણી.

સુલોચના સિવાય બન્ને બ્હેનો ભવિતવ્યતાના યોગે પોતાના પૂર્વભવના વલ્લભો સાથે લગ્નની ગાંઠથી જોડાઇ. સુલોચના માત્ર પૂર્વભવના અભ્યાસને લીધે જ સુબંધુની ભાર્યા થઇ, એ કંઇ એનો પૂર્વભવનો સ્વામી નથી. એ પ્રમાણે એમના દિવસો બહુ આનંદ-વિનોદમાં પસાર થવા લાગ્યા.

એક દિવસે કનકરથકુમાર પોતાના થોડા સુભટોને સાથે લઇ અશ્વક્રીડા કરવા મહેલમાંથી બ્હાર નીકળ્યો. કુમારની કાંતિ અજબ હતી. નગરની યુવતીઓ, અશ્વ ઉપર આરૂઢ થયેલા–સુલાયમ વસ્ત્રલંકારોથી વિભૂષિત બનેલા કુમારને નીરખવા અગાસીઓ ઉપર આવી ઉભી રહી. કોઇ કોઈ યુવતીને આ કુમાર વિલાસોના આધારરૂપ અને કામદેવ સમાન લાગ્યો. તે આ કુમારની અર્ધાંગનાની ઇર્ષ્યા કરવા લાગી. “ આ કુમારની સ્ત્રી કેટલી ભાગ્યશાળી હોવી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જોઇએ ? ” એમ તે મનમાં બોલવા લાગી. કેટલીક યુવતીઓ તો જાણે કુમારના રૂપનું ધરી ધરીને પાન કરતી હોય તેમ તેની સામે એકીટસે તાકી રહી. કોઇ કોઇ યુવતી, ગળાના હારને હાથમાં લઇ, જાણે કે યોગિની હોય તેમ આસપાસની દુનીયાને ભૂલી માત્ર કુમારની ઝંખના કરવા લાગી. કોઇએ કુમારની સામે જોઇ નિ:શ્વાસ નાખ્યા, કોઇએ એના પૂર્વભવનાં પુણ્યના વખાણ કર્યા તો કોઈક તો બીજી વાર કુમાર નીકળે અને આવું દર્શન કરવાનું ભાગ્ય સાંપડે તે માટે અધીર બની.

નગરની નવયુવતીઓનાં ચિત્તનું હરણ કરતો, એમનાં અંગે-અંગમાં તીવ્ર દાહ ઉપજાવતો કુમાર, અશ્વને નચાવતો આગળ ચાલ્યો. તે જે અગાસીઓ તરફ જોતો તે અગાસીમાં ઉભેલી યુવતીઓ પોતાના આત્માને ધન્ય માનવા લાગી.

ક્રમેક્રમે રાજકુમાર સાગરદત્ત શેઠના મહેલ પાસે પહોંચ્યો. અગાસી ઉપર બીજી યુવતીઓની જેમ સુલોચના સ્હેજ કૌતુક-ભાવે ત્યાં આવીને અત્યાર પહેલાં બેઠી હતી. એણે પોતાના સ્નિગ્ધ અને વિશાલ નયનોમાં કજ્જલનો ઘેરો રંગ પૂર્યો હતો. કનકરથકુમારની દ્રષ્ટિ અચાનક સુલોચના ઉપર પડી—અને સુલોચના પણ તેને જ નીરખી રહી હતી. પૂર્વભવના અભ્યાસને લીધે દૃષ્ટિનું મીલન થતાં જ ઉભયના હૈયામાં એક પ્રકારનો વિજળીનો વેગ આવ્યો. બન્નેએ પરસ્પરને ઓળખ્યાં અને કોઇ અજાણ્યા સૂત્રથી આકર્ષાતાં હોય એવો આંચકો અનુભવ્યો.

કુમાર તો ગયો. પણ અનુરક્ત મન સુલોચના પાસે મૂકતો ગયો. સુલોચનાના એક જ દૃષ્ટિપાતમાં તેણે પુર્વભવનો પરિચય વાંચી લીધો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

થોડે દૂર ગયા પછી કુમારે પોતાના સુમિત્ર નામના સહચારીને પૂછ્યું: " મિત્ર સુમતિ! હાથમાં દર્પણ લઇ ઉભી હતી તે યુવતી કોણ હતી ? "

સુમતિએ જવાબ વાળ્યો: " સાગરદત્ત શેઠના પુત્ર સુબંધુની એ સુલોચના નામની સ્ત્રી છે. "

અશ્વક્રીડા કરી કનકરથ ઘેર પાછો આવ્યો પણ સુલોચનાનું સ્મરણ તે મૂકી શકતો નથી. પળેપળે સુલોચનાની આકૃતિ તેની નજર સામે ખડી થાય છે. ખાન–પાન કે આરામ ભૂલીને તે સુલોચનાનું જ ધ્યાન ધરે છે. સુલોચના વિના એક પળ વીતાવવી હવે તેને અસહ્ય થઇ પડી, પરંતુ સુલોચનાને શી રીતે મેળવવી એ એક મોટો પ્રશ્ન થઇ પડ્યો.

" સુલોચના વિના આ રાજલક્ષ્મી અને યૌવન પણ નિરર્થક છે. " કનકરથ એકાંતમાં વિચાર કરવા લાગ્યો. અંતે તેને સુઝ્યું કે માત્ર વિચાર કરવાથી સુલોચના મળી શકે નહી. એને માટે પ્રયત્ન કરવો પડે. સુલોચના પોતે સમ્મત થાય તો તો ઠીક જ છે નહિંતર બીજી કોઇ જાળ ગોઠવવી પડશે.

આવો વિચાર કરી કુમારે એક ચતુર પરિવ્રાજિકાની સહાય લીધી. પરિવ્રાજિકાને તેણે પોતાના મનની સ્થિતિ સમજાવી. પરિવ્રાજિકાએ સુલોચના મેળવવી આપવાનું બીડું ઝડપ્યું.

તે રાજમહેલમાંથી નીકળી સીધી સુલોચના પાસે પહોંચી. સુલોચના પણ એકાંતમાં બેસી કુમારનાં જ સ્વપ્ન સેવતી હતી. પરિવ્રાજિકાએ લાગ જોઇને કહ્યું:–" સુલોચના! તું ઉદાસ કેમ દેખાય છે? તું કોનું ધ્યાન ધરે છે? સરળભાવે મને બધી વાત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહી દે કારણ કે મારી પાસે એક એવો મંત્ર છે કે એના પ્રભાવથી ગમે તેવો પુરૂષ પણું શરણે આવ્યા વિના ન રહે."

સુલોચના આ વાત સાંભળી સ્હેજ અસ્વસ્થ બની. પોતે એક શ્રેષ્ઠીપુત્રી, રાજકુમારને મેળવવાના અભિલાષ સેવે એ કેટલું શકય હતું તે પોતે બરાબર સમજતી હતી. એક રંકપુરૂષ ચક્રવર્ત્તીના ભોગ વાંછે, એક કુતરી સિંહણનું પરાક્રમ વાંછે એના જેવી જ આ એક અશકયતા હતી; છતાં પરિવ્રાજિકા ઉપર વિશ્વાસ રાખીને બોલી: "કનકરથ કુમારના સંગવિના મને આ ભોગવિલાસ અને આ યૌવન પણ ઝેર જેવાં લાગે છે."

"એમાં શી મોટી વાત છે ?" પરિવ્રાજિકા ઉત્સાહમાં બોલી: "પુત્રી, હું તેને મારા મંત્રબળવડે તારા પગમાં નમાવીશ-એ તારો કેદી બની રહે એવી ગોઠવણ કરીશ. તારી ખાતર જ હું મારૂં મંત્રબળ વાપરીશ."

વાતચીતને અંતે પરિવ્રાજિકાએ સુલોચનાનો મુક્તાહાર માગી લીધો. સુલોચનાની પોતાની સમ્મતિ તરિકે એને કનકરથ સમક્ષ રજુ કર્યો અને બધી વિગત કહી સંભળાવી. કુમારને તો સાક્ષાત્ ચંદ્ર હાથમાં આવ્યો હોય એટલો આનંદ થયો. પછી તો તેણે પોતાના અનુચરોને મોકલી સુલોચનાને અંતઃપુરમાં ઉચ્ચ આસન આપ્યું. એક શ્રેષ્ઠીકન્યા રાજવીની પટ્ટરાણી બની.

કામના વિકારવશ બની કનકરથે પ્રજાનો કોપ વ્હોરી લીધો. નીતિધર્મ અને રાજધર્મનું પણ ઉલ્લંઘન કર્યું. વિકારના રમકડાં જેવાં આવાં પુતળાં કયું દુષ્કર્મ નથી કરતાં ?

સ્વર્ગપતિ ઈંદ્રને દેવાંગના શું ન્હોતી કે તે અહલ્યાના રૂપમાં મુગ્ધ બન્યો ? ખરી વાત એ છે કે કામાગ્નિ ભલભલા પંડિતો

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

અને શક્તિશાલીઓને પણ તરખલા જેવા બનાવી મૂકે છે. સુલો-
ચના અને કનકરથવાળો આ પ્રસંગ પ્રજામાં પ્રગટ થતાં જ
પ્રજાના અંગમાં પુણ્યપ્રકોપ પ્રકટ્યો. એમને થયું કે એક
રાજકુમાર જો આ પ્રમાણે સ્વેચ્છાચારી બને તો પછી એ પ્રજાને
નીતિને માર્ગે કઇ રીતે દોરી શકે ? એનું શાસન દુરાચારીઓને
શી રીતે દંડ આપે ? પ્રજાના પ્રતિનિધિઓએ રાજાની પાસે જઈ
પોતાની ફરીઆદ રજુ કરી. રાજા પોતે બરાબર સમજતો હતો
કે પરસ્રીહરણ એ રાજશાસનનો કંઇ જેવો તેવો દોષ નથી, છતાં
તે કુમારને થોડી સલાહ કે ઉપદેશ આપવા સિવાય વધુ કંઇ કરી
શકયો નહીં. કુમારે એ ઉપદેશનો ખુલ્લો અનાદર કર્યો. તે પોતે
તો સુલોચના સંબંધે એક શબ્દ પણ કોઇની પાસે સાંભળવા નથી
માગતો એમ ખુલ્લા શબ્દોમાં જણાવી દીધું. મહારાજા અને
પ્રજાના પ્રતિનિધિઓના હાથ હેઠા પડ્યા, કુમારના પિતાએ કહ્યું:-
" કનકરથ હવે યુવાન થયો છે, એને મેં ઉપદેશ આપ્યો પણ
એના ભાગ્ય એને અવળે માર્ગે ઘસડી રહ્યા છે. તે પોતાનો દુરા-
ગ્રહ છોડવા તૈયાર નથી. હું તેને યોગ્ય દંડ આપી શકતો નથી.
પિતા તરીકેનું હૃદય આડુ આવે છે. કુમારનો આ પહેલો અપરાધ
આપે સૌએ માફ કરવો ઘટે છે. "

પ્રજાના આગેવાનો નિરૂપાય બની પોતપોતાના માર્ગે વિદાય
થયા.

કનકરથને સુલોચનાના સંગ સિવાય સંસારની કોઇ વસ્તુમાં
આનંદ કે સુખ નથી લાગતું. એણે પોતાના મિત્રો, સ્નેહીઓ અને
બધાં કામકાજનો સદંતર ત્યાગ કર્યો છે. એક ક્ષણ પણ સુલોચ-
નાનો વિયોગ તેને અસહ્ય લાગે છે. રાજસભામાં પણ જવા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આવવાનું તેણે માંડી વાળ્યું છે. સુલોચના એના હૃદયની અધિષ્ઠાત્રી બની છે.

સુલોચના અંતઃપુરમાં આવી તે પહેલાં કનકરથની અતિ માનીતી, રાજશ્રી નામની એક રાણી હતી. પગલે પગલે હવે તેનું માનભંગ થવા માંડયું. સુલોચના આવ્યા પછી કનકરથે એના ત્યાગ કર્યો. રાજશ્રી સર્પિણીની જેમ છંછેડાઇ. તે વિચારવા લાગી કે કનકરથ બીજી ઉપર આસક્ત થયો એમાં મેં શું અપરાધ કર્યો? સુલોચના શું મારા કરતાં પણ વધુ સુંદર હશે? કદાચ સુંદર હોય તો પણ એને મારા હક્ક અથવા અધિકારની વચ્ચે આવવાની કંઈ સત્તા નથી. ગમે તેમ પણ કનકરથ મારો જ છે અને મારો જ રહેવો જોઇએ. સુલોચનાએ જ એની આંખમાં કામણનું આંજણુ આંજ્યું છે. હું એનો બદલો લઇશ.

એક દિવસે રાજશ્રીએ, પરિવ્રાજિકાને સ્નેહથી સત્કારપૂર્વક બોલાવી કહ્યું: "હવે આ દુઃખ મારાથી જોયું જાતું નથી. કનકરથ અને સુલોચના એકલા મોજ માણે અને અમે અહોનિશ બળ્યા કરીએ, એ કયાંનો ન્યાય?"

પરિવ્રાજિકાએ કહ્યું:—"હું એક ઇલાજ બતાવું, પણ એનો વિચારીને ઉપયોગ કરશો."

"એવું તે શું છે?" રાજેશ્રીએ જાણવા માગ્યું.

"મારી પાસે એક ચૂર્ણ છે. તે તમે જેના માથા ઉપર નાખશો તે ગાંડાતૂર બની જશે, માટે જ કહું છું કે સાવચેતીથી કામ લેશો." પરિવ્રાજિકા એટલું કહી–ચૂર્ણ આપી વિદાય થઇ ગઇ.

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

ઈર્ષાથી આંધળી બનેલી રાજશ્રીએ એ ચૂર્ણ, એક રાત્રીએ; કનકરથ અને સુલોચનાના મસ્તક ઉપર છાંટયું અને બન્ને પોતપોતાની સ્થિતિનું ભાન ભૂલી ગયા.

જે થોડી લોકલાજ રાખી રહ્યા હતા તે પણ આ ચૂર્ણથી નાશ પામી. કનકરથ અને સુલોચના હવે છેક ભાન ભૂલ્યા. ગમે ત્યારે હસવું, ગમે ત્યારે ગાવું અને ગમે તેવા વેશે ગમે ત્યાં રઝળવું એ તેમને સામાન્ય થઈ પડયું. એમને પોતાના વસ્ત્રોનું પણ ભાન ન રહ્યું. ભીમરથ રાજાને આ ગાંડપણ જોઇ બહુ લાગી આવ્યું. તેણે મંત્રશાસ્ત્રીઓને બોલાવી અનેકવિધ ઉપચાર કર્યા, પણ કંઇ કારી ન ફાવી. કોઇએ એને ભૂતવિકાર માની, કનકરથ અને સુલોચનાને ખૂબ જોરથી લપડાકો મારી મરણતોલ બનાવી મૂકયાં, છતાં ગાંડપણ વધતું ગયું. કોઇએ ચાબુકોના પ્રહાર કર્યા, કોઈએ આવીને સરસવના દાણા મંત્રીને એના ઉપર નાખ્યા, કોઇકે તો મળ-મૂત્રના અત્યંત દુર્ગંધવાળા ધુમાડા કરી એ બન્નેને નારકીય યંત્રણા આપી જોઈ, વૈદ્યાએ પણ ભાતભાતના કડવા ઉકાળા પાયાં; પરંતુ એક વખતના આ પ્રેમિકોની સ્થિતિ ન સુધરી.

શહેરમાં અને રસ્તામાં ગાંડાની જેમ એ સ્ત્રી-પુરૂષ રખડે છે. છોકરાઓ એની પાછળ ધૂળ-કાંકરા ઉડાડે છે. કોઈ વખત અર્ધનગ્ન અવસ્થામાં તો કોઇ વાર સંપૂર્ણ નિર્લજ્જપણે અહીં-તહીં ભટકે છે. ભીમરથે એમની આવી દશા જોઈ પગમાં બેડીઓ નાખી એક ઓરડામાં કેદ કર્યા, પરંતુ એક દિવસે પહેરગીરોની ઉંઘનો લાભ લઇ એ બન્ને નાશી છૂટયા-બેડીઓ તોડી નાખી. ટાઢ-તડકા અને ભૂખ-તરસ સહન કરતાં એ ગાંડા પ્રેમિકો સ્વચ્છંદપણે ફરવા લાગ્યા. જે કનકરથ, સુલોચનાનો સંયોગ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પામ્યા પછી પોતાને પરમ સુખી માનવા લલચાયો હતો તેની શોચનીય દશા જોઇ કોની આંખમાંથી આંસુ પડ્યા વિના રહે? સંસારીઓના સુખ લગભગ આવા પ્રકારના જ હોય છે. એક વખત રાજમહેલમાં સુખ માનનારાં આ સ્ત્રી–પુરૂષ હવે પોતાના કર્મને લીધે ગમે તેવું અન્ન ખાઇ, ગમે તેવું પાણી પી, ગમે તેવી ધરતી ઉપર પડી રહે છે. ઘેરઘેર ભીખ માગવા છતાં એમને કંઇ શરમ કે સંકોચ થતો નથી, એમના શરીરે વસ્ત્રને બદલે ફાટયા–તૂટયાં ચીંથરા વળગી રહ્યાં છે, અંગ ઉપર ગાડાં ભરાય એટલો મેલ જામ્યો છે.

કર્મની ગતિ કેટલી વિચિત્ર છે? દેવતાઓ અને વિધિ પોતે પણ આ કર્મસત્તા આગળ લાચાર બની જાય છે.

પુનઃ શ્રીકેવલી ભગવાન બોલ્યા. વિજયા નગરીમાં ધનવાહન રાજા પોતાની રાણી અનંગવતીમાં ઘણી આસક્તિ રાખી રહ્યો છે, પરંતુ પોતાના મોટાભાઈ સુધર્મ સૂરીશ્વરના ઉપદેશથી તેની આસક્તિ તૂટી અને તેણે અનંગવતી સાથે સૂરિજીની પાસે દીક્ષા ગ્રહણ કરી. ધનપતિ પણ બહુ સ્નેહાળ એવી વસુમતીની સાથે વિવિધ પ્રકારના ભોગ–વિલાસ સેવે છે. હવે મોહિલનો જીવ વૈતાઢ્યપર્વતની ઉત્તરશ્રેણીમાં વૈજયંત નગરીની અંદર ચિત્રાંગદની પૃથિવી નામે સ્ત્રીની કુક્ષિને વિષે સુમંગળ નામે પુત્રપણે ઉત્પન્ન થયો. સુમંગળે ઘણી વિદ્યાઓ સિદ્ધ કરી હતી. એક દિવસે તે આકાશમાર્ગે જતો હતો એટલામાં મેખલાવતીની એક અગાસીમાં તેણે વસુમતીને સ્નાન કરતી જોઇ. પૂર્વભવના અભ્યાસને લીધે જોતાં જ તે વસુમતીના રૂપમાં આંધળો બન્યો. સુમંગળે પોતાની વિદ્યાના બળે ધનપતિનું સ્વરૂપ લીધું અને એ રીતે વસુમતી સાથે તે ભોગ–વિલાસ ભોગવી રહ્યો. સાચા

P.P. Ac. Gunratnasuri M.S.                Jun Gun Aaradhak Trust

નપતિને એ વિદ્યાધર વિનીતા નગરીમાં મૂકી આવ્યો જેથી પોતાનું છળ-કપટ ખૂલ્લું ન થાય. ધનપતિએ વૈરાગ્યભાવને લીધે શ્રી ઋષભદેવ ભગવાનના વંશમાં જન્મેલા દંડવીર્ય નામે કેવલી ભગવાનના ચરણકમલમાં દીક્ષા ગ્રહણ કરી. ત્રીસ લાખ પૂર્વ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી તે મુનિનો જીવ ઇશાન દેવલોકમાં ચંદ્રાર્જુન નામે દેવ થયો. તેણે જ્યારે જોયું કે સુમંગળ પોતાનું ખોટું સ્વરૂપ ધરી વસુમતી સાથે ભોગ ભોગવી રહ્યો છે ત્યારે તે ખૂબ ક્રોધે ભરાયો. સુમંગળની બધી વિદ્યાઓનો તેણે વિનાશ કર્યો એટલું જ નહી પણ એને ત્યાંથી ઉપાડીને માનુષ્યોત્તર પર્વતની પેલી તરફ મૂકી દીધો. વસુમતી, પોતાના પતિદેવનો ઉપદેશ સાંભળી વૈરાગ્યના રંગથી રંગાઇ અને તેણીએ આચાર્યશ્રી સુધર્મસૂરિની મુખ્ય સાધ્વી પાસે દીક્ષાવ્રત ગ્રહણ કર્યું. એ પ્રમાણે વસુમતી સાધ્વી સાથે અનંગવતી, આર્યા ચંદ્રયશા પ્રવર્તિનીની પાસે ઉગ્ર તપશ્ચર્યા કરી રહી.

વસુમતી અને અનંગવતી સાધ્વીજીઓ, એક વાર વિહારગામએ બ્હાર ગઇ હતી. ત્યાંથી વળતા તેમણે સુલોચના સાથે કનકરથને પણ ઉન્મત્ત દશામાં ભટકતો જોયો. એ બન્ને જણા ગાંડાની માફક ગાતાં-નાચતાં રઝળતાં હતાં. અનંગવતીએ સુલોચનાને આ સ્થિતિમાં પણ ઓળખી લીધી અને વસુમતીને ઉદ્દેશીને બોલી: “ બ્હેન, આ મેલથી ખરડાએલી, ઉન્મત્ત જેવી આપણી બ્હેન સુલોચના હોય એમ લાગે છે. ”

વસુમતીએ ધ્યાન આપીને નિરીક્ષણ કર્યું તો ફાટ્યાંતૂટ્યાં કપડામાં એ સુલોચના જ હોય એવી એની ખાત્રી થઇ. સુલોચના અને કનકરથની આવી દુર્દશા જોઇ તેમને બહુ લાગી આવ્યું.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બન્ને બ્હેનોએ એમની પાસે જઇ પોતાનો પરિચય આપવા માંડ્યો, પણ સુલોચના અને કનકરથને તો હસવા–ગાવા–નાચવા સિવાય બીજું કંઇ સૂઝતું નથી. સાધ્વીજીઓને લાગ્યું કે સુધર્મ-સૂરિજી સિવાય આનું નિરાકરણ અન્ય કોઇથી નહીં થાય. તેઓ આ ઉન્મત્ત પ્રેમિકોને સમજાવી પોતાના ગુરૂદેવ સામપે લઈ ગયા. ગુરૂદેવે ઉન્મત્ત દશાના કારણો વિસ્તારથી સમજાવ્યા.

" ભગવન્ ! આ ગાંડપણનો જો કંઈ ઉપચાર થઇ શકતો હોય તો દયાદૃષ્ટિએ એમને બચાવી લ્યો. " સાધ્વીજીઓએ ગુરૂદેવના ચરણમાં નમી પ્રાર્થના કરી. સૂરિજીએ એક પ્રકારનું એવું ચૂર્ણ આપ્યું કે જેથી એ બન્ને પ્રેમિકો ધીમે ધીમે પોતાની અસલ સ્થિતિમાં આવી ગયા.

તે પછી વસુમતીએ એમને એમના ગાંડપણની યાદ આપી, સુધર્મસૂરિના ઉપકારનું સ્મરણ કરાવ્યું. સુલોચના અને કનક-રથ પોતાના પરમ ઉપકારક શ્રી સુધર્મસૂરિજીની સેવાભક્તિ કરવા લાગ્યા. એમની ભક્તિભાવના જોઇ સૂરિજીએ એક દિવસે સંસાર સ્વરૂપનો તાદૃશ્ય ચિતાર ખડો કર્યો અને કહ્યું: "સંસારના ભોગવિલાસ પાછળ દોડનારા સંસારીઓ આ લોકમાં અને પરલોકમાં પણ અનેક વિટંબણાઓ વ્હોરી લે છે. વિષય-સુખની તૃષ્ણા મનુષ્યને કયાંઇ જંપવા દેતી નથી. તમે પણ આસક્તિને લીધે જે ચીકણું પાપ બાંધ્યું હતું તેનું ફળ ઉન્મત્ત દશામાં ભોગવ્યું. રાજાને ત્યાં જન્મ્યા છતાં તમે રાજ્ય ખોયું, લોકોની હાંસીને પાત્ર બન્યા અને એ ઉપરાંત બીજાં પણ અનેક દુઃખ વેઠ્યાં. નારક અને તિર્યંચ ગતિમાં જે દુઃસહ દુઃખ ભોગવવાં પડે છે તેની પાસે તો અહીંના દુઃખ કંઇ જ ગણતરીમાં નથી. સંસારનો ત્યાગ, સદ્ગુરૂ–દેવ–ધર્મની ઉપાસના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એ જ દુઃખરૂપી મહાસાગરને તરવાનો એક માત્ર ઉપાય છે.”

સૂરિમહારાજનો ઉપદેશ સાંભળીને બન્નેના હ્રદયમાં ચારિત્રના અંકુર ઉગ્યા. ચિત્તની વિશુદ્ધિ જોઇ સૂરિજીએ એમને દીક્ષા આપી. સુલોચના એ બન્ને વ્હેનોની પાસે રહી અનેક પ્રકારની તપશ્ચર્યાઓ કરવા લાગી. એ પ્રમાણે ચંદ્રયશાની પાસે રહેતી એવી ત્રણે સાધ્વીઓનાં બહુ પૂર્વલાખ વર્ષ વીતી ગયા, તેમજ ધનવાહન મુનિની સાથે રહેલા કનકરથ મુનિએ પણ બહુ કોડાકોડી વર્ષ વીતાવ્યા.

આયુષ્યની સમાપ્તિના અરસામાં સૂરિજીએ અનશન વ્રત ગ્રહણ કર્યું. તેઓ સમાધિપૂર્વક કાળ કરી બીજા દેવલોકમાં ચંદ્રાર્જુન વિમાનના અધિપતિ શશિપ્રભ નામે દેવ થયા. ધનવાહન મુનિ પણ કાળ કરી તે શશિપ્રભના વિદ્યુત્પ્રભ નામે સામાનિક દેવ થયા. તેમની સ્ત્રી, કાળધર્મ પામીને ચંદ્રરેખા નામે તેની દેવી થઇ. વસુમતી સાધ્વી પણ કાળ કરીને તે વિમાનમાં પ્રથમ ઉત્પન્ન થએલા ચંદ્રાર્જુન દેવની ચંદ્રપ્રભા નામે દેવી થઇ.

કનકરથની જેમ સુબંધુની પણ બહુ બુરી દશા થઇ. સ્ત્રીનું હરણ થતાં સુબંધુને સંસાર જાણે ખાવા ધાતો હોય એવું લાગ્યું. કનકરથ ઉપર વેર લેવાના વિચારે તે પણ થોડા દિવસમાં ઉન્મત્ત જેવો બની ગયો. આર્ત્ત–રૌદ્રધ્યાનને લીધે તેની બુદ્ધિ અને શક્તિ પણ નાશ પામ્યા.

તે હવે પ્રથમના ભોગવિલાસને યાદ કરી મ્હોટેથી રડે છે તો કોઈ વાર ગાંડાની જેમ કનકરથની પાછળ, એનું ખૂન કરવા દોડે છે. કોઇ પણ સ્થળે, કોઇ પણ સ્થિતિમાં તે વધુ વખત રહી શકતો નથી. ગામમાં, ઉદ્યાનમાં, અરણ્યમાં ઠેર ઠેર ભમે છે. જાણે કે સુલોચના પોતાનાથી રીસાઇ ગઇ હોય એમ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માની, આકાશ સામે નજર કરી સુલોચનાને પોતાની પાસે આવવા આગ્રહપૂર્વક વિનવે છે. પ્રેક્ષકો એની મશ્કરી કરે છે અને અટ્ટહાસ્ય કરતાં ત્યાંથી ચાલ્યા જાય છે. સુબંધુ એ બધું સહન કરે છે.

એક દિવસે તે રખડતો–રઝળતો–ભૂખ–તરસથી પીડાતો, તાપસકુમારોના આશ્રમમાં જઇ ચડ્યો. આશ્રમની આસપાસ સુંદર વાતાવરણ પથરાયેલું હતું. કુલપતિએ તેને ધર્મનો બોધ કર્યો, તેથી તે પોતાના વિરહદુઃખ અને વૈરને પણ ભૂલી ગયો. કુલપતિની સેવામાં રહી, તાપસકુમારોને ઉચિત એવી તેણે તપશ્ચર્યા કરવા માંડી. બબ્બે–ત્રણ ત્રણ–ચાર ચાર માસની લાંબી તપશ્ચર્યાઓ કરવા છતાં હવે તેને કંટાળો નથી આવતો. આમ તપશ્ચર્યા કરતાં તે કાળધર્મ પામ્યો. વૈરાનુબંધ સાવ ભૂંસી શકયો નહીં. કાળ કરીને પરમાધાર્મિક દેવોની મધ્યે તે અંબરીષ નામે દેવ થયો. ત્યાં ઉત્પન્ન થતાં જ તેણે પોતાના પૂર્વભવનું સ્મરણ કર્યું અને વિભંગજ્ઞાનવડે પૂર્વભવના વેરીને જાણીને વેરનો બદલો લેવા તૈયાર થયો.

કનકરથ મુનિ એ વખતે સ્મશાનભૂમિમાં ધર્મધ્યાનમાં એકાગ્રચિત્તે ઉભા હતા. સતત તપશ્ચર્યાને લીધે દેહ હાડપીંજર જેવો બની ગયો હતો. અંબરીષ એમને જોતાં જ પૂર્વ વૈરને લીધે લાલચોળ બન્યો: “ બસ, મારો વૈરી આ જ છે–એણે જ મારી સ્ત્રીનું હરણ કર્યું છે. મને દુઃસહ દુઃખ આપનાર ભલે આજે તેનું ફળ ભોગવી લે. ” એ મતલબના ઉદ્‌ગાર એના મુખમાંથી નીકળ્યા.

હવે અંબરીષે પિશાચનું રૂપ ધર્યું. કનકરથમુનિ ધ્યાનમાં ઉભા હતા ત્યાં જઈ તેણે મુનિના અંગમાંથી ચીપીયાવડે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માંસના અને ચામડીના ટુકડા કાઢવા માંડયાં. મુનિ એ કષ્ટ શાંતપણે સહે છે. ચામડી તડ તડ ફાટે છે–રૂધીરની ધારાઓ રહે છે, પિશાચ ખડખડ હસે છે. એટલેથી જાણે સંતોષ ન થયો હોય તેમ તે મુનિને આકાશમાં ફેંકી પાછા પૃથ્વી ઉપર પછાડે છે; છતાં મુનિ તો ધ્યાનમાં જ સ્થિર રહે છે. પિશાચ મુનિના દેહ ઉપર ચાબુકોના પ્રહાર કરે છે, ધૂળ વરસાવે છે, પત્થરોના સમૂહમાં ઢાંકી દે છે અને ઘડીક પછી આગના ધગધગતા અંગારા અંગ ઉપર ચાંપે છે. પિશાચને કંઈ દયા થોડી જ હોય ? અને તેમાં ય આ તો વેરનો બદલો લેવા નીકળ્યો છે. તેણે મુનિના દેહ ઉપર દુ:સહ યાતનાઓ ગુજારી. મુનિજી શાંતભાવે સહી રહ્યા. અંતે પોતાના દુશ્ચરિત્રને નિંદતા, શુકલધ્યાનમાં આરૂઢ થયેલા એ મુનિજી કાળ કરીને બીજા દેવલોકમાં ચંદ્રાર્જુન વિમાનને વિષે વિદ્યુપ્રભ નામે દેવ થયા.

મુનિના દેહના ખાલી ખોખાના સેંકડો ટુકડા કરીને અસુર અંબરીષ સુલોચના સાધ્વી પાસે પહોંચ્યો. એ વખતે સુલોચના પ્રભાતના સમયમાં કાયોત્સર્ગ કરી, શુકલધ્યાનમાં આરૂઢ થઈ સાધ્વીઓના મધ્ય ભાગમાં બેઠી હતી. અંબરીષે એને દુશ્ચરિત્રનું સ્મરણ કરાવ્યું. તે પછી અગ્નિની જવાલાઓથી લાલચોળ બનેલી એક પુરૂષ–પ્રતિમા બનાવી સુલોચનાને સંબોધીને કહ્યું કે–" પરપુરૂષમાં પ્રીતિવાળી હે પાપિણી, આ ત્હારા સ્વામીનું તું હવે આલિંગન કર ! "

અંબરીષે, એ તપાવેલા લોઢા સાથે સુલોચનાને બાંધી, તેની ઉપર એવા જ ધગધગતા દંડના પ્રહાર કરવા માંડ્યા. સુલોચનાનો સુકુમાર દેહ એ કયાં સુધી સહી શકે ? મરણાંત કષ્ટ સહન કરવા છતાં તેણીએ પોતાની શુદ્ધ ભાવના ન ત્યજી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આખરે તે પણ કાળ કરીને ચંદ્રાર્જુન વિમાનમાં સ્વયંપ્રભા નામે, વિદ્યુપ્રભની બહુ પ્રિય એવી દેવી થઇ. હે રાજેંદ્ર! આ પ્રમાણે રાગ-દ્વેષનો દારૂણ વિપાક જોયા પછી કયો માણસ એમાં ઝંપલાય? માટે તું પણ એનો ત્યાગ કર. અંબરીષ તો સુરાધમ હતો. તે પોતાને કૃતાર્થ થએલો માની ત્યાંથી નીકળી પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust



## પાત્ર પરિચય.

| | |
|---|---|
| અંબરીષ. | |
| દુર્જન. | (અંબરીષનો જીવ) |
| કાળબાણ. | ( „ ) |
| ચિત્રવેગ. | |
| કનકમાળા. | |
| નભોવાહન. | |
| ચિત્રગતિ. | |
| પ્રિયંગુમંજરી. | |
| સુપ્રતિષ્ઠ. | આચાર્ય. |
| પ્રિયંવદા. | |
| પ્રભંકર. | ભીમરથનો જીવ. |
| અર્જુન. | હર્ષપુર ગામનો ગામેતી-અંબડનો જીવ. |
| બંધુશ્રી. | અર્જુનની પત્ની-અક્ષુબ્ધાનો જીવ. |

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પંચદશ પરિચ્છેદ

અંબરીષની દુષ્ટ વૃત્તિ સંતોષાઇ. પૂર્વભવના વૈરી મુનિ તથા સાધ્વીજીનો જીવ લીધા પછી એ આનંદમાં આવી ગયો. નારકીના જીવોને પણ એ રીતે જ એ રીબાવતો અને એમાં આનંદ માનતો. આવાં આવાં અકૃત્યો કર્યાં પછી તે એક વાર એક વ્યાભિચારિણી વિધવાના ગર્ભમાં ઉત્પન્ન થયો. દુરાચારિણી સ્ત્રીને પોતાના ગર્ભની શી દરકાર હોય ? તેણીએ તો ખૂબ ખાટા, ખારા, તીખા પદાર્થો આરોગી ગર્ભને સડાવી–પાડી નાખવાનું ઇચ્છયું. અંબરીષનો જીવ ત્યાં પણ અતિ રૌદ્ર ધ્યાન ધરીને નરકસ્થાનમાં ઉત્પન્ન થયો. સાત પલ્યોપમના આયુષમાં એણે ઘણાં તીવ્ર દુઃખ ભોગવ્યાં. આખરે આ ભરતક્ષેત્રમાં એક બ્રાહ્મણને ત્યાં “ દુર્ગત ” નામે પુત્રપણે ઉત્પન્ન થયો. બ્રાહ્મણ ઘણો દરિદ્ર હતો. દરિદ્ર પિતાને ત્યાં જન્મેલો દુર્ગત સ્વપ્નમાં પણ શાંતિ મેળવી શકયો નહીં. પેટ ભરવાની ચિંતામાંથી છૂટવું એ તેને માટે છેક અસંભવિત બન્યું. દારિદ્રય, દુઃખ, કંટાળો વિગેરેથી થાકી તેણે તાપસ–આશ્રમની ઓથ લીધી. એ તાપસોનો પરિવ્રાજક થયા છતાં તે પોતાના જુના વૈર કે રોષને ભૂલી શકયો નહીં, પરંતુ અજ્ઞાન તપ કરવાથી દુર્ગત, ધરણેંદ્રનો સામાનિક દેવ થયો. એનું કાળબાણ એવું નામ પડયું.

કાળબાણ, બહુ કષાયને લીધે પૂર્વના વૈરને સંભારી, વિભંગજ્ઞાનનો ઉપયોગ કરવા લલચાયો, પરંતુ એવું જ્ઞાન ન

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

હોવાથી તે પોતાના વેરીઓનો પૂરનો પત્તો મેળવી શક્યો નહીં. વસ્તુતઃ તેઓ બીજા દેવલોકને વિષે હતા, પરન્તુ જ્ઞાનનો બહુ ઉપયોગ કરવા છતાં કાળબાણુને કંઇ જાણુ ન થઇ. એમનું શેષ આયુષ જ હવે બાકી રહ્યું હતું. કંઇક ઓછા આઠ પલ્યોપમ સુધી દિવ્ય ભોગ ભોગવીને એ ઇશાનકલ્પ-વાસી વિદ્યુપ્રભદેવ ત્યાંથી ચ્યવ્યો અને તારે ત્યાં કમલાવતીની કુક્ષિએ પુત્રપણે ઉત્પન્ન થયો.

હે નરેંદ્ર ! સાતમે મહિને કમલાવતીને દોહલો ઉપજ્યો અને હાથીની અંબાડી ઉપર બેસી ખૂબ ધામધૂમથી નીકળતી હતી એ જ વખતે કાળબાણુને જાણુ થઇ કે કમલાવતીના ગર્ભમાં રહેલો જીવ એ પોતાનો પૂર્વભવનો વૈરી છે. ઘણા વખતથી તે એને શોધતો હતો. તે તરત જ ક્રોધાવિષ્ટ બની વેર લેવા દોડ્યો. બીજું કંઇ ન સૂઝવાથી એ હાથીના શરીરમાં દાખલ થયો. પછી શું બન્યું તે તમે અંગત અનુભવથી જાણી શક્યા છો. લોકોને ઉપદ્રવ કરતો હાથી ખૂબ વેગ સાથે દોડી રહ્યો. તમે તો વડલાની શાખા પકડી હાથીના તોફાનમાંથી બચી ગયા પણુ કમલાવતીને લઇ એ આકાશમાં ઉડ્યો. કમલાવતીએ, દિવ્ય મણિવાળી વીંટીનો હાથીના ગંડસ્થળ ઉપર પ્રહાર કર્યો એટલે મદોન્મત્ત હાથીનાં હાજાં પણુ ગગડી ગયાં—એના અંગે અંગમાં અસહ્ય પીડા થવા લાગી તેથી કાળબાણે હાથીના દેહનો ન છૂટકે ત્યાગ કર્યો.

હાથી જેવું જબરજસ્ત પ્રાણી આકાશમાંથી નીચે પડે એટલે હાથીના અને હાથી ઉપર બેસનાર આરોહીના પણુ ભૂક્કા જ ઉડી જાય. કાળબાણે હાથીને નીચે પટક્યો. કમલાવતી અને એના ગર્ભમાં રહેલો પોતાનો પૂર્વભવનો વૈરી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પણ નાશ પામવો જ જોઈએ એમ કાળબાણે માની લીધુ, પરંતુ હાથી જમીન ઉપર પડવાને બદલે સરોવરમાં પડ્યો અને કમલાવતી બચી ગઈ. એનો ગર્ભ પણ સહિસલામત રહ્યો. પછી તે થોડા વખત બાદ શ્રીદત્ત સાર્થવાહને મળી. શ્રીદત્તનો સંઘ, કુશાગ્રપુર જતાં માર્ગમાં જ લૂંટાયો અને માંડમાંડ કમલાવતી અરણ્યમાં નાસી છૂટી. ત્યાં તેને પુત્ર-પ્રસવ થયો.

કાળબાણને પુનઃ પોતાના વિભંગજ્ઞાનના ઉપયોગવડે સમજાયું કે જેનો તે નાશ કરવા માગતો હતો તે તો આટ-આટલા ઉપદ્રવો વચ્ચે પણ કુશળ રહ્યો છે અને તેનો જન્મ પણ થઇ ચૂકયો છે. પૂર્વ વૈરનું સ્મરણ કરી એ દુષ્ટ દેવ, કમલાવતીના તાજા જન્મેલા શિશુ પાસે આવ્યો. બાળકને માટે પણ આવા પાપાત્માઓના દિલમાં દયાનો અંશ નથી હોતો. કમલાવતી એ વખતે સ્વાભાવિક રીતે અર્ધનિદ્રાવસ્થામાં હતી.

“ ઘણે વખતે તારો પત્તો લાગ્યો છે. આજે તો હવે મારા વેરનો પૂરેપૂરો બદલો લઉં તો જ ખરો. તને પણ તારા કર્મનાં ફળ ચખાડું. ” એમ મનમાં ને મનમાં બડબડતો એ કાળબાણ, પુષ્પ-કળી જેવા સુકોમળ બાળકને ઉપાડીને ચાલતો થઇ ગયો. કમલાવતીને એ વાતની કશી જાણ ન થઇ. માર્ગમાં જતાં જતાં કાળબાણ વિચાર કરવા લાગ્યો કે- “ આ બાળકનું હવે શું કરૂં ? એનું ગળું મરડીને મારી નાખું ? એના કકડા કરીને દિશાઓને બલિદાન દઉં ? કે એના દેહના રાઇ રાઇ જેટલા ભૂક્કા કરૂં ? ” કિલષ્ટ પરિણામવાળા દેવે આવા આવા કેટલાય તર્ક કરી વાળ્યા, પણ પાછો એવો વિચાર થયો કે એમ સહજમાં મારી નાખવાથી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તો વેરવૃત્તિ શી રીતે સંતોષાય ? એ રીબાતો હોય-તરફડતો હોય અને ધીમે ધીમે એના પ્રાણ નીકળતા હોય તો જ વેરની લાગણી કંઇક શાંત થાય.

આખરે કોઇ એક નિર્જન અરણ્યમાં બાળકને મૂકી આવવાનો એણે વિચાર કર્યો. ત્યાં તે ખાન-પાન વિના ભૂખ્યો-તરસ્યો રીબાઇ રીબાઇને મરી જશે એમ માન્યું. હે નરાધીશ ! વૈતાઢ્યપર્વતની શિલા ઉપર એક નિર્જન સ્થાનમાં એ દુષ્ટ દેવે તારા પુત્રને મૂક્યો અને પછી પોતે ત્યાંથી ચાલ્યો ગયો.

આ વાતની સાથે બીજા સંબંધો પણ જાણવા જેવા છે. વિદ્યુતપ્રભ દેવ ત્યાંથી ચ્યવીને વૈતાઢ્યગિરિની દક્ષિણશ્રેણીમાં રત્નસંચય નગરની અંદર બકુલવતીની કુક્ષિએ પવનગતિ વિદ્યાધરના પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નામ ચિત્રવેગ પડ્યું. ચંદ્રરેખા પણ ત્યાંથી ચ્યવીને કુંજરાવર્ત નગરમાં અમિતગતિ વિદ્યાધરની પ્રિય ભાર્યા ચિત્રમાળાની કુક્ષિએ કનકમાળા નામે બહુપ્રિય પુત્રીપણે ઉત્પન્ન થઇ. પૂર્વે કહેલો વસુદત્ત નામે જે સુલોચનાનો ભાઇ હતો તે પણ સંસારમાં પરિભ્રમણ કરીને વૈતાઢ્યગિરિમાં ગંગાવર્ત નગરની અંદર શ્રી ગંધવાહન વિદ્યાધરની મદનાવલી ભાર્યાને વિષે નભોવાહન નામે પુત્ર થયો. કનકમાળા અને નભોવાહન પરણવાને લગભગ તૈયાર હતા એટલામાં જ ચિત્રવેગે કપટથી તેણીનું હરણ કર્યું અને બંને પ્રેમિકો લગ્નની ગાંઠથી બંધાયા. તે પછી નભોવાહને નાગિની વિદ્યાવડે તે વિદ્યાધરને બાંધ્યો અને વિલાપ કરતી કનકમાળાને જબરજસ્તીથી ઉપાડી ગયો.

હે રાજન્ ! સંસારીઓની અજ્ઞાનતા કેવા નાચ નચાવે છે ! પોતાની પૂર્વભવની બ્હેનને તે ઓળખી શકતો નથી, એટલું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ નહીં પણ પોતાને વરવાને એ નથી ઇચ્છતી એમ સમજ્યા છતાં પરાણે તેની સાથે સ્નેહ જોડવા મથે છે. નભોવાહનની પણ એ જ સ્થિતિ હતી. જ્ઞાનીઓએ સંસારને–સંસારના સંબંધોને તુચ્છ ગણ્યાં છે તેનું આ પણ એક કારણ છે કે અજ્ઞાનમાં આંધળો બનેલો પ્રાણી પોતાની પૂર્વભવની માતા–બ્હેન કે પુત્રીને પણ પીછાની શકતો નથી. પર્યાયાંતરને પ્રાપ્ત થએલી પોતાની જ બ્હેન કે માતાને પણ તે પોતાની પત્ની બનાવવા તૈયાર થઇ જાય છે. નભોવાહનની જાળમાં સપડાએલી કનકમાળા, દેવની મદદથી ચિત્રવેગને મળી એ વાત ધનદેવે તમને પહેલાં જણાવી દીધી છે. ચિત્રવેગ પછી તો વિદ્યાધરેંદ્ર થયો અને વૈતાઢ્યગિરિમાં પોતાની સ્ત્રી સાથે સુખથી દિવસો ગાળે છે.

ચંદ્રાર્જુન દેવ પણ ત્યાંથી ચ્યવીને વૈતાઢ્યની ઉત્તરશ્રેણીમાં ચમરચંચા નગરીમાં ચિત્રગતિ નામે વિદ્યાધર થયો અને ચંદ્રપ્રભા દેવી પણ તેની પ્રિયંગુમંજરી નામે ભાર્યા થઇ. ચિત્રવેગે ઉત્તરશ્રેણીનું રાજ્ય અને વિદ્યાઓ પણ ચિત્રગતિને આપ્યાં.

એક વાર ચિત્રવેગ વિદ્યાધર, પોતાની સ્ત્રી કનકમાળાને લઇ, અષ્ટાપદગિરિમાં શ્રી જિનેંદ્ર ભગવાનને વંદન કરવા ગયો. ત્યાં ભરત રાજાએ કરાવેલી શ્રી જિનેંદ્ર ભગવાનની પ્રતિમાઓને ભક્તિપૂર્વક વાંદી પાછો આવતો હતો એટલામાં એક બાળક તેની દ્રષ્ટિએ પડ્યો. વૈતાઢ્યગિરિની વન–નિકુંજમાં એક શિલા ઉપર એ બાળક પડ્યો હતો. બાળકની કાંતિને લીધે આખું વન જાણે કે કાંતિવાન્ બન્યું હોય એમ લાગતું હતું. એના ગળામાં દિવ્ય મણિ હતો. કોઈ પણ પ્રાણી આવા મનોહર

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાળકને જોયા પછી તેના તરફ આકર્ષાયા વગર ન રહે. ચિત્રવેગ પેલા બાળકની પાસે ગયો. એની પાસે દિવ્ય મણિ જોઇ ઘડીભર તો આશ્ચર્યમુગ્ધ જ બની ગયો. એને વિચાર થયો કે આ બાળકની પાસે આ મણિ ક્યાંથી ? શી રીતે આવ્યો હશે ? આ દિવ્ય મણિના પ્રતાપે જ હું એક વાર ભયંકર નાગપાશમાંથી બચી શક્યો હતો. નિઃસંદેહ આ પણ એ જ મણિ છે. બાળકની માતાએ જ બાળકની રક્ષા અર્થે તે બાંધેલો હોવો જોઇએ. ત્યારે આ બાળક કોનું હશે ? ગમે તેનું હોય પણ બાળક પ્રત્યે મને વ્હાલ આવે છે.”

કનકમાળાને ઉદ્દેશીને કહ્યું:-“ પ્રિયે, ત્હારે પુત્ર નથી. હવેથી આ ત્હારો જ પુત્ર છે એમ માન અને તું વ્હાલથી એને લઇ લે.” કનકમાળાએ તરતજ એ વાતને સમ્મતિ આપી અને બન્ને જણા પોતાના નગરને વિષે પહોંચ્યા.

ગામમાં ઠેકઠેકાણે ઉત્સવો રચાયાં-વધામણીઓ અપાઇ. ગુપ્ત ગર્ભવતી કનકમાળાને પુત્ર થયો એ જાણી ગામલોકો ખૂબ આનંદમાં આવી ગયા. પુત્રનું નામ મકરકેતુ રાખવામાં આવ્યું. હે નરેંદ્ર ! એ પ્રમાણે તમારો પુત્ર વિદ્યાધરને ત્યાં મોટો થાય છે.

આ સુરસુંદરી પણ દેવલોકમાં એની સ્વયંપ્રભા દેવી હતી. જે વિદ્યાધર એને હરીને રત્નદ્વીપમાં લઇ ગયો હતો તે જ હરિદત્ત નામે સુલોચનાના ભવમાં તેણીનો પિતા હતો. હે રાજન્ ! આ કુટીલ સંસારમાં એક વખતનો પિતા, પોતાની પુત્રીને પણ પોતાના પત્ની બનાવતાં કંઇ વિચાર નથી કરતો. સંસારનું સાચું સ્વરૂપ સમજવું હોય તેમને તો આટલી હકીકત જ બસ થવી જોઇએ. કાળબાણ સુરે પિશાચનું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્વરૂપ ધરી, કેવી રીતે વિદ્યાઓનો અપહાર કર્યો અને ત્હારા પુત્રને સમુદ્રમાં ફેંકી દીધો અને તે પછી પોતાના હૃદયને વિષે સંતોષ અનુભવતો એ પિશાચ સુરસુંદરીને કેવી રીતે લઇ ગયો એ બધું તું જાણી શક્યો છે. સુરસુંદરીને તે લઇ જતો હતો તે જ વખતે એ પિશાચનો ચ્યવનકાળ આવી લાગ્યો તેથી આ બાળા આકાશમાંથી ઉદ્યાનમાં પડી. તારો પુત્ર સમુદ્રમાં તરતો હતો તેને ધનદેવ વણિકનું વ્હાણુ મળી ગયું. પછી તો એ વ્હાણુ પણ ભાંગ્યું-સમુદ્રની અંદર જ આરોહીઓ છૂટા પડી ગયા. સદ્ભાગ્યે તારા પુત્રના હાથમાં એક પાટીયું આવ્યું અને તે કિનારે પહોંચ્યો. પ્રિયંવદાએ તેને જોયો અને પોતાના સ્થાનમાં એને લઇ ગઇ. હે રાજન્! તારો પુત્ર આજ સાંજ સુધીમાં તને મળી જવો જોઇએ. તમારા પ્રશ્નોનાં બધા જવાબ એટલામાં સમાઇ જાય છે."

આચાર્ય મહારાજની સુખકર વાણી સાંભળી સુરસુંદરીએ અને બીજાં સૌને બહુ જ પ્રફુલ્લતા થઇ. સંસારની વિચિત્રતાએ સૌનાં હૃદય વીંધી નાખ્યા. રાજાએ જ્યાં સુધી પુત્રનો સમાગમ ન થાય ત્યાંસુધી આચાર્યના ચરણ પાસે જ બેસી રહેવાનો નિશ્ચય કર્યો.

ધનદેવે સુપ્રતિષ્ઠ આચાર્યની સામે બે હાથ જોડી વિનયપૂર્વક પૂછ્યું: " કનકવતીના સૈનિકોએ ઘોર સંગ્રામ કરી પલ્લી ભાંગી, અને ભીલો, સુભટો નાસી છુટ્યા ત્યારે આપ ક્યાં હતાં ? આપને આ શ્રમણપણામાં શી રીતે રૂચી ઉપજી ? "

" હે ધનદેવ ! " ગુરૂ મહારાજે શાંત સ્વરોમાં કહેવા માંડયું. "સૈનિકોની સાથે ઝઝુમતા મારો આખો દેહ વીંધાઇ ગયો--

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારૂં શરીર ચાળણી જેવું બની ગયું. ભાગ્યયોગે ચિત્રવેગ વિદ્યાધરે મને જોયો. તે મને બહુ સ્નેહના સંબંધને લઇ વૈતાઢયગિરેમાં લઇ ગયો. ઔષધીના ઉપચારથી મારા ઘા રૂઝાવા લાગ્યા. તે પછી તેણે પૂર્વના ઉપકારનું સ્મરણ કરી મને ઉત્તમ પ્રકારની "પ્રજ્ઞપ્તિ" નામની વિદ્યા આપી. મેં પણ ત્યાં રહીને વિધિપૂર્વક એ વિદ્યા સિદ્ધ કરી, હું વિદ્યાધર સાથે સિદ્ધપુર નગરમાં આવ્યો. મેં કનકવતી અને સુરથને દેશમાંથી હાંકી કહાડ્યા. સિદ્ધપુરનો રાજમુકુટ મેં મારે માથે મૂક્યો. કેટલાક કોડાકોડી વર્ષ સુધી રાજપાલન કરીને મેં મારા પુત્ર જયસેનને રાજસિંહાસને સ્થાપ્યો. બાદ મને તિવ્ર વૈરાગ્ય થવાથી શ્રી ધનવાહન કેવળી સમિપે પાંચ સો રાજકુમારો સાથે મેં દીક્ષા ગ્રહણ કરી, સાધુજીવનને ઉચિત એવી ક્રિયાઓ કરતાં શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યો અને એ રીતે હું દ્વાદશાંગીનો જાણકાર થયો. ધનવાહન કેવળીએ મને સૂરિપદને લાયક જાણી સૂરિપદવી આપી અને તેઓ પોતે શેષ રહેલાં ચાર ઘાતીકર્મોને ખપાવી નિર્વાણ પામ્યા."

સૂપ્રતિષ્ઠસૂરિએ છેલ્લું વાકય પૂરૂં કર્યું એ જ વખતે આકાશમાંથી એક વિદ્યાધર ઉતર્યો. સૂરિમહારાજને પ્રણામ કરી વિનયપૂર્વક તે કહેવા લાગ્યો:—"વૈતાઢ્ય પર્વતમાંથી આપને વધામણી આપવા માટે જ અહીં આવ્યો છું. હે રાજન્! તમારા પુત્ર મકરકેતુએ સમગ્ર વિદ્યાઓ સિદ્ધ કરી વાળી છે અને ચિત્રવેગ રાજા દીક્ષા ગ્રહણ કરવાને ઉત્સુક થએલા હોવાથી તેમણે પોતે જ મકરકેતુને પોતાના આસને સ્થાપ્યો છે. હું—આપનો ચરણાનુદાસ એમ કહેવા માગું છું કે મકરકેતુ પોતાના વિદ્યાધરોના સમૂહ સાથે આજે જ આ નગરમાં પ્રવેશશે."

વિદ્યાધરનાં વચનો સાંભળી રાજાની રોમરાજી પ્રફુલ્લ બની.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તેણે તત્કાળ પોતાના અંગ ઉપરનાં બધાં આભૂષણો ઉતારી ભેટ દઇ દીધાં. સુરસુંદરી પણ આ સમાચાર સાંભળી હર્ષોન્મદમાં આવી ગઇ. અમરકેતુ રાજા, સૂરિજીને પ્રણામ કરી સામૈયાની તૈયારી અર્થે એકદમ નગર ભણી વિદાય થયો.

ભૂપતિએ નગરપાલકને આજ્ઞા કરીઃ " આજે આખા નગરને શણગારી દ્યો, શેરીઓ અને રાજમાર્ગો સાફ કરાવો, કસ્તુરી અને કુંમકુમથી મિશ્રિત જળપાણી ઠેરઠેર છંટાવો, સુગંધી પુષ્પોના પુંજ ગોઠવાવો, ધૂપથી આકાશ ભરી દ્યો, મંદિરોના દ્વારે દ્વારે વંદનમાળાઓ બંધાવો, હવેલીની પંક્તિઓને વિચિત્ર રંગવડે વિભૂષિત કરાવો, ઘેરઘેર આંગણામાં નિર્મળ જળથી ભરેલાં સુવર્ણકલશ સ્થપાવો, વાવટાઓ–ધજા–પતાકાઓ બંધાવો, ઠેકઠેકાણે સાથીયા પુરાવો, આજ મહોત્સવનો દિવસ છે.'

ભૂપતિની આજ્ઞાનું પાલન કરવા નોકરો–ચાકરો અને પ્રજાજનો પણ દોડધામ ચલાવી રહ્યા. નાગરિકોના અંતરમાં પણ ઉત્સાહ સમાતો નથી.

એ પ્રમાણે નગરશોભાની તૈયારીઓ ચાલતી હતી તેટલામાં રાજાના અનહદ અંતઃપુરમાં પ્રિયંવદા આવી ચડી. એને જોતાં જ સુરસુંદરી સામે જઇ તેને ભેટી પડી. સુરસુંદરીના અંગેઅંગમાંથી આનંદની ધારા વહી નીકળી.

" બ્હેન પ્રિયંવદા ! " આસન ઉપર બેસારતાં સુરસુંદરીએ પૂછ્યુંઃ " મને પેલો દુષ્ટ વૈતાલ ઉપાડી ગયો તે પછી શું બન્યું ? "

" એ વખતે હું એનો હુંકાર સાંભળતાં જ પૃથ્વી ઉપર મૂર્ચ્છિત બની ઢળી પડી. " પ્રિયંવદાએ પોતાનું વૃતાંત કહેવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ાંહ્યું. " મૂર્છા ઉતર્યા પછી હું બહુ શોકાતુર બની ગઇ. મારો
ાઈ હજી સુધી કેમ નહી આવ્યો હોય ? પેલા પિશાચે એનું કંઈ
નનીષ્ટ તો નહી કર્યું હોય ? તેની એવી ચિંતામાં હું ત્યાંથી ઉઠી
માસપાસ ફરવા લાગી. નજીકના કોઈ પ્રદેશમાં તારો પત્તો ન લાગ્યો.
ત્નદ્વીપના ચારે ખૂણામાં ફરી વળી. મને લાગ્યું કે પૃથ્વી ઉપર નહીં
ો આકાશમાં કદાચ એની ભાળ મળે, એવા આશયથી હું આકા-
ામાં તારી શોધ કરવા લાગી. આકાશ આખું શોધી વળી, પણ
ારા વાવડ ન મળ્યા. પૃથ્વી અને નભોમંડળ ખુંદી વળ્યા પછી
રિઓ તપાસવાની વૃત્તિ ઉપજી. સમુદ્ર ઉપર દૃષ્ટિપાત કરતાં તરંગો
પર તણાતા મ્હારા ભાઈ મકરકેતુના મને દર્શન થયા. મેં એમને
ા જ ક્ષણે સમુદ્રના તરંગાઘાતમાંથી ઉપાડી, શ્રી આદિનાથ
ગવાનના પાસેના જ મંદિરમાં મૂકી દીધા. મકરકેતુ જેવો
દ્યાસિદ્ધિવાળો મારો ભાઇ દરિયામાં શી રીતે પટકાયો ? તે હું
મજી ન શકી, પણ પછી જ્યારે એણે પોતે ખુલાસો કર્યો
યારે સમજી કે પેલા દુષ્ટ વૈતાલે જ તેની વિદ્યાઓનો નાશ
ર્યો હતો. મકરકેતુએ તારા સમાચાર પૂછ્યા એટલે મેં કહ્યું
ે ભાઇ તેણીને પણ પેલો પિશાચ જ હરી ગયો છે. આ વાત
ાંભળતા મારા વીરાનું અંતઃકરણ ઘવાયું અને તેને મૂર્છા
ાવી ગઇ. કેટલાક શીતોપચાર કરવાથી તે શુદ્ધિમાં આવ્યો,
ણ હૃદયના ઉંડા જખમ એમ થોડા જ રૂઝાય છે ?
ારંવાર તે નિરાશ અને ગમગીન જેવો બની જતો.
મારી આવી સ્થિતિ સાંભળી મારા પિતા પણ ત્યાં આવી
હોંચ્યા. તેઓ અમને વૈતાઢ્યપર્વતમાં લઇ ગયા. મકરકે-
ુના અંતરની વ્યથા તેઓ બરાબર સમજ્યા. તેમણે સઘળા



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ખેચર–કુમારોને બોલાવી આજ્ઞા કરી કે:–" છ–ખંડ ભરતક્ષેત્રની અંદર જેટજેટલાં ગામ, નગર, આકર, પટ્ટણ હોય તે બધાં શોધી વળો અને અત્યારે સુરસુંદરી કયાં છે તેનો પત્તો મેળવીને મને ખબર આપો." વિદ્યાધરો સુરસુંદરીની શોધમાં રવાના થયા. મકરકેતુ વિરહની વ્યથા ભોગવતો માંડમાંડ દેહ ટકાવી રહ્યો.

એટલામાં એક દિવસે ચાર જ્ઞાનના ધારક, દ્વાદશાંગીમાં પ્રવીણ એવા દમઘોષ નામે એક ચારણમુનિ અમારા સહસ્રામ્રવનમાં આવી ઉતર્યા. એમને વાંદવા માટે મારા પિતા કુમારને સાથે લઈ મુનિજી પાસે ગયા. મુનિવરે અપૂર્વ ધર્મદેશના સંભળાવી. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહત્યાગ વિગેરે વિષયોનું મહત્ત્વ વિસ્તારથી વર્ણવ્યું. જેઓ આ પાંચ વ્રતોનું બરાબર પાલન કરે છે તેઓ વ્યાધિ, જરા, મૃત્યુ, શોક, પ્રિયવિરહ જેવા દુઃખોથી હેરાન થતાં નથી અને ભવસાગર તરી જાય છે.

મુનિરાજની દેશના પૂરી થતાં, કુમારે બે હાથ જોડી મુનિરાજને પૂછ્યુંઃ " ભગવન્ ! પેલા દેવે મારી વિદ્યાઓનો ઉચ્છેદ શા સારૂ કર્યો હશે ? " મુનિરાજ વૈરના મૂળ કારણો પોતાના જ્ઞાનબળથી વર્ણવતાં હતાં તે સાંભળતાં મકરકેતુ કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું.

પોતાના પૂર્વભવનું સ્મરણ થતાં કુમારે ગળગળા કંઠે જવાબ આપ્યોઃ " ભગવન્, આપનું કથન સંપૂર્ણ સત્ય છે. "

" પણ ભગવન્ ! દેવે સુરસુંદરીને કયાં મૂકી હશે ? " કુમારે બીજો ખુલાસો માગ્યો. એના જવાબમાં મુનિરાજે જણાવ્યું

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

:—" તેનો ચ્યવનકાળ આવી પહોંચ્યો હોવાથી, દેવના હાથમાં હેલી સુરસુંદરી આખરે આકાશમાંથી કુસુમાકર ઉદ્યાનમાં પડી અને હાલમાં તે હસ્તિનાપુરમાં તમારી માતા કમલાવતી પાસે છે."

"ત્યારે શું આ ચિત્રવેગ અને કનકમાળા મારા માતા-પિતા નથી ?" કુમારે ભારે આશ્ચર્ય દર્શાવતાં ઉચ્ચાર્યું.

મુનિરાજે કરૂણાબુદ્ધિએ ભૂતકાળનો આખો પડદો ઉંચક્યો. એ પોતે કોનો પુત્ર છે ? શી રીતે અહીં આવી ચડ્યો છે તે તેને દિવા જેવું સમજાયું. એનું હૃદય ખીલેલા કમળ જેવું પ્રફુલ્લ બન્યું. ચિત્રવેગ રાજાએ પોતે કહ્યું કે–" કુમાર ! પૂર્વભવનો વૈરી દેવ તારૂં હરણ કરશે અને ચિત્રવેગ વિદ્યાધરેં ત્યાં તું મ્હોટો થશે એ પ્રમાણે દેવભવમાં રહેલા તેં જ પ્રથમ કહ્યું હતું તે હાલમાં તને કેમ સાંભરતું નથી ? વાત આજે ખરી પડી છે. એમાં શોક કે પસ્તાવો કરવા જેવુ કંઇ જ નથી. હવે તું ફરીથી તારી વિદ્યાઓ સિદ્ધ કર. અમારાં ચિત્ત હવે સંસારભ્રમણથી ખિન્ન બન્યાં છે, એટલે તને મારા સ્થાનમાં સ્થાપી અમે દીક્ષાવ્રત ગ્રહણ કરવા ઉત્સુક બન્યા છીએ."

"હે સુરસુંદરી, કુમારને પિતા એ પ્રમાણે કહેતા હતા તે વખતે શ્રી દમઘોષ મુનિને વાંદવા એક ધરણેંદ્ર અચાનક ત્યાં ઉતરી આવ્યા. કેટલીય વાર સુધી તેઓ મકરકેતુ સામે એકી-ટસે નીહાળી રહ્યા અને અંતે બોલ્યાઃ "કુમાર ! તમે મને ઓળખો છો ?"

મકરકેતુ જવાબ આપે તે પહેલાં જ તેમણે કહેવા માંડયુંઃ "ભીમરથ નામે હું પૂર્વ ભવમાં તમારો પિતા હતો. તમે મને

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બહુ પ્રિય હતા. તમારી માતાનું નામ કુસુમાવલી અને તમારૂં પોતાનું નામ કનકરથ. તમે એક સ્ત્રીના પ્યારમાં ગાંડા થઇ ગયા અને દેશ-દેશાંતર ભમતા દૂર ચાલ્યા ગયા. અમે તમારી ઘણી ઘણી શોધખોળ કરી, પણ કંઇ પતો ન લાગ્યો. આખરે ત્હમારા નાના ભાઇને-વજ્રરથને ગાદી ઉપર બેસાડ્યા. મ્હેં વૈરાગ્ય-રંગથી પ્રેરાઇ દીક્ષા લીધી. વિધિપૂર્વક દીક્ષાવ્રત પાળી હું સૌધર્મ દેવલોકમાં સાત પલ્યોપમનું આયુષ બાંધી દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી આ ભરતક્ષેત્રમાં ચંપા નગરીને વિષે દધિવાહન રાજાની કુસુમશ્રી ભાર્યાની કુક્ષીએ પુત્રપણે હું ઉત્પન્ન થયો. જન્મ સમયે મારૂં નામ પ્રભંકર રાખવામાં આવ્યું.

મારા પિતા મદિરાના કેફમાં હતા તે વખતે રાજલોભને લીધે વિમળ-મંત્રીએ તેમનું ખૂન કર્યું. રાજ્યલક્ષ્મી પોતે પચાવી બેઠો. હું એ વખતે માત્ર ત્રણ જ મહીનાનો હતો. મારી માતા બહુ ભયભીત બની ગઇ. મારૂં અને પોતાનું રક્ષણ શી રીતે કરવું એની ચિંતામાં માતાએ નાસી છુટવાનું પસંદ કર્યું. તે છાનીમાની નાસીને વિજયનગર પહોંચી. અહીં તો શંખ રાજા મારો મામો થતો હતો. હું યૌવનવયમાં આવ્યો અને મંત્રીની દુષ્ટતાનું મને ભાન થયું એટલે વિમલમંત્રીની સામે મેં યુદ્ધ જાહેર કર્યું. એ યુદ્ધમાં મંત્રી મરાયો અને મેં મારા પિતાની ચંપાનગરી સર કરી. વિમલના પુત્રો પણ મારી ધાકથી નાસી છુટ્યા. તેઓ હસ્તિશીર્ષ નગરના રાજા જિત-શત્રુની સેવામાં જોડાઇ ગયા.

મેં ઘણો વખત નીતિપૂર્વક રાજસૂત્ર ચલાવ્યું. પ્રજાનું નિષ્પક્ષપાતપણે રક્ષણ કર્યું. પ્રજાની આબાદી દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગી. મારા પરાક્રમથી મુગ્ધ બનેલા પાડોશી રાજ-

P.P. Ac. Gunratnasuri M.S.　　　　Jun Gun Aaradhak Trust

એ પણ મારું નામ સાંભળી થરથર ધ્રુજતા. મારે કોઈ શત્રુ જ ન રહ્યો. હું એ વખતે મદોન્મત હાથીઓની સામે પણ દ્વંદ્વયુદ્ધ ખેલી શકતો. મુઠીના એક પ્રહાર માત્રથી હાથીના દાંડ પણ ભાંગી શકતો. પ્રભંકર એટલે અજોડ બાહુબળી એવી મારી ખ્યાતી ફેલાઇ. ધીમે ધીમે મને સદ્‌ગુરૂની વાણી સાંભળી વૈરાગ્ય ઉપજયો. મને સંસારની બધી વસ્તુઓ નાશવંત અને પરિણામે દુઃખકર ભાસવા લાગી. પછી સંસાર તજી મેં દીક્ષા લીધી. ગુરૂની પાસે એવો અભિગ્રહ લીધો કે મારે જીવનભર મહીને મહીને પારણું કરવું.

એ સ્થિતિમાં એક વાર હું હસ્તિશીર્ષ નગરમાં જઇ ચડ્યો. મહિનાના ઉપવાસને અંતે પારણા માટે નગરમાં પરિભ્રમણ કરતો હતો તેવામાં એક ગર્વિષ્ટ સાંઢના ઝપાટે ચડયો અને મારો જર્જરિત દેહ પટકાઇને પૃથ્વી ઉપર પડયો. વિમલના પુત્રોએ આ દેખાવ જોયો. એમાંનો એક બોલ્યો–" ક્યાં ગયું તારૂં બધું બળ ? એક વખત ગાંડા હાથીઓને થંભાવીને ઉભા રાખતો તે બધું અભિમાન ક્યાં ઉડી ગયું ?"

એ પ્રમાણે બોલીને જ બેસી ન રહેતાં તેમણે પોતાના પિતાના વૈરને સંભારી મારી ઉપર પથરા અને લાકડાના કકડા પણ ફેંકવા માંડ્યા. એક જણ તો ઘોડા સાથે મારી તરફ ધસી આવ્યો. હું ભાન ભૂલ્યો. મેં લાકડાનો એક મોટો સ્તંભ પડ્યો હતો તે ઉપાડી, ક્રોધમાં ને ક્રોધમાં જ તેમની તરફ ફેંકયો અને કહ્યું:— " નામર્દો ! લેતા જાવ ! સિંહ ગમે એટલો નબળો હોય, પણ શું શીયાળીયા એની સામે કોઇ દિવસ ફાવી શકે ?"

મેં ફેંકેલો સ્તંભ એમના માથા સાથે અફળાયો અને મંત્રીના પુત્રો પણ પિતાના જ માર્ગે પરલોક પહોંચ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારો ક્રોધ શમ્યો ત્યારે મેં કેવું ઘોર કર્મ કર્યું હતું તે મને સમજાયું. એ પાપના પ્રાયશ્ચિત અર્થે અનશન વ્રત ગ્રહણ કર્યું, પણ લજ્જાને લીધે મેં મારા દુષ્કર્મની વાત ગુરૂ-મહારાજને ન કરી તેથી આલોચના કર્યા વિના મ્હારૂં ચારિત્ર ખંડિત થયું. ત્યારબાદ હું કાળ કરીને ધરણેંદ્ર થયો. તે જ હું પોતે અત્યારે તારી પાસે આવ્યો છું. હવે તું ખેદ કરીશ મા. હું તને પ્રજ્ઞપ્તિ આદિ સર્વ વિદ્યાઓ આપું છું."

ધરણેંદ્રની વાત સાંભળી કુમારે ધરણેંદ્રના ચરણકમળમાં પ્રણામ કર્યા અને કહ્યું:-"આપનો મોટો ઉપકાર માનું છું." બીજા વિદ્યાધરોએ અને પિતાએ પણ એ ધરણેંદ્રનું બહુમાન કર્યું. પછી તેઓ પોતાના સ્થાનને વિષે ચાલ્યા ગયા.

ચિત્રવેગ ચક્રવર્ત્તીએ તેમ જ ચિત્રગતિએ પણ ભારે ધામ-ધૂમ સાથે, પોતાના સ્થાનમાં કુમારનો રાજ્યાભિષેક કર્યો. વૈતાઢયપર્વતમાં કુમાર વિદ્યાધરોનો ચક્રવર્તી બન્યો. સર્વ વિદ્યાધરોએ પોતપોતાની કન્યાઓ તેને આપવા ઇચ્છયું, પણ મકરકેતુ કુમારે કહ્યું કે:-"જ્યાં સુધી નરવાહનની કન્યા સુરસુંદરી સાથે મારો વિવાહ ન થાય ત્યાં સુધી બીજી કોઇ કન્યા સાથે હું લગ્ન નહીં કરૂં." ભાનુવેગે કુશાગ્રપુરમાં જઇ, નરવાહન રાજાને મળી સુરસુંદરીને મેળવવાનું વચન આપ્યું. મકરકેતુને સ્હેજ આશા બંધાણી. તેણે કહ્યું:-"હવે એ બાબતમાં વધુ વિલંબ ન કરશો. તે દરમીયાન અમે પણ પિતાની આજ્ઞા લઇ હસ્તિનાપુરમાં જઈ આવીએ. હજી સુધી અમે માતા-પિતાનાં દર્શન નથી કર્યાં. મા-બાપના ચરણકમળમાં વંદના કરવાની કોને ઇચ્છા ન થાય?" ભાનુવેગ પોતાનું કામ સાધવા રવાના થયો અને અમે આ તરફ આવવાની તૈયારી કરી રહ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આજે સારામાં સારૂં મુહૂર્ત્ત હતું એટલે પિતાએ સૌ વિદ્યા-
ધરોને બોલાવી પ્રયાણની સામગ્રી તૈયાર કરાવી. મને તારા દર્શ-
નની એટલી બધી તાલાવેલી લાગી હતી કે પિતાની આજ્ઞા લઇ
સૌ પહેલી તારી પાસે દોડી આવી. ”

પ્રિયંવદા અને સુરસુંદરી વચ્ચે આ પ્રમાણે વાતચીત ચાલતી
હતી તે સમાચાર મહારાજાને કાને પડ્યા. મહારાજાએ ખૂબ હર્ષા-
વેશમાં આવી કુમારનું સામૈયું સારામાં સારી રીતે કરવાનો
હુકમ આપ્યો.

મહારાજાનો હુકમ થતાં જ, વિવિધ પ્રકારનાં વાજીંત્રો
ગગનભેદી ધ્વનિ જગાવી રહ્યા. નૃત્યકુશળ વારાંગનાઓ નૃત્ય
અને ગીત લલકારવા લાગી. નટ વિટાદિકોએ કૌતુક કરી જન-
સમૂહને રીઝવવા માંડ્યા—ટુંકામાં સારાયે શહેરમાં આનંદ
ઉલ્લાસની ઝડી વરસી રહી.

મહારાજા અમરકેતુ, ગજેંદ્ર ઉપર બેસી, પુત્રનું સ્વાગત
કરવા સઘળા વૈભવ સાથે બ્હાર આવ્યો. રાજાની પાછળ અધિ-
કારીઓ અને પ્રજાનાં ટોળાં ઉભરાવા લાગ્યાં. ધીમે ધીમે મહારાજા
નગર બ્હાર નીકળ્યા.

એટલામાં આકાશમાં દૂર દૂર એક વિમાન ઉડતું પોતાની
તરફ આવતું દેખાયું. ધ્વજ અને છત્રાદિકનાં ચિન્હો ઉપરથી
કોઇ મોટા ચક્રવર્તીનું સૈન્ય હોય એ વિષે કોઇને કંઈ શક ન
રહ્યો. થોડે નજીક આવતાં સૈન્યની મધ્ય ભાગમાં અનેક પ્રકારનાં
મણિ—રત્નોથી વિભૂષિત એક મનોહર વિમાન ઝળકી રહ્યું. એ
વિમાનમાં વિદ્યાધરેંદ્ર મકરકેતુ પોતે બેઠો હતો.

પિતાના દર્શન થતાં જ મકરકેતુએ પોતાનું વિમાન નીચે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઉતાર્યું અને પિતાના ચરણમાં નમી પડ્યો. મહારાજા અમરકેતુની આંખોમાં વાત્સલ્યનો અમી પ્રવાહ છલકાયો. એમણે પુત્રને છાતી સાથે ચાંપ્યો અને મસ્તક ઉપર વ્હાલથી ચુંબન લીધું.

પિતા-પુત્રે નગર-પ્રવેશ કર્યો. સેંકડો માગધ-લોકોએ સ્તુતિના સ્નેહ-ધોધ વહાવ્યા—નગરજનોએ અભિનંદન અને માંગલિક ઉપચારવડે એમને સત્કાર્યા. મહારાજાના મહેલ પાસે સૌ છૂટા પડ્યા. કુમારને લઇ રાજા પોતાના અંતઃપુરમાં દાખલ થયો. ત્યાં ઘણા દિવસની દર્શનતરસી માતા બેઠી હતી. મકરકેતુએ દૂરથી જ માતાને પ્રણિપાત કર્યા. હર્ષઘેલી માતા સામે આવી પોતાના પુત્રને ભેટી પડી. માતા અને પિતાની આંખમાંથી સ્નેહની સરિતાઓ છૂટી.

"બેટા, પુત્રના વિરહમાં પણ જે માતાનું હૃદય વગર ચીરાયેલું રહે તે માતા કેટલી કઠોર હોવી જોઈએ ?" માતાના મુખમાંથી એવી મતલબના ઉદ્ગાર સરી પડ્યા. મકરકેતુ એ શબ્દનો અર્થ અને આશય સમજી ગયો. તેણે આશ્વાસન આપતાં માતાને કહ્યું:—"માજી, દૈવની ઘટના ઘણી વિચિત્ર હોય છે. કર્મને આધીન એવાં પ્રાણીઓ-આપણે બીજું શું કરી શકીએ ? બ્રહ્માને પણ એ કર્મસત્તા મૂકતી નથી. એને બીચારાને કુંભારની જેમ રાતદિવસ સૃષ્ટિનાં ઘાટ ઘડવા પડે છે. શંકર, વિષ્ણુ અને સૂર્ય પણ એ કર્મરાજાની આજ્ઞામાં રહી પોતપોતાનાં કામ કર્યે જાય છે; માટે હે માજી ભૂતકાળમાં જે કંઈ બન્યું હોય તે ભૂલી જાઓ."

ઘણે વખતે પુત્રને ભેટેલી માતાએ પુત્રના મંગળ અર્થે, એને મણિ-રત્નખચિત એક બાજોઠ ઉપર બેસાર્યો અને કેટલાંક

P.P. Ac. Gunratnasuri M.S.　　　　Jun Gun Aaradhak Trust

ાંગલિક ઉપચાર પણ કર્યાં. માતાને એ વખતે એટલો બધો ાનંદ થયો કે જગતના કોઇ આનંદની સાથે એની તુલના થઇ ાકે નહીં.

બીજી તરફ ભાનુવેગ વિદ્યાધરે કુશાગ્રનગરમાં જઇ નરવાહન ાજાને સાથે વાતચીત શરૂ કરી. નરવાહને કહ્યુઃ–"મકરકેતુ સેવાય, મારી કન્યાને યોગ્ય કોઇ પાત્ર નથી. માગણીઓ તો ાણા ઘણા કુમારોની આવી ગઇ, પણ મેં તે વિનયપૂર્વક પાછી ાળી છે. સુરસુંદરી, મકરકેતુને અર્થે જ જન્મી છે અને જીવે છે. એના જન્મ વખતે, જ્ઞાની–દિવ્ય પુરૂષોએ કહ્યું હતું કે આ કન્યા વિદ્યાધરોના ચક્રવર્તીની ભાર્યા બનશે. શત્રુંજય રાજા સાથે જ્યારે હું યુદ્ધમાં ઝઝુમતો હતો અને મોટા સંકટમાં આવી પડ્યો હતો તે વખતે પણ મકરકેતુએ જ મને બચાવ્યો હતો. એણે જ મને જીવિતદાન આપ્યું છે. સુરસુંદરી એને આપવાનો મેં નિર્ણય કરી રાખ્યો છે."

નરવાહને તત્કાળ જોષીને બોલાવ્યો અને કોઇ પણ પ્રકારના દોષ વિનાનું–સંપૂર્ણ શુદ્ધ લગ્ન–મુહૂર્ત્ત કાઢી આપવા કહ્યું. જોષીએ બધા યોગાયોગનો વિચાર કરી કહ્યું:—" હે નરેંદ્ર ! આજથી ત્રીજે દિવસે રાત્રીના છેલ્લા પ્રહરમાં બહુ સારૂં લગ્ન આવે છે. એના જેવું બીજું સારૂં મુહૂર્ત્ત હમણાં પ્રાપ્ત થઇ શકે એમ નથી."

આટલા ટુંકા સમયમાં લગ્નની મોટા પાયા ઉપર તૈયારીઓ શી રીતે કરવી એ નરવાહનને મોટી મુંઝવણ થઈ પડી. તે આ લગ્નોત્સવને પોતાના જીવનની એક મોટી લ્હાણુ સમજતો હતો. મુંઝવણને લીધે એ સ્હેજ ઉદ્વિગ્ન જેવો દેખાયો.

ભાનુવેગે કહ્યું:–" રાજન્, એમાં મુંઝાવા જેવું છે જ શું ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મારી સાથે આપ સૌ હસ્તિનાપુર ચાલો. ત્યાં બધાં સારાં વાનાં થશે. " નરવાહન સમ્મત થયો.

ભાનુવેગે પોતાના દિવ્ય વિમાનમાં અમને બેસાર્યા. પોતાની સાથે કેટલીક લગ્ન–સામગ્રી લઈ રાજા પોતાના પરિવાર સાથે હસ્તિનાપુર તરફ વિદાય થયો.

એટલામાં તો ચિત્રગતિ અને ચિત્રવેગ પણ સમાચાર સાંભળી આવી પહોંચ્યા.

અમરકેતુ મહારાજાએ સૌનો ખૂબ સ્નેહ અને સન્માન સાથે સત્કાર કર્યો. શુભ મુહૂર્ત્તે લગ્નની તૈયારીઓ પણ થઈ ગઈ. ધરતી ઉપર જાણે કે એ દિવસે સોનાનો સૂર્ય ઉગ્યો હોય અને આનંદ–પ્રમોદની રેલમછેલ થઈ રહી હોય એમ સૌ કોઈને લાગ્યું. રાજાએ કુલાચાર પ્રમાણે મંગલોત્સવ કર્યો– ભૂપતિઓ અને વિદ્યાધરોનું ઉચિત સન્માન કર્યું. યાચકજનોને મ્હોટાં દાન અપાયાં. સર્વ જૈન મંદિરોમાં ભક્તિ–ઉલ્લાસભર્યાં મહોત્સવો ઉજવાયા–જિનેંદ્રભગવાનની પ્રતિમાઓની મહાપૂજાઓ યોજાઈ. મુનિસંઘનો પણ બહુ ભક્તિભાવપૂર્વક સત્કાર કરવામાં આવ્યો. સામંત લોકોને પણ હાથી, ઘોડા, રથ, ગામ, ચાકર, નગર અને પત્તનાદિક ભેટ અપાયાં.

એ બધું પતી ગયા બાદ અમરકેતુ રાજા પોતાના પરિવાર સાથે એક દિવસે આચાર્ય મહારાજને વાંદવા પધાર્યા. સૂરીશ્વરને વંદન કરી, સર્વ મુનિઓને સુખશાતા પૂછી અમરકેતુ ભૂમિ ઉપર બેઠા. આચાર્યમહારાજે, જિનેંદ્રભગવાને પ્રરૂપેલા ધર્મનો સાર સંભળાવ્યો. શરીર નાશવંત છે. શરીર જેવી ક્ષણિક વસ્તુઓ ઉપર મોહ રાખવો એ ખોટું છે. વૈભવ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એટલે સંપત્તિનો સંયોગ એ પણ ઝાંઝવાના જળ જેવું જ સમજવું. દાનાદિક સત્કાર્યો કરવામાં જ જીવનની સફળતા છે. મૃત્યુ અનિવાર્ય અને નિશ્ચિત છે. જ્ઞાની અને વિરાગી પુરૂષોને એ કંઇ વિઘ્ન કરી શકતું નથી. હંમેશા ધર્મનો જ સંગ્રહ કરવો જોઇએ. જેઓ એમ કરી શકતા નથી તેઓ પ્રમાદમાં પડી રહી, મહામૂલ્યવંતા માનવદેહને હારી જાય છે.

એ પ્રમાણે ધર્મદેશના પૂરી થતાં કમલાવતીએ સૂરીશ્વરને સવિનય પૂછયું:–"હે ભગવન્, મ્હેં જન્માંતરમાં એવું તે કયું પાપકર્મ કર્યું હતું કે જેથી પુત્રવિયોગ જેવું દુઃખ મારે સહેવું પડ્યું ?"

શ્રી સૂરીશ્વરે મધુર વાણીમાં એ પ્રશ્નનો ખુલાસો કરતાં કહ્યું:–"હે દેવાનુપ્રિયે ! એ વૃત્તાંત સ્હેજ વિસ્તૃત છે. તમે શાંતિથી સાંભળો:

અવરકંકા નગરીમાં, અંબડ નામનો એક ગૃહસ્થ તથા તેની અક્ષુબ્ધા નામની ભાર્યા રહેતાં હતાં એ વાત પહેલાં પણ તમે સાંભળી ચૂકયા છો. એને મંડણ, મલ્હણ અને ચંદણ નામના પુત્રો હતા એ પણ જાણો છો. અંબડ વણિક ભવભ્રમણ કરતો, આ ભરતક્ષેત્રમાં–મરૂદેશમાં હર્ષપુર ગામની અંદર અર્જુન નામે ગામેતી થયો. અક્ષુબ્ધા પણ એ જ રીતે ભવભ્રમણ કરતી એની બંધુશ્રી નામે ભાર્યા થઇ. બહુ ઓછ કષાયવાળા, દયાધર્મી આ સ્ત્રી–પુરૂષના દિવસો આનંદમાં–સં તોષમાં વીતતા હતા. એક વાર વર્ષાઋતુના વાદળ ઘેરાય વર્ષા પડ ઘોધમાર વર્ષાદને લીધે સ્થળે સ્થળે પાણી ઉભરાયાં. ખેડુતો ખેતી કરવા તૈયાર થાય છે તેમ અર્જુન પણ પોતા સ્ત્રીની સાથે ખેતી કરવા તત્પર થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અર્જુનના ખેતર પાસે એક મૃગ–મૃગલીનું જોડું રહેતું હતું. મૃગલી એ વખતે સગર્ભા હતી. અર્જુનના ખેતરના સીમાડા ઉપર જ એ મૃગ ઘાસનો ચારો ચરતો હતો. એક વાર એ જોડું અર્જુનના ખેતરમાં જઇ પહોંચ્યું. અર્જુને એ જોયું અને હોકારા કરતો ઉભો થઇ ગયો. ગર્ભના ભારથી માંડમાંડ ગતિ કરતી મૃગલીને ભાગતાં ભોં ભારે થઇ પડી. આગળ મૃગલો, એની પાછળ મૃગલી અને એ બન્નેની પછવાડે અર્જુન હો–હો કરતો દોડતો હતો. મૃગલી બહુ દોડી શકી નહીં. થોડે દૂર જતાં જ હાંફી ગઇ અને જાણે તીરથી ઘવાઇ હોય તેમ તરફડતી પૃથ્વી ઉપર પડી. મૃગલો વારંવાર અર્જુન તરફ સકરૂણ નજરે નીહાળતો સીમાડાની બ્હાર નીકળી ગયો; છતાં મૃગલીના વિયોગને લીધે તેનું અંતર હાય પોકારી રહ્યું.

અર્જુનને મૃગલીની દયા આવી. તેણે એના શરીર ઉપર થોડું ટાઢું પાણી સીંચ્યું. મૃગલીના અંતરમાં કંઈક ટાઢક વળી. એ જ વખતે મૃગલીને પ્રસવ થયો. કોદરાના સરખા વર્ણવાળો, મુગ્ધ સ્વભાવવાળો એક મૃગશિશુ, મૃગલીની હુંફમાં નિરાંત કરીને રહ્યો. મૃગલી એને સ્નેહથી ધવરાવતી, આખું શરીર સુંઘતી અને એ રીતે એની ઉપર વાત્સલ્યનો અભિષેક કરતી.

બંધુશ્રી, મૃગલીની આ વાત્સલ્યક્રીડા અહોનિશ નીરખતી. તેને રોજ રોજ નવા લાડ લડાવતી. એનાં કંઠે રેશમી દોરો બાંધી આનંદ પામતી. એમ કરતાં કેટલાક દિવસ વીતી ગયા. મૃગલીને જરા શુદ્ધિ અને શક્તિ આવી એટલે બચ્ચાને ત્યાં પડતું મૂકી, પોતાના સ્વામી પાસે દોડીને પહોંચી ગઇ. જ્યારે જ્યારે એને પોતાનું બચ્ચું યાદ આવે છે ત્યારે ત્યારે તે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ભયથી કાંપતી-ડરતી ત્યાં જાય છે ખરી, પણ ઠેઠ પાસે પહોંચી શકતી નથી. પુત્રવિરહે માતાની જે દશા થાય તેવી જ આ મૃગલીની દશા થઇ. શોકને લીધે તે પૂરું ઘાસ ચરી શકતી નથી. પાણી પણ નથી પીતી. કોઈ ગાંડી નારીની જેમ ભૂખી-તરસી આસપાસ ભમ્યા કરે છે. વાણી વિના એ પોતાનું દુઃખ શી રીતે કહે ?

બંધુશ્રીને આ દેખાવ જોઇ દયા આવી. તેણીએ બચ્ચું છૂટું મૂકી દીધું. તે પોતાની જનેતાને જઇ મળ્યું. મૃગ-મૃગલી અને મૃગશિશુના દિવસો સુખ-શાંતિમાં વીતવા લાગ્યા.

એ અર્જુન કૃષિકાર દયાના પ્રભાવથી કાળે કરીને અમરકેતુ રાજા થયો. બંધુશ્રી પણ મનુષ્યનું આયુષ બાંધી ત્યાંથી મરીને અહીં તું કમલાવતી દેવી થઈ. તમારી આજની પ્રીતિ પૂર્વભવથી ચાલી આવે છે. આજે તમે જે વૈભવ અને સુખ ભોગવો છો તે બધું જીવદયાના જ પ્રતાપે છે. તમે મૃગ-મૃગલી વચ્ચે થોડી ક્ષણોનો વિયોગ કરાવ્યો હતો તેના પ્રતાપે તમારે પરસ્પરનો આટલો વિરહ સહેવો પડયો. મૃગલી અને તેના બાળક વચ્ચે તમે જે વિછોહ પડાવ્યો હતો તેને લીધે તમે એવું કર્મ બાંધ્યું કે જેથી તમારે આટલો પુત્રવિરહ ભોગવવો પડયો. પ્રાણીઓના ભાવની વિશેષતાને લીધે ક્ષણ માત્ર કરેલું શુભ કિંવા અશુભ કર્મ બહુ લાંબા વખત સુધી વિપાકને ઉત્પન્ન કરે છે. એટલા માટે હે ભવ્યાત્માઓ, પ્રમાદથી ઉપાર્જન કરેલા કર્મનો વિપાક જાણીને કર્મબંધના કારણભૂત પ્રમાદનો સર્વથા ત્યાગ કરો."

ગુરૂમહારાજની આવી અદ્દભુત વાણી સાંભળી લોકોના અંતરમાં વૈરાગ્યની જયોતિ વિકસી. સંસારના દુઃખથી ભય પામી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કેટલાય દીક્ષા લેવા તૈયાર થઈ ગયા. વિશુદ્ધ લેશ્યાવડે વર્તમાન એવાં રાજા અને રાણીને ઉહાપોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન ઉપજ્યું. પૂર્વભવના સ્મરણ માત્રથી એમના ઉભયના અંતર સંવેગરંગથી રંગાઇ ગયાં. ચારિત્રાવરણીય કર્મનો ક્ષય થતા ચારિત્રના પરિણામ જાગ્રત થયાં.

સંસારવાસથી ભય પામેલા મહારાજા અમરકેતુએ પોતાના સ્થાને પુત્રનો રાજ્યાભિષેક કર્યો અને બીજી બધી વ્યવસ્થા કર્યા પછી કમલાવતી દેવી સાથે ગુરૂદેવની પાસે દીક્ષા અંગીકાર કરી.

ધનદેવ શ્રેષ્ઠીએ પણ શ્રીદેવ નામના પોતાના પુત્રને ગૃહભાર સોંપી, પોતાની સ્ત્રી સાથે દીક્ષાવ્રત ગ્રહણ કર્યું.

ચિત્રવેગે પણ કામ-ભોગની ભયંકરતા નિઃસારતા અનુભવી ચિત્રગતિ આદિ વિદ્યાધરો સાથે ગુરૂ-મહારાજના ચરણકમળમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

કનકમાળાએ પણ સૂરિજીના પ્રવચનથી પ્રબોધ પામી, પ્રિયંગુમંજરી વિગેરે વિદ્યાધરીઓ સાથે ચારિત્રવ્રત લીધું.

નરવાહન રાજાએ પણ મકરકેતુને રાજ્ય સોંપી, સુપ્રતિષ્ઠ કેવળીભગવાન પાસે દીક્ષા લીધી.

એ પ્રમાણે અમરકેતુ રાજાની સાથે વિદ્યાધર અને રાજાઓ મળી દશ હજાર તેમજ કમલાવતી આદિ વીસ હજાર સ્ત્રી સહિત-એકંદરે ત્રીશ હજાર જણે શ્રી કેવલી ભગવાન પાસે એક સમયે દીક્ષા લીધી. એ સમયે સંનિહિત દેવતાઓએ તે સર્વ ભવ્ય જીવોને વસ્ત્ર-પાત્રાદિક મુનિને યોગ્ય એવાં ઉપકરણો આપ્યા.

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

દીક્ષોત્સવ સંપૂર્ણ થયા પછી મકરકેતુએ વિનંતી કરી કે "ભગવન, સર્વવિરતિરૂપ ચારિત્રવ્રત પાળવામાં હું અશક્ત છું. એક ગૃહસ્થ તરિકે હું કઇ રીતે આત્મકલ્યાણ સાધી શકું કૃપા કરીને મને કહો."

ગુરૂ મહારાજે કહ્યું–"જેઓ નિરપરાધી સ્થૂલ જીવોને પીડા આપતા નથી તેઓ પણ ક્રમે ક્રમે મોક્ષપદને પામે છે. તે જ પ્રમાણે જેઓ મન, વચન, કાયથી સ્થૂલ અસત્ય બોલતા નથી તેઓ દેવેંદ્ર તથા નરેંદ્રના સુખ ભોગવી અંતે નિર્વાણપદને પામે છે. જેઓ મન, વચન, કાયાથી હંમેશા સ્થૂલ અદત્તને ત્યાગ કરે છે તેઓ સર્વાર્થની અક્ષય સંપત્તિ પામી સિદ્ધ સ્થાનમાં જાય છે. પોતાની સ્ત્રીને વિષે સંતોષ રાખી, પરસ્ત્રીનો ત્યાગ કરે છે તેઓ પણ દેવાંગનાઓના સુખ ભોગવી નિર્વાણ પામે છે. જેઓ દેવ તથા નરેંદ્રના ભવમાં ઘણી સમૃદ્ધિઓ પામીને ઇચ્છાનું પરિમાણ બાંધે છે તેઓ અનુક્રમે મોક્ષને પામે છે."

એ પ્રમાણે કેવળી ભગવાને ગૃહસ્થધર્મનું સ્વરૂપ પ્રરૂપ્યું. તે સાંભળીને મકરકેતુએ ગૃહસ્થ–ધર્મ પાળવાનો નિશ્ચય કર્યો અને સુરસુંદરી તથા મકરકેતુ વિગેરેએ સમ્યક્ત્વ રત્ન છે મૂલ જેનું એવા શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો.

ચિત્રવેગ પ્રમુખ સર્વ મુનિઓ સૂરીશ્વરના ચરણકમળમાં રહી ગ્રહણ અને આસેવનારૂપ શિક્ષાનો અભ્યાસ કરવા લાગ્યા. કમલાવતી આદિ સર્વ સાધ્વીઓ સુવ્રતા નામે પ્રવર્તિનીની પાસે રહી સાધ્વીની ક્રિયાનો તથા બાર અંગોનો અભ્યાસ કરવા લાગી. વિનય ધર્મનું મૂળ હોવાથી સૌએ વિનયધર્મ દિલ દઇને કેળવવા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

માંડ્યો. સર્વ મુનિઓ ગુરૂ મહારાજનો વિનય તથા વૈયાવચ્ચ કરવા લાગ્યા. વિનય જ ગુરૂકૃપા સંપાદન કરે છે અને ગુરૂકૃપાથી સર્વ વિદ્યાઓ સિદ્ધ થાય છે.

ચિત્રવેગ મુનિએ ગુરૂની પાસે રહી ચાદ પૂર્વનો અભ્યાસ શરૂ કર્યો. થોડા જ વખતમાં કઇંક ન્યૂન પૂર્વધર તે થયા. પછી સુપ્રતિષ્ઠસૂરિ, ચિત્રવેગ મુનિને સૂરિપદવી આપીને અનશનવ્રત ગ્રહણ કરી વિશુદ્ધ આત્મભાવે નિર્વાણપદને પામ્યા. ચિત્રવેગસૂરિ ગામે ગામ વિહાર કરતાં પૃથ્વીતળને પાવન કરી રહ્યા. અનેક ભવ્યજનો એમના ઉપદેશથી સદ્બોધ પામ્યા.

સુવ્રતા પ્રવર્ત્તિની સ્વર્ગસ્થ થયા પછી, કનકમાળાએ સર્વ સાધ્વીઓની સંમતિથી પ્રવર્ત્તિનીનું પદ અંગીકાર કર્યું.

ભવ્ય લોકને બોધ આપતા, તપશ્ચર્યાવડે શરીરને ક્ષીણ કરતા, સ્વસિદ્ધાંતના વિધિ પ્રમાણે મુનિઓને સિદ્ધાન્તોનું સ્મરણ કરાવતા, મુમુક્ષુ જનોને શ્રીજિનેંદ્રોએ પ્રરૂપેલા ધર્મનું રહસ્ય સમજાવતા, સંયમના ઉદ્યોતમાં ઉદ્યુક્ત અને શ્રમણોમાં પુરંદર સમાન તેજસ્વી એવા શ્રી ચિત્રવેગ સૂરીશ્વર પોતાના ચરણસ્પર્શ-વડે પૃથ્વીને પવિત્ર તથા અલંકૃત કરી રહ્યા.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પાત્ર પરિચય.

( ૬૬ )

| | |
|---|---|
| મકરકેતુ. | |
| સુરસુંદરી. | |
| મદનવેગકુમાર. | સુરસુંદરીનો પુત્ર ( સુબંધુનો જીવ ). |
| જલકાંત. | જ્વલનપ્રભનો પુત્ર, પ્રિયંવદાનો સ્વામી. |
| જલવેગ. | જલકાંતનો પુત્ર. |
| અનંગકેતુ. | સુરસુંદરીનો બીજો પુત્ર. |
| મદનવેગા. | મેઘનાદની કન્યા. |
| સ્ફુટવચન. | જલકાંત રાજાનો દૂત. |
| ધૂમ્રમુખ. | એક યોગી. |
| ચિત્રવેગસૂરિ. | |



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ષોડશ પરિચ્છેદ

મકરકેતુએ એવી સરસ રીતે પ્રજા–પાલન કર્યું કે દેશ-વિદેશમાં એની કીર્ત્તિના પડઘા ગુંજી ઉઠ્યા. કેટલાંય વિદ્યાધરોએ આવી એને પોતપોતાની કન્યાઓ પરણાવી અને મકરકેતુએ પણ વિદ્યાધરોને એમની યોગ્યતા પ્રમાણે ગામ અને જાગીરો આપી. અર્ધ ભરતક્ષેત્રમાં મકરકેતુનો શાસન-દંડ પોતાનો પ્રતાપ વિસ્તારી રહ્યો. ચોર અને ડાકુઓના ભયમાંથી પ્રજાને એણે બચાવી લીધી.

એણે આર્યદેશોમાં આવેલા ગામ, આકર તથા નગરોને સુંદર, શ્વેત રમણીય ચૈત્યભુવનવડે શણગાર્યાં, સમસ્ત શ્રાવક સમુદાયને અનેક પ્રકારનાં કર તથા વેરાથી મુક્ત કર્યો, જૈનશાસન અને સંઘના સમસ્ત શત્રુઓને શાંત કર્યા, દેશે-દેશમાં મુનિઓના અસ્ખલિત વિહાર પ્રવર્તાવ્યા, સાધર્મિકોના વાત્સલ્ય અર્થે એણે ખાસ સામંતોની નિમણુક કરી, ઠેક-ઠેકાણે ભોજનશાળા તથા દાનશાળાઓ ખોલી માણસને એની ઇચ્છા પ્રમાણે વસ્તુઓ મળે એવી વ્યવસ્થા કરી.

મકરકેતુના શાસનમાં પ્રજાને કોઈ દુષ્ટનો ભય ન રહ્યો. શત્રુ જેવું નામનિશાન પણ ન રહ્યું. મકરકેતુના રાજશાસને એક નવો જ યુગ ઉતાર્યો. સુરસુંદરી વિગેરે રાણીઓએ મકરકેતુના સંસારને સુખી અને સૌભાગ્યના રંગથી રંગ્યો.

એણે ઘણા ઘણા જિનમંદિરો બંધાવ્યા, ઘણા ઘણા જિન-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બિંબો પધરાવ્યા, ઘણી ઘણી સંઘ–પૂજાઓ કરી અને ઘણી ઘણી તીર્થયાત્રાઓ પણ કરી. ધર્મક્રિયામાં એ જેમ અહોનિશ ઉદ્યત રહેતો તેમ વિવિધ પ્રકારનાં ક્રીડાવિલાસમાં પણ તે ઘણો રસિક હતો. શિષ્ટ પુરૂષોને સંમત, પૂર્વજોએ પ્રવર્ત્તાવેલા આચાર અને લૌકિક વિધિઓનું તે બરાબર પાલન કરતો. એ રીતે કેટલાયે લક્ષપૂર્વ વર્ષ વ્યતીત થઇ ગયા. પુણ્ય-પ્રકૃતિને લીધે એને કયાંઇ વિઘ્ન કે વિપત્તિ જેવું ન નડયું.

એક દિવસે સુરસુંદરી પોતાના સ્વામીની પાસે જ સુસ-જ્જિત શય્યામાં સૂતી હતી એ વખતે તેણીને એક સ્વપ્ન ઉપજ્યુંઃ જાણે કે ભયંકર કાળો નાગ પોતાના સ્વામીને અને પોતાને પણ ડશીને પાછો સુરસુંદરીના ઉદરમાં સમાઇ જતો હોય એમ લાગ્યું. આ સ્વપ્ન જોતાં જ સુરસુંદરીની ઉંઘ ઉડી ગઇ. તે એકદમ ઉઠી, બીછાનામાં બેઠી. વિચાર કરતાં આવા માઠાં સ્વપ્નની વિગત સ્વામીને કહી સંભળાવવામાં કંઇ જ સાર નથી એવો નિશ્ચય કરી, પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવા લાગી. એટલામાં આસપાસથી પ્રભાતીયાના અવાજ આવ્યા, વાજિંત્રવાહકોએ ચોઘડીયાં વગાડવા શરૂ કર્યા અને મકરકેતુ પણ જાગી ગયો.

નવકારમંત્રનું સ્મરણ કરી, સ્નાનાદિથી નિવૃત્ત બની મકરકેતુ ચૈત્યભવનમાં ગયો અને વિધિપૂર્વક ભગવાનની પૂજા કરી, ચૈત્યવંદન તથા યથાશક્તિ પચ્ચખાણ ઉચ્ચરી તે પાછો પોતાના આસ્થાનમંડપને વિષે પ્રવેશ્યો. અહીં વારાંગનાઓ રાજાના શરીરે ચંદનાદિનો વિલેપ કરવા તૈયાર જ હતી, થોડીવારમાં જ એ કામ આટોપાયું.

એ પછી રાજા પોતાની સુરસુંદરી વિગેરે રાણીઓને એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિમાનમાં બેસારી, હિમાલયના શિખરો તરફ ઉપડી ગયો. અહીં ગોશીર્ષચંદનની વૃક્ષાવળી લચી પડી હતી. નંદનવન જેવા આ ઉદ્યાનમાં મકરકેતુ પોતાના પરિવાર સાથે ઉતર્યો. જિનપૂજા અને ચૈત્યવંદન વિધિપૂર્વક કરી, ભોજનાદિથી પરવારી તે સુરસુંદરીવાળા કદલીગૃહમાં આવ્યો.

કદલીગૃહની રમણીયતા અને હિમશિખરોની સ્વર્ગીયતા મૂર્ખને પણ ઘડીભર કાવ બનાવી દે. સુરસુંદરીએ એ તકનો લાભ લઇ સાહિત્ય-વિનોદ શરૂ કરવા રાજાને વિનંતી કરી.

રાજા પોતે પણ રસિકશિરોમણી હતો. એણે પ્રશ્ન કર્યો:

" કહો સુંદરી, ( ૧ ) આકાશમાં કોણ જાય છે ? ( ૨ ) મનુષ્ય કોને ઇચ્છે છે ? ( ૩ ) ચંદ્રની ગતિ ક્યાં હોય છે ? અને ( ૪ ) પ્રીતિ હમેશાં શાથી વખણાય છે ? આ ચારે પ્રશ્નોના જવાબ એક જ વાક્યમાં સમાઇ જવા જોઇએ. "

સુરસુંદરીએ સ્હેજ વિચાર કરી તરત જ જવાબ આપ્યો: " વિ-સં-ભે. "

એટલે કે વિ અર્થાત્ પક્ષી, એ આકાશમાં ઉડે છે, સં અર્થાત્ સુખને મનુષ્ય વાંછે છે, ભે અર્થાત્ નક્ષત્રને વિષે ચંદ્ર ગતિ કરે છે; અને એ ત્રણેને સાથે લેવાથી-વિસ્સંભ-વિશ્વાસથી મનુષ્યોની પ્રીતિ વખણાય છે.

રાજાએ કહ્યું: " એ ઉત્તર બરાબર છે, હવે તમે પૂછો. "

સુરસુંદરીએ સમસ્યામાં પૂછ્યું: " તીસા શબ્દમાં પ્રથમ અક્ષર કયો ? કોના વિનાશથી રાજાનો વિનાશ થાય ? એક વાર ગયેલું શું હોય છે ? અશ્વ કોને પ્રિય હોય ? લક્ષ્મીના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સંબોધનનું રૂપ શું ? ગાયનમાં મધુર સ્વરવાળી કોણ હોય છે ? તમોએ આપેલા પ્રશ્નોત્તરની તંત્રાવલી ( વર્ણપંક્તિ ) કઈ છે ? ”

“ ખરેખર તમે સમસ્યાઓ શોધવામાં અને ઉત્તર તારવવામાં બહુ કુશળ છો, ” એમ કહી રાજાએ સમસ્યાનો ઉકેલ કરતાં કહ્યું: “ તમારા પ્રશ્નનો જવાબ તી, તં, તે એ તંત્રાવલી ઉપરથી મળી આવે છે એટલે કે બેવાર અનુલોમવડે ભિન્ન અક્ષરો લેવા, પ્રતિલોમવડે એક વાર વ્યસ્ત અક્ષરો લેવા અને એક વખત અનુલોમવડે સમસ્ત પાઠ લેવો. એ પ્રમાણે ચાર વાર આવર્તન કરવાથી પ્રશ્નનો ઉત્તર સિદ્ધ થશે. જેમકે તીસા શબ્દમાં પહેલો અક્ષર “ તી ” છે, તંત્ર ( દેશ )નો વિનાશ થવાથી રાજાનો વિનાશ થાય છે, એક વાર ગયેલો તીત ( અતીત–ભૂતકાળ ) હોય છે, અશ્વ તે–તમને પ્રિય છે, લક્ષ્મીનું આમંત્રણ હે તે થાય છે, ગાયનમાં તંત્રી ( તંતી–વીણા ) મધુર સ્વરવાળી હોય છે અને મારા પ્રશ્નોત્તરની તંત્રાવલી તી, તં, તે એ પ્રમાણે સમજવી. ”

“ ફરી એક પ્રશ્ન હવે હું પૂછું. ” રાજાએ બીજા પ્રશ્ન માટે તૈયારી બતાવી. રાણીએ સમ્મતિ સૂચવી.

“ દેવી ! સર્વ લોક શું ઇચ્છે છે ? ઇંદ્રનું આયુધ શું ? પથિક જનો શું ગ્રહણ કરે ? આનો ઉત્તર આપો. ”

“ સં, બ, લ એ અક્ષરોમાં એકેકનો વધારો કરવાથી તમારા પ્રશ્નનો જવાબ આવીને ઉભો રહેશે. દરેક જણ સં–સુખને ઇચ્છે છે, સંબ ( વજ્ર ) ઇંદ્રનું આયુધ હોય છે અને પથિક જનો સંબલ ગ્રહણ કરે છે. ” રાણીએ સમાધાન કર્યું.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાજાને આ પ્રકારની પ્રશ્નોત્તરીમાં ખૂબ રસ પડ્યો. પુનઃ એણે કહ્યું–" દેવી, હવે તમે પૂછો. "

" પ્રિયતમ ! " પતિને સંબોધી રાણીએ પ્રશ્નનો પ્રારંભ કર્યો. " લક્ષ્મીનું સંબોધન શું છે ? કયાં રહેવાથી લોકોની બુદ્ધિ નાશ પામે છે ? સુભટ કયા સ્થાનમાંથી નાસતો નથી ? "

" સુંદરી ! " સ્હેજ ગુંચવણુમાંથી રસ્તો મળી આવ્યો હોય તેમ રાજા બોલ્યોઃ " સં–ગા–મે. " આ અક્ષરોમાં એક એકનો ઉલટી રીતે વધારો કરવાથી તમારો ઉત્તર સિદ્ધ થાય છે. જેમકે લક્ષ્મીનું સંબોધન મે થાય છે, ગામડામાં જ રહેનારની બુદ્ધિ નાશ પામે છે અને સંગ્રામમાંથી સુભટ નાસી જતો નથી."

હવે રાણીનો વારો આવ્યો. તેણીએ પૂછ્યુઃ " હે નરાધીશ ! પૂર્ણચંદ્ર કોને ધારણ કરે છે ? પામર લોકો ક્ષેત્રમાં કોની ઇચ્છા રાખે છે ? અંતગુરૂનું સંબોધન શું ? સુખવાચક શબ્દ કયો છે ? પુનઃ સુખવાચક શબ્દ કયો છે ? લોકોના મનને રંજન કરનાર પુષ્પવન કોને જોઇને વિકસ્વર થાય છે ? પરસ્ત્રી જાર પુરૂષો સાથે પ્રથમ કેવી રીતે ક્રીડા કરે છે ? "

" સ–સં–ક " એ અક્ષરોને બેવાર વ્યસ્ત–પૃથક્ પૃથક્ અને બે વાર સમસ્ત, આવર્ત્તન કરવાથી તમારો વાંછિત ઉત્તર મળી આવે છે. જેમકે પૂર્ણચંદ્ર સસ ( મૃગ ) ને ધારણ કરે છે, પામર લોકો ક્ષેત્રમાં ક ( પાણી ) ની ઇચ્છા રાખે છે, અંતગુરૂ સગણનું સંબોધન શ થાય છે, સ અને કં એ બન્ને શબ્દો સુખવાચક છે, સસંક ( શશાંક ) ને જોઇ પુષ્પવન ખીલે છે, પરસ્ત્રી સસંક ( સશંકપણે ) જારપુરૂષ સાથે ક્રીડા કરે છે. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નવી સમસ્યાઓ ઉપજાવવામાં અને પૂછાયેલી સમસ્યાઓ ઉકેલવામાં બન્ને જણા મશગુલ હતાં એટલામાં એક ભયંકર અકસ્માત્ બન્યો. ફુંફાડા મારતો, ફણા ઉછાળતો એક કાળો નાગ કોણ જાણે કયાંથી ધસી આવ્યો. પૂર્વનો કોઈ વૈરી હોય તેમ એ દંપતીના પૃષ્ટભાગને બહુ રોષપૂર્વક ડંખી, સડસડાટ ચાલી નીકળ્યો. સુરસુંદરીએ એક કારમી ચીસ પાડી. અંગરક્ષકો હાથમાં ખડ્ગ લઈ તત્કાળ દોડી આવ્યા. નાસતો સર્પ સંતાઇ જાય તે પહેલાં જ રાજાના અનુચરોએ તેના ટુકડે ટુકડા કરી નાખ્યા. એક ઘડીમાં બધે હાહાકાર વર્ત્તી ગયો.

સર્પ તો મુઓ, પણ એનું કાતીલ ઝેર રાજા અને રાણીના દેહમાં વ્યાપી ગયું. બન્ને અચેતન બની ઢળી પડ્યાં. ગારૂડીઓને બોલાવી, રાજપુરૂષોએ મંત્ર-જાપનો આરંભ કરી દીધો, બીજી તરફ જડીબુટ્ટીવાળા પોતપોતાના પ્રયોગો અજમાવવા લાગ્યા, ત્રીજી તરફ મંત્રેલા જળવડે રાજા-રાણીના શરીર સીંચાવા લાગ્યાં, વિદ્યાધરોએ પણ અનેકવિધ ઉપાય કર્યા; પરંતુ આગમાં ઘી નાખવાથી જેમ અગ્નિ ઓલવાય નહીં પણ ઉલટો વધે તેમ વિષનો વિકાર વધુ ને વધુ ઉગ્ર થતો ચાલ્યો.

'દિવ્યમણિ લાવો' રાજા મૂર્ચ્છિત અવસ્થામાં હોવા છતાં તેના મુખમાંથી એવા અવ્યક્ત શબ્દો નીકળ્યા. રાજાની બ્હેન પ્રિયંવદાએ એ સાંભળ્યા.

"બાહુવેગ, તું અત્યારે ને અત્યારે કુંજરાવર્ત્ત જા અને ત્યાં ભાનુવેગનો પુત્ર ચંદ્રવેગ નામનો વિદ્યાધર રહે છે, તેને મારી વતી કહેજે કે તમે વિદ્યા સાધવા ગયા હતા તે વખતે તમો જે દિવ્યમણિ મારી પાસેથી લઇ ગયા હતા તે જલદી મને પાછો આપો."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બાહુવેગ ત્યાંથી પવનવેગે ઉપડ્યો અને જોતજોતામાં ચંદ્રવેગને સાથે લઇ દિવ્યમણિ હાજર કર્યો. એ દિવ્યમણિનું જળ રાજા-રાણીને પાયું અને તે સિવાય એમના અંગ ઉપર પણ છાંટયું. મણિના પ્રતાપે એમનો બન્નેનો વિષવિકાર દૂર થયો. વિદ્યાધરો અને સમસ્ત પરિવારમાં આનંદની ઉર્મિઓ ફરી વળી.

મકરકેતુએ નગરપ્રવેશ કર્યો અને નાગરિકોએ સ્નેહથી ખૂબ સારૂં સ્વાગત કર્યું, પરંતુ મકરકેતુના અંતરમાં સંસારની અનિત્યતાના બીજાંકુર પ્રગટી નીકળ્યા હતા. મૃત્યુ નિશ્ચિત છે અને સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલા ધર્મ સિવાય બીજી કોઇ સાર વસ્તુ નથી એવી એની પ્રતીતિ થઇ ચૂકી હતી. ધર્મસાધનમાં પોતે જે પ્રમાદ કર્યો હતો તેને અંગે મનમાં બહુ બહુ પશ્ચાત્તાપ થવા લાગ્યો. સૌ પોતપોતાના માર્ગે વિદાય થયા. રાજાના પ્રાણ બચ્યા તેથી સૌના વદન ઉપર આનંદની જ્યોતિ રેલાઇ, માત્ર મકરકેતુ મહાન્ વિચાર-સાગરમાં ડૂબી ગયો.

આ ચિંતાના દિવસોમાં જ સુરસુંદરી સગર્ભા થઇ. દુર્દૈવને લીધે સુરસુંદરીનો સ્વામી પ્રત્યેનો સ્નેહ સૂકાવા લાગ્યો. ગર્ભ જેમ જેમ વૃદ્ધિ પામવા લાગ્યો તેમ તેમ ગર્ભમાં રહેલા જીવના દુષ્ટ પ્રભાવે સુરસુંદરી નિષ્ઠુર બનવા લાગી. "રાજાને મારી નાખું ?" એ વિચાર પ્રધાનપણે એના મનમાં રમી રહ્યો. રાજા પોતે સ્નેહથી એને બોલાવે છે, પણ સુરસુંદરી સીધો જવાબ આપવાને બદલે વગર કારણે રીસાય છે, ક્રોધથી લાલચોળ જેવી બને છે અને ન બોલવાનાં વાકય બોલે છે. રાજાને જોતાં જ એની ભ્રકુટી ચડે છે.

સુરસુંદરીના રોજના સરળ, સુંદર વહેવારમાં આવું વિપ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રીતપણું આવેલું અનુભવી એક દિવસે સખી પ્રિયંવદાએ પૂછ્યું "ભદ્રે! તું આમ અચાનક નિષ્ઠુર કેમ બની ગઇ? એવું તે શું બન્યું છે કે જેથી વાત-વાતમાં તું રાજાનો તિરસ્કાર કરે છે?"

"એ બધો પ્રતાપ આ દુષ્ટ ગર્ભનો જ હોય એમ મને લાગે છે. હું ઘણોયે સ્નેહ સીંચવા મથું છું, પણ આ ગર્ભમાં કોણ જાણે કેવો જીવ આવ્યો છે કે જે મને રાજા પ્રત્યે રોષ ઉપજાવે છે. હું એટલી હીણભાગી છું કે મારા સ્વામીને પણ આજે હું પ્રેમભીની નજરે નીહાળી શકતી નથી તેમ તેની સાથે શાંતિથી વાતચીત પણ કરી શકતી નથી. તું જરા મારો આ સંદેશ મારા પ્રિયતમ પતિને પહોંચાડજે કે આ ગર્ભની સ્થિતિ જ્યાં સુધી મારા ઉદરમાં છે ત્યાંસુધી તે મારૂં-પાપિણીનું મ્હોં સરખું પણ ન જુવે અને મારા સંબંધમાં કંઇ અન્યથા વિચાર પણ ન કરે."

પ્રિયંવદાએ મકરકેતુને અથથી ઈતિ સુધી બધી વાત સમજાવી. રાજાને પોતાને પણ આ વાતથી બહુ આશ્ચર્ય થયું. તે વિચાર કરવા લાગ્યો: "દૈવની ગતિ કેટલી વિચિત્ર છે? જે દેવી એક ક્ષણ માત્ર પણ મારા સહવાસ વિના રહી શકતી નહીં, ઉંઘમાં પણ જે મારા નામનો જ મંત્ર જપતી તે આજે ગર્ભના પ્રતાપે મારા પ્રત્યે છેક નિષ્ઠુર સ્વભાવવાળી બની ગઇ છે. મને એ પોતાનું મુખ બતાવવા પણ ખુશી નથી. શું એ ગર્ભમાં આવેલો મારો પૂર્વભવનો વૈરી સુબંધુનો જીવ તો નહીં હોય?" પ્રિયંવદા ગઇ, મકરકેતુ ક્યાંય સુધી સંસારની વિલક્ષણતાનો વિચાર કરતો બેસી રહ્યો. એની હૃદયવ્યથા કોઇ જાણી શક્યું નહીં.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દિવસો જતા ગયા તેમ તેમ ગર્ભનાં ચિન્હો અધિકાધિક સ્પષ્ટતર થવા લાગ્યાં. એ રીતે પ્રસવનો સમય પણ નજીક આવી પહોંચ્યો. ચંદ્રની ગતિ મૂળ નક્ષત્રમાં હતી, લગ્નસ્થાનમાં પાપગ્રહો પડેલા હતા અને અશુભસૂચક વિષ્ટિ નામે કરણ ચાલતું હતું તે વખતે સુરસુંદરીએ મહાકષ્ટે એક પુત્રનો જન્મ આપ્યો. રાજાના અંતરમાં એ ક્ષણે અકારણે ત્રાસ ઉપજયો. એણે એક સારા જ્યોતિષીને બોલાવી પૂછયુંઃ

"હે નૈમિત્તિક! મારે ત્યાં આ પુત્રનો જન્મ કેવા કાળમાં થયો છે તે બરાબર ગણત્રી કરીને મને કહો. એ કેવો ગુણવાન્ થશે તે હું તમારી પાસેથી જાણવા માગું છું."

જ્યોતિષીએ બધી બાબતોનો વિચાર કરી નિરાશાનો એક દીર્ઘનિઃશ્વાસ મૂકયો. રાજા એનો અર્થ કળી ગયો. જ્યોતિષીએ કહ્યુંઃ— "પિતાને સુખકારી નીવડે એવો મુદ્દલ સંભવ નથી. પિતાને ઘેર આ પુત્ર મોટો થાય તો એ કુળ તથા રાજ્યલક્ષ્મીનો પણ નાશ કરે એવાં સ્પષ્ટ નિમિત્તો છે. આપને માઠું લાગે એવો આ પ્રસંગ છે પરન્તુ મારે ખરેખરી વાત જ આપને કહી દેવી જોઇએ. જ્યાં સુધી આપ એનું મુખ નહીં જુવો ત્યાં સુધી જ આપનું કલ્યાણ છે, અને જે ઘડીએ આપ એનું મ્હોં જોશો તે વખતે આપના પ્રાણ આફતમાં છે એમ સમજી રાખજો."

"મને તમારા જેવા મધ્યસ્થ અને તત્ત્વોના જાણકાર યથાર્થ વાત કહે તે બદલ ક્રોધ કરવાપણું ન હોય. શાસ્ત્રબુદ્ધિથી તમે કહેલા વચનો ઉપર મારો પૂરો વિશ્વાસ છે." સંક્ષુબ્ધ હૃદયે ભૂપતિએ એટલું ઉચ્ચાર્યું અને દૈવજ્ઞને સન્માનપૂર્વક વિદાય કર્યો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

"હવે મારે શું કરવું?" રાજાનું અંતર ક્ષોભના હિંડોળે ચડયું. "ગમે તેમ પણ પુત્રને અહીં રાખવામાં કોઇનું કલ્યાણ નથી."

મકરકેતુએ પોતાની બ્હેન–પ્રિયંવદાની પાસે જઇને કહ્યું:– "બ્હેન, પ્રથમ પુત્રના પ્રસવ વખતે કોઇ હીણભાગી પિતાને જ આનંદ ન થાય. હું એવો જ એક હીણભાગી છું. આ આ પુત્ર અમારા દુર્દૈવને લીધે અમને પોતાને જ ભારે પડી જાય એવો છે, માટે તું એક ધાવમાતાને સાથે રાખી, આ પુત્રને તારા પોતાના સાસરે જલદી લઇ જા એવી મારી ઇચ્છા છે. એને તારે ત્યાં જ પાળીપોષીને મોટો કરવો પડશે."

પ્રિયંવદાએ એ વાત કબૂલ કરી. તે તત્કાળ તેને સુરનંદન નગરમાં લઇ ગઇ. પોતાના પતિ જલકાંત (જ્વલનપ્રભ વિદ્યાધરેંદ્રની પ્રિય ભાર્યા ચંદ્રલેખાની કુક્ષિએ ઉત્પન્ન થએલો પુત્ર) આગળ મૂળથી માંડી બધી હકીકત પ્રિયંવદાએ કહી સંભળાવી. જલકાંતે એનો જન્મ–મહોત્સવ કર્યો અને શુભ દિવસે બાળકનું નામ મદનવેગ પાડયું.

મદનવેગ યૌવન અવસ્થામાં આવ્યો. વિનય–વિવેક તો એના સ્વભાવમાં જ ન હતા. દુરાચારના તત્ત્વોથી જ એનો દેહ ઘડાયો હતો. જલકાંત વિદ્યાધરને કંચનદેવીના ગર્ભથી એક પુત્ર થયો હતો. તેનું નામ જલવેગ હતું. મદનવેગ અને જલવેગ બન્ને ભણવા–ગણવામાં તથા રમત રમવામાં સાથે જ રહેતાં તેથી એમની વચ્ચે મૈત્રી બંધાઇ.

સિંહના સ્વપ્નથી સૂચિત એવો એક બીજો પુત્ર થોડે અંતરે સુરસુંદરીને થયો. એ પુત્રના જન્મ સમયે તિથિ, નક્ષત્ર તથા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કરણાદિકનો યોગ ઉત્કૃષ્ટ પ્રકારનો હતો. એ વિનયી હતો એટલું જ નહીં પણ પ્રતાપી, દાની અને વહેવારનિપુણ પણ હતો. માતા-પિતાએ એનું નામ અનંગકેતુ રાખ્યું. યોગ્ય સમયે એનો યુવરાજ તરિકે અભિષેક કરવામાં આવ્યો.

મકરકેતુ રાજા એક દિવસે પોતાના અંતઃપુરને સાથે લઇ વૈતાઢયગિરિના શિખર અઠ્ઠાઇ મહોત્સવમાં ભાગ લેવા ગયો. ગાંધર્વનાં ટોળે ટોળાં એ શિખર ઉપર આ માંગલિક નિમિત્તે મળ્યાં હતાં. ગંગાવર્ત્તમાંથી કેટલાક વિદ્યાધરો પણ આવ્યા હતા.

યુવરાજ અનંગકેતુની દૃષ્ટિ અકસ્માત મદનવેગા કન્યાની ઉપર પડી અને મદનવેગા પણ સ્નિગ્ધ દૃષ્ટિએ કયાંય સુધી આ કુમારને જોઇ રહી. એક પળ પહેલાં જેઓ એક-બીજાને ઓળખતાં પણ ન હતાં તેમને કામદેવે એક અદૃશ્ય બંધને બાંધી લીધા. બન્ને પરસ્પરના દર્શને પરવશ જેવાં બની ગયાં.

અનંગકેતુએ પોતાના એક મિત્ર વસંતને પૂછ્યું: " આ કોની પુત્રી હશે ? "

વસંતે જવાબ આપ્યો:-" ગંગાવર્ત્તનગરમાં ગંધવાહન રાજા રહે છે. મદનાવલી રાણીની કુક્ષિએ એને ત્રણ પુત્રો થયાં-નરવાહન, મકરકેતુ અને મેઘનાદ. નરવાહને પોતાના પિતાની સાથે દીક્ષા લીધી. મકરકેતુ રાજગાદીએ બેઠો તો ખરો પણ એ વિદ્યા સાધવા માટે અરણ્યમાં એક વાંસની જાળીમાં ભરાઈને બેઠો હતો તે વખતે તમારા પિતાએ ભૂલથી વાંસની સાથે એનું ગળું કાપી નાખ્યું. તમારા પિતાજીને એ બનાવથી બહુ પશ્ચાત્તાપ થયો. પછી એમણે પોતે જ મેઘનાદને મકરકેતુના સ્થાને સ્થાપ્યો અને બીજાં પણ ગામ તથા નગર આપ્યા. ચિત્રગતિ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વિદ્યાધરની ઉત્તમ રૂપવતી પદ્મોદરા નામની કન્યા સાથે એનો વિવાહ થયો. એની જ આ પુત્રી મદનવેગા નામે છે."

"તો તો એ સહજમાં મને મળી જશે." અનંગકેતુએ આનંદનો ઉભરો ઠાલવ્યો.

"નહીં, યુવરાજ ! તમે માનો છો એટલું સહજ નથી. જલકાંત વિદ્યાધરનો પુત્ર જળવેગ વિદ્યાધર પોતે જ એ કન્યાના હાથનો ઉમેદવાર છે. એની માગણી પણ થઈ હતી, પરંતુ એ પછી શું બન્યું ? તેની મને ચોક્કસ ખબર નથી." વસંત મિત્રે ખુલાસો કર્યો.

અનંગકેતુએ હવે વગર વિલંબે મદનવેગાને વરવાનો નિશ્ચય કરી લીધો. મદનવેગા ન મળે તો એનું આખું જીવન શૂન્યમય બની રહે એવો એને ભય લાગ્યો.

વસંતને એણે વિનતિના રૂપમાં કહેવા માંડયુંઃ—"જો તું મને એક મિત્ર તરિકે સાચા હૃદયથી ચાહતો હો તો તું અત્યારે ને અત્યારે જ મારા પિતા પાસે જા અને મેઘનાદની આ કન્યા મને મળે એવો પ્રબંધ કર. એમાં જો વિલંબ થશે અને મને મદનવેગા નહીં મળે તો સમજજે કે મારા જીવનનો અંત આવી જશે."

વસંતે એ વાત અસરકારક શબ્દોમાં મહારાજાને કહી સંભળાવી. મહારાજાએ તરત જ મેઘનાદને પોતાની પાસે બોલાવી પોતાના પુત્ર માટે એની કન્યાની યોગ્ય શબ્દોમાં માગણી કરી. મેઘનાદે એ યોગાનુયોગમાં પોતાનું અહોભાગ્ય જ માન્યું.

એક મંગળ દિવસે, મંગળ મુહૂર્ત્તે ગંગાવર્તનગરમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લગ્નોત્સવ ઉજવાયો. અનંગકેતુ અને મદનવેગા પતિ–પત્ની તરિકે લગ્નની ગાંઠથી જોડાયાં.

જલવેગે જ્યારે આ હકીકત સાંભળી ત્યારે તેના અંગમાં ઇર્ષ્યાની આગ સળગી ઉઠી. જે મદનવેગાને પોતે એક દિવસે મેળવવા માગતો તે મદનવેગાને બીજો એક યુવાન પરણી જાય એ એને અસહ્ય લાગ્યું. અનંગકેતુ ઉપર ધુંધવાતો જલવેગ વેર લેવાના વિચારમાં દિવસો વીતાવી રહ્યો.

અચાનક એને એક ઉપાય જડી આવ્યો. મદનવેગ પાસે જઇને તે કહેવા લાગ્યો; " તું મકરકેતુ મહારાજાનો સૌથી મોટો પુત્ર છે અને રાજગાદીનો ખરો હક્કદાર પણ તું પોતે જ છે, એ વાત બરાબર જાણે છે ? સુરસુંદરી એ તારી માતા છે. તારો જન્મ થતાં જ તને તારાં માતા–પિતાએ અહીં મોકલી દીધો છે. તારૂં મુખ પણ નથી જોતાં એ કંઇ તારૂં જેવું તેવું અપમાન છે ? તારી હાજરીમાં તારા નાના ભાઇને યુવરાજપદે નીમવામાં આવે, તને રાજગાદી માટે અયોગ્ય ઠરાવવામાં આવે એ બધું તું શી રીતે સહન કરી શકે છે ? આજ સુધી તારી તરફ એ લોકો એક દુશ્મનની જેમ જ વર્ત્યા છે. તને તારા પિતાના રાજ્ય તરફ–એ દિશામાં જવાનો પણ અધિકાર નથી. આ કંઇ થોડા દુઃખની વાત છે ? "

જલવેગે છોડેલાં વચનબાણ મદનવેગની છાતીમાં આરપાર નીકળી ગયાં. એક તો એ જન્મથી જ પિતાનો વૈરી હતો. જલવેગની વાત સાંભળી એ ઉશ્કેરાઇ ગયો અને બોલ્યો:

" એ મારો પિતા નથી, પણ મારો પૂર્વભવનો કોઇ વેરી જ હોવો જોઇએ. એ ક્યાં રહે છે તે મને કહે. મારાં અપમાનનો પૂરો બદલો લઇશ ત્યારે જ મને સંતોષ થશે."

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જલવેગને પોતાના પક્ષમાં આવો એક માણુસ છે તે
ણી આનંદ થયો. તેણે કહ્યું:-"પણ વેરનો બદલો લેવો એ
ાત વાત નથી. તેજદાર અને ધારદાર ખડ્ગવાળા
નેક વિદ્યાધરો તારા પિતાના દેહની અહોનિશ રક્ષા કરે છે.
રા જેવાનો પ્રવેશ પણ ત્યાં થઇ શકે એમ નથી, પરંતુ
ક મિત્ર તરીકે મારે તને સરલ માર્ગ કરી આપવો જોઈએ,
ટલે હું તને રૂપપરિવર્તિની (સ્વરૂપ પલટાવવાની) વિદ્યા
ાપું છું તેનો તું ઉપયોગ કરી શકશે."

મદનવેગે એ વિદ્યા સ્વીકારી અને અરણ્યમાં જઇ મહા-
હેનતે સિદ્ધ પણ કરી.

વિદ્યાસિદ્ધ મદનવેગ અહંકારપૂર્વક હસ્તિનાપુરમાં ગયો
અને વિદ્યાના પ્રભાવે તેણે એક દાસીનું સ્વરૂપ ધારણ કર્યું.
ાસીને અંતઃપુરમાં જતાં કોઇ રોકી શકે નહીં, પણ આ નવી
ાસી ક્યાંથી આવી એ પ્રકારની કોઇને શંકા ન થાય એટલા
ારૂ તેણે લલિતા નામની એક દાસીનું અપહરણ કર્યું અને
હુ દૂરના દેશમાં મૂકી દીધી અને એની જગ્યાએ પોતે
ેવા જ રૂપમાં દાખલ થઇ ગયો.

મદનવેગ રોજ રોજ રાજાને મારવાના ઉપાય યોજે છે,
ણુ છેલ્લો સર્પદંશ થયા પછી રાજા, પોતાની આંગળીએથી
દિવ્ય મુદ્રિકાનો ઘડીભર પણ ત્યાગ નથી કરતો. માત્ર રતિ-
ક્રીડા સમયે એને અલગી કરે છે. મદનવેગ એ અવસરની
ાહ જ જુએ છે.

એક દિવસે એવો લાગ મળી ગયો. રાજા પોતાના અંગ-
રક્ષકોને બ્હાર મૂકી, દેવીના રત્નમય વાસગૃહમાં દાખલ થયો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અંદરથી બારણા બંધ કર્યા. ક્ષણવાર આડીઅવળી આનંદ-વિનોદની વાતો કરી અને એ પછી તેણે એક દાબડામાં પેલી દિવ્યમણિવાળી વીંટી જાળવીને મૂકી. એજ વખતે પુત્રરૂપી સાક્ષાત્ જમદેવે દાસીનાં સ્વરૂપમાં ખડ્ગ ખેંચ્યું. માતા અને પિતા જે સમયે અતિ ગુપ્ત ગોષ્ટી ચલાવી રહ્યા છે અને જે સમયે કોઇ પણ દાસ કે દાસી હાજર થવાનું ઉચિત ન સમજે તેજ સમયે પુત્રે એમની સામે ધારદાર ખડ્ગ ઉગામ્યું. એક પુત્ર પોતાના પિતાને આવા સમયને વિષે મારવા તૈયાર થાય એ કેટલું આશ્ચર્યજનક છે? રાગ–દ્વેષવડે જ આ સંસારના બધાં અભિનયો ભજવાય છે. રાગથી દ્વેષ થાય છે અને દ્વેષથી વૈર જન્મે છે. વૈર પ્રાણીનો ઘાત કરાવે છે અને પ્રાણી-હિંસા પાપકર્મોનો બંધ બાંધે છે. પછી પ્રાણીઓ તે પોતાના પરિણામે તિર્યંચ અને નરકના દારૂણ દુઃખ ભોગવે છે, સંસાર-ભ્રમણ કરે છે. આ કલેશમય સંસારસાગર તરવાને સારૂ રાગ-દ્વેષનો ત્યાગ કરવા સિવાય બીજો કયો રાજમાર્ગ છે?

પોતાની સામે, પોતાના જ અંતઃપુરની એક દાસીને હાથમાં ખડ્ગ સાથે ઉભેલી જોઇને મકરકેતુ મહાઆશ્ચર્ય પામ્યો. લલિતા જેવી નારી આવી ભયંકર રણચંડી બને એવી એણે કલ્પના સરખી પણ કદિ નહોતી કરી. રાજાએ તત્કાળ પોતાની સ્તંભિની વિદ્યાના બળથી તેને મૂર્તિની માફક સ્તબ્ધ બનાવી દીધી.

"લલિતા ! તને આ શું સુઝયું ? તને કયા દુષ્ટ પુરૂષે ભરમાવી ?" રાણી ગભરાઇને બોલી.

"નહીં, આ લલિતા પોતે જાતે હોય એવું સંભવતું નથી. સ્ત્રી આટલું સાહસ કરી શકે જ નહીં. લલિતાના આકારમાં

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

ના કોઇ દુષ્ટ પુરુષ આવી ઉભો છે, પણ હરકત નહીં. હું તેને પહોંચી વળીશ. ” એટલું કહીને રાજાએ વિદ્યાઓનો ઉચ્છેદ કરનારી વિદ્યા વાપરી અને જોતજોતામાં મદનવેગની ઘણા જુના કાળની સાધેલી વિદ્યાઓ વિચ્છેદ પામી ગઇ. તેનું સમસ્ત શરીર ભયથી ધ્રુજી ઉઠયું. તે પોતાના મૂળ સ્વરૂપમાં હતો તેવો પ્રગટ થઇ ગયો.

“ આ શરીર તો આપણા પોતાના કુમાર જેવું દેખાય છે, ારૂં ? દેવી ! ” રાજાએ સુરસુંદરીની આંખ સામે જોયું.

સુરસુંદરી ભય અને લજ્જાથી અત્યંત સંકોચ પામી. તે ંઇ જવાબ આપી શકી નહીં.

એ દિવસે કઇંક કામપ્રસંગે જલકાંત રાજાનો એક દૂત– ફુટવચન કરીને હતો તે ત્યાં આવી ચડ્યો હતો. રાજાએ તેને પૂછ્યું: “ મારા જે પુત્રને પ્રિયંવદાની સાથે સુરનંદન ગરમાં મોકલ્યો હતો તે જ આ છે ને ? ” સ્ફુટવચને હકા- માં જવાબ વાળ્યો એટલે રાજાને ખાત્રી થઇ કે લલિતાના શમાં એ પોતાનો પુત્ર મદનવેગ જ હતો. આ પ્રસંગે એના દય ઉપર સખત આઘાત કર્યો. પૂર્વનો વિરોધી પુત્રરૂપે ન્મ્યા છતાં પણ કેવું વેર સાધે છે ? સંસારની સ્થિતિ ામે એને ખૂબ તિરસ્કાર ઉપજ્યો. પોતે કંઇ વિરોધનું કારણ આપ્યું હોય તો પણ ગતભવનો વેરી કેટકેટલાં કાવતરાં ચે છે ? આવા આવા અનેક વિચારોથી તેનું મન ઉદ્વિગ્ન ન્યું.

મંત્રીઓની સલાહ મેળવી તેણે મદનવેગને કાષ્ટગૃહમાં પૂર્યો અને તેની ઉપર દેખરેખ રાખવા ખાસ ચોકીદારો નીમ્યા.



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મદનવેગ પોતાના પ્રયત્નમાં નિષ્ફળ નીવડ્યો તેથી તેની અંતરજવાળા વધુ જોરથી ભભૂકી ઉઠી. કાષ્ટગૃહમાં રહ્યો રહ્યો તે મહાકષ્ટે દિવસો વીતાવવા લાગ્યો.

એટલામાં પર્યુષણાપર્વ આવ્યું. રાજાએ અનેક બંદીવાનોને એ પવિત્ર દિવસોમાં બંધનમુક્ત કર્યા. પોતાના દુરાચારી-અપરાધી પુત્રને કાષ્ટગૃહમાંથી છોડવો કે નહીં એ સંબંધે એણે ઘણા ઘણા વિચારો કરી જોયા. આખરે એને લાગ્યું કે પર્યુષણાપર્વ જેવા માંગલિક સમયે હું જો એને ક્ષમા આપી શકું નહીં તો મારો આત્મા શુદ્ધ ન થાય. પુત્રને કેદમાં જકડી રાખી રાજવૈભવ માણવામાં રસ પણ શું છે ?

મદનવેગ બંધનમુક્ત થયો. એને છૂટો કરતી વેળા રાજાએ ઘણા મધુર તેમજ હિતકારી શબ્દોમાં સમજાવ્યો કે-" હવે તું બધી ગઇગુજરી ભૂલી જા. હું દીક્ષા લઇશ-તે પછી મારા રાજ્યનો અધિકાર તને જ સોંપી જઇશ. અત્યારે તો તને થોડાં ગામડાં જ આપું છું તેટલાથી સંતોષ મેળવજે."

એટલું છતાં મદનવેગ વેરનો બદલો લેવાનું ભૂલી શક્યો નહીં. પિતાએ દયાપૂર્વક આપેલાં ગામડામાં જઇને ત્યાં રહેવા લાગ્યો.

મદનવેગને ત્યાં ધૂમ્રમુખ નામના એક યોગીનો ભેટો થયો. તે મદનવેગની સીમમાં આવેલી પર્વતોની ખીણોમાં ભટકી બૂળીઓ ગોતતો અને એ જ એનો મુખ્ય વ્યવસાય હતો. આ યોગીની મદનવેગે ઘણી ઘણી સેવાઓ ઉઠાવી. ખાન-પાન અને શયનાદિ આપી તેને સંતુષ્ટ કર્યો. યોગીએ પ્રસન્ન થઇ એને એક પ્રકારનું અંજન આપ્યું, જે અંજનના પ્રભાવથી મદનવેગ ધારે ત્યારે પોતાના દેહને અદૃશ્ય બનાવી શકે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

રાત-દિવસ પિતાને મારવાના જ એ ઉપાયો ચિંતવતો હતો. તેમાં આ આંજણ મળ્યું એટલે તો તેને ઇંદ્રાસન મળ્યું હોય એટલો આનંદ થયો. પિતાને મારી નાખી એમનું રાજ્ય મેળવવું એમાં જ જીવનની સાર્થકતા સમાયેલી હોય એમ તે માનતો.

બદલો લેવાનો દિવસ પણ એણે નક્કી કરી વાળ્યો. પિતાએ મોકલેલા પહેરગીરોને છેતરી, આંજણ આંજી અદૃશ્ય રૂપ ધારી પાછો તે હસ્તિનાપુરમાં આવ્યો. બીજે ઠેકાણે સંતાઇ રહેવાને બદલે એણે સંતાવાને સારૂ જાજરૂં જ પસંદ કર્યું. રાજા અહીં વ્હેલો-મ્હોડો જરૂર આવવાનો એવી તેણે કલ્પના કરી. અને બન્યું પણ એમ જ. રાજા જેવો દિવ્યમણીવાળી વીંટી ઉતારીને જાજરૂની અંદર દાખલ થયો કે તરત જ અદૃશ્ય રહેલા મદનવેગે રાજાની પીઠમાં છરો માર્યો. રાજાએ આસ-પાસ જોયું, પણ કોઇ માનવ આકૃતિ જોવામાં ન આવી. તેને થયું કે આ કોઇ અદૃશ્ય પુરૂષનો ઘા હોવો જોઇએ. તેણે તત્કાળ જાજરૂના દરવાજા બંધ કરી દીધા, અને પોતાના અંગ-રક્ષકોને એકદમ બોલાવી જાજરૂની આસપાસ સખત ચોકી મૂકી. મદનવેગને કોઇ જોઇ શકયું નહીં, પણ જાજરૂના બારણા એકદમ બંધ થવાથી તે ગભરાયો અને બીકમાં ને બીકમાં જ નરકના ગંધાતા કૂવામાં જઇ પડ્યો. દુષ્ટ પુરૂષો બીજાનું ગમે તેવું બૂરૂં ચિંતવે, પણ સામો પુરૂષ જો પુણ્ય-શાલી હોય તો તે દુષ્ટ પોતે જ નરકયાતના ભોગવે છે. મદનવે-ગનું પણ એમ જ થયું. ઔષધીના ઉપચારથી રાજાનો ઘા રૂઝાઇ ગયો અને દિવ્યમણિના જળથી વેદના પણ શમી ગઈ. રાજાએ ચાંપતી તપાસ કરી તો સમાચાર મળ્યા કે મદનવેગ અદૃશ્ય બનીને કયારનો યે નીકળી ગયો છે. એટલે આ પીઠ પાછળ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ઘા કરનાર મદનવેગ જ હોવો જોઇએ એ વિષે કંઈ શક ન રહ્યો.

આ છેલ્લા બનાવને લીધે મકરકેતુને બહુ લાગી આવ્યું. એને વિચાર થયો કે પુત્રના દુરાચરણને સમજવા છતાં મેં કેટલો પ્રમાદ સેવ્યો ? ખરી રીતે તો મારે પહેલી જ તકે ધર્મકાર્ય કરવામાં ઉદ્યત થવું જોઇતું હતું, પણ મારી આંખ ન ઉઘડી. કદાચ હું પોતે આટલી ભોગાસક્તિ સાથે આર્ત્તધ્યાન ધરતો મરી ગયો હોત, મહાપુણ્યના યોગે પ્રાપ્ત થએલા જૈન ધર્મની સારી રીતે આરાધના ન કરી હોત તે મ્હારી શી ગતિ થાત ?

મકરકેતુની વૈરાગ્યભાવના દિવસે દિવસે વધુ દૃઢ અને ગંભીર બનતી ચાલી. એટલામાં એક સેવક વિદ્યાધરે આવી સમાચાર આપ્યા કે: "કુસુમાકર–ઉદ્યાનમાં ચિત્રવેગસૂરિ પધાર્યા છે."

રાજાને એ સમાચારથી રૂંવે રૂંવે હર્ષ વ્યાપ્યો. વધામણી લઇ આવનારને સારૂં ઈનામ આપી સંતુષ્ટ કર્યો, અને પોતે અંતઃપુરને સાથે લઇ સૂરીશ્વરને વંદના કરવા નીકળ્યો.

શ્રી ચિત્રવેગ મુનીંદ્ર અને અમરકેતુ વિગેરે મુનિવરોને ભક્તિપૂર્વક વંદન કરી મકરકેતુ એમની સામે વિનયપૂર્વક બેઠો.

વિશુદ્ધ ચારિત્રપાલક, લોકોપકારી શ્રી ચિત્રવેગસૂરિએ પાવનકારી દેશના સંભળાવી. ધર્મની મહત્તા અને રાગ–દ્વેષના ભયંકર પરિણામો વિષે એમણે વિસ્તારથી વિવેચન કર્યું. પ્રમાદને અંગે મનુષ્ય પણ પશુ જેવો જ બને છે એ વાત તેમણે સરસ રીતે સમજાવી. બાહ્ય શત્રુ કરતાં પણ પ્રમાદ માણસને ઘણું દુઃખ આપે છે–પ્રમાદ જ મનુષ્યને ભવરૂપી સમુદ્રમાં એક

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સ્થળેથી બીજે સ્થળે ધકેલે છે, જેથી ધર્મનું આરાધન કરવામાં કોઇ પણ પ્રાણીએ લવલેશ પણ પ્રમાદ ન કરવો.

મકરકેતુના વૈરાગ્યથી ભીંજાયેલા હૃદય ઉપર આ દેશનાનો અપૂર્વ પ્રભાવ પડ્યો. તેણે પૂછ્યું: " ભગવન્ ! મારો પોતાનો પુત્ર મદનવેગ મારી ઉપર આટલું વેર રાખી રહ્યો છે તેનું શું કારણ હશે? હાલ તે ક્યાં હશે ? "

સૂરિ મહારાજ બોલ્યા: " જે સુબંધુનો જીવ કાલબાણસુર થયો હતો તે તારી વિદ્યાઓનો વિચ્છેદ કરી સુરસુંદરીને હરી જતો હતો તે વખતે તેનું આયુષ ક્ષીણ થવાથી ચ્યવીને જંગલમાં વનમહિષ ( પાડો ) થયો, જ્યાં તે દાવાનળમાં બળી ગયો. તે પછી એક કૂતરીના ગર્ભમાં કૂતરાપણે ઉત્પન્ન થયો. એના જન્મ પછી કૂતરી મરી ગઇ. બહુ ભૂખનો માર્યો કૂતરો પણ મરી ગયો. ત્યાંથી તે એક બ્રાહ્મણને ત્યાં ગળીઓ બળદ થઇને જન્મ્યો. ત્યાં પણ તે પરોણાના મારથી બહુ પીડાયો. બ્રાહ્મણ મારી મારીને થાક્યો એટલે તેણે એક ઘાંચીને ત્યાં વેચી નાખ્યો. ઘાંચી એને રાત-દિવસ ઘાણીમાં જોડી રાખે છે, એથી એનું આખું શરીર સુકાઇને સડી ગયું. છેવટે તે પગ ઘસી ઘસીને મૃત્યુ પામ્યો. ત્યારબાદ તે હિમાલયમાં સર્પરૂપે ઉત્પન્ન થયો. સુરસુંદરીની સાથે તું સમસ્યાઓ ઉકેલતો હતો તે વખતે તે તને પૂર્વના વૈરને લીધે આવીને ડસ્યો. ત્યાંથી મરીને તે તારો પુત્ર મદનવેગ થયો. તારો જ પુત્ર શા સારૂ તારો પ્રાણ લેવા ઝંખે છે તે હવે તને સમજાશે. જાજરૂમાં તને મારવા આવ્યો તે વખતે અતિ ગભરાટને લીધે નર્કકુંડમાં પડી ગયો હતો, પણ પછી જાજરૂ સાફ કરનારે જ્યારે બારણા ખોલ્યા ત્યારે તે રાત્રીના સમયે બ્હાર નીકળી ગયો. પાપના ઉદયને લીધે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

એને પૂરો સારો આહાર પણ મળી શકતો નથી તેથી તેને હમણા કુષ્ઠરોગ થયો છે અને દુઃખથી અહીંતહીં રઝળે છે.”

એ પ્રમાણે સૂરીંદ્ર પાસેથી વૈરાગ્યનો ઉપદેશ અને વીતક-કથા સાંભળી મકરકેતુએ. સુરસુંદરીના બીજા પુત્ર અનંગકેતુને રાજગાદીએ સ્થાપી શ્રી ચિત્રવેગસૂરીશ્વરના ચરણકમળમાં દીક્ષા ગ્રહણ કરી.

સુરસુંદરીએ પણ વૈરથી ઉત્પન્ન થતાં દારૂણ દુઃખની વાત સાંભળી, કનકમાલા ગુરૂણીની પાસે દીક્ષાવ્રત લીધું. એ પ્રમાણે વ્રતની સિદ્ધિવડે ત્રણે પૂર્વ ભવની બ્હેનો અહીં એકઠી થઈ. તેમના પૂર્વભવના સ્વામી એવા તે ત્રણ મિત્રો પણ મિલાપ પામ્યા.

મકરકેતુ મુનિ, શ્રી ચિત્રગતિ વાચક પાસે અંગ તથા અન્ય સૂત્રોનો અભ્યાસ કરે છે અને ગુરૂશ્રી ચિત્રવેગ આચાર્ય પાસે મૂળ અર્થ અવધારે છે. બુદ્ધિની તીવ્રતાને લીધે થોડા જ સમયમાં તે મહાસત્ત્વ સૂત્રોના અર્થની તુલના કરવા લાગ્યા. આખો દિવસ તપ અને અધ્યયનમાં વીતાવી રાત્રીના સમયે પ્રેતવનમાં (સ્મશાનમાં) જઈ કાયોત્સર્ગ કરવા લાગ્યા.

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં શ્રી ચિત્રવેગ આચાર્ય ચંપા-પુરીમાં પધાર્યા. મકરકેતુ મુનિ સ્મશાનભૂમિમાં પ્રતિમા ધારી રહે છે. ચિત્રગતિ ઉપાધ્યાય પણ વાચનાના સમયમાં મુનિઓની વચ્ચે બેઠા હતા એટલામાં એમને વિકથામાં પ્રમત્ત થએલા જોઈને એક દેવ હરી ગયો. વિસ્મિત બનેલા મુનિઓ ગુરૂ-દેવની પાસે ગયા અને એમને આ હરણની વાત સંભળાવી. ગુરૂએ પૂર્વગત જ્ઞાનનો ઉપયોગ મૂકી એ વેરીનું વૃતાંત જાણી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

લીધું. પછી સર્વ મુનિઓ તથા સાધ્વીઓને ઉદ્દેશી એમણે કહ્યું: " ખરેખર વેરને લીધે પ્રાણીને ઘણુ કષ્ટ વેઠવાં પડે છે. તમે સૌ વૈરબુદ્ધિનો સર્વથા ત્યાગ કરજો. આ પણ એક પૂર્વવૈરની જ કથા છે. સાંભળો: પરભવમાં રૂષ્ટ થએલો ધનપતિનો જીવ જે દેવ થયો હતો તે પૂર્વના વૈરને લીધે મોહિલનો જીવ જે સુમંગળ થયો હતો તેને માનુષ્યોત્તર પર્વતની અપર બાજુએ મૂકી આવ્યો હતો, તે ત્યાંથી ચાલતો ચાલતો નિર્જન અરણ્યમાં આવ્યો. ત્યાં તેને સર્પ ડસ્યો. ત્યાંથી મરીને તે સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો. નારક, તિર્યંચ અને મનુષ્યભવમાં પણ એણે દારૂણ દુઃખ વેઠ્યાં. પછી સિદ્ધપુર નગરમાં સુરથ નામે કનકવતીનો પુત્ર થયો. પિતા સુગ્રીવ ક્ષયના રોગથી મરી ગયા. સુરથ રાજ્યગાદીએ આવ્યો તો ખરો, પણ સુપ્રતિષ્ઠે એને હાંકી કાઢ્યો. પછી તે ચંપાનગરીમાં આવ્યો. કીર્ત્તિધર્મ રાજાએ, પોતાનો ભાણેજ જાણીને તેને પોતાની હકૂમતમાંથી, સીમાડાનાં સો ગામ કાઢી આપ્યાં. ત્યાં પણ તે અનાચાર અને જૂલમ કરવા લાગ્યો. કીર્ત્તિધર્મ રાજાના પુત્ર–ભીમે તે ગામડાં સુરથ પાસેથી આંચકી લીધાં. સુરથ બહુ દુઃખી થયો. આખરે અજ્ઞાનતપ કરીને તે જ્યોતિષવાસી શનિશ્ચર દેવ થયો. ત્યાં તે પોતાનું પૂર્વવૈર સંભારીને અહીં ચિત્રગતિ મુનિ પાસે આવ્યો. શાસ્ત્રવાંચન અથવા અધ્યયન વખતે તો એનું બળ ન ચાલે, પણ આજે ચિત્રગતિને વિકથામાં પ્રમાદ સેવતા જોયા એટલે તે દુષ્ટ એમને ઉપાડી ગયો. પછી લવણસમુદ્રમાં ફેંક્યા. શુભ પરિણામવાળા એ મુનિ શુકલધ્યાનવડે કર્મોને બાળી હાલમાં અંતકૃત–કેવળી થયા છે. એમને હવે સંસારનો ભય નથી. "

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

આચાર્યદેવ પૂરું બોલી રહ્યા કે તરત જ શ્રી અમરકેતુ મુનિ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા કેઃ "ગુરૂની આજ્ઞાથી હું ધનદેવ સાથે સ્મશાનભૂમિમાં મકરકેતુ મુનિ પાસે ગયો હતો, પણ ત્યાં તે જોવામાં ન આવ્યા. એ સ્થળે એક ધગધગતી ચિતા સળગતી હતી. ગંધોદક તેમજ પુષ્પોની સુગંધ મ્હેક મ્હેક થઇ રહી હતી."

આચાર્ય મહારાજે જ્ઞાનનો ઉપયોગ મૂકી સમાધાન કર્યું કેઃ "હે મુનિઓ ! બહુ દુઃખથી પીડાતો મદનવેગ અહીં સુધી ચાલીને આવ્યો. સ્મશાનમાં પોતાનાં પિતાને કાયોત્સર્ગમાં ઉભેલા જોઇ તે ક્રોધને કાબૂમાં રાખી શક્યો નહીં. એક ખેડુત બળતણનું ગાડું ભરીને ત્યાંથી જતો હતો તે ગાડું અકસ્માત્ ત્યાં ભાંગી ગયું. રાત્રી થઇ જવાથી ખેડુત પોતાના બળદને લઇ ચાલ્યો ગયો. કાષ્ટ પડી રહ્યાં. પેલા પાપીએ ગાડામાંથી લાકડાં લાવીને મુનિની આસપાસ ગોઠવ્યાં અને પછી એમાં આગ મૂકી.

અગ્નિએ મુનિના દેહને બાળ્યો પણ સમભાવમાં રહેલા એ મુનિએ શુકલધ્યાનવડે કર્મોને બાળી નાખ્યાં. તે અંત-કૃતકેવલી થયા."

એ પ્રમાણે ઉપદેશ આપતા ચિત્રવેગસૂરિનાં ચાર કર્મ ક્ષીણ થઇ ગયાં જેથી એમને કેવલજ્ઞાન થયું, તેમજ શુભ ભાવમાં રહેલા શ્રી અમરકેતુ મુનિ, ધનદેવ મુનિ, કનકમાલા, કમલાવતી, સુરસુંદરી અને પ્રિયંગુમંજરી એ સર્વને પણ વિશુદ્ધ કેવલજ્ઞાન ઉપજ્યું.

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

દેવોએ અપૂર્વ વૈભવ સાથે કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો અને ઉચિત સમયે તે સૌ શિવસુખ પામ્યાં.

દુષ્ટકર્મવાળો મદનવેગ અનંત સંસારના પ્રવાહમાં પડ્યો. ભવ્યાત્માઓએ આ ઉપરથી રાગ-દ્વેષરૂપી શત્રુઓનું દમન કરવા હમેશાં ઉદ્યુક્ત રહેવું જોઈએ.

રાગ-દ્વેષથી સર્વથા મુક્ત એવા શ્રી જિનેંદ્રભગવાનને ભક્તિપૂર્વક વંદન હો-જેથી આ ભવસમુદ્રનો પાર પામીએ !

**સમાપ્ત**

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# ઉપદેશધારા.

## ( ૧ )

## શ્રી સુરવાહન કેવળી ભગવાને ચિત્રકૂટ શિખર ઉપર વહાવેલી ઉપદેશધારા.

" હે ભવ્યાત્માઓ ! આ અસાર સંસારમાં પરિભ્રમણ કરતા અને કર્મને આધીન બનેલા જીવોને મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે. મનુષ્યત્વ પણ મૃત્યુ અને ઘડપણથી વ્યાપ્ત જ રહે છે. રોગ, શોક અને વ્યાધીઓનું સ્થાન ગણાય છે. મનુષ્યને અણધાર્યા અનેક શારીરિક તેમજ માનસિક દુઃખો ભોગવવાં પડે છે. મનુષ્યો જે લક્ષ્મી મેળવે છે અને અહંકાર કરે છે, તે પણ પવનથી કંપતા ધ્વજાના છેડા જેવી જ ચંચળ છે. સ્વજનો અને સગાં-સંબંધીઓનો સ્નેહ પણ અસ્થિર છે. વિષયસુખ પરિણામે તો દારૂણ દુઃખ અને નરકાદિના હેતુરૂપ જ બને છે.

મિથ્યા વિકલ્પને લીધે માણસને સંસાર સુખરૂપ ભાસે છે, પણ એ જાણતો નથી કે માથા ઉપર મૃત્યુરૂપી સુભટ પ્રાણીઓના સમુદાય ઉપર સદા ઝઝૂમી જ રહ્યો હોય છે. આ પ્રમાણે સંસારની સ્થિતિ સમજી-વિચારી માનવદેહના સારરૂપ વ્રત પાલન કરવાં, સુપાત્રને સદ્બુદ્ધિથી દાન આપવાં અને કોઇ પણ પ્રાણીને આપણી ઉપર અરૂચી થાય નહીં એવો વહેવાર રાખવો એ જ ખરી કમાણી છે. દુર્લભ મનુષ્યભવ પામીને સદ્બુદ્ધિનો ઉપયોગ કરવો. કેવળી ભગવાને પ્રરૂપેલા સમ્યગ્ ધર્મ સિવાય આ સંસારચક્રથી ભય પામેલા અને ભવસાગરમાં ડૂબેલા

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

…વા ભવ્ય પ્રાણીઓને બીજું કોઈ શરણુ નથી. હે પુણ્યાત્માઓ ! …પ્રાપ્ય એવા આ માનવજન્મને પામી શાશ્વત શિવસુખના …રણભૂત શ્રી જિનચંદ્ર ભગવાને કહેલા ધર્મમાં ઉદ્યુક્ત થાઓ, …ન્મને સફલ કરો, સાવદ્ય કાર્યોનો જેમાં સર્વથા ત્યાગ રહેલો … એવી પ્રવ્રજ્યા–મુનિદીક્ષાને ગ્રહણુ કરીને કર્મશત્રુનો નાશ …રો અને શાશ્વત સુખમય એવા મોક્ષસ્થાનને પ્રાપ્ત કરો.”

( —ચતુર્થ પરિચ્છેદમાં )

( ૨ )

## પ્રભંજન–કેવલી ભગવાનની દેશના.

“ હે ભવ્ય પ્રાણીઓ ! બાળ હસ્તીના કર્ણ સમાન લક્ષ્મી …ચંચળ છે અને આયુષની અનિત્યતા તો કોનાથી અજાણી છે? …ાણીઓનું યૌવન પણુ જરારૂપી રાક્ષસી એકદમ શોષી લે છે. …ટલાક પ્રાણીઓનું યૌવન રોગ–શોકવડે અકાળે વિલીન થઈ …ાય છે, તેમજ ઇષ્ટનો વિયોગ અને અનિષ્ટની પ્રાપ્તિ પણુ …ણુાખરા માણુસોના યૌવનને હરી લે છે. રોગ, શોક, જરા …ેમજ વ્યાધીઓથી વીંટળાયેલા યૌવન ઉપર પામર મનુષ્ય …ટલો આસક્ત રહે છે ? હે ભવ્યો ! તુચ્છ એવા વિષયોપ- …ોગથી પ્રાણીઓ કુગતિનાં અનેક દુઃખો પ્રાપ્ત કરે છે. વિષયો …ાતે જ દારૂણુ દુઃખ આપનાર નીવડે છે, માટે એવા અસાર …િષયોમાં તમારે બીલકુલ રાગ રાખવો નહી. એનો ત્યાગ …રવાથી અનંતસુખ પ્રાપ્ત થાય છે. તમે એનો ત્યાગ ન …રો તો પણુ એ તમારો ત્યાગ કરી જવાના છે તો પછી …અનંતશાંતિ સુખને આપનારો ત્યાગ તમારે પોતે જ શા …ાટે ન કરવો ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

તમને સંસારમાં જો કાંઇ સારરૂપ જણાતું હોય તો એ ભ્રમણા છે. સંસાર સેંકડો દુઃખના હેતુરૂપ છે, એટલું સમજીને શ્રી જિનેંદ્રભગવાને કહેલા ધર્મને વિષે તમે ઉદ્યુકત થાઓ. આ અનાદિ અનંત ભવરૂપી સમુદ્રમાં અનેકવાર પરિભ્રમણ કરતાં બહુ પુણ્યયોગને લીધે અપૂર્વ એવી આ દુર્લભ ધર્મસામગ્રી પ્રાપ્ત થઇ છે તેને તમે નિષ્ફળ ન કરો. ચોરાશી લાખ જીવાયોનીથી વ્યાપ્ત એવા આ સંસારમાં ફરીથી આવો મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે.—અને એમાં એ જૈનધર્મનું શરણ મળવું એ તો બહુ વિકટ છે.

માટે હે ભવ્યાત્માઓ ! શ્રી જિનેંદ્રભગવાને કહેલા દીક્ષાવ્રતને તમે ગ્રહણ કરો, સર્વ સુખમય એવા સંયમનું આરાધન કરો અને આ સંસારનો ત્યાગ કરી ઉત્તમ એવી સિદ્ધિને વરો.”

( —પંચમ પરિચ્છેદમાં )

( ૩ )

## દંડવિરત કેવલી ભગવાનનો ઉપદેશ.

“હે ભવ્ય લોકો ! આ સંસારસાગરમાં અતિ દુર્લભ એવો મનુષ્યભવ પામીને તમે શ્રી જિનેંદ્રભગવાને કહેલા સમ્યક્ત્વ-ધર્મમાં ઉદ્યુક્ત થાઓ, જેથી આ ભવાટવીમાં તમારે વારંવાર પરિભ્રમણ કરવું પડે નહીં. ધર્મ વિનાનો માનવભવ વૃથા છે. દાંત વિનાનો હાથી જેમ નકામો છે, શીઘ્રગતિ વિનાનો ઘોડો જેમ નકામો છે, ચંદ્ર વિનાની રાત્રી જેમ નકામી છે, સુગંધ વિનાનાં પુષ્પો જેમ નકામાં છે, જળ વિનાનું સરોવર જેમ નકામું છે, છાયા વિનાનાં વૃક્ષો જેમ નકામાં છે, લાવણ્ય

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

...નું રૂપ જેમ નકામું છે, ગુણ વિનાનો પુત્ર જેમ કંઇ ...નો નથી, ચારિત્રથી ભ્રષ્ટ એવો યતિ અને દેવ વિનાનું ...દેર જેમ નામનાં જ છે તેમ ધર્મ વિનાનો માનવભવ પણ ...મો જ સમજજો.

હે સજ્જનો ! તમે કુપથનો ત્યાગ કરો. સન્માર્ગને વિષે ...ત્તિ કરો. આ સંસારની સ્થિતિ જ એવી છે કે ઇષ્ટનો ...યોગ અને અનિષ્ટની પ્રાપ્તિ થયા કરે. વિષયસુખમાં લુબ્ધ ...મેલાં પ્રાણીઓ અનેક પ્રકારનાં દુઃખ વેઠે છે. વસ્તુતઃ ...ણીને જે દુઃખ થાય છે તે તેના પોતાના દુષ્કર્મને લીધે જ ...ય છે; બાહ્ય અર્થમાં બાકીનું સર્વ નિમિત્ત માત્ર ગણાય છે. ...ઇ કોઇને દુઃખ આપી શકતું નથી. પ્રાણીઓનાં કર્મ જ સુખ-...ઃખ જન્માવે છે. કોઇક મનુષ્ય કૂતરાને પથરો મારે છે તો ...તરો માણસને મૂકી પથરાને બચકું ભરવા દોડે છે. સિંહને ...ાણ લાગે તો બાણ તરફ લક્ષ નહીં આપતાં બાણ ફેંકનાર ...રફ તે દ્રષ્ટિ કરશે. તમારે પણ સિંહ જેવું વર્તન રાખવું. ...ખ-દુઃખ તરફ દ્રષ્ટિ નહીં કરતાં તેના કારણભૂત કર્મ તરફ ...ક્ષ્ય આપવાની જરૂર છે, જેથી અન્ય ઉપર રાગ-દ્વેષ ન ...ાય અને આત્માનું અકલ્યાણ પણ ન થાય. હે ભદ્ર ! શ્રી ...જિનેંદ્રભગવાનની આજ્ઞા માની તમે સૌ કર્મનો ઉચ્છેદ કરવા ...યાર થાઓ. કર્મનો ઉચ્છેદ થવાથી દુઃખ માત્રની જડ ...ીકળી જશે."

(—ષષ્ઠ પરિચ્છેદમાં)

( ૪ )

## શુભંકર કેવલી ભગવાનનો ઉપદેશ.

" હે ભવ્યાત્માઓ ! સંસારમાં મનુષ્યભવ મળવો બહુ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દુર્લભ છે. તેમાં સતકુલની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. સત્કુળ મળે તો પણ શ્રી જિનેંદ્રકથિત ધર્મની પ્રાપ્તિ પણ બહુ બહુ દુષ્કર છે. જૈનધર્મ પ્રાપ્ત કર્યા પછી હમેશાં વાસનાઓનો ત્યાગ કરવામાં અને શુદ્ધ ધર્મ આચરવામાં જ ઉધુક્ત થવું જોઈએ. પ્રમાદનો સર્વથા ત્યાગ કરજો. પ્રમાદને વશ થએલાં પ્રાણીઓ બહુ અનર્થને પાત્ર થાય છે. ઉભયલોકને વિષે પ્રમાદ દુઃખ દે છે.

આ જગતની અંદર પ્રાણી માત્ર વૈભવની ઈચ્છા રાખે છે, છતાં સંપત્તિ તેમનાથી દૂર ને દૂર જ રહે છે; કારણ કે દુષ્ટ પ્રમાદ પગલે પગલે એમને નડે છે. પ્રમાદને લીધે જ પ્રાણી આધિ-વ્યાધિનો ભોગ બને છે. ઉત્તમ પ્રકારના સમગ્ર ગુણો પ્રમાદને લીધે ભોગવી શકાતા નથી. સારાં કાર્યોનો વિનાશ કરવામાં જ પ્રમાદ પોતે અભિમાન લે છે.

આ પ્રમાદ શત્રુને તમે કોઈ રીતે આશ્રય આપશો મા. હે ! ભવ્યજનો હથેલીમાં રહેલા પાણીની જેમ આયુષ પળે પળે ક્ષીણ થાય છે, માટે શ્રી જિનેંદ્રભગવાને કહેલા ધર્મનું આરાધન કરો. કોઈ પણ સમયે પ્રમાદ કરશો મા. દર્ભ અને સોયના અગ્રભાગમાં રહેલા જલબિંદુની જેમ જીવિતને નાશવંત માનજો અને જીવનના સારભૂત શુદ્ધ ધર્મને વિષે ઉદ્યમવંત રહેજો.

કર્મની ગતિ બહુ ગહન છે. કર્મને નિર્મૂળ કરવામાં પ્રમાદ ન સેવશો. આ સંસારમાં દુઃખ માત્ર પ્રમાદથી જ થાય છે. ચારે ગતિને વિષે દરેક પ્રાણીએ પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ. જન્મ, જરા, રોગ, શોક, મરણ અને બીજા સેંકડો દુઃખોનો હેતુ એક માત્ર પ્રમાદ છે. પ્રમાદથી પ્રેરા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

યેલાં જીવો સંસારસમુદ્રમાં આમતેમ રઝળે છે, માટે હે મુમુક્ષુઓ ! ચેતો ! પ્રમાદરૂપી પિશાચનો ત્યાગ કરો. આ સંસારસમુદ્ર તરવામાં નૌકા સમાન શ્રી જૈનધર્મને વિષે શ્રદ્ધા રાખી ઉત્તમ પ્રકારે ઉદ્યમ કરો. આ સંસારમાં બંધુ સમાન જો કોઇ હોય તો તે સમ્યક્ત્વ ધર્મ જ છે. અન્ય બંધુઓ સ્વાર્થના સગા હોય છે, ધર્મ જ પ્રાણીને સદાને સારૂ સુખદાયક રહે છે. દ્રવ્યભંડાર ગમે તેટલો દાટી રાખ્યો હોય, પશુ–પ્રાણી ગમે એટલી મોટી સંખ્યામાં હોય અને ભાર્યા ગમે તેવી સુંદર હોય, પણ લોકાંતરમાં એ કોઇ સાથે નથી આવતાં. બધું ત્યાં ને ત્યાં જ પડી રહે છે. સ્નેહીઓ અને કુટુંબીઓ બહુ બહુ તો અશ્રુપાત કરીને બેસી રહે છે. ધર્મ એ એક જ એવો બંધુ છે કે જે પરલોકમાં પણ મનુષ્યનો સાથ નથી છોડતો; માટે જગતના સારરૂપ એવા ધર્મની જ આરાધના કરજો.”

(—સપ્તમ પરિચ્છેદમાં)

(૫)

## સુદર્શન આચાર્યનો ઉપદેશ.

“હે ભવ્ય પ્રાણીઓ ! સમ્યગ્દર્શનરૂપી જેનું મૂળ છે, પંચ મહાવ્રતરૂપી મોટો અને સુદ્રઢ જેનો સ્કંધ છે, પંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, તપ અને સંયમાદિક જેની શાખાઓ છે, વિવિધ અભિગ્રહરૂપી ગુચ્છો જેમાં લચી રહ્યા છે, મનોહર શીલાંગરૂપી પત્રો જેને વિષે ફરફરી રહ્યાં છે, ઉત્તમ લબ્ધિરૂપ પુષ્પો જેમાં સુવાસ પ્રગટાવી રહ્યા છે, સ્વર્ગ અને મોક્ષ જેવાં મનોહર સુખ જ જે વૃક્ષના ફળરૂપ છે એવું આ ચારિત્રરૂપ કલ્પવૃક્ષ છે. સંસારના તીવ્ર તાપોથી તપેલા જીવને એ શીળી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છાંયા આપે છે. દુરન્ત દુઃખોનો એ નાશ કરે છે. શ્રી જિનેંદ્ર ભગવાનના કૃપાથી એ કલ્પવૃક્ષ આટલો ફાલીફુલીને રહ્યો છે.

વળી હે ભવ્યાત્માઓ ! ઇંદ્રિયોની ગતિ બહુ ચંચળ છે. વિષયોની સંગતિ કેવળ દુઃખ દેનારી જ હોય છે. ક્રોધાદિક કષાયો દુર્ગતિ તરફ જ દોરી જાય છે. એક વાર જો પ્રમાદ કરવામાં આવે તો એ પ્રમાદ જીવને ભવસમુદ્રમાં પટકે છે, માટે ચારિત્રધર્મનો આશ્રય લો, પ્રમાદનો સર્વથા ત્યાગ કરો અને ધર્મને વિષે ઉદ્યમ કરો.

( —અષ્ટમ પરિચ્છેદમાં )



P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

# સુરસુંદરીનાં સુધાબિંદુ.

## પ્રકરણ ૧ લું.

### રાજા અને તેની આજ્ઞા.

अष्टानां लोकपालानां, वपुर्धारयते नृपः।
देवबुद्धया नमेत्तं च, लंघयेन्न कदाचन ॥

રાજા આઠ લોકપાળના સ્વરૂપને ધારણ કરે છે. દેવબુદ્ધિએ તેને નમન કરવું અને કોઇ દિવસ પણ તેની આજ્ઞા ઉલ્લંઘવી નહીં.

### સાત પ્રકારના ઉપદ્રવો.

अतिवृष्टिरनावृष्टि–र्मूषकाः शलभाः शुकाः।
स्वचक्रं परचक्रं च, सप्तैता ईतयः स्मृताः ॥

અતિવૃષ્ટિ, વૃષ્ટિનો સર્વથા અભાવ, અતિ ઉંદર, અતિ તીડ, અતિ પોપટની ઉત્પત્તિ, સ્વચક્રનો ભય તેમ પરચક્રનો ભય એ સાત પ્રકારના ઉપદ્રવો ગણાય છે.

### વિદ્યાદાનની સર્વશ્રેષ્ઠતા.

विद्यादानं सर्वदानप्रधानम्।



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

બધાં પ્રકારના દાનમાં વિદ્યાનું દાન મુખ્ય છે.

## ત્વરિત ગતિએ પ્રસરતી ત્રણ વસ્તુઓ.

वार्त्ता च कौतुकवती विशदा च विद्या,
लोकोत्तरः परिमलश्च कुरङ्गनाभेः ।
तैलस्य बिन्दुरिव वारिणि वार्यमाण-
मेतत् त्रयं प्रसरति किमत्र चित्रम् ॥

કૌતુકભરેલી વાર્તા, ઉત્તમ પ્રકારની વિદ્યા, અપૂર્વ કસ્તૂરીની સુગંધ એ ત્રણે વસ્તુને સંતાડી રાખો તો પણ, પાણીની અંદર તેલનું ટીપું જેમ જોતજોતામાં ફેલાઇ જાય તેમ ઝટ ઝટ પ્રસરી જાય છે.

## પ્રકરણ ૨ જું.

### મિત્રની, શૂરવીરની, વંશની અને નારીની કસોટી ક્યારે ?

आपदि मित्रपरीक्षा शूरपरीक्षा रणाङ्गणे भवति ।
विनये वंशपरीक्षा स्त्रीपरीक्षा च निर्धने पुंसि ॥

આપત્તિ-મુશ્કેલીના સમયમાં મિત્રની કસોટી થાય છે, શૂરવીરની કસોટી યુદ્ધના મેદાનમાં થાય છે, ઉત્તમ કુળમાં જન્મ થયો હોય તો વિનય પરથી પરીક્ષા થાય તેમ નિર્ધન પતિના પનારે પડેલી સ્ત્રીની એ વખતે ખરી કસોટી થાય છે.

### ઉપકાર ક્યારે અનિષ્ટ નીવડે છે ?

उपकारो हि पापाना-मपकारफलप्रदः ।
पयःपानं भुजङ्गानां, केवलं विषवर्द्धनम् ॥

પાપાત્માઓ ઉપર કરેલો ઉપકાર કેવળ અનિષ્ટ ફળ આપ-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

નારો નીવડે છે. સર્પને દૂધ પાઇએ તો એનું પરિણામ ઝેર સિવાય બીજું શું સંભવે?

## બુદ્ધિમાનો શું શું ગોપવે?

आयुर्वित्तं गृहच्छिद्रं, शत्रुभ्यश्च पराजयम् ।
वंचनं चापमानञ्च, मतिमान्न प्रकाशयेत् ॥

પોતાની ઉમર, ધન, ઘરનાં છિદ્ર, શત્રુના હાથથી થયેલો પરાજય, છેતરામણ અને અપમાન એટલી વસ્તુઓ કોઇ બુદ્ધિમાન પોતાની મેળે પ્રકટ ન કરે.

## ભાગ્યશાળી કન્યા.

कुलं च शीलं च सनाथता च, विद्या च वित्तं च वपुर्वयश्च ।
एते गुणाः सप्तवरे विलोक्या–स्ततः परं भाग्यवशा हि कन्या ॥

કુળ, શીલ, સ્વામીગુણ, વિદ્યા, ધન, શારીરિક સંપત્તિ અને યોગ્ય વય–આ સાત ગુણો વરની અંદર જોવા જોઇએ. જેને એ સાતે ગુણવાળો પતિ મળે તે કન્યા ભાગ્યશાળી, બાકી તો કન્યાનું જેવું ભાગ્ય હોય તેમ થાય.

## આપઘાત મહાપાપ.

आत्मघाती महापापी અને जीवन्नरो भद्रशतानि पश्येत्

મુંઝાઇને આપઘાત કરીને જીવનનો અંત આણવો એ એક મોટામાં મોટું પાપ છે અને માણસ મુંઝવણમાંથી બ્હાર નીકળે–જીવતો રહે તો જરૂર સુખના દિવસો જુવે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પ્રકરણ ૩ જું.

### નારી રાક્ષસી શા સારૂ ?

दर्शनाद्धरते चित्तं, स्पर्शनाद्धरते बलम् ।
संभोगाद्धरते वीर्यं, नारी प्रत्यक्ष राक्षसी ॥

યૌવનથી મદમત્ત બનેલી નારી સાક્ષાત્ રાક્ષસી જ છે, કારણ કે દર્શન માત્રથી તે પુરૂષના ચિત્તને હરે છે, સ્પર્શ માત્રથી બળ હરે છે અને સંભોગથી વીર્ય હરે છે.

### એક અગ્નિ છે : એક ઘી છે.

घृतकुंभसमा नारी, तप्ताङ्गारसमः पुमान् ।
तस्माद् घृतं च वह्निं च, नैकत्र स्थापयेत् बुधः ॥

નારી, ઘીના ભરેલા ઘડા જેવી છે અને પુરૂષ ધગધગતા અંગાર જેવો છે. બુદ્ધિમાને એ બન્નેને એક સ્થાને ન રાખવાં.

### છેક નકામું શું ?

गते हि नीरे किमु सेतुबन्धः ?

પાણી ચાલ્યા ગયા પછી પાળ બંધાવવી નકામી છે.

## પ્રકરણ ૪ થું.

### દૈવની બોલબાલા.

दैवं फलति सर्वत्र, न च विद्या न च पौरुषम् ।
समुद्रमथनाल्लेभे, हरिर्लक्ष्मीं हरो विषम् ॥

હમેશાં ભાગ્યમાં હોય તે જ મળે છે, ડહાપણ કે મહેનત પણ કંઈ કામ નથી આવતાં. દૈવ આગળ એ નકામાં છે. દેવો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને દૈત્યોએ ભેગા મળીને સમુદ્રનું મંથન કર્યું. હરિને એમાંથી લક્ષ્મી મળી અને શંકરને ઝેર મળ્યું; માટે દૈવગતિ જ બળવાન્ છે.

अघटितघटितानि घटयति, सुघटितघटितानि जर्जरीकुरुते ।
विधिरेव तानि घटयति, यानि पुमान्नैव चिन्तयति ॥

વિધિ અથવા દૈવની રચના જ એવી છે કે અઘટિત કાર્યોને સુઘટિત કરે છે અને સુઘટિત કાર્યોને જીર્ણ કરે છે, તેમજ જે કાર્યને પુરૂષ કદિ ચિંતવતો નથી તેવાં કાર્યોને દૈવ ક્ષણ માત્રમાં સિદ્ધ કરી દે છે.

## બુદ્ધિ, દેહ, ધન અને વાણીની સાર્થકતા શી ?

बुद्धेः फलं तत्त्वविचारणञ्च, देहस्य सारं व्रतपालनञ्च ।
अर्थस्य सारं किल पात्रदानं, वाचः फलं प्रीतिकरं नराणाम् ॥

બુદ્ધિની સફળતા માત્ર એટલી જ કે એ વડે માણસ ધર્મતત્ત્વનો વિચાર કરે, જેથી આત્મોન્નતિ થાય; માનવદેહની સાર્થકતા એટલી જ કે એ વડે માણસ અનેક પ્રકારનાં વ્રત પાળે; ધનની સાર્થકતા સુપાત્રને દાન આપવામાં રહેલી છે અને કોઇ પણ માણસને અપ્રીતિ થાય એવું વચન ન બોલવું એ વાણીનું ફળ છે.

## દુઃખરૂપી દૂતનો પ્રભાવ.

व्यथन्ति मन्त्रेण महोरगेन्द्रा, विनाम्बुसंयोगमथेह मीनाः ।
सुसाधवोऽधर्मरताऽनुषङ्गाद्, दुःखातिभारेण महाजनाश्च ॥

સામર્થ્ય હરી લેનારા મંત્રના પ્રભાવથી મોટા સર્પો પણ ભયભીત બની દુઃખને આધીન બને છે, જળના સંયોગ વિના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

મોટા માછલાંઓ તરફડી તરફડીને મરે છે, સત્પુરૂષો પણ અધર્મીઓના સહવાસથી દુઃખ પામે છે અને સુખસમૃદ્ધિથી પરિપૂર્ણ એવા મોટા લોકો પણ પોતાના ઉપર અતિ દુઃખ આવવાથી ભારે ભયમાં રહે છે.

## શત્રુ ઉભો કર્યા પછી.

विधाय वैरं सामर्षे नरोऽरौ य उदासते।
प्रक्षिप्योदर्चिषं कक्षे शेरते तेऽभिमारुतम् ॥

જે માણસ એક વાર શત્રુ ઉભો કર્યા પછી–દુશ્મનાવટ પછી પણ તે તરફ લક્ષ આપ્યા વગર પોતાનું અભીષ્ટ સાધવા ઇચ્છતા હોય તો તેને કદિ પણ નિવૃત્તિ મળી શકતી નથી. સૂકા ઘાસની ગંજીમાં આગ સળગાવીને તેની નજીકમાં, સન્મુખ પવનની લ્હેરમાં સૂવાની કોઇ બુદ્ધિમાન ઇચ્છા રાખે ખરો ?

## કન્યા કોને આપવી ?

रूपयौवनगांभीर्यसद्गुणैर्यो विराजितः।
तस्मै कन्या प्रदातव्या यादृशे तादृशे न तु ॥

રૂપ, યૌવન, ગાંભીર્ય અને ઉત્તમ ગુણો જેની અંદર હોય તેવા લાયક પુરૂષને પોતાની કન્યા આપવી. જેવા તેવાને ન આપવી.

## સૌની નજર જુદી જુદી હોય છે.

कन्या वरयते रूपं माता वित्तं पिता श्रुतम् ।
बान्धवा धनमिच्छन्ति मिष्टान्नमितरे जनाः ॥

કન્યાની દૃષ્ટિ વરના રૂપ તરફ રહે છે, માતા પોતાના

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જમાઈના વૈભવ તરફ જુએ છે, પિતા જમાઈની વિદ્વત્તા જુએ છે, બન્ધુ-બાંધવ ધનની ઇચ્છા રાખે છે અને બીજા સંબંધીઓ તો મિષ્ટાન્નના જ ભોગી હોય છે. સૌની નજર જુદી જુદી હોય છે.

## નિરપરાધ મૃગલો.

छित्वा पाशमपास्य कूटरचनां भङ्क्त्वा बलाद्वागुरां,
पर्यन्ताग्निशिखाकलापजटिलान्निर्गत्य दूरं वनात् ।
व्याधानां शरगोचराण्यतिजवेनोल्लंघ्य धावन् मृगः,
कूपान्तः पतितः करोतु विधुरे किंवा विधौ पौरुषम् ॥

નિરપરાધ મૃગલો બિચારો વનમાં રઝળીને સૂકાં ઘાસના તરણાં ચરતો હતો, એવામાં એ એક પારધીની જાળમાં સપડાયો. પારધી બીજા મૃગ શોધવા બીજી તરફ ગયો. પેલ મૃગલાએ પોતાના દાંતથી ધીમે ધીમે કરીને ફાંસલો કાપી નાખ્યો-કૂટ રચનાવાળી જાળ છેદી નાખી અને ત્યાંથી નાઠો. આગળ જાય છે ત્યાં તો એક ભયંકર વન આવ્યું અને એ વનમાં દાવાનળની જ્વાળાઓ સળગતી હતી. મહામુશીબતે એ મુશ્કેલીમાંથી પણ પોતાનો જીવ બચાવ્યો અને આગળ દોડ્યો. એટલામાં પારધીઓ ભેટી ગયા. ધનુષ-બાણ ચડાવીને તૈયાર જ ઉભા હતા. એમના છૂટતા બાણમાંથી પણ એ બચ્યો અને આગળ દોડ્યો. દોડતાં આખરે ગભરાટનો માર્યો એક કુવામાં જઇને પડયો અને ત્યાં જ તે મૃત્યુ પામ્યો. પોતાની ઉપર આવી પડેલાં દુઃખમાંથી છૂટવા મૃગલાએ કેટકેટલા પ્રયત્ન કર્યા, પરંતુ દૈવ પોતે જ જ્યાં મોઢું ફેરવીને બેઠું હોય ત્યાં પુરૂષાર્થ શું કામ લાગે ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## એમાં કોનો દોષ ?

पत्रं नैव यदा करीरविटपे दोषो वसंतस्य किं ?
नोलूकोऽप्यवलोकते यदि दिवा सूर्यस्य किं दूषणम् ?
धारा नैव पतंति चातकमुखे मेघस्य किं दूषणम् ?
यद्भाग्यं विधिना ललाटलिखितं तन्मार्जितुं कः क्षमः ?

વસંત ઋતુમાં વૃક્ષો ફળ-ફુલ અને નવાં અંકુરોથી દીપી નીકળે છે, એક માત્ર કેરડાનું ઝાડ કોરૂં રહી જાય છે એમાં કોનો દોષ ? સૂર્યના પ્રકાશથી પ્રાણી માત્રને પ્રકાશ મળે છે, માત્ર ઘુવડની આંખો મીંચાઇ જાય છે એમાં કોનો વાંક ? મેઘના આગમનથી સંતપ્ત ભૂમિ શાંત બને છે, માત્ર ચાતકના મ્હોંમાં એકે ધારા નથી પડતી, એમાં કોનો દોષ ? એ તો જે લલાટમાં લખાએલું હોય, પૂર્વે જે કર્મ કર્યાં હોય તે જ ભોગવવાં પડે છે-એમાં કોઇથી અન્યથા બની શકતું નથી.

## સેવા અને શ્વાનવૃત્તિ.

सेवा श्ववृत्तिराख्याता न तैः सम्यगुदाहृतम् ।
श्वा करोति हि पुच्छेन मूर्ध्ना चाटूनि सेवकः ॥

કેટલાકો સેવાવૃત્તિને કૂતરાની વૃત્તિની સમાન કહે છે પણ આ ઉદાહરણ બરાબર નથી, કારણ કે કૂતરૂં તો પૂંછડાવડે પોતાના પાલકને રીઝવે છે, સેવક પોતાના માથાવતી ગેલ કરે છે. ખરેખર નોકરની દશા વિચિત્ર હોય છે.

## ચાકર-નોકરની દુર્દશા.

मौनान्मूर्खः प्रवचनपटुर्वातुलः स्वल्पको वा,
क्षान्त्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजातः ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

धृष्टः पार्श्वे भवति यदि वा दूरतोऽप्यप्रगल्भः,
सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ॥

સેવક જો મુંગો બેસી રહે તો એ મૂર્ખ છે એમ કહેવાય, બોલવામાં કુશળ હોય તો વાતુડીયો ગણાય, ક્ષમા રાખીને બેસી રહે તો બીકણ લેખાય અને કોઇનું સહન ન કરે તો ઉલ્લંઠ ગણાય. માલીકની પડખે ઉભો રહે તો ઉદ્ધત લેખાય, દૂર રહે તો નિંદાય, ખરેખર સેવાધર્મ બહુ ગહન છે. યોગીઓ પણ એનો પાર પામી શકયા નથી.

## આત્મઘાતી નરકગામી.

आत्मघातेन पच्यन्ते नरके नियतं नराः ।
आत्महत्या कृतं पापं वज्रलेपसमं भवेत् ॥

મુંઝાઇને પોતાના જીવનનો અંત આણનારા ચિરકાલ નરકની વેદના ભોગવે છે. આત્મહત્યાના પાપની સહેજે નિવૃત્તિ થતી નથી—એ પાપ તો વજ્રલેપ જેવું બને છે.

## આત્મઘાત કરવામાં કોણ વિચાર નથી કરતો?

धर्मं न जानाति जिनेंद्रभाषित–मखण्डशर्मैकनिदानमुत्कटम् ।
यो मूढबुद्धिः स जनैर्विनिन्दितम्, निजात्मघातं कुरुतेऽविचारतः ॥

શ્રી જિનેંદ્ર ભગવાને કહેલા મોક્ષસુખના કારણભૂત એવા વિશુદ્ધ ધર્મના સ્વરૂપને જે મૂઢ પ્રાણી નથી સમજતો તે જ આ માનવલોકમાં નિંદિત એવો આત્મઘાત કરવામાં મુદ્દલ વિચાર નથી કરતો.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## સજજનોની પ્રતિજ્ઞા.

अद्यापि नोज्झति हरः किल कालकूटं,
कूर्मो बिभर्त्ति धरणीं किल पृष्ठभागे ।
अम्भोनिधिर्वहति दुर्वहवाडवाग्नि-
मङ्गीकृतं सुकृतिनः परिपालयन्ति ॥

સમુદ્રમંથન કરતાં એની અંદરથી કાલકૂટ વિષ નીકળ્યું, શંકરે એનો સ્વીકાર કર્યો અને હજી પણ એ વિષને રાખી રહ્યા છે. કાચબાએ પોતાની પીઠ ઉપર પૃથ્વીનો ભાર ગ્રહણ કર્યો અને હજી પણ એ અસહ્ય ભાર કાચબો સહે છે. સમુદ્રે વડવાગ્નિને પોતાના અંતરમાં સ્થાન આપ્યું અને હજી પણ એને જાળવે છે. ખરેખર, સજજનો જે પ્રતિજ્ઞા કરે છે-જેનો હાથ પકડે છે તેને છેવટની ઘડી સુધી પાળે છે.

## થવાનું હોય તે થાય છે જ.

भवितव्यं भवत्येव नालीकेरफलाम्बुवत् ।
गन्तव्यं गमयत्येव गजभुक्तकपित्थवत् ॥

" આમ ન જ બને " એમ આપણે ભલે માનીએ પણ જે થવાનું હોય તે અવશ્ય થાય છે. નાળીએરની અંદરથી મીઠું પાણી નીકળે છે એ વાત સૌ જાણે છે, પણ એ પાણી ક્યારે નાળીએરની અંદર પહોંચે છે એ કોઇ નથી જાણી શકતું. આપણે ન જાણીએ તો પણ બની જ જાય છે. હાથી આખું કોઠું ગળી જાય છે, પણ જ્યારે કોઠું બ્હાર નીકળે છે ત્યારે એની આકૃતિ માત્ર જ રહે છે, અંદરનો ભાગ ગળી થાય છે. એટલે કે જે થવાનું હોય તે લાખ વાતે થાય છે.

P.P. Ac. Gunratnasuri M.S.　　　　Jun Gun Aaradhak Trust

## સાહસ કરતાં વિચાર કરવો.

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ।
वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः ॥

વ્યવહારનિપુણ પુરૂષોએ કોઇ પણ બાબતમાં વગરવિચારે હસ ન કરવું. અવિવેક એ અનેક આપત્તિઓનું સ્થાન છે. ચારવંતોને સંપત્તિઓ આપોઆપ વરે છે, કારણ કે સંપત્તિ તે ગુણ તરફ અનુરાગ ધરાવતી હોય છે.

## કામાન્ધ અને ઘુવડ.

दिवान्धाः प्राणिनः केचित् रात्रावन्धास्तथा परे ।
विवेकनेत्रनिर्मुक्तः कामान्धो नैव पश्यति ॥

ઘુવડ જેવા પ્રાણી આંખ હોવા છતાં દિવસે દેખી શકતા ી, કેટલાક રાત્રે જોઇ શકતા નથી; પણ વિવેક વગરનો ્રીપુરૂષ તો રાત્રે કે દિવસે પણ કંઈ દેખી શકતો નથી.

## ચઢે ન દૂજો રંગ.

पापासक्ते चेतसि धर्मकथाः स्थानमेव न लभन्ते ।
नीलीरक्ते वाससि कुङ्कुमरागो दुराधेयः ॥

જેમનાં હૃદય પાપક્રિયામાં રચ્યાપચ્યાં રહે છે તેમના ્અંતરમાં ધર્મકથાને કઇં જ સ્થાન નથી મળતું. ગળીથી ંગેલા વસ્ત્રને તમે કુંકુમના રંગે રંગવા માગો તો એની ઉપર બીજો રંગ જ ન ચઢે.

## દૂધ મૂકીને ઝેર પીનારા.

यत्नेन पापानि समाचरन्ति धर्मं प्रसङ्गादपि नाचरन्ति ।
आश्चर्यमेतद्धि मनुष्यलोके क्षीरं परित्यज्य विषं पिबन्ति ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કુમાર્ગે પડેલા પ્રાણીઓ પાપકાર્યની પાછળ પૂરતો પ્રયાસ કરે છે, ભૂલેચૂકે પણ ધર્મનું આચરણ નથી કરતા. ખરેખર આશ્ચર્ય પામવા જેવું તો એ જ છે કે સ્હેજે પ્રાપ્ત થતા દૂધને ત્યજી દઇ લોકો ઝેર પીવામાં જ આનંદ માને છે.

## ત્રણ પ્રકારના માણસો.

पापं समाचरति वीतघृणो जघन्यः,
प्राप्यापदं सघृण एव विमध्यबुद्धिः ।
प्राणात्ययेऽपि न हि साधुजनः स्ववृत्तं,
वेलां समुद्र इव लङ्घयितुं समर्थः ॥

જેના હૃદયમાં જરા પણ અરેકારો નથી એવો માણસ પાપ કરતાં પાછું વાળીને નથી જોતો, એ જઘન્ય ગણાય છે. જેના હૃદયમાં દયા જેવું હોય છે તે આપત્તિમાં આવી પડે એટલે પાપાચરણથી પાછો વળે છે, એ મધ્યમબુદ્ધિ ગણાય છે. સજ્જનો સમુદ્ર જેવા હોય છે. સમુદ્ર કોઇ કાળે પોતાની મર્યાદા નથી છોડતા. સજ્જનો પણ પ્રાણાંતે પોતાના સદાચાર કે કુલમર્યાદાનો ત્યાગ નથી કરતા.

## પાપની પ્રક્રિયા.

जठराग्निः पचत्यन्नं फलं कालेन पच्यते ।
कुमंत्रैः पच्यते राजा पापी पापेन पच्यते ॥

ઉદરમાં પડેલા અન્નને પચાવવા જઠરાગ્નિ પોતાની પ્રક્રિયા ચાલુ રાખે છે, તે જ પ્રમાણે ફળને પકાવવા સમય પોતાનું કામ કર્યે જાય છે, અને રાજા પણ કુમંત્રોવડે વિપાકદશાને અનુભવે છે. પાપીને એના પાપનો બદલો જરૂર મળી રહે છે.

P.P. Ac. Gunratnasuri M.S.　　　　　　　　Jun Gun Aaradhak Trust

## ચિંતાની પરંપરા.

निर्द्रव्या धनचिन्तया धनपतिस्तद्रक्षणे चाकुलो,
निःस्त्रीकस्तदुपायसंगतमतिः स्त्रीमानपत्येच्छया ।
प्राप्ताऽपत्यपरिग्रहोऽपि सततं रोगैरभिद्रूयते,
जीवः कोऽपि कथंचनाऽपि नियतं प्रायः सदा दुःखितः ॥

નિર્ધનને ધનની ચિંતા રહે છે અને જેની પાસે ધન છે તેનું જતન કરવાના વિચારમાં સદા વ્યાકૂળ રહે છે. સ્ત્રી નાનો પુરૂષ સ્ત્રી મેળવવા વલખા મારે છે અને જેને સ્ત્રી મળી તેને સંતાનપ્રાપ્તિની ઈચ્છા રહ્યા કરે છે. પુત્ર પરિગ્રહવાળા રૂ સતત અનેક રોગોથી રીબાતા હોય છે. કોઈ માણસ કોઈ ણ સમયે સુખી હોય એમ નથી લાગતું–બધા દુઃખમાં જ મી ગએલા દેખાય છે.

## દુઃખનું મૂળ રાગ.

रागेण बध्यते जन्तुस्ततो यात्यधमां गतिम् ।
रागमूलानि दुःखानि दुःखितोऽत्र विनश्यति ॥

પ્રાણી માત્ર રાગથી બંધાય છે અને બંધનદશાને પામ્યા પછી અધમ ગતિ મેળવે છે. દુઃખ માત્રનું કારણ રાગદશા છે. એવો દુઃખી આખરે પોતે પોતાનો વિનાશ વ્હોરી લે છે.

## દુર્લભ માનવદેહ.

अनेकपूर्वार्जितपुण्यसंचयात् सुदुर्लभा मानवता हि लभ्यते ।
तत्सार्थकत्वं यदि नैव लोके समाप्यते फल्गु तदीय जीवितम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અનેક જન્મ-જન્માંતરમાં ઉપાર્જેલા પુણ્યબળના ઉદયથી અત્યંત દુર્લભ એવો આ માનવદેહ પ્રાપ્ત થાય છે, જેઓ એનું સાર્થક્ય નથી કરતા તેઓ આ માનવ જીવનને હારી જાય છે.

## એવા પુરૂષો ઓછાં હોય છે.

शूराः सन्ति सहस्रशः प्रतिपदं विद्याविदोऽनेकशः,
सन्ति श्रीपतयो निरस्तधनदास्तेऽपि क्षितौ भूरिशः ।
किन्त्वाकर्ण्य निरीक्ष्य वाऽन्यमनुजं दुःखार्दितं यन्मन-
स्ताद्रूप्यं प्रतिपद्यते जगति ते सत्पौरुषाः पंचषाः ॥

સંગ્રામની અંદર વિજય મેળવીને પાછા ફરનારા આ દુનીયામાં હજારો પડ્યા છે, વિવિધ વિદ્યાના જાણકાર પણ પગલે પગલે મળી આવે છે, ઋદ્ધિમાં કુબેર જેવા અને દાની પુરૂષો પણ પૃથ્વીની પીઠ ઉપર ઘણા પડ્યા છે; પરંતુ દુઃખી માણુસનાં દુઃખ સાંભળીને કે જોઇને જેમનું મન ભીંજાય, બીજાના દુઃખે દુઃખ અનુભવે એવા માણુસો તો માત્ર ગણ્યા-ગાંઠ્યા જ હોય છે.

# પ્રકરણ ૫ મું.

## મહાત્મા કોણ ?

विपदि धैर्यमथाऽभ्युदये क्षमा सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥

વિપત્તિકાળમાં ધૈર્ય, અભ્યુદયના સમયમાં ક્ષમા, સભાની અંદર બોલવાનું કૌશલ્ય, રણસંગ્રામમાં બહાદૂરી, યશની અભિરૂચી અને શાસ્ત્રશ્રવણનું વ્યસન એ સઘળું મહાત્માઓને સ્વભાવથી જ વરેલું હોય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## શું શું વ્યર્થ છે ?

बधिराग्रे वृथालापो, वृथा वारिविलोडनम् ।
तुषखंडनवत् व्यर्थ, वृथाऽभीष्टनिवेदनम् ॥

બ્હેરાની આગળ સંભાષણ વ્યર્થ છે, પાણી વલોવવાનો
ણુ કંઇ અર્થ નથી તેમ પોતાની ઇષ્ટ વાર્ત્તા બીજા કોઇને
હેવી એ પણ ફોતરા ખાંડવાની જેમ વ્યર્થ છે.

मृतेऽम्बुपानं किमु मानवानां ?
किमन्धकानां वसनादिशोभया ?
किं वृष्टिपातेऽपि समुद्रमध्ये ?
गते हि नीरे किमु सेतुबन्धनम् ?

માણુસ મરી ગયા પછી એના મ્હોંમાં સુધામય પાણી રેડવાથી શું વળે ? આંધળાની પાસે ગમે એવાં વસ્ત્ર અને અલંકારોની શોભા બતાવવાથી શું વળે ? સમુદ્રની અંદર ભારે વરસાદ થાય તો પણ શું કામનો ? અને પાણી વહી ગયા પછી પાળ બાંધવા બેસવું એ પણ શું કામનું ?

## ચારિત્રપ્રભાવ.

नो दुष्कर्मप्रयासो न कुयुवतिसुतस्वामीदुर्वाक्यदुःखं,
राजादौ न प्रणामोऽशनवसनधनस्थानाचिन्ता न चैव ।
ज्ञानाप्तिर्लोकपूजा प्रशमसुखरतिः प्रेत्य मोक्षाद्यवाप्तिः,
श्रामण्येऽमी गुणाः स्युस्तदिह सुमतयस्तत्र यत्नं कुरुध्वम् ॥

ચારિત્રધર્મના ઉપાસકને અસત્ કાર્યો કરવાં પડતાં નથી, મલીન સ્વભાવવાળી યુવતી, પુત્ર કે સ્વામીનાં કડવાં વાક્યો

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સાંભળવાનો દુઃખમય પ્રસંગ પણ એમને પ્રાપ્ત થતો નથી, રાજાઓને પ્રણામ કરવા પડતા નથી, ભોજન, વસ્ત્ર, દ્રવ્ય કે સ્થાન વિગેરેની કોઈ પણ પ્રકારની ચિંતા કરવી પડતી નથી. ઉત્કૃષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, લોકો પણ ચારિત્રશાલીઓને પૂજે છે, શાંતિ–સુખમાં પ્રીતિ રહે છે. મતલબ કે આ લોક-માં ઉત્તમ સુખ મળે છે અને અંતે મોક્ષાદિકની પ્રાપ્તિ થાય છે. ચારિત્રમાં આ સર્વ ગુણો રહેલા છે. સુબુદ્ધિશાળીઓએ એ દિશામાં પ્રયત્ન કરવો જોઇએ.

## દંપતીનાં સુખની અવધિ.

गुणेन रूपेण समानभावौ समानशीलौ च समानमेधौ ।
समानवंशौ च कलासु तुल्यौ यौ दम्पती सौख्यमलं तयोर्वै ॥

ગુણ અને રૂપમાં જેઓ સમાન હોય, સ્વભાવ અને બુદ્ધિમાં પણ જે પતિપત્ની એક સરખાં હોય, સમાન કૂળમાં જન્મ્યાં હોય અને કળાકૌશલ્યમાં સરખો રસ ધરાવતાં હોય એવાં દંપતીના સુખની અવધિ જ આંકી શકાય નહીં.

## વૈરાગ્ય સિવાય બધે ભયનું જ રાજ્ય છે !

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं,
शास्त्रे वादभयं गुणे खलभयं रूपे जराया भयम् ।
मौने दैन्यभयं बले रिपुभयं काये कृतान्ताद्भयं,
सर्वं वस्तुभयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥

## વિનયથી લક્ષ્મીપ્રાપ્તિ.

विनयेन भवति गुणवान् ,
गुणवति लोकोऽनुरज्यते सकलः ।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

अनुरक्तस्य सहायाः,

ससहायो युज्यते लक्ष्म्या ॥

વિનયવડે મનુષ્ય ગુણવાન બને અને ગુણવાનને જોઇ
ાણુસો રાજી થાય છે. લોકોની પસંદગી પામેલા એવા પુરૂ-
ને અનેક પ્રકારની સહાય મળી રહે છે અને સહાય મળે
ટલે સંપત્તિઓ પણ આવી મળે.

## અનંત શાંતિ શી રીતે મળે ?

अवश्यं यातारश्चिरतरमुषित्वाऽपि विषया—

वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ।

व्रजन्तः स्वातन्त्र्यात्किमपि परितापाय मनसः,

स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधति ॥

વિષયો ભલે લાંબા વખત સુધી રહેતા હોય તો પણ તે
વાના છે એટલું ચોક્કસ છે અને જો જવાના જ હોય તો
છી તેમના વિયોગમાં શો ભેદ રહ્યો ? સ્થિર રહેવાના હોય
ાને આપણે જાતે તજી દઇએ તો એ વિયોગ દુઃખરૂપ ખરો;
ણ એવું તો કંઈ છે જ નહીં માટે સમજુ જનોએ પોતે જ
મને શા માટે ત્યાગ ન કરવો ? વિષયો પોતે સ્વતંત્રપણે
ત્યારે આપણો ત્યાગ કરીને ચાલ્યા જાય છે ત્યારે આપણને
ુઃખ થાય છે, પરંતુ એને બદલે જો તે વિષયોને આપણે
ાતે જ તજી દઇએ તો અનંત શાંતિ અને સુખ મેળવી શકીએ.

## પ્રબળ જીવનાશા.

माता पिता सुहृत्स्वामी, पुत्रदारास्त्वतिप्रियाः ।

तेभ्योऽप्यस्मिन् जने स्वस्य, जीवनाशा गरीयसी ॥

આ સંસારમાં માતા, પિતા, મિત્ર, સ્વામી, પુત્ર, સ્ત્રી એ

૨૦

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સર્વનો પરસ્પરમાં અધિક સ્નેહ જોવામાં આવે છે, તો પણ ખરો પ્રેમ તો પ્રાણી માત્રને પોતપોતાની જીવનદોરી ઉપર જ હોય છે. પોતાના રક્ષણમાં જ બધાનું રક્ષણ રહેલું છે એમ સૌ મનમાં માને છે.

### ધન, પુત્ર, દારા કરતાં પણ આત્મા અધિક છે.

धनं रक्षेत् स्वपुत्रार्थं, दारान् रक्षेद्धनैरपि ।
आत्मानं सततं रक्षेत्, दारैरपि धनैरपि ॥

પુત્રની ખાતર ધનનું રક્ષણ કરવું અર્થાત્ ધનનો વ્યય કરીને પણ પોતાના બાળકોનું રક્ષણ કરવું તેમજ ધન-સંપત્તિના ભોગે પણ સ્રીનું રક્ષણ કરવું; પરંતુ એમાં યે આત્મ-રક્ષણ મુખ્ય છે. મતલબ કે સૌને પોતાના જીવન બહુ વ્હાલાં હોય છે.

### મરણભય.

पथा समा नास्ति जरा, दारिद्र्यसमः पराभवो नास्ति ।
मरणसमं नास्ति भयं, क्षुधासमा वेदना नास्ति ॥

આ સંસારમાં પ્રયાણ કરવા જેવી અન્ય કોઇ જરા નથી, દરિદ્રતા જેવો બીજો પરાભવ નથી, મરણ જેવો બીજો એકે ભય નથી અને ભૂખ જેવી બીજી એકે વેદના નથી.

### બુદ્ધિમાનોનાં જ્ઞાન અને ધન.

शास्त्रं बोधाय दानाय, धनं धर्माय जीवितम् ।
वपुः परोपकाराय, धारयन्ति मनीषिणः ॥

પરોપકારમાં રસિક એવા બુદ્ધિમાનો શાસ્ત્રને બોધ માટે

P.P. Ac. Gunratnasuri M.S.                    Jun Gun Aaradhak Trust

જ ગ્રહણ કરે છે—વિવાદને માટે નહીં; ધનને દાન સારૂ જ સ્વીકારે છે—વિલાસને માટે નહીં; દેહને પરોપકાર અર્થે જ ધારણ કરે છે—ભોગોપભોગ માટે નહીં.

## પૃથ્વીને ધારણ કરતા બે પુરૂષો.

द्वौ पुरुषौ धरति धराऽथवा द्वाभ्यामपि धारिता धरणी ।
उपकारे यस्य मतिरुपकृतं यो न विस्मराति ॥

આ રત્નવતી પૃથ્વી બે પુરૂષોને જ ધારણ કરે છે, અથવા તો બે પુરૂષોએ જ આ પૃથ્વીને ધારણ કરી રાખી છે. એ બે પુરૂષો કયા ? એક તો એ કે જેની બુદ્ધિ હમેશાં પરોપકારમાં જ રહેતી હોય અને બીજો એ કે જે કરેલા ઉપકારને કદી પણ ભૂલી ન જાય. આ બન્ને પ્રકારના પુરૂષો દુનીયામાં પ્રશંસનીય ગણાય છે.

## કોનું કયું બળ હોય છે ?

बलं मूर्खस्य मौनत्वं, तस्करस्यानृतं बलम् ।
दुर्बलस्य बलं राजा, बालस्य रुदितं बलम् ॥

બુદ્ધિહીન માણસોનું બળ એમનું માન હોય છે, ચોરોનું બળ એમના જૂઠાણામાં હોય છે, દુર્બળ પ્રજાનું બળ રાજા પોતે છે અને બાળકનું બળ રોવામાં રહેલું હોય છે.

## મૃગતૃષ્ણા જેવાં સુખ.

दुर्लभे वस्तुनि प्रेम, कोऽर्थस्तेन भवेदिह ।
मृगतृष्णोपमं सौख्यं, परत्रेह च देहिनाम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જે પદાર્થ દુર્લભ હોય તેની ઉપર પ્રેમ રાખવાથી શું વળે ? એવા અસત્ આગ્રહમાં પડેલા મૂઢ પુરૂષોને આ લોક તથા પરલોકમાં ઝાંઝવાના જળની જેમ સુખાભાસ પણ દુઃખ-દાયક થઇ પડે છે.

### સારાં શુકન.

दक्षिणाङ्गानि सर्वाणि, पुरुषाणां शुभानि वै ।
वामानि वनितानाञ्च, स्पन्दमानानि सर्वदा ॥

પુરૂષોના સર્વ જમણાં અંગ ફરકે એ સારાં શુકન ગણાય છે અને સ્ત્રીના ડાબાં અંગ ફરકે તો તે શ્રેષ્ઠ ફળ આપે છે.

## પ્રકરણ ૬ ઠું.

### પ્રતિજ્ઞાનું બળ.

सीमां समुद्रा न परित्यजन्ति,
न शीलतां शीलगुणा यथैव ॥
न नीतिमन्तश्च नयं नरेशा—
न सज्जनाः स्वस्य तथा प्रतिज्ञाम् ॥

અગાધ જળથી ભરેલા સમુદ્રો પોતાની મર્યાદા મૂકતા નથી, શીલગુણને પાળનારા પોતાના શીલવ્રતને પ્રાણાંતે પણ તજતા નથી, રાજનીતિકૂશળ નરેશો કદી નીતિને ઓળંગતા નથી તેમ સર્જ્જનો ગમે તેમ થાય તો પણ પોતાની પ્રતિજ્ઞાથી ચલાયમાન થતા નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પ્રતિજ્ઞાનો ત્યાગ એ કરતાં મૃત્યુ સારૂં.

वज्रपातं वरं मन्ये, वरं वह्निप्रवेशनम् ।
वरं भुक्तं विषं मन्ये, न प्रतिज्ञाविहंसनम् ॥

પ્રતિજ્ઞાબદ્ધ પુરૂષ માને છે કે ભલે સુકોમળ શરીર ઉપર વજ્રપાત થાય, અગ્નિમાં પ્રવેશ કરવો પડે તો પણ ભલે, ઝેર ખાવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો પણ સારૂ; પરંતુ પ્રતિજ્ઞાનો ત્યાગ કરવો પડે એના જેવું બીજું એકે દુઃખ નથી.

## કર્મોનું કારખાનું.

पूर्वार्जितेन पुण्येन, लभ्यन्ते सर्वसम्पदः ।
हीनपुण्याः सदापात्तिं, भजन्ते कर्मयंत्रिताः ॥

પૂર્વે ઉપાર્જેલા પુણ્યબળવડે પ્રાણીઓને સંપત્તિ આવી મળે છે પણ પુણ્યહીનો કર્મરૂપી યંત્રમાં જકડાઇ હમેશાં આપત્તિઓ જ ભોગવે છે.

## પૂર્વના કર્મોની પ્રબળતા.

अकारणं सत्त्वमकारणं तपो, जगत्त्रयव्यापि यशोऽप्यकारणम् ।
अकारणं रूपमकारणं गुणाः, पुराणमेकं नृषु कर्मकारणम् ॥

કોઇ એમ કહેતું હોય કે પરાક્રમથી જ સુખ મેળવી શકાય તો તે ઠીક નથી, તપથી તત્કાળ સુખ મળી જાય એમ પણ નથી બનતું, ત્રણ લોકમાં વ્યાપેલા યશને લીધે સુખ પ્રાપ્ત થાય એ પણ અસંભવિત છે, રૂપ પણ સુખમાં કારણભૂત નથી બનતું; માત્ર પૂર્વભવમાં ઉપાર્જેલા કર્મો જ સુખ-દુઃખ ઉપજાવે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## એવા મંત્રી દુર્લભ.

नरपतिहितकर्त्ता द्वेष्यतां याति लोके,
जनपदहितकर्त्ता त्यज्यते पार्थिवेन्द्रैः ॥
इति महति विरोधे वर्तमाने समाने,
नृपतिजनपदानां दुर्लभः कार्यकर्त्ता ॥

મંત્રી જો કેવળ રાજાનું જ હિત સાધે તો પ્રજામાં અપ્રિય થાય, પ્રજાનું હિત કરવા તૈયાર રહે તો રાજા એને રજા આપે. રાજા અને પ્રજા ઉભયની વચ્ચે રહી, બન્નેને રાજી રાખે, બન્નેનાં હિત સાધે એવા મંત્રી બહુ દુર્લભ હોય છે.

## આકૃતિ અરીસો છે.

आकृतिर्गुणसमृद्धिशंसिनी,
नम्रता कुलविशुद्धिसूचिका ॥
वाक्क्रमः कथितशास्त्रसंक्रमः,
संयमश्च भवतो वयोऽधिकः ॥

મનુષ્યની આકૃતિ જ એના ગુણોનો પ્રકાશ પાડે છે, નમ્રતા ઉપરથી કુલની વિશુદ્ધિ દેખાઈ આવે છે, વાણીના વિસ્તાર ઉપરથી અનુક્રમે શાસ્ત્રજ્ઞાન કેટલું છે તેની પરીક્ષા થાય છે અને તમારો સંયમ તો વયની અપેક્ષાએ પણ ઘણો અધિક છે.

## કોણ કોની પરવા નથી કરતું ?

सुखी न जानाति परस्य दुःखं,
न यौवनस्था गणयन्ति शीलम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

आपद्गता निष्करुणा भवन्ति,

आर्ता नरा धर्मपरा भवन्ति ॥

સુખી માણુસ પરાયાં દુઃખ સમજી શકતો નથી, યુવા-
ીના મદવાળો યુવાન શીલની પરવા નથી કરતો, આફતમાં
ઃપડાયેલો માણુસ નિર્દય બની જાય છે; માત્ર દુઃખી માણુસ
ર ધર્મપરાયણુ હોય છે.

## ચાર પ્રકારના આતુર.

अर्थातुराणां न सुहृन्न बंधुः,

क्षुधातुराणां न वपुर्न तेजः ॥

कामातुराणां न भयं न लज्जा,

चिन्तातुराणां न सुखं न निद्रा ॥

દ્રવ્યમાં આસક્તિ રાખી રહેલાને કોઇ મિત્ર કે સગો-
હાલો નથી રહેતો, ક્ષુધાથી વ્યાકુળ બનેલાને દેહ કે તેજ
જેવું નથી રહેતું, કામીજનોને ભય કે શરમ નથી હોતાં અને
ચિંતામાં શેકાતાં પ્રાણીને સુખ તથા નિદ્રા દુર્લભ થઇ પડે છે.

## યૌવન, સંપત્તિ, અધિકાર ને મદ.

यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकता ।

एकैकमप्यनर्थाय, किमु यत्र चतुष्टयम् ॥

એક તો યૌવન પોતે જ અનર્થકારી છે. ધનસંપત્તિનો
ગર્વ પણ અનર્થ ઉપજાવે છે. અધિકારનો મદ પણ એવો જ
ઉન્માદકારી હોય છે. અવિવેક પણ આપત્તિઓને ખેંચી આણે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

છે. આ ચાર જુદી જુદી વસ્તુઓ અનર્થદાયક હોય તો પછી જ્યાં એ ચારે એક સાથે હોય ત્યાં તો અનર્થનું પૂછવું જ શું ?

## સજ્જનો સાથે વૈર પણ સારૂં.

आस्तां तावद्दिगन्तप्रथितसुयशसां संगतिः सज्जनानाम्,
तैः सार्द्धं वैरयोगोऽप्यतिशयमहतीमुन्नतिं संतनोति ॥
लोके कस्यागमिष्यत् श्रुतिप्रथमवपुर्वक्त्रशेषोऽपि राहु–
स्त्रैलोक्यख्यातधाम्नोर्यदि रविशशिनोर्वैरतां नाकरिष्यत् ॥

જેમની ઉજ્જવળ કીર્તિ દિશાઓના અંત પર્યંત વ્યાપી રહી છે એવા સજ્જનોની સંગતી તો દૂર રહી, પરંતુ તેમની સાથે વૈર બંધાણું હોય તો પણ મોટી ઉન્નતિ તરફ લઇ જાય છે. દાખલા તરિકે રાહુ. એને શરીર નથી, માત્ર માથું જ છે. એણે ત્રણે લોકમાં ખ્યાતિ પામેલા તેજસ્વી ચંદ્રની સાથે વેર બેડચું. એટલે રાહુ પણ ચંદ્રને લીધે પ્રસિદ્ધિ પામ્યો. ચંદ્ર ને સુર્યની સાથે રાહુએ વેર ન બાંધ્યું હોત તો આજે એનું નામ પણ કોણ લેત ? ખરેખર મહાત્માઓ સાથેનો વૈરવાળો સમાગમ પણ જો શ્રેષ્ઠ હોય તો પછી ભાવપૂર્વક તેમના દર્શન કરવાથી દુઃખ માત્ર ટળે એમાં આશ્ચર્ય જેવું શું છે ?

## ધર્મ વિનાનો માણસ કેવો લાગે ?

निर्दन्तः करटी हयो गतजवश्चंद्रं विना शर्वरी,
निर्गन्धं कुसुमं सरो गतजलं छायाविहीनस्तरुः ॥
रूपं निर्लवणं सुतो गतगुणश्चारित्रहीनो यति–
र्निर्देवं भवनं न राजति तथा धर्मं विना मानवः ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દાંત વિનાનો હાથી, શીઘ્ર ગતિ વિનાનો ઘોડો, ચંદ્ર વિનાની રાત્રી, સુગંધ વિનાના પુષ્પ, પાણી વિનાનું સરોવર, છાયા વિનાનાં વૃક્ષો, લાવણ્ય વિનાનું રૂપ, ગુણ વગરનો પુત્ર, ચારિત્ર વિનાનો સાધુ, દેવ વિનાનું મંદિર એ જેમ નથી શોભતાં તેમ ધર્મ વિનાનો માણુસ પણ ભૂંડો લાગે છે.

## પતિ—એક દેવતા.

पतिरेव परं हि दैवतं, तदनुज्ञैव सदा विधीयते ।
पतिसेवनतत्परा सती, शिवसौख्यैकपरायणा भवेत् ॥

ધર્માચારિણી સ્ત્રીઓને માટે પતિ એ જ દેવતા છે, તેમ આજ્ઞામાં રહીને જ સતી ધર્મક્રિયાઓ કરે છે. પતિ એ સ૮ સાચું બળ છે. જે સ્ત્રીઓ પતિસેવામાં તત્પર રહે છે તે શીલવ્રતના પ્રતાપે શિવસુખ મળે છે.

## પ્રકરણ ૭ મું.

## મહાશત્રુ-ક્રોધનો પ્રભાવ.

क्रोध एव महाशत्रुः, स्मरणात् क्लेशदायकः ।
अनुभावात्तु तस्यैव, सीदन्त्येव नरोऽनिशम् ॥

ક્રોધ એ મહાશત્રુ છે. એના સ્મરણ માત્રથી પણ દુઃખ ઉપજે છે. ક્રોધી પુરૂષ પોતે પોતાને જ રાતદિવસ બાળતો હોય છે.

## માત્ર માનવભવ જ ધન્ય છે !

देवा विसयपसत्ता, नेरइआ विविहदुक्खसंतत्ता ।
तिरिआ विवेकविगला, मणुआणं धम्मसामग्गी ॥

દેવો ઋદ્ધિસિદ્ધિસંપન્ન હોવા છતાં વિષયાસક્ત હોય છે, નારકીના જીવો વિવિધ પ્રકારનાં દુઃખોથી પીડાતા હોય છે

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

અને તિર્યંચો તો વિવેકશુન્ય હોય છે. માનવભવ જ ધન્ય છે કારણ કે મનુષ્યને ધર્મસામગ્રી પ્રાપ્ત થાય છે.

## પ્રાણીઓ ! પ્રમાદ તજો.

यत्संपत्त्या न युक्ता जगति तनुभृतो यच्च नापद्विमुक्ता-
यन्नाधिव्याधिहीनाः सकलगुणगणाऽलंकृताङ्गाश्च यन्नो ॥
यन्न स्वर्गं लभन्ते निखिलसुखखनिं मोक्षसौख्यं च यन्नो,
दुष्टः कल्याणमालादलनपटुरयं तत्र हेतुः प्रमादः ॥

પ્રાણી માત્રને વૈભવની ઇચ્છા તો હોય છે જ, છતાં શા સારૂ સંપત્તિથી વંચિત રહે છે ? આફતથી આઘે રહેવા સૌ માગે છે, છતાં માણસો આફતથી અલગ કાં નથી રહી શકતા ? આધિ ને વ્યાધિથી ઘેરાયેલા કેમ રહે છે ? ઉત્તમ પ્રકારના ગુણોના ભોક્તા માણસો કેમ નથી થઇ શકતા ? સ્વર્ગસુખ કેમ નથી મળતું ? સકલ સુખના આધારભૂત એવું મોક્ષસુખ મનુષ્યને દુર્લભ કાં ગણાય છે ? ખરેખર એ બધો પ્રમાદનો જ પ્રભાવ છે. પ્રમાદની એ જ પટુતા છે કે જેથી એ સઘળા શુભ કાર્યોને બગાડી દે છે, માટે હે ભવ્યો ! પ્રમાદને તજીને ધર્મને વિષે ઉદ્યત રહો.

## બધું પડી રહેવાનું.

धनानि भूमौ पशवश्च गोष्ठे, भार्या गृहद्वारे जनाः स्मशाने ।
देहश्चितायां परलोकमार्गे, धर्मानुगो गच्छति जीव एकः ॥

આ જીવ જ્યારે દેહનો ત્યાગ કરી પરલોકમાં પ્રયાણ કરે છે ત્યારે બધું અહીં ને અહીં જ પડી રહે છે. ધન ભૂમિમાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ારી રાખ્યું હોય છે તે એમનું એમ રહી જાય છે, હાથી,
ા વગેરે પશુઓ પોતપોતાના સ્થાનમાં પડી રહે છે, પ્રાણપ્રિયા
ર્યા રોકકળ કરતી ઘરના બારણાં સુધી વળાવી પાછી
છે, સગાંસંબંધીઓ સ્મશાન સુધી જઇ ઘેર પાછા જાય છે
ા દેહ પણ અગ્નિની ચીતામાં બળી ભસ્મીભૂત બને છે.
જ એક એવો છે કે જે જીવની સાથે રહે છે, માટે
એ ધર્મની આરાધના કરવી.

## કોનાથી કેટલું દૂર રહેવું ?

शकटं पंचहस्तेन, दशहस्तेन वाजिनम् ।
गजं हस्तसहस्रेण, देशत्यागे न दुर्जनम् ॥

પોતાનું ભલું વાંછનાર મનુષ્યોએ ગાડાથી પાંચ હાથ
ચે ચાલવું, ઘોડાથી દશ હાથ દૂર રહેવું, હાથીથી હજાર
થ દૂર રહેવું અને દેશનો ત્યાગ કરવો પડે તો પણ દુર્જ-
નો તો બને એટલું દૂર જ રહેવું.

## સંતજનનું લક્ષણ.

मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा–
स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ॥
परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यं,
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

મન, વચન ને કાયાને વિષે પુણ્યરૂપી અમૃતથી ભરેલા,
ત્રણે લોકને અનેક ઉપકારોની શ્રેણીઓવડે પ્રસન્ન કરતા
અને હમેશાં પારકાના પરમાણુ જેવડા ગુણોને પણ પર્વત

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમાન લેખીને પોતાના હૃદયને વિષે સર્વદા ઉલ્લાસ અનુભવતા કેટલાય સંતપુરૂષો આ દુનીયામાં વિદ્યમાન છે.

## કળથી બને એ બળથી ન બને.

उपायेन हि यच्छक्यं, न तच्छक्यं पराक्रमैः ।
काक्या कनकसूत्रेण, कृष्णसर्पो निपातितः ॥

ઉપાયથી એટલે કે કળવકળથી જે બને તે એકલા પરાક્રમથી નથી બની શકતું. કાગડીએ એક વાર કનક હારવતી કાળા નાગનો પણ પ્રાણ લીધો હતો તે પણ યુક્તિને લીધે જ બન્યું હતું.

## મસ્તકશૂળ જેવા ચાર જણાં.

अविनीतो भृत्यजनो, नृपतिरदाता शठानि मित्राणि ।
अविनयवती च भार्या, मस्तकशूलानि चत्वारि ॥

અવિનયી નોકરો, કંજુસ રાજા, મૂર્ખ મિત્રો અને ઉદ્ધત સ્ત્રી એ ચારે જણાં મસ્તકશૂલ જેવાં સમજવાં. એ ચારે દુઃખદાયક થઇ પડે છે.

## ઉદ્યમનો મહિમા.

उद्यमेन हि सिद्धयन्ति, कार्याणि न मनोरथैः ।
उत्पद्यन्ते विलीयन्ते, निर्धनस्य मनोरथाः ॥

ઉદ્યમ કરવાથી જ કાર્યની સિદ્ધિ થાય છે, ખાલી મનોરથો સેવવાથી કંઇ વળતું નથી. નિર્ધન-નિરૂદ્યમી માણસના મનોરથો તો ઉત્પન્ન થઇને પાછા વિલીન થઇ જાય છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## દારિદ્રય, પાતક, કલહ ને ભય કેમ ટળે?

उद्यमे नास्ति दारिद्र्यं, जपतो नास्ति पातकम् ।
मौनेन कलहो नास्ति, नास्ति जागरतो भयम् ॥

ઉદ્યમીથી દારિદ્રય દૂર ભાગે છે, તપ-જપ કરનારથી ...ક આઘું રહે છે, મૌનવ્રત ધારણ કરનારને ક્લેશનો ભય ... રહેતો અને હમેશાં જે જાગ્રત રહે છે તેને કોઇનો ભય ... હોતો. દારિદ્રય, પાતક, ક્લેશ અને ભયને ટાળવાનો એ ... મંત્ર છે.

## દેવો પક્ષપાત કરે શા સારૂ?

...र्वन्ति देवा अपि पक्षपातं, नरेश्वराः शासनमुद्वहन्ति ।
...ान्ता भवन्ति ज्वलनादयो, यत्तत्सत्यवाचां फलमामनन्ति ॥

દેવોને કંઇ સ્વાર્થ નથી હોતો છતાં પક્ષપાત રાખે છે ...ન રાજાઓ સંપૂર્ણ સ્વાધીન હોવા છતાં શાસનતંત્રનો ભાર ...ક છે, પ્રચંડ અગ્નિ વિગેરે પદાર્થો પણ શાંત બની જાય તે બધો સત્ય વચનનો જ પ્રતાપ છે.

## વિદ્યા કલ્પલતા જેવી છે.

मातेव रक्षति पितेव हिते नियुङ्क्ते,
कान्तेव चाभिरमयत्यपनीय खेदम् ।
लक्ष्मीं तनोति विपुलां वितनोति कीर्त्तिं,
किं किं न साधयति कल्पलतेव विद्या ?

દયાળુ માતા જેવી રીતે પોતાનાં બાળકોનું રક્ષણ કરે તેમ વિદ્યાદેવી પોતાના આશ્રિતનું પાલનપોષણ કરે છે;

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પિતાની જેમ વિદ્યાદેવી વિદ્યાવાનને હિતકાર્યમાં જોડી દે છે; સ્ત્રીની જેમ ક્લેશને દૂર કરી હમેશાં આનંદમાં રાખે છે; અનર્ગળ સંપત્તિઓ લાવી દે છે; સર્વ દિશાઓમાં તેની કીર્તિ ફેલાવે છે. ખરેખર, વિદ્યા એક કલ્પલતા છે. એવું કયું કાર્ય છે કે જે વિદ્યાવડે સિદ્ધ ન થાય ?

## યુદ્ધની જરૂર નથી.

साम्ना दानेन भेदेन, समस्तैरथवा पृथक् ।
विजेतुं प्रयतेतारीन्न, युद्धेन कदाचन ॥

વિજયની ઇચ્છાવાળાએ શત્રુને સામ, દાન, ભેદથી–ત્રણે વતી જીતવાનો પ્રયત્ન કરવો. ત્રણે નહીં તો સામ, દાન, ભેદનો જુદો જુદો પ્રયોગ કરવો; પણ યુદ્ધવડે વિજય થશે એમ ન માનવું. મતલબ કે યુદ્ધ કરતાં પણ સામ, દાન, ભેદની નીતિ વધારે ઉપયોગી નીવડે છે.

## પ્રકરણ ૮ મું.

## ઉભયભ્રષ્ટ હાથી.

निदाघे संतप्तः प्रचुरतरतृष्णातुरमनाः,
सरः पूर्णं दृष्ट्वा त्वरितमुपयाति करिवरः ।
तथा पंके मग्नस्तटनिकटवर्त्तिन्यपि यथा,
न नीरं नो तीरं द्वयमपि विनष्टं विधिवशात् ॥

ગ્રીષ્મ ઋતુના તાપથી અકળાએલો અને પાણીની તૃષાને લીધે વ્યાકુળ બનેલો એક હાથી પાણીની શોધમાં નીકળ્યો. એટલામાં એક છલકાતું સરોવર એણે જોયું. પાણી પાસે પહોંચે તે પહેલાં જ સરોવરના કીચડમાં એનો પગ ખૂંતી ગયો. કાંઠો પાસે જ હતો છતાં ન કાંઠે જવાય કે ન પાણી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પાસે જવાય; વચમાં જ જકડાઈ ગયો. વિધિવશાત્ હાથી ઉભયભ્રષ્ટ બન્યો.

## ભયથી ક્યાં સુધી બ્હીવું ?

तावद्भयस्य भेतव्यं, यावद्भयमनागतम् ।
आगतं पुनरालोक्य, पश्चात्कुर्याद्यथोचितम् ॥

મનુષ્યે, જ્યાંસુધી ભય ન આવ્યો હોય ત્યાં સુધી એનાથી ચેતતા રહેવું, પણ એક વાર સામનો થયો એટલે દેશ, કાળ, સાધન વિગેરેનો વિચાર કરી એની સાથે હિમ્મતથી લડી લેવું.

## ધીર પુરૂષોની પરીક્ષા.

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा,
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥

નીતિશાસ્ત્રના જાણકારો ભલે નિંદે અથવા વખાણે, લક્ષ્મી આવી મળે અથવા હોય તે પણ ભલે ચાલી જાય, આજે અથવા યુગાંતરે મૃત્યુ ભેટતું હોય તો પણ ભલે, ધીર પુરૂષો એની બીલકુલ પરવા કરતા નથી. તેઓ ગમે તેમ થાય, પરન્તુ ન્યાયના માર્ગમાંથી એક પગલું પણ પાછું ભરતા નથી.

## વિષયો ક્યાંસુધી સુખરૂપ લાગે છે ?

ददति तावदमी विषयाः सुखं, स्फुरति यावदियं हृदि मूढता ।
मनसि तत्त्वविदां तु विचारके, क्व विषयाः क्व सुखं क्व परिग्रहः ?॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ્યાંસુધી હૃદયમાં રાગ સંબંધી મૂઢતા હોય છે ત્યાં સુધી જ આ સંસારના અસાર વિષયો સુખરૂપ લાગે છે. બાકી જે ઘડીએ તત્ત્વનો બોધ થાય અને આ સંસારનો વિચાર ઉપજે તે વારે વિષય શું ? સુખ શું ? અને પરિગ્રહ પણ શું ? પછી કયાંઇ આસક્તિ રહેતી નથી. માત્ર અજ્ઞાનતાને લીધે જ રાગ-દ્વેષમાંથી પરિણમતી વેદનાઓ વેઠવી પડે છે.

## ધમણના જેવો માણસ.

यस्य धर्मविहीनानि, दिनान्यायान्ति यान्ति च ।
स लोहकारभस्त्रेव, श्वसन्नपि न जीवति ॥

દશ દ્રષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યભવ પામ્યા પછી પણ જે માણસ ધર્મની કરણી કર્યા વિના દિવસો ગુમાવે છે તેને લુહારની ધમણ જેવો જ માનવો. ધમણ શ્વાસોશ્વાસ લે છે પણ તે કંઇ માણસ નથી. ધર્મવિહીનનું જીવન પણ ધમણ જેવું સમજવું.

## ગુરૂઃ એક દીપક છે.

विना गुरुभ्यो गुणनीरधिभ्यो–जानाति धर्मं न विचक्षणोऽपि ।
विना प्रदीपं शुभलोचनोऽपि, निरीक्षते नैव पदार्थसार्थम् ॥

ગુણરૂપી રત્નો મેળવવામાં સમુદ્રરૂપ એવા સદ્‌ગુરૂઓનો લાભ ન મળે ત્યાં સુધી વિચક્ષણ પુરૂષ પણ ધર્મને બરાબર સમજી શકતો નથી. આંખો ગમે એવી વિશાળ અને સ્વચ્છ હોય તો પણ અંધકારમાં રહેલી વસ્તુને જોવા દીપકની જરૂર પડે. ગુરૂ એ દીપક છે. સદ્‌ગુરૂની સહાય વિના સુજ્ઞને પણ ફાંફાં જ મારવા પડે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## જ્ઞાનમહિમા.

ज्ञानं स्यात् कुमतान्धकारतरणिर्ज्ञानं जगल्लोचनं,
ज्ञानं नीतितरंगिणी कुलगिरिर्ज्ञानं कषायाऽपहम् ॥
ज्ञानं निर्वृतिवश्यमंत्रममलं ज्ञानं मनःपावनं,
ज्ञानं स्वर्गगतिप्रयाणपटहं ज्ञानं निदानं श्रियः ॥

મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવામાં સૂર્ય જેવું જો કંઇ ાય તો તે જ્ઞાન છે. જ્ઞાન એ સાચું નેત્ર છે. નીતિરૂપી દીને વહાવવામાં પણ આ જ્ઞાન જ કુલગિરિ સમાન છે. કામ, ાધ, મોહ અને લોભરૂપી કષાયોને નિર્મૂળ કરનારૂં પણ ાન જ છે. મોક્ષરૂપી પ્રમદાને વશ કરવામાં એ વશીકરણ ંત્ર છે. હૃદયને પવિત્ર કરનાર, સ્વર્ગપુરીના પ્રયાણમાં દુંદુભી માન અને વિવિધ સંપદાઓનું કારણ પણ જ્ઞાન જ છે.

## વિષયાસક્તની બુરી દશા.

दृश्यं वस्तु परं न पश्यति जगत्यन्धः पुरोऽवस्थितं,
कामान्धस्तु यदस्ति तत्परिहरन् यन्नास्ति तत्पश्यति ॥
कुन्देदीवरपूर्णचन्द्रकलशश्रीमल्लतापल्लवा–
नारोप्याशुचिराशिषु प्रियतमागात्रेषु यन्मोदते ॥

જગતમાં આંધળો માણસ માત્ર પોતાની આગળ રહેલી દૃશ્ય વસ્તુને જોઇ શકતો નથી, પણ કામાંધ-વિષયાસક્તની દશા તો બહુ બુરી હોય છે. જે દૃશ્ય છે તેને એ વિષયા-સક્ત જોઇ શકતો નથી, એટલું જ નહીં પણ જે વસ્તુતઃ નથી તેને દેખી રહ્યો હોય છે. અશુચીથી ભરેલાં સ્ત્રીઓનાં



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ગાત્રો અને અંગોમાં એ મોગરાની મીઠાશ, કમલની કુમાશ, પૂર્ણચંદ્રની કળા અને કલશ તથા સુશોભિત લતાની લહેજત જુએ છે. જે કંઈ નથી તેનો આરોપ કરીને પોતાની અંધતા બતાવી આપે છે.

## વિષયીના વ્યર્થ મનોરથો.

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं,
भास्वानुदेष्यति हसिष्यति पंकजश्रीः ॥
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे,
हा ! हन्त हन्त ! कमलिनीं गज उज्जहार ॥

ઘ્રાણેંદ્રિયના વિષયમાં ભાન ભૂલેલો ભમરો કમળની કોમળ પાંદડીઓમાં બીડાઇ ગયો. એ ધારે તો પાંદડીઓની વચમાંથી પોતાનો માર્ગ કાઢી શકે, પણ એ વિષયાસક્ત છે. છૂટવું ગમે છે છતાં છૂટી શકતો નથી. એ વિચારે છે: કંઈ હરકત નહીં. રાત્રી જોતજોતામાં ચાલી જશે. સુંદર પ્રભાત ઉગતાં જ કમળની પાંખડીઓ વિકસશે અને હું પણ બંધનદશામાંથી નીકળી મારા માર્ગે ચાલ્યો જઇશ. એટલામાં તો એક હાથી આવ્યો અને જે કમળને વિષે ભમરો કેદ પડ્યો હતો તે કમલિનીને છૂંદતો ત્યાંથી નીકળી ગયો. વિષયાસક્ત સ્ત્રી-પુરૂષોના મનોરથ પણ લગભગ આવા જ વ્યર્થ હોય છે.

## પાછળનો પસ્તાવો.

हतं मुष्टिभिराकाशं, तुषाणां खण्डनम् कृतम् ।
यन्मया प्राप्य मानुष्यं, सदर्थे नादरः कृतः ॥

P.P. Ac. Gunratnasuri M.S.　　　　Jun Gun Aaradhak Trust

સંસારના સુખમાં રાચતા મનુષ્યની આંખ જ્યારે ઉઘડે છે ત્યારે તેના પશ્ચાત્તાપનો પાર નથી રહેતો. એ વખતે એને એમ જ થાય છે કે અરેરે અમૂલ્ય એવો આ માનવભવ મેં નિરર્થક જ ગુમાવી દીધો. ધર્મકરણી તો કંઈ જ ન કરી, અર્થાત્ હવામાં મુઠીના પ્રહાર કરવાથી તેમજ ફોતરાં ખાંડવાથી જેમ કંઈ વળતું નથી અને મહેનત માથે પડે છે તે જ પ્રમાણે માનવભવ મેં ગુમાવી દીધો.

## તેણીને-તેને-મદનને અને મને પણ ધિક્કાર હો!

यां चिन्तयामि सततं मयि सा विरक्ता,
साप्यन्यमिच्छति जनं स नरोऽन्यसक्तः ॥
अस्मत्कृते च परितुष्यति काचिदन्या,
धिक् तां च तं च मदनं च इमां च मां च ॥

માળવાના મહારાજા ભર્તૃહરીને કોઈકે એક અમરફળ આપ્યું. ભર્તૃહરીએ પોતાની પ્રિયતમા પિંગળાને એ ફળ આપ્યું. પિંગળાએ પોતાના પ્રેમી અશ્વપાળને આપ્યું. અશ્વપાળે એક વેશ્યાને આપ્યું અને વેશ્યાએ સારા ધનની આશાએ રાજા ભર્તૃહરી આગળ રજુ કર્યું. પિંગળા અને અશ્વપાળના છુપા અનાચાર છતા થઈ ગયા. ભર્તૃહરીને આ પ્રસંગથી બહુ લાગી આવ્યું. એ રાજપાટ છોડી સંસારમાંથી ચાલી નીકળ્યો. એક જ શ્લોકમાં એણે પોતાનો ઇતિહાસ નોંધ્યો છે: જે રાણીનું રાતદિવસ ચિંતવન કર્યા કરૂં છું તેને મારી ઉપર કંઈ ભાવ નથી-એ તો બીજા જ પુરૂષને ઝંખે છે, અને એ બીજો પુરૂષ-અશ્વપાળ પણ રાણીને નહીં પણ એક ગણિકાને ચાહે છે. મારી ઉપર પણ વળી એક બીજી

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ સ્ત્રી સ્નેહ સીંચે છે. ખરેખર આ સંસારમાં કોઇ કોઇનું નથી, માટે આ રાણીને ધિક્કાર હો ! આ અશ્વપાળને ધિક્કાર હો !! કામદેવને ધિક્કાર હો અને મને પોતાને પણ ધિક્કાર હો ! ! !

## બધાં સરખાં નથી હોતાં.

वाजिवारणलोहानां, काष्ठपाषाणवाससाम् ।
नारीपुरुषतोयानां, दृश्यते महदन्तरम् ॥

ગુણોની ન્યૂનાધિકતા તો બધે રહેલી જ હોય છે અને એ ગુણોની ન્યૂનાધિકતા પ્રમાણે જ કીમત અંકાય છે. ઘોડા, હાથી, લોઢું, લાકડું, પત્થર, વસ્ત્ર, સ્ત્રી, પુરૂષ અને પાણી એ બધાની જાતિમાં-સરખાં હોવા છતાં-ઘણું જ અંતર રહેલ હોય છે અર્થાત્ એક ઘોડો દશ રૂપીયાનો પણ હોય અને હજાર રૂપીયાનો પણ હોય. એ જ પ્રમાણે બીજી વસ્તુઓનું પણ સમજી લેવું.

## સંચિત બધે ફળે છે.

नैवाकृतिः फलति नैव कुलं न शीलं,
विद्यापि नैव न च जन्मकृतापि सेवा ॥
कर्माणि पूर्वतपसा किल संचितानि,
काले फलन्ति पुरुषस्य यथेह वृक्षाः ॥

મનુષ્યની આકૃતિ કંઇ ફળ નથી આપતી, કુલ, શીલ અને વિદ્યા પણ પડી રહે છે, આખી જીંદગી સુધી સેવા કરી હોય તે પણ એક કોર રહી જાય; પરન્તુ માણસે પૂર્વે તપસ્યા-વડે જે સારાં કર્મો કર્યાં હોય છે તે તો વૃક્ષોની જેમ વખત આવ્યે જરૂર ફળે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પ્રકરણ ૯ મું.

### પરમ ભાગ્યશાળી કોણ ?

जैनो धर्मः प्रकटितविभवः संगतिः साधुलोके,
विद्वद्गोष्ठी वचनपटुता कौशलं सत्क्रियासु ॥
साध्वी लक्ष्मीश्चरणकमलोपासना सद्गुरूणां,
शुद्धं शीलं मतिरमलिना प्राप्यते भाग्यवद्भिः ॥

સૌ જણ સારી રીતે જેનો મહિમા જાણે છે એવો જૈન-ધર્મ, સાધુઓનો સમાગમ, વિદ્વાનો સાથે ધર્મચર્ચા, શાસ્ત્રવ-ચનને વિષે પટુતા, સત્ક્રિયાઓમાં કુશળતા, ન્યાયથી મેળવેલી લક્ષ્મી, સદ્ગુરૂઓના ચરણકમળની સેવા, નિર્દોષ શીલવ્રત અને નિર્મલ બુદ્ધિ વિગેરે વાનાં પૂરા ભાગ્યશાળી હોય એને જ પ્રાપ્ત થાય છે.

### ભોગવવાનું એકલાને.

पुरुषः कुरुते पापं, बन्धुनिमित्तं वपुर्निमित्तं वा ।
वेदयते तत्सर्वं, नरकादौ पुनरसावेकः ॥

માણસ પોતાના દેહને માટે કિંવા બન્ધુઓને માટે પાપો કરે છે, પણ નરકાદિ સ્થાનમાં રહીને એનાં ફળ એને એક-લાને જ ભોગવવાં પડે છે.

### તેજ દ્વેષી શું કરે છે ?

उज्ज्वलगुणमभ्युदितं, क्षुद्रो द्रष्टुं न कथमपि क्षमते ।
हित्वा तनुमपि शलभः, क्षुभ्नं दीपार्चिरपहरति ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જ સ્રી સ્નેહ સીંચે છે. ખરેખર આ સંસારમાં કોઇ કોઇનું નથી, માટે આ રાણીને ધિક્કાર હો ! આ અશ્વપાળને ધિક્કાર હો !! કામદેવને ધિક્કાર હો અને મને પોતાને પણ ધિક્કાર હો ! ! !

## બધાં સરખાં નથી હોતાં.

वाजिवारणलोहानां, काष्ठपाषाणवाससाम् ।
नारीपुरुषतोयानां, दृश्यते महदन्तरम् ॥

ગુણોની ન્યૂનાધિકતા તો બધે રહેલી જ હોય છે અને એ ગુણોની ન્યૂનાધિકતા પ્રમાણે જ કીમત અંકાય છે. ઘોડો, હાથી, લોઢું, લાકડું, પત્થર, વસ્ત્ર, સ્રી, પુરૂષ અને પાણી એ બધાની જાતિમાં-સરખાં હોવા છતાં-ઘણું જ અંતર રહેલ હોય છે અર્થાત્ એક ઘોડો દશ રૂપીયાનો પણ હોય અને હજાર રૂપીયાનો પણ હોય. એ જ પ્રમાણે બીજી વસ્તુઓનું પણ સમજી લેવું.

## સંચિત બધે ફળે છે.

नैवाकृतिः फलति नैव कुलं न शीलं,
विद्यापि नैव न च जन्मकृतापि सेवा ॥
कर्माणि पूर्वतपसा किल संचितानि,
काले फलन्ति पुरुषस्य यथेह वृक्षाः ॥

મનુષ્યની આકૃતિ કંઇ ફળ નથી આપતી, કુલ, શીલ અને વિદ્યા પણ પડી રહે છે, આખી જીંદગી સુધી સેવા કરી હોય તે પણ એક કોર રહી જાય; પરન્તુ માણસે પૂર્વે તપસ્યા-વડે જે સારાં કર્મો કર્યાં હોય છે તે તો વૃક્ષોની જેમ વખત આવ્યે જરૂર ફળે છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પ્રકરણ ૯ મું.

## પરમ ભાગ્યશાળી કોણ ?

जैनो धर्मः प्रकटितविभवः संगतिः साधुलोके,
विद्वद्गोष्ठी वचनपटुता कौशलं सत्क्रियासु ॥
साध्वी लक्ष्मीश्चरणकमलोपासना सद्गुरूणां,
शुद्धं शीलं मतिरमलिना प्राप्यते भाग्यवद्भिः ॥

સૌ જણ સારી રીતે જેનો મહિમા જાણે છે એવો જૈનધર્મ, સાધુઓનો સમાગમ, વિદ્વાનો સાથે ધર્મચર્ચા, શાસ્ત્રવચનને વિષે પટુતા, સત્ક્રિયાઓમાં કુશળતા, ન્યાયથી મેળવેલી લક્ષ્મી, સદ્ગુરૂઓના ચરણકમળની સેવા, નિર્દોષ શીલવ્રત અને નિર્મલ બુદ્ધિ વિગેરે વાનાં પૂરા ભાગ્યશાળી હોય એને જ પ્રાપ્ત થાય છે.

## ભોગવવાનું એકલાને.

पुरुषः कुरुते पापं, बन्धुनिमित्तं वपुर्निमित्तं वा ।
वेदयते तत्सर्वं, नरकादौ पुनरसावेकः ॥

માણસ પોતાના દેહને માટે કિંવા બન્ધુઓને માટે પાપો કરે છે, પણ નરકાદિ સ્થાનમાં રહીને એનાં ફળ એને એકલાને જ ભોગવવાં પડે છે.

## તેજ દ્વેષી શું કરે છે ?

उज्ज्वलगुणमभ्युदितं, क्षुद्रो द्रष्टुं न कथमपि क्षमते ।
हित्वा तनुमपि शलभः, क्षुभ्रं दीपार्चिरपहरति ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સજ્જન પુરૂષોના ઉજ્જવલ ગુણનો અભ્યુદય જોઇને લઘુવૃત્તિવાળા દુષ્ટ પુરૂષો બળી મરે છે. એમનાથી એ સહન જ થઇ શકતું નથી. પતંગીયું પ્રદીપનો પ્રકાશ જોઇને પોતાના શરીરનો ભોગ આપીને પણ દીવો ઓલવી નાખે છે.

## ભાગવતી દીક્ષા.

अपवित्रः पवित्रः स्यात्, दासो विश्वेशतां भजेत् ।
मूर्खो लभेत ज्ञानानि, मङ्क्षु दीक्षाप्रसादतः ॥

ભાગવતી જૈન દીક્ષાના પ્રતાપે અપવિત્ર પણ પવિત્ર બની જાય છે, ગુલામ પણ વિશ્વવંદ્ય બને છે, મૂર્ખ પણ થોડા જ વખતમાં સારી જ્ઞાનસંપત્તિ પ્રાપ્ત કરે છે. શુદ્ધ ચારિત્ર અપૂર્વ લાભ આપે છે.

## મોહનો વિલાસ.

दाराः परिभवकारा बन्धुजनो बन्धनं विषं विषयाः,
कोऽयं जनस्य मोहो ये रिपवस्तेषु सुहृदाशाः ॥
यदयं स्वामी यदिदं सद्म सर्वं चैतन्मिथ्या छद्म,
यदयं कान्तो यदियं कान्ता सोऽयं मोहो हन्त ! दुरन्तः ॥

ખરેખર આ સંસારમાં સ્ત્રી પરિભવનું એક કારાગ્રહ છે, બંધુજન બંધનરૂપ છે, વિષયો વિષ સમા પ્રાણહારી છે; છતાં મોહનો વિલાસ પ્રાણીઓને કેવા નાચ નચવે છે ? જે પોતાના શત્રુઓ છે એને જ પોતાના મિત્ર માની બેઠા છે.

વળી આ મારો સ્વામી અને આ મારૂં ઘર છે એ વ્યવહાર પણ ખોટો છે, આ કાન્ત અને આ કાન્તા છે એ

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

સમજણુ ભૂલભરેલી છે. મોહનો જ એ બધો વિલાસ છે–મોહ જ આ દુઃખદાયક ભ્રમણા ઉપજાવે છે.

## સન્મિત્રનાં લક્ષણો.

पापान्निवारयति योजयते हिताय,
गुह्यं निगूहति गुणान् प्रकटीकरोति ॥
आपद्गतं च न जहाति ददाति काले,
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति संतः ॥

પાપકાર્યમાંથી બચાવે, હિતકાર્યમાં જોડે, છાની વાત છુપાવી રાખે, ગુણોને પ્રસિદ્ધિમાં લાવે, આપત્કાળમાં ત્યાગ ન કરે, વખતસર સહાય આપી ઉભો રહે તે બધાં સન્મિત્રનાં લક્ષણો છે, એમ સંતો કહે છે.

## આદર્શ મૈત્રી.

क्षीरेणात्मगतोदकाय हि गुणादत्ताः पुरा तेऽखिलाः,
क्षीरे तापमवेक्ष्य तेन पयसा ह्यात्मा कृशानौहुतः ॥
गन्तुं पावकमुन्मनस्तदभवत् दृष्ट्वा तु मित्रागमं,
मुक्तं तेन जलेन शाम्यति सतां मैत्री भवेदीदृशी ॥

દૂધની અંદર જેવું પાણી ભળે છે કે તરત જ દૂધ પોતાના બધા ગુણો પાણીને અર્પણ કરે છે. પાણી ને દૂધ એ એ વચ્ચે કંઇ ભેદ જેવું નથી રહેતું–બન્ને એક સ્વરૂપ બની જાય છે. પછી જયારે દૂધને ઉકાળવા અગ્નિ ઉપર મૂકવામાં આવે છે ત્યારે તે ઉછળે છે. પોતાના મિત્ર–દૂધને અસહ્ય તાપે તપતો જોઇને પાણી મદદ આપે છે, દૂધને બદલે પોતાની

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

જાતને બાળી દે છે. દૂધ ઉભરાઇ જાય છે અને અગ્નિમાં પડવા તૈયાર થાય છે ત્યારે તેને શાંત કરવાને સારૂ અંદર જળ નાખવું પડે છે. જળરૂપી પોતાના મિત્રને આવેલું જોઇ દૂધ તરત જ શાંત બને છે. સત્પુરૂષોની મૈત્રી વસ્તુતઃ આવી જ હોય છે. પોતાના મિત્રના સુખે સુખી અને દુઃખે દુઃખી બનવું એ મિત્રોનો ધર્મ છે.

## આદર્શ કુલવધૂ.

निर्व्याजा दयितादौ, भक्ता श्वश्रूषु वत्सला स्वजने ।
स्निग्धा च बन्धुवर्गे, विकसितवदना कुलवधूटी ॥

પોતાના પતિ વિગેરે પૂજ્ય પુરૂષોની ઉપર નિખાલસ બુદ્ધિ રાખવી, સાસુ-સસરાની વિનયપૂર્વક સેવા કરવી, સ્વજન ઉપર વત્સલતા રાખવી, બંધુજનોની ઉપર સ્નેહદ્રષ્ટિ રાખવી અને હમેશાં પ્રફુલ્લ મુખાકૃતિ રાખવી એ કુળવધૂનો ધર્મ કહ્યો છે.

## દુઃખમાત્ર દૂર રહે.

उत्तमैः सह साङ्गत्यं, पण्डितैः सह सत्कथाः ।
अलुब्धैः सह मित्रत्वं, कुर्वाणो न विनश्यति ॥

ઉત્તમ પુરૂષોની સંગતિ, પંડિતો સાથેનો વાર્તાલાપ અને સરલ સ્વભાવી માણસો સાથેની મૈત્રીથી દુઃખ માત્ર દૂર રહે. એટલે કે એ પ્રમાણે પ્રવૃત્તિ કરનારને કોઈ દિવસ દુઃખી થવું ન પડે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# પ્રકરણ ૧૦ મું.

## શૂન્યતાનાં વાસસ્થાન.

अपुत्रस्य गृहं शून्यं, दिशः शून्या अबान्धवाः ।
मूर्खस्य हृदयं शून्यं, सर्वशून्या दरिद्रता ॥

ઘરની અંદર બીજાં માણસો ગમે એટલાં હોય, પણ પુત્ર હોય તો એ ઘર પણ શૂન્ય છે, બંધુ મિત્ર વિનાની દિશાઓ પણ સૂની જેવી જ લાગે છે, મૂર્ખના હૃદયમાં પણ શૂન્યતા જ વસે છે અને દરિદ્રતા તો સર્વ પ્રકારની શૂન્યતાનું વાસસ્થાન છે.

## જ્ઞાનીનાં અવ્યર્થ વચન.

उदेतीह सूर्यः कदाचित् प्रतीच्यां,
चलेन्मेरुरुच्चैः स्थले जायतेऽब्जम् ॥
स्वकीयां सीमां वै समुद्रो जहाति,
भवेन्नान्यथा ज्ञानिवाक्यं तथापि ॥

સૂર્ય હમેશાં પૂર્વદિશામાં ઉગે છે, કદાચિત્ એ પશ્ચિમ દિશામાં ઉગે; મેરૂપર્વત સ્થિર છે, કદાચિત્ એ ચલાયમાન થાય; કમલ પાણીમાં જ ઉગે છે, છતાં નિર્જલ એવા આકાશમાં ઉગે; સમુદ્ર પોતાની મર્યાદાની બ્હાર ચાલ્યો જાય; પરંતુ જ્ઞાની પુરૂષનું વચન તો કોઇ દિવસ અન્યથા ન જ થાય.

## અશરણનું એક માત્ર શરણું.

व्यसनशतगतानां क्लेशरोगातुराणां,
मरणभयहतानां दुःखशोकार्दितानाम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

जगति बहुविधानां व्याकुलानां जनानाम्,
शरणमशरणानां नित्यमेको हि धर्मः ॥

સેંકડો પ્રકારના સંકટોમાં સપડાયેલા, અનેકવિધ ક્લેશ અને રોગથી કંટાળેલા, મરણભયથી હણાયેલા, દુઃખ–શોકથી રીબાતા, સર્વથા શરણ રહિત, વ્યાકુલ ચિત્તવાળા એવા મનુષ્યોનું આ જગતમાં જો કોઇ શરણ હોય તો તે એક માત્ર ધર્મ જ છે.

## દૈવની વિચિત્ર કૃતિ.

यद्भग्नं धनुरीश्वरस्य शिशुना यज्जामदग्न्योजित-
स्त्यक्ता येन गुरोर्गिरा वसुमती बद्धो यदम्भोनिधिः ॥
एकैकं दशकन्धरस्य क्षयकृद्रामस्य किं वर्ण्यते ?
दैवं वर्णय येन सोऽपि सहसा नीतः कथाशेषताम् ॥

બાલ્યાવસ્થામાં જેણે શંકરનું ધનુષ ભાગી નાખ્યું, પરશુરામનો જેણે પરાજય કર્યો, પોતાના પિતાની આજ્ઞાને માન આપી દેશત્યાગ કર્યો, જેણે સમુદ્રને પણ પાળવડે બાંધી લીધો, દશ મસ્તકવાળા રાવણનો નાશ કર્યો એવા શ્રી રામચંદ્રના ચરિત્રનું વર્ણન શું કરવું ? પરંતુ એવા વીર પુરૂષને પણ જેણે અકસ્માત્ નામશેષ કરી મૂકયા એવા દૈવનું બળ કોણ વર્ણવી શકે ? અર્થાત્ દૈવની કૃતિ બધા કરતાં બહુ વિચિત્ર હોય છે.

## દયાની નદી કેવી છે ?

कृपानदीमहातीरे, सर्वे धर्मास्तृणाङ्कुराः ।
तस्यां शोषमुपेतायां, कियन्नन्दन्ति ते पुनः ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

દયા એક મહાનદી છે. એના વિશાળ કાંઠા ઉપર સર્વ …ર્મરૂપી અંકુરાઓ ઉગી નીકળ્યા છે. દયારૂપી નદી પોતે … જો સૂકાઇ જાય તો પછી ધર્મરૂપી અંકુરા ક્યાં સુધી …લસી શકે ? એટલે કે દયાનો અભાવ થતાં ધર્મ પણ ન રહે.

## ભૂપાળ અને કપાળ.

आरोहतु गिरिशिखरं, समुद्रमुल्लंघ्य पातालम् ।
विधिलिखिताक्षरमालं, फलति कपालं न भूपालः ॥

સંસારચક્રમાં પરિભ્રમણ કરતો પ્રાણી ભલેને પર્વતના …ખરો ઉપર વિહરે, ભલેને સમુદ્રને વિંધી પાતાળમાં પેસી …ય; પરંતુ વિધિએ એના કપાળમાં જે લેખ લખ્યા હોય છે … પ્રમાણે જ ફળ મળે છે. મોટા ભૂપાળ પણ કપાળ આગળ …ામા છે. કપાળમાં ન હોય તે ભૂપાળ પણ આપી શકે નહીં.

## પ્રકરણ ૧૧ મું.

## ભવ્યજનો ! ભાતુ બાંધજો.

जानासि शम्बलबलं बलमध्वगानां,
नो शम्बलाय यतसे परलोकपान्थ ।
गन्तव्यमस्ति तव निश्चितमेव तेन,
मार्गेण येन न भवेत् क्रयविक्रयोऽपि ॥

હે ભવ્ય પ્રાણી ! તું એટલું તો જાણે છે ને કે મુસાફરીને …રૂ ભાતુ તો જરૂર જોઇએ. મુસાફરીમાં ભાતા સિવાય …ીજો આધાર નથી, અને તારે એક વખત પરલોકની મુસા-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ફરી તો કરવાની જ છે; તો પછી તું ભાતુ બાંધવામાં શ
સારૂ આળસ કરી રહ્યો છે ? આ પરલોકનો માર્ગ એવો નથી
જ્યાં ખરીદી કે વેચાણ પણ બની શકતાં હોય. એ એક વિક
માર્ગ છે, માટે ધર્મરૂપી ભાતુ બાંધવામાં પ્રમાદ ન સેવતો

## મૌનનું માહાત્મ્ય.

मुखवाचालदोषेण, बध्यन्ते शुकसारिकाः ।
बकास्तत्र न बध्यन्ते, मौनं सर्वार्थसाधनम् ॥

જે પ્રાણીઓ બહુ બોલ બોલ કરે છે એમને બંધાવું પ
છે. પોપટ અને મેના સારી બોલી બોલે છે તેથી લોકો એ
મને પાંજરામાં પૂરે છે, બંદી તરીકે એમને જીંદગી વીતાવવ
પડે છે. એથી ઉલટું બગલા છાનામાના બેસી રહે છે તેથ
એને કોઇ પાંજરે પૂરતું નથી. માન રહેવાથી સર્વ અર્થ સિદ્ધ
થાય છે.

## સુખની શોધમાં દુઃખ સાંપડ્યું.

भग्नाशस्य करण्डपिण्डिततनोर्ग्लानेन्द्रियस्य क्षुधा,
कृत्वाऽऽखुर्विवरं स्वयं निपतितो नक्तं मुखे भोगिनः ॥
तृप्तस्तत् पिशितेन सत्वरमसौ तेनैव यातः पथा,
स्वस्थास्तिष्ठत दैवमेव हि नृणां दुःखे सुखे कारणम् ॥

એક વાદીએ સાપને કંડીયામાં પૂરી રાખ્યો હતો. અંદર
ને અંદર પડી રહેવાથી સાપની બધી આશાઓ નાશ પામી
હતી. કંડીયાની અંદર એ ગુંચળું વાળીને પડયો હતો. ભુ-
ખને લીધે એની ઇંદ્રિયશક્તિ પણ હણાઇ ગઇ હતી. એટલામાં

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

...ત પછી અને એક ઉંદર પોતાની મેળે જ ખોરાકની શોધમાં
...ી તરફ આવ્યો. કંડીયો જોઇને તે બહુ જ આનંદ પામ્યો.
...ણુ જાણે અંદર કેવી યે મીષ્ટ સામગ્રી પડી હશે! ઉંદરે
...યો કોતરવા માંડયો. ખળભળાટ સાંભળીને સાપ પણ
...વધાન બની બેસી ગયો. આશામાં ને આશામાં ઉંદરે કં-
...યામાં મોટું કાણું પાડયું અને જ્યાં અંદર જુવે છે ત્યાં
... મ્હોં ફાડીને બેઠેલા સાપે એને પેટમાં પધરાવી દીધો.
...પની ભૂખ શમી. જે માર્ગે ભૂખ શમી એ જ માર્ગે તે
...ાર આવ્યો અને પોતાના માર્ગે ચાલ્યો ગયો. ઉંદરે પો-
...ના સુખને માટે પરિશ્રમ કર્યો પણ એને ઉલટું દુઃખ જ
...્યું; માટે પ્રાણી માત્રે ખૂબ સ્વસ્થ રહેવું. સુખ-દુઃખમાં
... મૂળ હેતુભૂત છે.

## દુઃખી કોણ નથી ?

दिनमेकं शशी पूर्णः, क्षीणस्तु बहुवासरान् ।
सुखाद्दुःखं सुराणाम–प्यधिकं का कथा नृणाम् ? ॥

મહિનાની અંદર એક જ દિવસ એવો હોય છે કે જે
...મતે ચંદ્ર પોતાની પૂરેપૂરી કળાઓ ભોગવે છે, બાકી તો
... રોજ રોજ ક્ષીણતા જ અનુભવે છે. દેવોને પણ સુખ
...રતાં દુઃખ વધુ હોય છે તો પછી માણસોની વાત જ શી
...રવી ?

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૨ મું.

### ઉગતામાં જ દાબવા જેવા.

उत्तिष्ठमानस्तु परो नोपेक्ष्यः पथ्यमिच्छता ।
समौ हि शिष्टैराम्नातौ वर्त्स्यन्तावामयः स च ॥

આત્મહિત વાંછનાર મનુષ્યે, ઉગતા શત્રુની મુદ્દલ જ ઉપેક્ષા ન કરવી. શાસ્ત્રમાં કુશળ એવા સત્પુરૂષોએ, ભવિષ્યમાં વૃદ્ધિ પામનાર વ્યાધિ અને શત્રુને બંનેને સરખા જ ગણ્યાં છે. એમને તો ઉગતામાં જ દાબી દેવા જોઇએ.

### સંસારના તારણહાર.

विदलयति कुबोधं बोधयत्यागमार्थं,
सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ॥
अवगमयति कृत्याऽकृत्यभेदं गुरुर्यो,
भवजलनिधिपोतस्तं विना नास्ति कश्चित् ॥

સમુદ્રમાં વહાણુ જેમ તારણહાર છે તેમ સંસારરૂપી સાગરમાં ખરેખરા તારણહાર જો કોઇ હોય તો તે ગુરૂમહારાજ છે. તેઓ પ્રાણીઓની અજ્ઞાનતા-કુબોધને દૂર કરે છે, શાસ્ત્રના અર્થ સમજાવે છે. સુગતિ તેમ કુગતિના માર્ગરૂપ પુણ્ય-પાપનો ભેદ બતાવે છે, કરવા લાયક શું છે અને નહીં કરવા લાયક શું છે તે ઉપદેશે છે. સદ્ગુરૂ વિના આ દુનીયામાં બીજું કોઇ તારક નથી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પોતે તરે ને અન્યને તારે.

अवद्यमुक्ते पथि यः प्रवर्त्तते,
प्रवर्त्तयत्यन्यजनं च निःस्पृहः ॥
स एव सेव्यः स्वहितैषिणा गुरुः,
स्वयं तरंस्तारयितुं क्षमः परम् ॥

આ ભવાટવીમાં વર્તવા છતાં જેમની પ્રવૃત્તિ કેવલ નિર્દોષ માર્ગે જ હોય છે, પોતે નિઃસ્પૃહ રહીને બીજાને ધર્મમાર્ગમાં પ્રવર્તાવે છે, પોતે તરે છે અને સાથે બીજાને પણ તારી શકે છે એવા સદ્ગુરૂની, પોતાનું હિત વાંછનાર દરેક પ્રાણીએ સેવા કરવી જોઇએ.

## ખેદ કે અભિમાન રખે કરતાં !

रिक्तोऽहमर्थैरिति मा विषीद,
पूर्णोऽहमर्थैरिति मा प्रसीद ॥
रिक्तं च पूर्णं भरितं च रिक्तं,
करिष्यतो नास्ति विधेर्विलम्बः ॥

હું ધન વગરનો-નિર્ધન છું એમ માની કોઇએ ખેદ ન કરવો. તેમ હું તો સંપૂર્ણ સંપત્તિવાળો છું એમ માની કુલાઇ જવાનું પણ નથી. નિર્ધનને ધનવાન બનાવવો, ધનવાનને નિર્ધન બનાવવો એ તો દૈવની એક લીલા માત્ર છે અર્થાત એને નિર્ધન કે ધની બનાવતાં બીલકુલ વાર નથી લાગતી.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## પ્રકરણ ૧૩ મું.

## કર્મરેખા બળવાન છે.

विधत्तां वाणिज्यं श्रयतु नरनाथं प्रविशतु,
द्युलोकं पातालं व्रजतु भजतां वा धनपतिम् ॥
अधीतां शास्त्रौघं दृढयतु तपोऽभ्यस्यतु कलाः,
पुरोपात्तं कर्म स्फुरति न तथापि ह्यपरथा ॥

સુખસંપત્તિ મેળવવા માણસ ગમે તેવા વેપાર ખેડે, ભલેને નરેંદ્રની સેવામાં પોતાનું આખું જીવન વીતાવી દે, સ્વર્ગલોકમાં જાય કે પાતાળ સુધી પહોંચવામાં પણ બાકી ન રાખે, ધનપતિની સેવા કરે કે શાસ્ત્રોનો અભ્યાસ કરે, તપશ્ચર્યામાં દ્રઢતા રાખે કે સર્વ કળાઓમાં પારંગત થાય; પણ તેને ફળપ્રાપ્તિ તો પૂર્વે ઉપાર્જન કરેલા કર્મ પ્રમાણે જ થાય છે. એમાં અન્યથા થઇ શકતું નથી.

## ચિંતા ચિતા જેવી છે !

चिंता चितासमा प्रोक्ता, बिन्दुमात्रविशेषतः ।
सजीवं दहते चिन्ता, निर्जीवं दहते चिता ॥

જગતમાં ઘણા વ્યાધીઓ છે પણ ચિંતા જેવો વ્યાધિ એકે નથી. એને ચિતાની ઉપમા આપવામાં આવે છે, પણ ચિંતામાં એક મીંડું વધારે છે તેનો અર્થ એ છે કે ચિતા કરતાં પણ ચિંતા વધુ ભયંકર છે. ચિતા તો નિર્જીવને બાળે છે; પણ ચિંતા જીવતા પ્રાણીને બાળે છે–જીવતાનાં રૂધીર પીનારી ચિંતા જ છે.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

## એક જ ધ્યેય રાખવું.

अकर्त्तव्यं न कर्त्तव्यं, प्राणैः कंठगतैरपि ।
सुकर्त्तव्यं तु कर्त्तव्यं, प्राणैः कंठगतैरपि ॥

ગમે તેમ થાય પણ જે કરવાયોગ્ય છે તે તો કરવું જ, અને નહીં કરવા યોગ્ય હોય તેનો ગમે તેમ થાય તો પણ ત્યાગ જ કરવો જોઇએ. પ્રાણનો ત્યાગ કરવો પડે તો પણ શું થયું ? હિંસાદિક અકૃત્યનું સેવન પ્રાણાંત સુધી પણ ન કર અને ધર્મનું પાલન ગમે એવા સંયોગોમાં કરવું એવું જ ધ્યેય રાખવું જોઇએ.

## પ્રકરણ ૧૪ મું.

## પાખંડીઓના પ્રલાપ.

मृद्वीशय्या प्रातरुत्थाय पेया,
मध्ये भक्तं पानकं चापराह्ने ॥
द्राक्षाखण्डः शर्करा चार्द्धरात्रे,
मोक्षश्चान्ते शाक्यसिंहेन दृष्टः ॥

સૂવાને સારૂ સુકોમળ શય્યા, સવારમાં ઉઠતાંની સાથે મધુરૂં પીણું, બપોરે ઉત્તમ પ્રકારનાં ભોજન, સાંઝે દૂધપાન અને પછી દ્રાક્ષાખંડ તથા અર્ધરાત્રીના સમયે શર્કરાસેવન વિગેરે કરવાથી અંતે મોક્ષની પ્રાપ્તિ થાય એમ શાક્યસિંહ



P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

કહી ગયા છે. આ પાખંડીઓનો પ્રલાપ છે. ભૂલેચૂકે પણ પાખંડીઓની એ જાળમાં કોઇ સજ્જને ન ફસાવું.

### પંડિતો પણ ત્યાં ભૂલે છે.

किमु कुवलयनेत्राः सन्ति नो नाकनार्य-
स्त्रिदशपतिरहल्यां तापसीं यत्सिषेवे॥
हृदयतृणकुटीरे दीप्यमाने स्मराग्ना-
वुचितमनुचितं वा वेत्ति कः पण्डितोऽपि?॥

ઈંદ્રને શું કમલ સમાન નેત્રવાળી દેવાંગના ન્હોતી ? છતાં સ્વર્ગપતિ અહલ્યા નામની તાપસી તરફ કાં આકર્ષાયો ? હૃદયરૂપી ઘાસની ઝુંપડીમાં જ્યારે કામરૂપી અગ્નિ સળગી ઉઠે છે ત્યારે પંડિતો પણ ભૂલે છે-ઉચિત કે અનુચિતનો ખ્યાલ સરખો પણ કરી શકતા નથી.

### કર્મની અબાધ સત્તા.

नमस्यामो देवान्ननु हतविधेस्तेऽपि वशगा-
विधिर्वन्द्यः सोऽपि प्रतिनियतकर्मैकफलदः ॥
फलं कर्माऽऽयत्तं यदि किममरैः किं च विधिना?,
नमस्तत् कर्मभ्यो विधिरपि न येभ्यः प्रभवति ॥

આપણે દેવતાઓને નમસ્કાર કરીએ છીએ, પણ એ દેવતાઓ પોતે જ નિર્દય એવા દૈવને આધીન છે; માટે દૈવ અથવા વિધિને જ પ્રણામ કરવા ઉચિત છે. પરન્તુ વિધિ પોતે કર્મની સત્તા નીચે કામ કરે છે. ફળાફળ જો કર્મને આધીન હોય તો પછી દેવો અને વિધિને પણ નમસ્કાર કર-

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વાનો શું અર્થ છે ? ખરેખર તો ફળ આપવામાં સમર્થ એવા કર્મને જ નમસ્કાર કરવા જોઇએ. કર્મની સત્તા એવી તો અબાધ્ય છે કે એની પાસે વિધિનું પણ કંઇ નથી ચાલતું.

## પ્રકરણ ૧૫ મું.

### એ જીવન શું કામનું ?

दारिद्र्याकुलचेतसां सुतसुताभार्यादिचिन्ताजुषां,
नित्यं दुर्भरदेहपोषणकृते रात्रिन्दिवा खिद्यताम् ॥
राजाज्ञाप्रतिपालनोद्यतधियां विश्रामसुक्तात्मनां,
सर्वोपद्रवशंकितनामघभृतां धिग् देहिनां जीवितम् ॥

જેમનાં મન દરિદ્રતાની પીડાને લીધે વ્યાકૂળ રહ્યાં કરે છે, પુત્ર-પુત્રી અને સ્ત્રી વિગેરેની ચિંતામાં જે તરબોળ રહે છે, દુર્ભર એવા દેહના પોષણ માટે જેઓ રાતદિવસ ગમગીન રહે છે, રાજાની આજ્ઞા ઉઠાવવામાં જેમને પોતાની બુદ્ધિ ખરચી નાખવી પડે છે, ક્ષણ માત્ર પણ જેમને વિશ્રાંતિ નથી મળતી અને સર્વ પ્રકારના ઉપદ્રવોની શંકા જેમના હૃદયમાં નિરંતર રહ્યા કરે છે એવાઓનાં જીવનને ધિક્કાર છે !

### ક્લેશનું ક્રીડાગૃહ-પરિગ્રહ.

प्रत्यर्थी प्रशमस्य मित्रमधृतेर्मोहस्य विश्रामभूः,
पापानां खनिरापदां पदमसद्ध्यानस्य लीलावनम् ॥
व्याक्षेपस्य निधिर्मदस्य सचिवः शोकस्य हेतुः कलेः,
केलीवेश्म परिग्रहः परिहृतेर्योग्यो विविक्तात्मनाम् ॥

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

શાંતિનો કટ્ટો દુશ્મન, અધૈર્યનો મિત્ર, મોહરાજાનું વિશ્રાંતિધામ, પાપોની ખાણુ, આપત્તિઓનું મૂળસ્થાન, અસંદધ્યાનનું ઉપવન, મિથ્યાવાદનો ભંડાર, મદનો મુખ્ય પ્રધાન, શોકનું મુખ્ય કારણુ અને કલેશનું ક્રીડાગૃહ જો કોઇ હોય તો તે પરિગ્રહ છે. આત્માર્થી મનુષ્યોએ પરિગ્રહના વળગાડથી દૂર જ રહેવું ઘટે.

## કર્મરાજાનો શાસનદંડ.

ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्मांडभांडोदरे,
रुद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं कारितः ॥
विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासंकटे,
सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥

કર્મરાજાનો શાસનદંડ કેટલો કઠોર છે ? બ્રહ્મા બિચારા કુલાલની જેમ નિયમિત બ્રહ્માંડરૂપી પાત્ર ઘડ્યા કરે છે, શંકરને કપાલરૂપી હસ્તસંપુટમાં ભિક્ષાટન કરવું પડે છે, વિષ્ણુ તો દશ અવતાર ગ્રહણુ કરવાની પંચાતમાંથી છૂટા જ થઇ શકતો નથી અને સૂર્યને રોજ રોજ આકાશમાં પરિભ્રમણુ કરવું પડે છેઃ કર્મરાજાનો શાસનદંડ એમને પણુ માનવો પડે છે. એવા કર્મને અમારા નમસ્કાર હોજો !

## કર્તવ્યનો સાર.

अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः, कर्त्तव्यो धर्मसंग्रहः ॥

પંચભૌતિક શરીરની સુંદરતા ઉપર કોઇએ મોહાઇ જવાનું નથી. શરીર અનિત્ય છે–આજે છે તેવું કાલે નહીં હોય.

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

વૈભવ પણ એટલાં જ ક્ષણિક સમજજો. કદિ એ એક સરખાં નથી રહ્યાં. મૃત્યુ સૌને માથે ઉભું છે. આવી સ્થિતિમાં બુદ્ધિમાન મનુષ્યોએ હમેશાં ધર્મનો સંગ્રહ કરવો. ધર્મસંગ્રહમાં જેઓ પ્રમાદ સેવે છે તેઓ બુદ્ધિમાન છતાં મૂર્ખની કોટીમાં મૂકાય છે.

## વિનયનો પ્રભાવ.

जितेन्द्रियत्वं विनयस्य कारणं,
गुणप्रकर्षो विनयादवाप्यते ।।
गुणाधिके पुंसि जनोऽनुरज्यते,
जनानुरागप्रभवा हि संपदः ।।

વિનયનું મુખ્ય કારણ જિતેંદ્રિયપણું કહ્યું છે. ઇંદ્રિયો ઉપ વિજય મેળવનારને વિનય સહેજે પ્રાપ્ત થાય છે અને વિનયનો પ્રાદુર્ભાવ થતાં હૃદયમાં સદ્‌ગુણો ખીલે છે. ગુણી મનુષ્યની ઉપર પ્રાણી માત્ર અનુરાગ ધરાવે છે. આવા લોકપ્રિય મનુષ્યો સંપત્તિને સહેજે પ્રાપ્ત કરી શકે છે.

## પ્રકરણ ૧૬ મું.

## પુણ્યનો જ જયજયકાર !

तावच्चन्द्रबलं ततो ग्रहबलं ताराबलं भूबलं,
तावत् सिध्ध्यति वाञ्छितार्थमखिलं तावज्जनः सज्जनः ।।
मुद्रामण्डलतंत्रमंत्रमहिमा तावत्कृतं पौरुषं,
यावत्पुण्यमिदं सदा विजयते पुण्यक्षये क्षीयते ।।

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

પુણ્યનું બળ ચાલતું હોય છે ત્યાં સુધી જ ચંદ્રબળ, ગ્રહબળ, તારાબળ, પૃથ્વીબળ કામ આવે છે, અને પુણ્યબળ હોય ત્યાં સુધી જ મનવાંછિત અર્થ સિદ્ધ થાય છે. સજ્જનનું સજ્જનપણું પણ પુણ્યબળ હોય તેટલી ઘડી જ ટકી રહે છે. મુદ્રામંડળ, તંત્રમંત્રનો મહિમા અને પુરૂષાર્થ પણ પુણ્યબળને લીધે જ ફળે છે. પુણ્ય નથી તો કંઇ જ નથી. પુણ્યનો ક્ષય થતાં જ બધાં બળ કરમાઇને ખરી પડે છે.

## જિનપ્રભુ પ્રસન્ન તે કેમ થાય ?

रागादयो हि रिपवो जिननायकेना-
जीयन्त ये निजबलाद् बलिनोऽपि बाढम् ॥
पुष्णन्ति तान् जडधियो हृदयालये ये,
तेषां प्रसीदति कथं जगतामधीशः ॥

રાગાદિક શત્રુઓ મહાપ્રબળ છે. આવા બળવાન શત્રુઓનો શ્રી જિનેંદ્ર ભગવાને પરાભવ કર્યો છે—એ શત્રુઓને જીતી લીધા છે. હવે જે જડબુદ્ધિવાળાં પ્રાણીઓ એ શત્રુઓને પોતાના મનોમંદિરની અંદર પધરાવે—એ શત્રુઓને પોષે તેની ઉપર શ્રી વીતરાગ પરમાત્મા પ્રસન્ન તે શી રીતે થાય ? એને શિવસુખ શી રીતે મળે ? વસ્તુતઃ જિનપ્રભુ એની ઉપર પ્રસન્ન ન થાય અને શિવ સુખ પણ ન મળે.

## મનુષ્યની વિશેષતા.

आहारनिद्राभयमैथुनं च, समानमेतत् पशुभिर्नराणाम् ।
धर्मो हि तेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिः समानाः॥

આહાર, ઉંઘ, ભય અને મૈથુન એ ચારે ક્રિયાઓ મનુ—

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

ષ્ય અને પશુ વચ્ચે એક સરખી જોવામાં આવે છે. એ દ્રષ્ટિએ મનુષ્ય પશુમાં કંઈ ભેદ નથી. માણુસમાં ધર્મ એક વિશેષતા છે-જે પશુઓમાં નથી. ધર્મરહિત મનુષ્ય એ મનુષ્ય નહીં પણ પશુ જ છે એમ સમજવું.

## પ્રમાદની પીડા.

प्रमादः परमद्वेषी, प्रमादः परमं विषम् ।
प्रमादो मुक्तिपूर्दस्युः, प्रमादो नरकालयः ॥

મોટામાં મોટો વૈરી અને હળાહળ ઝેર જો કોઇ હોય તો તે પ્રમાદ. બાહ્ય શત્રુની સામે લડી શકાય, એનાથી સાવચેત પણ રહી શકાય, પરંતુ અંતરમાં વસતા આ ઝેરીલા શત્રુથી સદા સાવધ રહેવું એ મુશ્કેલ કાર્ય છે. આ પ્રમાદ શત્રુ ભવોભવ દુઃખદાયક થઇ પડે છે. જન્માંતરમાં પણ એનું ઝેર ઉતરતું નથી. મોક્ષપુરીનો એ કટ્ટો ધાડપાડુ છે. એ પોતે જ નરકાલય છે. આત્માહિતના સાધકોએ એનાથી ખૂબ સાવચેત રહેવું જોઇએ.

## પ્રમાદ : કાળો નાગ.

प्रमादस्य महाऽहेश्च, दृश्यते महदन्तरम् ।
आद्याद्भवे भवे मृत्युः, परस्माज्जायते न वा ॥

પ્રમાદ એક વિષધર છે-કાળો નાગ છે, પણ એ બે વચ્ચે એક મોટો તફાવત છે. કાળો નાગ ડંખ્યો હોય તો કદાચ મનુષ્ય બચી પણ જાય પણ પ્રમાદનું ઝેર જેને ચડે છે તે તો ભવેભવમાં આથડે છે-હેરાન થાય છે; માટે જ શાસ્ત્રકારોએ પ્રમાદનો સર્વથા ત્યાગ કરવાનું-આત્મકલ્યાણને વિષે જાગૃત રહેવાનું ઉપદેશ્યું છે.

---

P.P. Ac. Gunratnasuri M.S. Jun Gun Aaradhak Trust

# "આદર્શ જૈન સ્ત્રીરત્નો"

( જેમાં ચૌદ મહાસતીઓના જીવનચરિત્ર આવેલ છે. )

જુદા જુદા વિદ્વાન પૂર્વાચાર્ય મહારાજોની અનેક કૃતિઓમાંથી અવતરણ કરી સરલ ભાષામાં આ એક ઉત્તમ ગ્રંથ તૈયાર કરવામાં આવેલ છે.

પ્રાતઃસ્મરણીય માંગલ્યકારી ચૌદ પવિત્ર માતાઓ, આદર્શ સ્ત્રી રત્નો અને મહાસતીઓના વૃતાંતો આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, જે સ્ત્રી જાતિનું મહત્ત્વ અને સ્ત્રી તત્ત્વના ગુણોના પરમ વિકાસ કરનાર એક ઉપદેશાત્મક રચના છે.

ચારિત્ર વિકાસ માટે, ઉત્તમ ચારિત્રવાન અને સદગુણી બનાવવા માટે, શાસ્ત્રકાર મહારાજે મહાન સ્ત્રી પુરૂષોના ઉંચા આદર્શને નજર સામે રાખીને પોતાના જીવનમાં ઉતારવાને અભ્યાસ કરવાની બતાવેલ જરૂરીયાત આ ગ્રંથમાં આવેલી સ્ત્રી રત્નોની કથા પૂરી પાડેછે; તેટલું જ નહીં, પરંતુ આ કથાઓ એટલી બધી સરલ, સુંદર, રસિક, પ્રભાવશાળી, ચમત્કારિક અને ઉપદેશક છે કે તે મનન પૂર્વક વાંચતાં દરેક બ્હેનો આદર્શ સ્ત્રી થતાં તેમના ચારિત્રનો વિકાસ પોતાના આત્માને મોક્ષ નજીક લાવી મૂકે છે. દરેક મનુષ્યને પ્રાતઃકાળમાં સ્મરણ કરવા યોગ્ય, દરેક બ્હેનો પોતાનું ચારિત્ર ખીલવી જીવનને કર્તવ્યપરાયણ અને પોતાનો સંસાર–વ્યવહાર સુખમય બનાવી, મનુષ્ય જન્મનું સાર્થક કરવા માટે આ ગ્રંથ ઉત્તમોત્તમ એક આલંબનરૂપ છે. સતી ચરિત્રની આ કથાઓ સાથે સ્ત્રી કેળવણીની કેટલી જરૂરીયાત છે? સ્ત્રી કેળવણી કેવી હોવી જોઇએ? તેનું પણ આ ગ્રંથની શરૂઆતમાં વિસ્તારથી વિવેચન કરવામાં આવેલું છે.

કિંમત રૂા. ૧–૦–૦ એક રૂપીયો ( પોસ્ટેજ જુદુ )

P.P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust